10 AUG 2010
GUJARAT UNIVERSITY
Inward No. 1105
13 AUG 2010

A/c

# ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના

## જનરલ ફંડના હિસાબોનો

## સને : ૨૦૦૨–૨૦૦૩ નો

## અન્વેષણ અહેવાલ

પ્રતિ
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી
અમદાવાદ

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ – જનરલ ફંડના હિસાબો સને ૨૦૦૨–૦૩

## <u>અનુક્રમણિકા</u>


| અ. નં. | ફકરા નંબર | વિગત | પાના નંબર |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૧ | હોદ્દેદારોની વિગત | ૨ |
| ૨ | ૨ | પૂર્વ અન્વેષણના બાકી ફકરાઓની વિગત | ૩ |
| ૩ | ૩ | ખાધવાળુ અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રીય અનિયમિતતા બાબત | ૮ |
| ૪ | ૪ | આવક કરતાં ખર્ચમાં વધારાના કારણે નાણાંકીય પરિસ્થિતિ પ્રતિકૂળ હોવા બાબત | ૧૪ |
| ૫ | ૫ | વાર્ષિક હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૦ |
| ૬ | ૬ | કોરી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં નહી રજુ કરવા બાબત | ૨૫ |
| ૭ | ૭ | નિયમો વિરુધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખનસામગ્રી બાબત | ૨૭ |
| ૮ | ૮ | ખાનગી પેઢીઓને ચૂકવાયેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત | ૩૦ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૯ | ૯ | ગુજ. યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓ/ અધિકારીઓને નહીં મળવાપાત્ર પરીક્ષા ભથ્થાની કરવામાં આવેલ ચૂકવણાં બાબત | ૩૪ |
| ૧૦ | ૧૦ | ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને નહિં મળવાપાત્ર ઓવરટાઈમ ભથ્થાની કરવામાં આવેલ ચૂકવણી બાબત | ૩૬ |
| ૧૧ | ૧૧ | ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમ સરભર થયા વિના પડી રહેવા બાબત | ૩૮ |
| ૧૨ | ૧૨ | બેંક સિલકનું મેળવણું ખોટી રીતે કરવા બાબત | ૪૦ |
| ૧૩ | ૧૩ | ગુજ. યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવેલ રોકાણોના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૪૬ |
| ૧૪ | ૧૪ | અનપેઈડ બીલો બાબત | ૫૧ |
| ૧૫ | ૧૫ | ટાઈમવાર ચેકોની અનિયમિતતા બાબત | ૫૩ |
| ૧૬ | ૧૬ | ઘસારા ફંડની જોગવાઈ અને તેમાં રોકાણ કરવા બાબત | ૫૭ |
| ૧૭ | ૧૭ | ગુજ. યુનિવર્સિટી અમદાવાદ ખાતે નિભાવવામાં આવતાં જુદા જુદા ફંડોના હિસાબો બાબત | ૫૯ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૮ | ૧૮ | ચેકબુક ઈસ્યુ રજીસ્ટરની અનિયમિતતા બાબત | ૬૬ |
| ૧૯ | ૧૯ | યુનિવર્સિટી ખાતે નાણાંકીય વ્યવહારો સંભાળનાર કેશીયરોની જામીનગીરી નહી મેળવવા બાબત | ૬૯ |
| ૨૦ | ૨૦ | કાનુની ખર્ચ અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત | ૭૧ |
| ૨૧ | ૨૧ | ટૂંકાગાળાની લોન અને પેશગીઓની વસુલાતમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૭૩ |
| ૨૨ | ૨૨ | ડિપોઝીટ કરવામાં આવતી રકમની અસલ પહોંચ મેળવ્યા વગર રકમ પરત કરવા અંગે | ૭૬ |
| ૨૩ | ૨૩ | પરિક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં ટેક્ષી જેવા વાહનોના ચૂકવણાંમાં થતી અનિયમિતતા બાબત | ૭૯ |
| ૨૪ | ૨૪ | ગુજ. યુનિવર્સિટીને કાઉન્ટર કલેકશન અને એમ.ઓ. કલેકશન ધ્વારા થયેલ આવકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૮૩ |
| ૨૫ | ૨૫ | ગુજ. યુનિવર્સિટીના કર્મચારીઓના પગાર બાંધણી, ઉચ્ચત્તર પગાર ધોરણ તથા ડીમ ડેટ એલ. એફ. કચેરી ધ્વારા ચકાસણી કરાવ્યા સિવાય ચૂકવણાં કરવાની અનિયમિતતા બાબત | ૮૬ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૨૬ | ૨૬ | પ્રવાસ ભથ્થાના બીલોમાં અનિયમિત રીતે ચૂકવેલ ઈન્સીડેન્ટલ ભથ્થા બાબત | ૯૦ |
| ૨૭ | ૨૭ | યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ફી પેટે મળેલ આવક તથા કરેલ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૯૭ |
| ૨૮ | ૨૮ | યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબો બાબત | ૧૦૦ |
| ૨૯ | ૨૯ | ચકાસણી અર્થે રજુ ન થયેલ પહોંચબુકો બાબત | ૧૦૩ |
| ૩૦ | ૩૦ | આવક સ્વીકારતી વખતે પહોંચોમાં થતી અનિયમિતતા બાબત | ૧૧૨ |
| ૩૧ | ૩૧ | સક્ષમ અધિકારીશ્રીની સહી મેળવ્યાં વગર કરવામાં આવેલ ચૂકવણાં બાબત | ૧૧૫ |
| ૩૨ | ૩૨ | હિસાબો નિભાવવામાં જણાયેલ અનિયમિતતા અંગે | ૧૧૭ |
| ૩૩ | ૩૩ | પરિક્ષા કેન્દ્રો ઉપર થયેલ સુપરવીઝન ખર્ચ અને પરિક્ષા પરચુરણ ખર્ચના વાઉચરોમાં પહોંચ, વાઉચરો વગેરે ખર્ચ એડવાન્સ સામે સરભર કરવા અંગે | ૧૨૪ |
| ૩૪ | ૩૪ | તબીબી વળતર ભથ્થાના બીલોમાં ચૂકવાયેલ રકમોમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૨૬ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૩૫ | ૩૫ | ઝેરોક્ષ મશીન હોવા છતાં બહારથી કોપી કરાવવાના થયેલ ખર્ચ બાબત | ૧૩૫ |
| ૩૬ | ૩૬ | પેટા વાઉચર વગર કરવામાં આવેલ ચૂકવણાં અંગે | ૧૩૮ |
| ૩૭ | ૩૭ | સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર કરવામાં આવેલ ખરીદી અંગે | ૧૪૧ |
| ૩૮ | ૩૮ | વીજળી બીલોમાં ચૂકવેલ વિલંબીત ચાર્જ અંગે | ૧૪૪ |
| ૩૯ | ૩૯ | ટેલીફોન બીલોનું ચૂકવણું મોડું કરવાને કારણે ચુકવવો પડેલ સરચાર્જ બાબત | ૧૪૭ |
| ૪૦ | ૪૦ | નાણાં આપ્યાની પહોંચ ઉપર રેવન્યુ સ્ટેમ્પ લગાડયા વગર કરેલ ચૂકવણાં અંગે | ૧૫૦ |
| ૪૧ | ૪૧ | ગુજ. યુનિવર્સિટી કન્ઝયુમર કો.ઓ. સ્ટોર્સના શેરોમાં રોકાણ કરવા બાબત | ૧૫૪ |
| ૪૨ | ૪૨ | ગુજ. યુનિવર્સિટી ખાતે મુલાકાતી વ્યાખ્યાતાઓને ચૂકવેલ માનદ્‌વેતન અને ભથ્થાઓ બાબત | ૧૫૬ |
| ૪૩ | ૪૩ | જૂની ઉત્તરવહીઓના વેચાણ પલ્પીંગ કામમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૧૫૯ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૪૪ | ૪૪ | શ્રીમતી સ્મીતા એસ. દત્તાને કરેલ ચૂકવણાંની અનિયમિતતા અંગે | ૧૬૫ |
| ૪૫ | ૪૫ | આતિથ્ય હોદ્દા ખર્ચ ભથ્થુ (સમ્પ્યુચરી એલાઉન્સ) અને કન્ટીજન્સી ખર્ચ અનિયમિત રીતે કરવા અંગે | ૧૬૮ |
| ૪૬ | ૪૬ | રાજ્ય સરકારના માહિતી ખાતા મારફત જાહેરાત નહીં આપવા અંગેની અનિયમિતતા બાબત | ૧૭૧ |
| ૪૭ | ૪૭ | વર્ગ–૪ ના કર્મચારીઓની ગણવેશ ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે | ૧૭૩ |
| ૪૮ | ૪૮ | એસ્ટેટ વિભાગને આપવામાં આવેલ એડવાન્સની રકમો મોટા પ્રમાણમાં સરભર કર્યા વીના બાકી રહેવા બાબત | ૧૮૧ |
| ૪૯ | ૪૯ | ગુજ. યુનિવર્સિટીની મિલ્કતોના સંભવિત નુકશાન સામે જરૂરી વીમા રક્ષણ મેળવવા અંગે | ૧૮૪ |
| ૫૦ | ૫૦ | ગુજ. યુનિવર્સિટીની ખાલી વસાહતો ભાડે ન આપવાને કારણે યુનિવર્સિટીને થયેલ આર્થિક નુકશાન બાબત | ૧૮૭ |
| ૫૧ | ૫૧ | ગુજ. યુનિવર્સિટીની માલિકીની મિલ્કતો ભાડે આપવા તેમજ તેનું ભાડું વસુલ કરવા બાબત | ૧૯૩ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૫૨ | ૫૨ | ગુજ. યુનિવર્સિટીના ફળાઉ તેમજ બિનફળાઉ ઝાડનું રજીસ્ટર નિભાવવા તેમજ જરૂરી ઉપજની વિગતો બાબત | ૧૯૭ |
| ૫૩ | ૫૩ | ગુજ. યુનિવર્સિટી ખાતે સિકયુરીટીની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવા છતાં બોયઝ હોસ્ટેલમાં ચોરી થવા બાબત | ૧૯૮ |
| ૫૪ | ૫૪ | કુલપતિશ્રીના બંગલા માટે ફર્નિચર ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૦૧ |
| ૫૫ | ૫૫ | ગુણ ચકાસણી અને પુનઃ મુલ્યાંકન ફીની આવકમાં મળેલ અરજીઓના સંદર્ભે આવેલ તફાવત તેમજ પરિણામો અને ગુણ સુધરતા કરવાની વસુલાત અંગે | ૨૦૩ |
| ૫૬ | ૫૬ | ૨૦ પાનાની ઉત્તરવહીઓ અને ચાર પાંનાની પુરવણી ઉત્તરવહીઓની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૦૭ |
| ૫૭ | ૫૭ | કોમ્પ્યુટર સેન્ટર હોવા છતાં પરિક્ષાના પરિણામોનું કામ ખાનગી પેઢી પાસેથી વધારે ભાવે કરવા બાબત | ૨૧૦ |
| ૫૮ | ૫૮ | પરિક્ષાની આવક મર્યાદા કરતાં પરિક્ષા ખર્ચ વધુ થવા બાબત | ૨૧૪ |

| (૧) | (૨) | (૩) | (૪) |
| --- | --- | --- | --- |
| ૫૯ | ૫૯ | પરિક્ષા ફીની આવક તથા પરિક્ષા ફોર્મની વહેંચણીને લગતુ દફતર ઓડિટે રજુ કરવા બાબત | ૨૧૭ |
| ૬૦ | ૬૦ | પરિક્ષાના પ્રશ્નપત્રો છપામણી અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત | ૨૧૯ |
| ૬૧ | ૬૧ | એન્ડાઉમેન્ટના હિસાબોની અનિયમિતતા બાબત | ૨૨૨ |
| ૬૨ | ૬૨ | એન્ડાઉમેન્ટ ફંડની રકમો લાંબા સમયથી વણવપરાયેલી રહેવા બાબત | ૨૨૭ |
| ૬૩ | ૬૩ | ગુજ. યુનિવર્સિટીના ગ્રંથાલય માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબત | ૨૩૨ |
| ૬૪ | ૬૪ | ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી કરવા બાબત | ૨૩૫ |
| ૬૫ | ૬૫ | પ્રકાશન વિભાગ ધ્વારા બિનજરૂરી ફોર્મ્સ વગેરે વધુ પ્રમાણમાં છપાવી સ્ટોકમાં રાખી નાણાંનું રોકાણ કરવા બાબત | ૨૩૭ |
| ૬૬ | ૬૬ | પ્રકાશનને લગતાં જુદા જુદા ફોર્મ્સ, વર્કબુક, હેન્ડબુક, પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદીના સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત | ૨૪૮ |
| ૬૭ | ૬૭ | ગુજ. યુનિવર્સિટી મુદ્રણાલયની પ્રતિ વર્ષ વધતી જતી ખોટ બાબત | ૨૫૧ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૬૮ | ૬૮ | પ્રેસના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી કરવા બાબત | ૨૫૩ |
| ૬૯ | ૬૯ | અનુસ્નાતક કેન્દ્રોના આવક ખર્ચની અનિયમિતતા બાબત | ૨૫૫ |
| ૭૦ | ૭૦ | ગુજ. યુનિવર્સિટીના છાત્રાલયોની આવકનો હિસાબમેળ નહી કરવા બાબત | ૨૬૦ |
| ૭૧ | ૭૧ | બોયઝ હોસ્ટેલની રૂમો ખાલી રહેતાં ગુમાવવી પડેલ ભાડાની આવક બાબત | ૨૬૨ |
| ૭૨ | ૭૨ | ગુજ. યુનિ. આરોગ્ય કેન્દ્ર ખાતે દવા ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે | ૨૬૫ |
| ૭૩ | ૭૩ | પી.જી. મેડીકલના વિદ્યાર્થીઓની ટ્યુશન ફી અંગેના રજીસ્ટરની અનિયમિતતા અંગે | ૨૭૦ |
| ૭૪ | ૭૪ | બક્ષીપંચની શિષ્યવૃત્તિની વધારે ચૂકવાયેલ રકમ બાબત | ૨૭૩ |
| ૭૫ | ૭૫ | ભાષા ભવનનું અગત્યનું હિસાબી દફતર નહી નિભાવવાના કારણે અન્વેષણમાં રજુ નહી થવા બાબત | ૨૭૪ |
| ૭૬ | ૭૬ | વિજ્ઞાન ભવનના જુદા જુદા વિભાગો માટે એકત્રિત રીતે પેટીકેશ રાખવા બાબત | ૨૭૬ |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૭૭ | ૭૭ | ગુજ. યુનિવર્સિટીના જુદા જુદા ભવનો/ કાર્યાલયમાં નિભાવવામાં આવેલ વાહનોની લોગબુક અને હિસ્ટ્રીશીટ રજુ કરવા અંગે | ૨૭૮ |
| ૭૮ | ૭૮ | પ્રમાણપત્રો | ૨૭૯ થી ૨૮૦ |
| ૭૯ | ૭૯ | હિસાબી પત્રકો | ૨૮૧ થી ૨૯૪ |

## ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદનો સને ૨૦૦૨–૨૦૦૩ના વર્ષનો
## જનરલ ફંડનો અન્વેષણ અહેવાલ

---

**ક્રમાંક :** એએમડી/ટિ–૧/ગુજ.યુનિ./જન/૨૦૦૨–૨૦૦૩/ ૮૯૦૦

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીની કચેરી,
સ્થાનિક ભંડોળ હિસાબ,
જિલ્લા પંચાયત ભવન,છઠ્ઠા માળે,
લાલદરવાજા,અમદાવાદ–૩૮૦૦૦૧.
તા.૧૦/ ૦૮/૨૦૧૦

**પ્રેષક :**
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
"વિમા અને લેખા ભવન",
ડો. જીવરાજ મહેતા ભવન કમ્પાઉન્ડ,
સેકટર–૧૦/બી, જુના સચિવાલય,
ગાંધીનગર.

**પ્રતિશ્રી,**
કુલ સચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૨૦૦૩ના જનરલ ફંડના હિસાબોનું અન્વેષણ નિયામકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ ધ્વારા મુંબઈ અધિનિયમ–૧૯૪૯ની કલમ –૪૯(૧) અન્વયે તા. ૪/૮/૦૮ થી તા. ૨૩/૧/૦૯ દરમ્યાન હાથ ધરી પૂર્ણ કરેલ છે.

અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુખ્ય હોદ્દેદારો નીચે પ્રમાણે રહયા હતાં.

| ક્રમ | હોદ્દેદારનું નામ | હોદ્દો | સમય |
|---|---|---|---|
| ૧ | શ્રી એ.યુ.પટેલ | વાઈસ ચાન્સેલર | તા.૧/૪/૦૨ થી તા.૩૧/૩/૦૩ |
| ૨ | શ્રી સ્વ.ચૈતન્ય ખંભોળજા | પ્રો.વાઈસ ચાન્સેલર | તા.૧/૪/૦૨ થી તા.૩૧/૩/૦૩ |
| ૩ | શ્રી એમ.પી.જડિયા | રજિસ્ટ્રાર | તા.૧/૪/૦૨ થી તા.૩૧/૩/૦૩ |

## વિભાગ – ૨

**ફકરા નંબર : ૨ પૂર્વ અન્વેષણના બાકી ફકરાઓની વિગત**

અગાઉના વર્ષોના અન્વેષણ અહેવાલના બાકી ફકરાઓની સ્થિતિ નીચે પ્રમાણે હતી.

| અ. નં. | ઓડીટ વર્ષ | વર્ષની શરૂઆતના ફકરા | ચાલુ ઓડીટ દરમ્યાન નિકાલ કરેલ ફકરા | વર્ષના અંતે બાકી ફકરા | ફકરા બાબત |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ૧૯૬૮–૬૯ | ૩ | – | ૩ | ૪(અ),૭(૨),૧૮ |
| ૨ | ૧૯૬૯–૭૦ | ૩ | – | ૩ | ૧૪,૨૯(૨),૩૨ |
| ૩ | ૧૯૭૦–૭૧ | ૯ | – | ૯ | ૪થી૮,૧૩,૧૮,૨૧, ૨૨(૩) |
| ૪ | ૧૯૭૧–૭૨ | ૫ | – | ૫ | ૨૦,૨૬,૩૪,૩૮(૧) (૨)(૩),૪૩ |
| ૫ | ૧૯૭૨–૭૩ | ૪ | – | ૪ | ૩૧,૩૬,૩૭,૩૮ |
| ૬ | ૧૯૭૩–૭૪ | ૧૦ | – | ૧૦ | ૪ એ.જી.એફ,૬ એ.બી.સી, ૮બી, ૯થી ૧૫ |
| ૭ | ૧૯૭૪–૭૫ | ૩૪ | – | ૩૪ | ૪ થી ૭,૯,૧૦,૧૨ થી ૧૭,૧૯ થી ૨૯,૩૧, ૩૩ થી ૪૦(૧),૪૧,૪૩ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૮ | ૧૯૭૫–૭૬ | ૩ | – | ૩ | ૪,૫(૨).૧૨ |
| ૯ | ૧૯૭૬–૭૭ | ૧૮ | – | ૧૮ | ૪,૫,૬,૧૦(૧),૧૨, ૧૫,૧૭,૧૯,૨૦,૨૩ થી ૨૯,૩૧,૩૩ |
| ૧૦ | ૧૯૭૭–૭૮ | ૨૩ | – | ૨૩ | ૩થી૬, ૭(અ)(બ)(ક) ૮,૯,૧૦(અ)(બ), ૧૧ થી ૧૬,૧૮,૨૦,૨૧, ૨૪,૨૫,૨૬,૨૮,૩૧,૩૩ |
| ૧૧ | ૧૯૭૮–૭૯ | ૨૦ | – | ૨૦ | ૪થી૭(૨),૮થી૧૧, ૧૩થી૧૫(૧)(૨),૧૭ થી ૨૧,૨૫થી૨૮ |
| ૧૨ | ૧૯૭૯–૮૦ | ૨૪ | – | ૨૪ | ૪થી૭(૨),૮થી૧૧, ૧૩થી૧૫(૨)(૪),૧૭ (૨),૧૮(૨)(૩),૨૦ (૧)(૨),૨૧થી૨૩ (૨),૨૫થી૨૭(૬),૨૮થી ૩૧–એ. |
| ૧૩ | ૧૯૮૦–૮૧ | ૮ | – | ૮ | ૪,૭,૮,૧૦,૧૧,૧૩, ૧૬,૧૭. |
| ૧૪ | ૧૯૮૧–૮૨ | ૨૪ | – | ૨૪ | ૪થી૮,૧૦,૧૧(૨), ૧૪થી૧૯,૨૪થી૨૭, ૨૯,૩૦,૩૧,૩૪,૩૫,૩૬, ૩૭. |
| ૧૫ | ૧૯૮૨–૮૩ | ૧૭ | – | ૧૭ | ૧થી૧૭ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૬ | ૧૯૮૩–૮૪ | ૩૦ | – | ૩૦ | ૪થી૧૦,૧૩,૧૫થી ૨૫,ર૭(૫),૨૬,૩૦,૩૨, ૩૪,૩૬,૩૭,૩૮,૩૯,૪૦, ૪૧ |
| ૧૭ | ૧૯૮૪–૮૫ | ૩૩ | – | ૩૩ | ૫થી૮,૧૧થી૧૪,૧૬ થી૨૭,૩૦થી૩૩,૩૫,૩૬, ૩૯,૪૦,૪૨થી૪૬ |
| ૧૮ | ૧૯૮૫–૮૬ | ૨૯અ | – | ૨૯ | ૫(૧)(૩),૬,૭,૧૦થી૧૨ ,૧૬થી૨૪,૨૭, ૨૯,૩૦,૩૧,૩૩,૩૫,૩૭, ૩૮,૪૦,૪૧,૪૨,૪૫,૪૬, ૪૭ |
| ૧૯ | ૧૯૮૬–૮૭ | ૩૨ | – | ૩૨ | ૨,૬,૮,૯,૧૦,૧૩(બ) ૧૪થી૧૮,૨૨થી૨૫, ૨૭,૨૮,૨૯,૩૧,૩૨, ૩૪,૩૫,૩૬,૩૮,૩૯, ૪૧,૪૨,૪૮,૫૦,૫૧,૫૨ |
| ૨૦ | ૧૯૮૭–૮૮ | ૬૧ | – | ૬૧ | ૧ થી ૬૧ |
| ૨૧ | ૧૯૮૮–૮૯ | ૫૬ | – | ૫૬ | ૧ થી ૫૬ |
| ૨૨ | ૧૯૮૯–૯૦ | ૭૦ | – | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૩ | ૧૯૯૦–૯૧ | ૮૦ | – | ૮૦ | ૧ થી ૮૦ |
| ૨૪ | ૧૯૯૦–૯૨ | ૪૩ | – | ૪૩ | ૧ થી ૪૩ |
| ૨૫ | ૧૯૯૨–૯૩ | ૭૦ | – | ૭૦ | ૧ થી ૭૦ |
| ૨૬ | ૧૯૯૩–૯૪ | ૬૯ | – | ૬૯ | ૧ થી ૬૯ |
| ૨૭ | ૧૯૯૪–૯૫ | ૧૦૫ | – | ૧૦૫ | ૧ થી ૧૦૫ |
| ૨૮ | ૧૯૯૫–૯૬ | ૭૮ | – | ૭૮ | ૧ થી ૭૮ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૨૯ | ૧૯૯૬–૯૭ | ૮૪ | – | ૮૪ | ૧ થી ૮૪ |
| ૩૦ | ૧૯૯૭–૯૮ | ૮૩ | – | ૮૩ | ૧ થી ૮૬ |
| ૩૧ | ૧૯૯૮–૯૯ | ૯૨ | – | ૯૨ | ૧ થી ૯૨ |
| ૩૨ | ૧૯૯૯–૨૦૦૦ | ૧૦૩ | – | ૧૦૩ | ૧ થી ૧૦૩ |
| ૩૩ | ૨૦૦૦–૨૦૦૧ | ૧૦૧ | – | ૧૦૧ | ૧ થી ૧૦૧ |
| ૩૪ | ૨૦૦૧–૨૦૦૨ | ૧૦૬ | – | ૧૦૬ | ૧ થી ૧૦૬ |
| | કુલ | ૧૫૩૦ | – | ૧૫૩૦ | |

આમ ઉપરની વિગતો જોતાં પાછળના ઓડીટ અહેવાલના ફકરાઓ કેટલા વર્ષ જુના અને કેટલા વખતના કેટલા ફકરા પડતર રહેવા પામેલ છે, તેની વિગતો નીચે પ્રમાણે જોવા મળેલ છે.

૧) ૨૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા.. ૧૮૮

૨) ૧૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા.. ૧૪૧

૩) ૧૦ વર્ષથી વધુ સમયના બાકી ફકરા.. ૩૧૦

૪) ૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા .. ૪૦૬

૫) છેલ્લા ૫ વર્ષથી વધુ સમયના બાકી ફકરા.. ૪૮૫

૧૫૩૦

આમ ઉપરની વિગત જોતા સ્પષ્ટ જણાય છે કે સંસ્થા તરફથી બાકી ફકરાના નિકાલ માટે સદંતર ઉપેક્ષા સેવવામાં આવેલ છે. છેલ્લાં દસ વર્ષના અન્વેષણ અહેવાલ જોતાં આ અહેવાલનો પ્રથમ વખત જે પૂર્તતા નિયત સમયમાં કરવી જોઈએ તે પણ થવા પામેલ નથી.

આ ઉપરાંત ધ્યાન ખેંચવા બાબત એ છે કે યુનિવર્સિટીએ ચાર માસમાં કરવા જોઈતા પ્રથમવારના જવાબો ૧૯૮૭-૮૮ થી ૨૦૦૧-૦૨ સુધીની હજુ સુધી કરેલ નથી. જે યોગ્ય નથી આ બાબતે કુલપતિશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે.

સને ૨૦૦૨-૨૦૦૩ના વર્ષના ઓડીટ દરમ્યાન સંસ્થાએ ઓડીટ અહેવાલની પૂર્તતા રજુ કરી નિકાલ કરાવેલ નથી. તો જે તે વિભાગના વડાઓ મારફતે ઓડીટ ફકરાની પૂર્તતા કરાવી એક ઘનિષ્ઠ કાર્યક્રમ હાથ ધરી પાછળના વર્ષોના ઓડીટ અહેવાલોના ફકરાઓની પૂર્તતા કરી આગામી ઓડીટમાં ખાત્રી કરાવવામાં આવે તેવો ઓડીટ અનુરોધ છે.

વધુમાં ઓડીટનો મૂળભૂત હેતુ નાણાંકીય બાબતોમાં નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી અને નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો ભંગ ન થાય તે બાબતે ધ્યાન દોરવામાં આવે છે આ અગાઉના વર્ષોમાં જે ઓડીટ વાંધાઓ લેવામાં આવેલ હોય તેનું પુર્નરાવર્તન ન થાય તેની તકેદારી રાખવા અને તે મુજબ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગના વડાઓને માર્ગદર્શન તથા સૂચનો પાઠવી ધ્યાનમાં લાવવાનો ઓડીટનો અનુરોધ છે. જેથી એક જ પ્રકારના ઓડીટ વાંધાઓનું દર વર્ષે પુનરાવર્તન ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવે તેવું ઓડીટ ખાસ સૂચન કરે છે, અને તો જ ઓડીટનો હેતુ જળવાઈ રહે.

**ફકરા નંબર : ૩**

ખાધવાળુ અંદાજપત્ર બનાવવા તેમજ અંદાજપત્રિય અનિયમિતતા બાબત.

---

(હિસાબી શાખા)

ગુજરાત યુનિવર્સિટી અધિનિયમની કલમ–૪૮(૪) મુજબ યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સિલે આગામી નાણાંકીય વર્ષ માટેનું અંદાજપત્ર તૈયાર કરવાનું રહે છે. અને કલમ–૧૮(૮) મુજબ ગુજરાત યુનિવર્સિટી કોર્ટે અંદાજપત્રને ધ્યાને લઈ ઠરાવ પસાર કરવાનો રહે છે.

અંદાજીત અને પુનઃ અંદાજીત બજેટ તેમજ ખરેખર ખર્ચ, વાર્ષિક હિસાબોની વિગતો ચકાસી નીચે પ્રમાણે ઓડિટનોંધ આપવામાં આવે છે.

ઉપરોકત વિગતોની ચકાસણી કરતાં જણાઈ આવે છે કે સને ૦૨–૦૩ ની અંદાજપત્રની આવક રૂા.૨૩,૫૨,૬૧,૭૦૦/– અંદાજવામાં આવેલ હતી. જયારે તેની સામે ખર્ચ રૂા.૨૩,૮૯,૦૨,૩૦૦/– નો અંદાજવામાં આવેલ હતો. આમ ખરેખર આવકને ધ્યાને લીધા સિવાય રૂા. ૩૬,૪૦,૬૦૦/– ની ખાધપૂર્ણ અંદાજ બનાવવા અંગે સ્પષ્ટતા થવા વિનંતી. અંદાજપત્ર બનાવતી વખતે પાછલા વર્ષોની આવક અને ખર્ચની હકીકતો ધ્યાને લેવી જોઈએ. તે ધ્યાને લેવામાં આવેલ નથી.

તેવી જ રીતે સુધારેલ અંદાજોમાં રૂા.૪૧,૬૭,૪૪,૨૭૬/- ની આવક સામે ખર્ચ રૂા.૪૧,૯૭,૬૮,૫૩૭/-નો ખર્ચ દર્શાવી ખર્ચમાં રૂા. ૩૦,૨૪,૨૬૧/- જેટલો વધારો દર્શાવવામાં આવેલ છે. આમ અંદાજ અને સુધારેલા અંદાજો જોતાં ખરેખર આવક રૂા.૨૨,૭૯,૬૨,૨૮૭-૬૩ અને ખરેખર ખર્ચ રૂા.૨૨,૯૨,૭૦,૪૧૭-૪૫ પૈસા જોતાં ખર્ચમાં વધારો દર્શાવાયેલ છે. જેથી તૈયાર કરવામાં આવેલ અંદાજ અને સુધારેલા અંદાજો પણ ખુબ જ અવાસ્તવિક જણાય છે. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

પુનઃનિર્મિત અંદાજ (સુધારેલ અંદાજ) મુજબની આવક રૂા.૪૧,૬૭,૪૪,૨૭૬/- સામે ખરેખર રૂા.૨૨,૭૯,૬૨,૨૮૭-૬૩ પૈસાની આવક થયેલ હતી. આમ અંદાજેલ આવક કરતાં વધુ આવક થયા અંગેના કારણો જણાવવા વિનંતી. આ સાથેના પત્રક મુજબ પુનઃ નિર્મિત અંદાજોની સામે ખરેખર થયેલ આવક અને ખર્ચના આંકડા જોતાં ઘણો તફાવત જણાય છે. સામાન્ય રીતે આ તફાવત ૧૦% થી વધતો/ઓછો ન હોવો જોઈએ. આ ઉપરથી ફલિત થાય છે કે, આવક/ખર્ચ અંગે વાસ્તવિક અંદાજો તૈયાર કરવામાં આવેલ નથી. ખર્ચના આંકડા જોતાં પુનઃનિર્મિત અંદાજ રૂા.૪૧,૯૭,૬૮,૫૩૭ સામે ખર્ચ રૂા.૨૨,૯૨,૭૦,૪૧૭-૪૫ પૈસા થતાં રૂા.૧૯,૦૪,૯૮,૧૧૯-૫૫ ઓછું ખર્ચ થયેલ છે. વધુમાં સુધારેલ અંદાજ રૂા.૪૧૬૭૪૪૨૭૬/- ની આવક સામે ખર્ચ રૂા.૪૧૯૭૬૮૫૩૭/- અંદાજવામાં આવેલ છે. આમ ૩૦.૨૪ લાખ જેટલી ખાદ્યવાળુ અંદાજપત્ર તૈયાર કરવા બાબતે સંબંધિત જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

જેથી ખાસ પ્રકારના અંદાજીત કામો સમય મર્યાદામાં થઈ શકેલ નથી. અથવા ૮ માસના થયેલ ખર્ચના અનુસંધાને તૈયાર કરેલ અંદાજો પણ અવાસ્તવિક રીતે તૈયાર કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. સદરહું પુનઃનિર્મિત અંદાજપત્ર યુનિવર્સિટીની તા.૨૮/૩/૦૩ની કોર્ટની સામાન્ય સભામાં કુલપતિશ્રીએ મંજુર કરેલ પુનઃનિર્મિત અંદાજપત્રની નોંધ લઈ મંજુર કરવામાં આવેલ છે. પરંતુ આવક–ખર્ચના વધારા ઘટાડાના કોઈ કારણો આપેલ નથી. અને તેમ છતાં આવું અવાસ્તવિક અંદાજપત્ર મંજુર કરવાથી અંદાજપત્ર મંજુર કરવાનો મૂળ હેતુ નાણાંકીય શિસ્ત જળવાય અને નાણાંકીય અંકુશ રહે તે જળવાતો નથી તે બાબતે ખાસ ધ્યાન દોરવામાં આવે છે.

છેલ્લાં છ માસના એટલે કે તા.૩૦/૯/૨૦૦૨ સુધીના આવક–ખર્ચના આધારે તૈયાર કરેલ પુનઃનિર્મિત અંદાજો અને પાછલા વર્ષોના અનુસંધાને તૈયાર કરવામાં આવેલ અંદાજો ખાધવાળા તૈયાર કરવાના કારણે અગાઉના વર્ષોથી ચાલી આવતી ખાધ માટેના નાણાં મેળવવા શું વ્યવસ્થા કરવા ધારેલ છે. તે અંગે સ્પષ્ટતા થવા વિનંતી.

હવે પછીના અંદાજપત્ર માટે અંદાજો તૈયાર કરતાં પહેલાં અગાઉના વર્ષોની પરિસ્થિતિ તથા આગામી વર્ષે આવક અને ખર્ચની વિગતોના આધારે ૧૦% થી વધારે પ્રમાણમાં તફાવતવાળું અવાસ્તવિક અંદાજપત્ર ન

કરવા ઓડિટનું સૂચન છે. આમ અવાસ્તવિક અંદાજપત્ર તૈયાર ન કરતા વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરવા ધ્યાન દોરવામાં આવે છે.

પ્રા. વાંધાનં.૭૦ આપવા છતાં સુધારેલાં અંદાજપત્રમાં વધ–ઘટના કોઈ કારણો આપવામાં આવેલ નથી. તેમજ કોઈ પ્રકારની પૂર્તતા કરવામાં આવેલ નથી. તો જરૂરી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

**પત્રક—૧**

જુદા—જુદા વિભાગના આવક—ખર્ચના અંદાજ, પુનઃ નિર્માણ અંદાજના અનુસંધાને ખરેખર વધેલ ખર્ચની વિગત

દર્શાવતું પત્રક

| અ. નં. | વિગત | અંદાજ રૂપિયા | પુનઃનિર્મિત અંદાજ રૂપિયા | ખરેખર આવક/ ખર્ચ રૂપિયા | તફાવત પુનઃનિર્મિત અંદાજના આધારે રૂપિયા | નોંધ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| | આવક | | | | | |
| ૧ | પરીક્ષાની આવક | ૩૦૭૬૦૦૦૦ | ૩૪૪૭૫૦૦૦ | ૩૬૯૩૧૫૦૯—૮૦ | ૨૪૫૬૫૦૯—૮૦ | |
| ૨ | અન્ય ફીની આવક | ૧૨૨૦૫૦૦૦ | ૧૭૪૦૫૦૦૦ | ૧૮૬૮૦૬૫૧—૫૦ | ૧૨૭૫૬૫૧—૫૦ | |
| ૩ | અનુસ્નાતક શિક્ષણ કાર્ય | ૮૨૨૨૦૦૦ | ૯૩૭૫૦૦૦ | ૭૨૨૫૩૦૩—૦૦ | ૨૧૪૯૬૯—૭૦ | |
| ૪ | યુનિવર્સિટી મુદ્રણાલય | ૭૧૫૦૦૦ | ૭૨૫૦૦૦ | ૫૮૫૧૯૪—૭૦ | ૧૩૯૮૦૫—૩૦ | |
| ૫ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક | ૨૯૦૪૦૦૦ | ૨૦૯૯૦૦૦ | ૧૨૩૭૭૮૮—૦૦ | ૮૬૧૨૧—૨૦ | |
| ૬ | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક | ૨૧૯૦૦૦ | ૩૯૫૦૦૦ | ૨૨૭૮૮૦—૦૦ | ૧૬૭૧૨૦—૦૦ | |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
|---|---|---|---|---|---|---|
| ૭ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૧૧૫૦૦ | ૧૨૨૦૦ | ૧૦૧૬૬—૦૦ | ૨૦૩૪—૦૦ | |
| ૮ | માસ્ટર ઓફ ફીઝીકલ એજયુકેશન | ૫૦૦૦૦૦ | ૬૭૦૦૦૦ | ૪૫૯૭૫૫—૦૦ | ૨૧૦૨૪૫—૦૦ | |
| | ખર્ચ | | | | | |
| ૧ | કુલપતિશ્રી/ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | ૧૯૫૦૦૦ | ૧૯૫૦૦૦ | ૧૨૫૬૧૯—૦૦ | ૬૯૩૮૧—૦૦ | |
| ૨ | પરીક્ષા ખર્ચ | ૪૨૫૫૦૦૦૦ | ૫૫૧૩૫૦૦૦ | ૫૭૪૬૯૩૨૧—૫૦ | ૨૩૩૪૩૨૧—૫૦ | |
| ૩ | યુનિવર્સિટી શિક્ષણ સંશોધન ખર્ચ | ૮૦૨૧૩૫૦૦ | ૭૪૫૪૦૫૦૦ | ૫૩૫૩૭૨૧૦—૪૦ | ૨૧૦૦૩૨૮૯—૬૦ | |
| ૪ | યુનિવર્સિટી મુદ્રણાલય ખર્ચ | ૭૬૯૫૦૦૦ | ૫૨૩૫૦૦૦ | ૪૪૬૫૮૮૧—૦૧ | ૭૬૯૧૧૮—૯૯ | |
| ૫ | યુનિવર્સિટી ગ્રંથાલય ખર્ચ | ૭૬૪૦૦૦૦ | ૬૭૮૫૦૦૦ | ૪૦૩૦૫૨૭—૦૨ | ૨૭૫૪૪૭૨—૯૮ | |
| ૬ | યુનિવર્સિટી કોમ્પ્યુટર સેન્ટર ખર્ચ | ૭૮૬૫૦૦૦ | ૬૨૧૫૦૦૦ | ૪૩૬૯૫૭૨—૫૯ | ૧૮૪૫૪૨૭—૪૧ | |
| ૭ | પ્રોફેશન તાલીમ કેન્દ્ર ખર્ચ | ૬૦૦૫૦૦ | ૬૫૫૫૦૦ | ૫૩૫૭૯૮—૨૫ | ૧૧૯૭૦૧—૭૫ | |
| ૮ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન ખર્ચ | ૩૧૮૬૦૦ | ૩૯૭૬૦૦ | ૩૩૫૩૪૦—૩૪ | ૬૨૨૫૯—૬૬ | |

**ફકરા નંબર : ૪**

**આવક કરતાં ખર્ચમાં વધારાના કારણે નાણાંકીય પરિસ્થિતિ પ્રતિકૂળ હોવા બાબત.**

---

(હિસાબી શાખા)

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ના વર્ષના અન્વેષણ દરમ્યાન યુનિર્વસિટીના છેલ્લાં ત્રણ વર્ષની સરેરાશ આવક અને સરેરાશ ખર્ચ જોતાં નીચે મુજબની પરિસ્થિતિએ નાણાંકીય સ્થિતિ કથળતી જતી હોવાનું જણાયેલ છે.

| વર્ષ | આવક રૂા. | ખર્ચ રૂા. | ખર્ચમાં વધારો રૂા. | આવકમાં વધારો રૂા. |
|---|---|---|---|---|
| ૨૦૦૦–૦૧ | ૧૭૪૦૩૫૨૮૦ | ૧૭૨૩૦૫૧૬૯ | – | ૧૭૩૦૧૧૧ |
| ૨૦૦૧–૦૨ | ૨૦૩૯૬૨૧૪૮ | ૨૦૫૫૧૪૧૫૮ | ૧૫૫૨૦૧૦ | – |
| ૨૦૦૨–૦૩ | ૨૨૭૯૬૨૨૮૮ | ૨૨૯૨૭૦૪૧૭ | ૧૩૦૮૧૨૯ | – |
| કુલ | ૬૦૫૯૫૯૭૧૬ | ૬૦૭૦૮૯૭૪૪ | ૨૮૬૦૧૩૯ | ૧૭૩૦૧૧૧ |
| | ૨૦૧૯૮૬૫૭૨ | ૨૦૨૩૬૩૨૪૮ | ૧૧૩૦૦૨૮ | – |
| સરેરાશ | ૬૭૩૨૮૮૫૭ | ૬૭૪૫૪૪૧૬ | ૩૭૬૬૭૬ | – |

આમ ઓડિટ વર્ષ દરમ્યાન સરેરાશ ખર્ચમાં વધારો રૂા.૩૭૬૬૭૬/– નો થયેલ હતો.

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૨૦૦૩ના ઓડિટ વર્ષની આવક–જાવકનો અભ્યાસ કરતાં જણાય છે કે, યુનિવર્સિટીની તમામ સાધનોની આવક રૂા.૨૨,૭૯,૬૨,૨૮૮/– સામે ખર્ચ રૂા.૨૨,૯૨,૭૦,૪૧૭/–નો થયેલ હતો. આમ ખર્ચમાં રૂા.૧૩,૦૮,૧૨૯/– જેટલો વધારો થવા પામેલ હતો. આમ ફંડ અને દેવાં તેમજ મિલકત અને લેણાંની વિગતો જોતાં યુનિવર્સિટીની નાણાંકીય પરિસ્થિતિ અતિગંભીર અને વધુ વણસતી જતી હોવાનું સ્પષ્ટપણે ફલિત થાય છે. નીચે મુજબના કેટલાક કારણો આવી અતિગંભીર સ્થિતિના પુરાવા આપે છે.

(૧) યુનિવર્સિટી ધ્વારા બનાવેલ અને મંજુર થયેલ વાર્ષિક હિસાબમાં પાકા સરવૈયામાં મિલ્કત લેણાં બાજુ રૂા.૧૧૬.૧૭ લાખ જેટલી માતબર રકમ આવક ખર્ચ ખાતાની દર્શાવેલ છે. એટલે કે નાણાંકીય વર્ષના અંતે ગુજરાત યુનિવર્સિટીની કુલ ખાધ રહેવા પામેલ છે. આમ યુનિવર્સિટી ધ્વારા પ્રતિવર્ષ ખાધવાળુ અંદાજપત્ર બનાવવાના કારણે આવકની મર્યાદામાં જ ખર્ચનું આયોજન ન કરવાના કારણે ખાધ ઉત્તરોત્તર વધતી જવા પામેલ છે. અને યુનિવર્સિટીની કથળતી જતી નાણાંકીય સ્થિતિનું મૂળ કારણ છે.

(૨) વણવપરાયેલ સરકારી ગ્રાંટની રકમ રૂા.૨૦,૪૦,૮૦,૫૨૮—૨૭ પૈસા યુનિવર્સિટીએ પરત કરવાની હતી જે યુનિવર્સિટીની જવાબદારી છે. જેને પરિણામે આ રકમ પરત કરવી પડી હોત તો ખાધમાં વધારો થાય તેમ છે. આમ ખાધ રૂા.૨૦,૪૦,૮૦,૫૨૮—૨૭ જેટલી વધુ થવાના પરિણામે નાણાંકીય પરિસ્થિતિ અત્યંત ગંભીર હોવાનું ગણી શકાય.

(૩) ગુજરાત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં પેશગીઓ અને બીજા ખાતાના રૂા.૫,૩૪,૨૩,૩૮૭—૬૭ પૈસા મિલ્કત લેણાં બાજુ દર્શાવવાના કારણે હકીકતમાં પેશગીઓ સમયસર ન થવાના કારણે પેશગી સ્વરૂપે થયેલ ખર્ચ ગણવાપાત્ર થાય છે. આમ ઉપર દર્શાવેલ ખર્ચ કરતાં વધારે ખર્ચમાં વધારો થવા પામેલ હોત.

(૪) અગાઉના વર્ષના ઓડિટ રીપોર્ટમાં પણ યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ ઉત્તરોત્તર કથળતી જતી હોવાનું અને તેને રોકવા યોગ્ય ઉપાયો કરવાનું સૂચવેલ છે તેમ છતાં કોઈ પગલાં લેવામાં આવેલ હોય તેમ જણાતું નથી. પરિણામે હજુ પણ યુનિવર્સિટીની આર્થિક પરિસ્થિતિ ઉત્તરોત્તર કથળતી જાય છે.

ઉપરોક્ત ખોટ સત્વરે પૂરી કરવા અને યુનિવર્સિટીની આર્થિકપરિસ્થિતિ સંગીન બનાવવા ઘટીત-ત્વરિત તેમજ જરૂર પડે સરકારશ્રીની મંજુરી મેળવી આકરા પગલાં લેવા અનુરોધ છે. આ અંગે નીચે મુજબના સૂચનો ધ્યાનમાં લેવા ઘટે.

(૧) આવકની મર્યાદામાં રહીને જ ખર્ચ કરવો.

(૨) નિભાવ ગ્રાંટ ફાળવણી અંગેની શરતોનું પાલન કરવું

(૩) યુનિવર્સિટી પ્રેસની આવક વધારી, ખર્ચ ઘટાડી, પ્રેસની ખોટ ઘટાડવી, પરીક્ષાની તમામ કામગીરી પ્રેસમાં જ કરવી.

(૪) પરીક્ષા ખર્ચમાં ઘટાડો કરવો.

(૫) સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવી જુદી જુદી ફી વગેરેમાં યોગ્ય વધારો કરવો અને મંજુરી મેળવ્યા બાદ જ રોજમદાર કે ફીકસ પગાર કે અન્ય હંગામી મહેકમની નિયુક્તિ કરવી.

(૬) લાંબા સમયથી હેતું પૂર્ણ થવા છતાં વસુલ ન આવેલ લોન અને પેશગીઓ એકજ હપ્તામાં વસુલ લેવી અને એક પેશગી સરભર ન થાય ત્યાં સુધી બીજી પેશગી મંજુર કરવી નહિ. પાર્ટી ઓન એકાઉન્ટ પ્રથા સદંતર બંધ કરવી.

(૭) સરકારશ્રીના કરકસરના પગલાંના ઠરાવના આધારે તમામ ખર્ચા, ફી, ટેલીફોન, સેમીનાર પાછળનો ખર્ચ, કન્ટીજન્સી ખર્ચ જેવા કે ઝેરોક્ષ, ચા–પાણી, નાસ્તા ખર્ચ, મીટીંગ અંગેના ખર્ચ વિગેરેમાં કરકસરયુકત પગલાં લેવા.

(૮) બહારની એજન્સી/ખાનગી પ્રેસ પાસે ખાનગી પ્રીન્ટીંગ કે પરીક્ષા અંગેનું કામ બંધ કરાવવુ. પોતીકી માલીકીના પ્રેસ તથા કોમ્પ્યુટર કેન્દ્ર મારફતે કરાવવા જોઈએ.

(૯) વિદ્યોત્તેજક દાન મેળવવા પ્રયત્ન કરવો.

(૧૦) ખાલી કવાર્ટર, હોલ વગેરે ભાડે આપી, આવક ઉભી કરવી, તેવી જ રીતે યુનિવર્સિટી કમ્પાઉન્ડમાં ઉગી નીકળેલ ઘાસ,

સુકાઈ ગયેલં વૃક્ષોનું વેચાણ કરી આવક ઉભી કરવી તેમજ અગાઉ ભાંડે આપેલ યુનિવર્સિટીની માલિકીના મકાનો, દુકાનો વગેરેના ભાડામાં વધારો કરી આવક ઉભી કરવી જોઈએ.

(૧૧) ફોર્મ્સ સંશોધન પ્રકાશિત થયેલ પુસ્તકો, લેખોનું વેચાણ તેમજ પરીક્ષાને લગતા અન્ય પ્રકાશનોના વેચાણ ધ્વારા આવક ઉભી કરવી.

**ફકરા નંબર : ૫**

હિસાબી શાખા

વાર્ષિક હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ના હિસાબો દ્વિનોંધી નામા પધ્ધતિના સિધ્ધાંતો મુજબ મુખ્ય સદરવાર આવક–ખર્ચ દર્શાવી વર્ષાન્તે પાકુ સરવૈયું બનાવી તા.૩૧–૩–૨૦૦૩ ની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે. આ હિસાબોની ચકાસણી કરી નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજ. યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં વર્ષના અંતે બાકી રહેલ એડવાન્સ અને બીજા ખાતાના રૂ.૫૩૪૨૩૩૮૭–૬૭ મિલકત–લેણાં બાજુ દર્શાવેલ છે. આમ આટલી મોટી રકમ જે તે કામ હેતુ જેવા કે પરીક્ષાની કામગીરી માટે, ભવનોની ખરીદી માટે, કોલેજોની પરીક્ષાની કામગીરી તથા અન્ય કામગીરી માટે તેમજ કર્મચારીઓને ચોકકસ કામગીરી માટે આપેલ એડવાન્સ પૈકી હિસાબમેળ/ સરભર થયા વગરના બાકી ખેંચાયેલ છે. ખરેખર જયારે ચોકકસ હેતુ/કામગીરી માટે એડવાન્સ ચૂકવેલ છે તેથી કામગીરી થયેલ હશે. પરંતુ હિસાબમેળ થયેલ ન હોવાથી તે ખર્ચ માટે ઉધાર થયેલ નથી. અને પરિણામે યુનિવર્સિટી

ધ્વારા દર્શાવેલ કુલ રૂ.૨૨૯૨૭૦૪૧૭—૪૫ પૈસા જેટલો ખર્ચ વર્ષના અંત સુધીમાં થયેલ છે, તેટલા અંશે ઓછા દર્શાવેલ ગણાય. વધુમાં વર્ષ દરમ્યાન કુલ રૂ.૨૨૯૨૭૦૪૧૭—૪૫ ની ખર્ચ સામે રૂ.૫૩૪૨૩૩૮૭—૬૭ બાકી રહેલ એડવાન્સ કુલ ખર્ચના ૨૩.૩૦ % જેટલી થાય છે. જે બાકી રહેલ એડવાન્સની ઘણી મોટી રકમ ગણાય.

આ ઉપરાંત જો ઉપરોકત રકમ પૈકી વર્ષના અંતે સુધીમાં થયેલ ખર્ચ એડવાન્સ સામે સરભર કરી ખર્ચ ખાતે ઉધારવામાં આવેલ હોત તો ખર્ચ કરતાં આવકનો વધારો જે રૂ.૧૩૦૮૧૨૯—૮૨ દર્શાવેલ છે તેના બદલે આવક કરતાં ખર્ચનો વધારો વધારે થાત અને તેટલા અંશે આવક.ખર્ચના હિસાબો પણ ક્ષતિયુકત ગણી શકાય.

(૨) યુનિવર્સિટી વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતો તરીકે નીચે મુજબ વિગતો છે.

| | | |
|---|---|---|
| ઉઘડતી સિલક | રૂ. | ૯૬૬૬૧૫૧૪—૭૬ |
| વર્ષ દરમ્યાન ઉમેરો | (+) | ૪૯૩૯૬૦—૦૦ |
| | કુલ | ૯૭૧૫૫૪૭૪—૭૬ |
| બાદ ઘસારો | (—) | ૬૨૩૮૨૭૭૬—૧૨ |
| | | ૩૪૭૭૨૬૯૮—૬૪ |

આ અંગે નીચેની વિગતે સ્પષ્ટતા સહ પૂર્તતા થવી જરૂરી છે.

(ક) યુનિવર્સિટીની કુલ મિલ્કતો કે જેમાં યુનિવર્સિટીના મકાનો, જમીન, ફર્નિચર, વૈજ્ઞાનિક સાધન સામગ્રીઓ અને પુસ્તકોનો સમાવેશ થાય છે. તેમાં ચાલુ નાણાંકીય વર્ષના અંતે રૂપિયા ૯,૬૬,૬૧,૫૧૪-૭૬ ની મિલ્કતો સામે કુલ ઘસારો રૂા.૬,૨૩,૮૨,૭૭૬-૧૨ બાદ કરી ચોખ્ખી મિલ્કતો રૂા.૩,૪૭,૭૨,૬૯૮-૬૪ દર્શાવેલ છે. આ ઘસારાની રકમ મિલ્કતમાંથી બાદ કરેલ છે. પરંતુ આ માટે અલગ ફંડ રાખી કોઈ રોકાણો કરવામાં આવેલ નથી. તો આ રીતે અલગ ફંડ રાખ્યા સિવાય, કોઈ રોકાણો કર્યા સિવાય ફક્ત ઘસારો ગણી મિલ્કતો ઓછી બતાવવાનું કોઈ તાર્કિક કારણ સ્પષ્ટ થતુ નથી. તેમજ સરકારશ્રી ધ્વારા યુનિવર્સિટીની મિલ્કતોની જાળવણી અને મરામત માટે અલગ ગ્રાંટ પણ ફાળવે છે. તેથી આ રીતે ઘસારો કયા હેતુ માટે ગણવામાં આવે છે તે બાબતે આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી.

(ખ) દ્વિનોંધી નામા પધ્ધતિના સામાન્ય સિધ્ધાંતો મુજબ મિલ્કતો કોઈ કારણસર ઘસાઈ જાય / બિન ઉપયોગી બની જાય ત્યારે નવી મિલ્કતો ઉભી કરવાના આશયથી મિલ્કતો ઉપર ઘસારો ગણી ખર્ચ દર્શાવી અલગ ફંડ ઉભુ કરવામાં આવે છે અને તેનું રોકાણ કરવામાં આવે છે.

જેથી જયારે નવી મિલ્કત ઉભી કરવાની જરૂરિયાત ઉપસ્થિત થાય ત્યારે આ ફંડ/રોકાણોમાંથી નવી મિલ્કત ઉભી કરી શકાય. પરંતુ યુનિવર્સિટી ધ્વારા આવુ અલગ ફંડ રાખેલ નથી કે રોકાણ કરેલ નથી. અને આમ મિલ્કતોની પુનઃ ખરીદી કરવા માટેની કોઈ જોગવાઈ થયેલ નથી તેથી ઘસારો બાદ કરવાનો કોઈ અર્થ રહેતો નથી. વધુમાં ધ્યાન ખેંચતી બાબત એ છે કે કુલ મિલ્કતો સામે ૬૪.૫૩ % (રૂ.૬,૨૩,૮૨,૭૭૬–૧૨×૧૦૦ ÷ ૯,૬૬,૬૧,૫૧૪–૭૬) ઘસારો ગણી મિલ્કતો ઓછી કરેલ છે એટલે કે ૬૪.૫૩ % મિલ્કતો ઘસાઈ ગઈ છે. પરંતુ નવી મિલ્કતો ઉભી કરવા કોઈ જોગવાઈ થયેલ નથી, કોઈ ફંડ ઉપલબ્ધ નથી, તો આ માટે જોગવાઈ ન કરવા બદલ સ્પષ્ટતા થવી જરૂરી છે.

(ગ) યુનિવર્સિટીની મિલ્કતો યુનિવર્સિટી ગ્રાંટ કમિશન, રાજય સરકાર તથા દાતાઓ પાસેથી મળેલ દાન માંથી ઉભી કરવામાં આવેલ છે. યુ.જી.સી. અને રાજય સરકાર ધ્વારા આવી મિલ્કતો અંગે અલગ રજીસ્ટર રાખવા અને તે મિલ્કતો અન્ય કોઈને તબદીલ કરવાનો અધિકાર સુરક્ષિત રાખવામાં આવતો હોય છે તો આવી અન્યની માલિકીની મિલ્કતો અંગે ઘસારો ગણવા બદલ સ્પષ્ટતા થવા વિનંતી છે.

(૩) તાં.૩૧–૩–૨૦૦૨ ના રોજ જનરલ ફંડ, કેપીટલ ફંડ અને પુસ્તક ફંડ ખાતે અનુક્રમે રૂા. ૯૬૧૨૦૯૦–૦૯ + ૧૬૯૯૧૨૭૬–૬૬ + ૭૧૮૮૪૩૦–૮૬ મળી કુલ રૂા.૩,૩૭,૯૧,૭૯૭–૬૧ થાય જ્યારે સદર રકમ વાર્ષિક હિસાબોના પરિશિષ્ટ એફમાં રૂા.૩,૪૭,૭૨,૭૦૫–૬૪ લીધેલ છે. આમ તફાવત રૂા. ૯,૮૦,૯૦૮–૦૩ અંગે પણ જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

(૪) વાર્ષિક હિસાબમાં મિલ્કત–લેણાં બાજુ કાયમી મિલ્કતોમાંથી અત્યાર સુધીનો કુલ ઘસારો રૂા. ૬,૨૩,૮૨,૭૭૬–૧૨ દર્શાવવામાં આવેલ છે. જ્યારે મૂડી–દેવાં બાજુ અગાઉ ઉપર જણાવ્યા મુજબ ફકત એક જ વર્ષનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવેલ છે. તો મિલ્કતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો બાદ કરી દર્શાવવામાં આવે છે. તો મિલ્કતોમાં અગાઉના વર્ષો સહિતનો ઘસારો કયા કારણોસર દર્શાવવામાં આવે છે તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉપરોક્ત દર્શાવેલ ક્રમ નં. ૩, ૪ તથા ૫ ની વિગતો જોતાં યુનિવર્સિટીના વાર્ષિક હિસાબો તેટલા અંશે ખામી યુકત ગણી શકાય તો તે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

**ફકરા નંબર : ૯**

કોરી પહોંચબુકોના હિસાબનું દફતર અન્વેષણમાં નહીં રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના હિસાબોની ચકાસણી કરતાં અન્વેષણ વર્ષ દરમ્યાન ગુજરાત યુનિવર્સિટીને પરીક્ષા ફી પેટે રૂા.૧૮૬૮૦૬૫૧–૫૦ પૈસા, પ્રકાશનોની આવક રૂા.૫૫૬૩૧૨૧–૬૦ પૈસા તથા કોમ્પ્યુટર સેન્ટરની આવક રૂા.૧૨૩૭૭૮૮–૦૦ મળી કુલ રૂા.૨૫૪૮૧૫૬૧–૧૦ ની આવક કાઉન્ટર કલેકશન રજીસ્ટર અને એમ.ઓ. કલેકશન રજીસ્ટર મારફતે થયેલ છે. યુનિવર્સિટી ધ્વારા આ માટે જુદા–જુદા ૬૦ પ્રકારની આવકવાર છાપેલી કિંમતની પહોંચબુકો ઉપયોગમાં લેવામાં આવેલ છે. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટીને છાપેલી કિંમતની પહોંચો ધ્વારા ઘણા મોટા પ્રમાણમાં આવક થતી હોય છે જે માટે કોરી પહોંચબુકોનું રજીસ્ટર નિભાવવામાં આવેલ છે કે કેમ નિભાવેલ હોય તો અગાઉના વર્ષની બાકી રહેલ પહોંચો, નવી છપાવેલ પહોંચોનો જથ્થો, કુલ જથ્થો તથા વર્ષ દરમ્યાન ઉપયોગમાં લીધેલ પહોંચો બાદ વર્ષાન્તે બાકી રહેલ પહોંચોના જથ્થાની સંપૂર્ણ વિગત સહીતનું રજીસ્ટર અન્વેષણ સમક્ષ રજુ કરવું ઘટે.

(૨) વર્ષ દરમ્યાન નવી પહોંચો છપાવેલ હોય તો તેને લગતી તમામ માહિતી જેવી કે નવી પહોંચબુકો છપાવવા માટે મેળવવામાં આવેલ મંજુરી અંગેની ફાઈલ કયારે છપાવી, કેટલાં જથ્થામાં છપાવી, કયાં (કઈ જગ્યાએ) છપાવી તેની સંપૂર્ણ વિગતવાર માહિતી તથા પહોંચબુકો છપાવ્યા બાદ તેને જે તે રજીસ્ટરે જમા લીધેલ છે કે કેમ તેને લગતુ રજીસ્ટર અન્વેષણમાં સત્વરે રજુ કરવા વિનંતી. પહોંચબુકોના અભાવે નાણાંકીય અનિયમિતતા થયેલ હોય તો તે પણ ધ્યાને આવી શકે નહીં.

યુનિવર્સિટીના હિસાબોની ચકાસણી કરતાં પ્રિન્ટીગ ચાર્જ કોડ નં.૩૭૦૧૦૦૦ ખાતે રૂા.૨૪૦૦૪૫–૦૦ નો ખર્ચ થયેલ છે. સદર ખર્ચ જુદા–જુદા પ્રકારના ફોર્મ્સ ફી ની રસીદબુકો વિગેરે યુનિવર્સિટીના પ્રેસ ધ્વારા કરેલ છાપકામ અને બાઈન્ડીગના ચૂકવેલ છે. જે બાબતે પ્રેસ ધ્વારા પ્રિન્ટીગ તથા બાઈન્ડીગનું કામ કરી દીધા પછી જે તે શાખા અથવા ભવનને મોકલેલ પહોંચબુકોનું રજીસ્ટર નિભાવેલ હોય તો તે અન્વેષણમાં રજુ કરવા વિનંતી. જેથી થયેલ ખર્ચ રૂા.૨૪૦૦૪૫–૦૦ ના સાચાપણાની ખાત્રી થઈ શકેલ નથી. ખાત્રી થતાં સુધી થયેલ ખર્ચની રકમ રૂા.૨૪૦૦૪૫/– વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઉપરોકત વિગતે પ્રા.વાં.નં.૨૧ થી માહિતી માંગવા છતાં ઓડિટ પૂર્ણ થતાં સુધી માગ્યા મુજબનું રેકર્ડ રજુ થયેલ ન હોઈ જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨૪૦૦૪૫/–
સદર : ૩૭૦૧૦૦૦

**ફકરા નંબર : ૭**

હિસાબી શાખા

નિયમો વિરુધ્ધ ખરીદવામાં આવેલ સ્ટેશનરી અને લેખનસામગ્રી બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ અર્થે રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ ની વિગતે જુદા–જુદા ભવનો તથા વિભાગો ધ્વારા વર્ષ દરમ્યાન રૂા.૨૩૫૪૨૧–૫૦ નો ખર્ચ લેખનસામગ્રી અને સ્ટેશનરીની ખરીદી પેટે કરેલ હતો. યુનિવર્સિટી ખાતે આવેલ જુદા–જુદા ભવનો તથા વિભાગોને હિસાબી શાખા ધ્વારા જરૂરી સ્ટેશનરી તથા લેખનસામગ્રી પૂરી પાડવા અંગેની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવા છતાં તેને વિભાગો અથવા ભવનો ધ્વારા સીધેસીધી જ કરવામાં આવેલ છે. જે નિયમો વિરુધ્ધ ગણી શકાય જે બાબતે જરૂરી સ્પષ્ટતા સહ અધિકારીશ્રી ધ્વારા સદરહું ખરીદીના મંજુરી અંગેના હુકમો મેળવી ઓડિટે ખાત્રી કરાવેલ નથી.

ઉક્ત બાબતેની ખરાઈ થતાં સુધી કરેલ ખર્ચ રૂ।.૨૩૫૪૨૧–૫૦ પૈસા વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સદર બાબતે સંસ્થાને આપેલ પ્રા.વાં.નં.૩૯ ની પૂર્તતા થયેલ નથી.

વાંધાહેઠળ રૂા.૨૩૫૪૨૧–૫૦
સદર : સ્ટેશનરી લેખનસામગ્રી

## પરિશિષ્ટ-૧

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન એસ્ટેટ વિભાગની મંજુરી વગર સંબંધિત વિભાગો/ભવનો ધ્વારા ખરીદવામાં આવેલ સ્ટેશનરીની વિગત દર્શાવતું પરિશિષ્ટ.

| ક્રમ નંબર | વિભાગ / ભવન | રકમ રૂ. પૈ. |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૧ | છાત્રાલયો | ૧૭૬૨-૬૦ |
| ૨ | મુદ્રણાલય | ૨૭૦૦-૦૦ |
| ૩ | ગ્રંથાલય | ૧૨૮૭૯-૪૦ |
| ૪ | સમાજ વિદ્યાભવન | ૫૫૮૦-૦૦ |
| ૫ | ભાષા સાહિત્ય ભવન | ૩૨૫૫-૩૦ |
| ૬ | મનોવિજ્ઞાન, તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર વિદ્યાભવન | ૧૩૫૯-૯૦ |

| (૧) | (૨) | (૩) |
|---|---|---|
| ૭ | વિજ્ઞાન વિદ્યાભવન | ૨૭૦૭૯–૪૦ |
| ૮ | વાણિજ્ય ભવન | ૨૩૨૪–૬૦ |
| ૯ | સ્કૂલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ | ૩૪૪૨–૫૦ |
| ૧૦ | કાયદાશાસ્ત્ર ભવન | ૭૯૨૯–૬૦ |
| ૧૧ | કોમ્પ્યુટર સ્ટેશનરી | ૧૬૫૧૬૩–૨૦ |
| ૧૨ | એચ. કે. પ્રોફેશન તાલીમ સેન્ટર | ૭૮૭–૫૦ |
| ૧૩ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૧૧૫૭–૫૦ |
| | કુલ | ૨૩૫૪૨૧–૫૦ |

**ફકરા નંબર : ૮**

હિસાબી શાખા

ખાનગી પેઢીઓને ચૂકવાયેલ ઓન એકાઉન્ટ રકમના હિસાબો બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૦૩ ના હિસાબોની ચકાસણી કરતાં જણાયેલ છે કે જુદી–જુદી પેઢીઓને ચીજવસ્તુ–સાધનસામગ્રીની ખરીદી પેટે કોઈ સેવા પૂરી પાડવા બદલ કે પરીક્ષાને લગતી કામગીરી કરવા બદલ "ઓન એકાઉન્ટ" મુજબ ચૂકવણું કરવામાં આવેલ હતું. પરંતુ આ પ્રકારે આપેલ રકમના હિસાબો જે તે નાણાંકીય વર્ષમાં સરભર કરવામાં આવેલ નથી અને સામેલ પરિશિષ્ટ–રની વિગતે ઘણો લાંબો સમય થવા છતાં આવી રકમો સરભર થયેલ નથી.

પેઢીઓ પાસેથી માલસામાન કે કોઈપણ પ્રકારની સેવા મેળવ્યા અગાઉ એડવાન્સ રજીસ્ટરે ખર્ચની નોંધ કર્યા સિવાય "ઓન એકાઉન્ટ" ચૂકવણું કયા આધારે કરવામાં આવેલ છે તેની સ્પષ્ટતા કરાવેલ નથી.

ખરીદ પધ્ધતિ મુજબ પેઢીઓ પાસેથી માલસામાન ખરીદી અંગેનાં અથવા પાર્ટીએ પૂરા પાડેલ સેવાના બીલો રજુ થયા બાદ જે તે સદરે ખર્ચ પાડી ચૂકવણું કરી શકાય. આમ ખાસ જોગવાઈના આધારે કે પેઢી સાથે કરાર

કરવામાં આવેલ હોય તો પણ નાણાંકીય નિયમો આધારે એડવાન્સ રકમ ચૂકવી શકાય નહી. તેમ છતાં એડવાન્સ રકમ ચૂકવ્યા વિના ખરીદી શકય ન હોય તો પણ એડવાન્સ તરીકે આપેલ રકમની એડવાન્સ રજીસ્ટરે નોંધ કરી જયારે જયારે તે અંગેના બીલો રજુ કરવામાં આવે ત્યારે ત્યારે આપેલ એડવાન્સની રકમમાંથી સરભર કરવાની રહે જે પ્રથાનું પાલન થતું નથી. અને "ઓન એકાઉન્ટ" રકમ આપવાને કારણે સીધુ ખર્ચ જે તે સદરે પડવાથી ગંભીર ગેરરીતિ થવાનો પૂરેપૂરો સંભવ રહે છે. તો આવી પરિસ્થિતિ ઉપસ્થિત ન થાય તે માટે યુનિવર્સિટી ધ્વારા શું પગલાં લેવા ધારેલ છે તેના કોઈ આધાર હોય તો અન્વેષણમાં રજુ કરવા જણાવેલ. અગાઉના અન્વેષણ દરમ્યાન પણ આ બાબતે ધ્યાન દોરવા છતાં "ઓન એકાઉન્ટ" પ્રથા ચાલુ રાખવામાં આવેલ છે અને નાણાંકીય નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવે છે, જે ઉચિત જણાતુ નથી. આ પ્રથા સદંતર બંધ કરવા ઓડિટનું સૂચન છે.

આ સાથે સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતે કુલ રૂા.૨૮૦૩૯૧૭-૮૮ ના ઓન એકાઉન્ટ કરેલ ચૂકવણાં સંદર્ભે ઘણા લાંબા સમયથી હિસાબો સરભર થયેલ નથી, જે બાબતે ઘટતી કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી. જે બાંબતે જવાબદારોથી સ્પષ્ટતા મેળવી ખાત્રી કરાવવી ઘટે.

ઉક્ત રકમ રૂા.૨૮૦૩૯૧૭–૮૮ બાબતે સ્પષ્ટતા થતાં સુધી રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સદર બાબતે સંસ્થાને પ્રા.વાં.નં.૮૬ થી પૂર્તતા કરવા જણાવેલ, જે પૂર્તતા કરેલ ન હોઈ ત્યાં સુધી કરેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૨૮૦૩૯૧૭–૮૮

## પરિશિષ્ટ–૨

ખાનગી પાર્ટીઓને ઓન એકાઉન્ટ નાણાં ચૂકવણાંની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ નંબર | ખર્ચનું સદર | પાર્ટીનું નામ | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | ૯૩૧૩૦૧૯ | દિગ્વિજય સિમેન્ટ કું. લિ. | ૧/૪/૮૬ | ૨૪૧–૪૫ |
| ૨ | ૯૩૧૩૦૨૦ | જય એન્જિ. વર્કસ લિમિટેડ | ૧/૪/૮૬ | ૮૭૧–૯૯ |
| ૩ | ૯૩૧૩૦૨૩ | વોલ્ટાસ લિમિટેડ | ૧/૪/૯૫ | ૧૪૮૫–૬૫ |
| ૪ | ૯૩૧૩૦૩૨ | ગુજ. સરકાર સિવિલ સપ્લાય કોર્પો. લિ. | ૧/૪/૮૮ | ૧૮૩૭૩૫–૦૦ |
| ૫ | ૯૩૧૩૦૩૬ | બ્લ્યુ સ્ટાર લિમિટેડ | ૧/૪/૮૬ | ૧૦૯૫૦–૦૦ |
| ૬ | ૯૩૩૧૨૧૦ | સી.એમ.સી. લિમિટેડ | ૧/૪/૯૨ | ૧૩૨૧૩૨–૦૦ |
| ૭ | ૯૩૩૧૨૦૬ | ગુજ. સ્ટેટ સીડ્સ કોર્પોરેશન | ૧/૪/૮૬ | ૧૭૨–૫૦ |
| ૮ | ૯૩૫૧૦૦૫ | આર. શાહ એન્ડ કું. | ૧/૪/૯૮ | ૩૨૯–૨૯ |
| ૯ | ૯૩૫૧૦૦૮ | સ્પાન ટ્રાવેલ્સ | ૧/૪/૯૭ | ૭૪૦૦૦–૦૦ |
| ૧૦ | ૯૩૫૧૦૧૬ | 'C' પ્રેસ | ૧/૪/૨૦૦૦ | ૨૪૦૦૦૦૦–૦૦ |
| કુલ | | | | ૨૮૦૩૯૧૭–૮૮ |

ફકરા નંબર : ૯

હિસાબી શાખા

ગુજ. યુનિવર્સિટીના બિન શૈક્ષણિક કર્મચારીઓ/ અધિકારીઓને નહી મળવાપાત્ર પરીક્ષા ભથ્થાની કરવામાં આવેલ ચૂકવણાં બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણમાં રજુ થયેલ દફતર જોતાં હિસાબી સદર ૩૫૩૨૦૦૮ હેઠળ રૂા.૧૭૮૨૫૪૫–૪૪ પૈસાનો ખર્ચ પરીક્ષા ભથ્થા પેટે કરવામાં આવેલ હતો. આ અંગે સરકારશ્રીના શિક્ષણ વિભાગના ૧૩/૭/૮૯ ના ઠરાવ ક્રમાંક : પવસ/ ૧૦૮૯/૨૭૨૫ ખ તેમજ છેલ્લા સુધારા ઠરાવ તા.૫/૭/૯૧ની શરતો મુજબ પરીક્ષાની કામગીરી સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારીઓ પૈકીના વધુમાં વધુ ૨૫ % કર્મચારીઓને સદરહું પ્રકારના ભથ્થાની ચૂકવણી કરવી જોઈએ. તેમ છતાં તમામ બિન શૈક્ષણિક કર્મચારીઓને દરેક માસમાં પગારની સાથે પરીક્ષા ભથ્થાની પણ ચૂકવણી કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત વિગતે ૨૫ % કર્મચારીઓની સામે ૧૦૦ % કર્મચારીઓને ચૂકવણું કરી ૭૫ % કર્મચારીઓને પરીક્ષા ભથ્થુ ચૂકવી રૂા.૧૩૩૬૯૦૯–૦૮ પૈસાનો વધુ ખર્ચ કરવામાં આવેલ છે. જે વસુલાતને પાત્ર ગણાય તેમજ ૧૯૮૮–૮૯ થી આજ દિન સુધી આ પ્રકારે ચૂકવાયેલ પરીક્ષા ભથ્થાની

રકમના ૭૫ % લેખેની રકમ વસુલાત કરવાની રહે. જેની વિગતો કાઢી પત્રક તૈયાર કરી સંબંધિત કર્મચારીઓ પાસેથી વસુલ કરી તેના જમાના હવાલાની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે તેમજ સદરહું ભથ્થુ નિયમોનુસાર ચૂકવવાનો અમલ તાત્કાલિક અસરથી અમલ કરી તે અંગેની ખાત્રી ઓડિટે કરાવેલ નથી.

સદર બાબતે સંસ્થાને આપેલ પ્રા.વાંધા ૩૫ થી પૂર્તતા થયેલ નથી. તો ઉપરોક્ત વિગતે જરૂરી પૂર્તતા સહ ઓડિટ વર્ષની રકમ સાથે થયેલ વસુલાતના જમા હવાલાની ઓડિટે ખરાઈ કરાવવી ઘટે.

વસુલાત કરવાની રકમ રૂા.૧૩૩૬૯૦૯–૦૮

સદર : ૩૫૩૨૦૦૮

**ફકરા નંબર : ૧૦**

હિસાબી શાખા

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને નહિં મળવાપાત્ર ઓવરટાઈમ ભથ્થાની કરવામાં આવેલ ચૂકવણી બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના ઓડિટ અનુસંધાને રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં વાર્ષિક હિસાબો પ્રમાણે રૂા.૩૧૧૨૭૯૫–૫૭ નો ખર્ચ પરીક્ષા સમય દરમ્યાનના અધિક સમયનું મહેનતાણુ તરીકે હિસાબી સદર ૩૫૩૨૦૦૭ હેઠળ વર્ષ દરમ્યાન કરવામાં આવેલ હતો.

ચોથા કેન્દ્રિય વેતન પંચની ભલામણો અન્વયે તા.૧/૧/૧૯૮૬ થી સ્વીકારેલ આર.ઓ.પી. રુલ્સ ૧૯૮૭ મુજબ ઓવરટાઈમ ભથ્થુ ચૂકવવાની પ્રથા રદ કરવામાં આવેલ છે. તે મુજબ સદર ઓવરટાઈમ ભથ્થુ મળવાપાત્ર નથી છતાં તેની ચૂકવણી કરી ખોટી રીતે ખર્ચ કરવા બદલ સ્પષ્ટતા કરી તા.૧/૧/૧૯૮૬ થી આજ દિન સુધી ચૂકવાયેલ ઓવરટાઈમની વિગતો તૈયાર કરી નિયમો વિરુધ્ધ કરવામાં આવેલ ચૂકવણાંથી સંસ્થાને થયેલ નુકશાન અંગેની જવાબદારી નકકી કરી સંબંધિત તમામ કર્મચારીઓ પાસેથી કરવાપાત્ર થતી વસુલાત તાત્કાલિક ધોરણે કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સદર બાબતે અગાઉના વર્ષોમાં પણ ઓડિટ ધ્વારા નોંધો આપવામાં આવતી હોવા છતાં સદર ઓવરટાઈમ ભથ્થુ ચૂકવવાનું ચાલુ રાખી સરકારશ્રીના નિયમો વિરુધ્ધ ખર્ચ કરી સંસ્થાને કરેલ નુકશાન બદલ કસુલવારોથી જવાબદારી નકકી કરી સરકારશ્રીના ઠરાવો/ નિયમોને ઉલ્લંઘી ન બરવા બાબતે જવાબદારોથી જરૂરી ખુલાસો મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. અને ચૂકવેલ ઓવરટાઈમની રકમ રૂા.૩૧૧૨૭૯૫/– ની સંબંધિતોથી વસુલ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

ઉકત વિગતે તા.૧/૧/૧૯૮૬ થી આજ દિન સુધી ચૂકવાયેલ ઓવરટાઈમની વસુલાત કરી તેના જમા હવાલાની ઓડિટે ખરાઈ કરાવવા તેમજ સરકારશ્રીના નિયમોનું ઉલ્લંઘન થતુ હોવાથી આ બાબતે કુલપતિશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. તેમજ નિયમોનુસારની કાર્યવાહી કરવાની કાયમી વ્યવસ્થા ગોઠવવા ઓડિટનું સૂચન છે.

સદર બાબતે સંસ્થાને આપેલ પ્રા.વાંધા ૮ ની પૂર્તતા થયેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૩૧૧૨૭૯૫–૫૭

સદર : ૩૫૩૨૦૦૭

**ફકરા નંબર : ૧૧**

હિસાબી શાખા

ઉપલક (સસ્પેન્સ) એકાઉન્ટ સદરે મોટી રકમ સરભર થયા વિના પડી રહેવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના વાર્ષિક હિસાબો તપાસતાં સસ્પેન્સ એકાઉન્ટ હિસાબોમાં ફંડ તથા દેવા બાજુ દર્શાવેલ છે. સસ્પેન્સ એકાઉન્ટની સિલક તેમજ ખાતાવહીમાં સસ્પેન્સ સદરે નિભાવેલ આવક–ખર્ચના હિસાબોની તારીજ ચકાસતાં નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

(૧) સદરહું બાબતે સને ૨૦૦૧–૦૨ ના વાર્ષિક હિસાબો મુજબ કુલ રૂ.૩૮૭૦૮૯–૨૯ પૈસા સરભર કરવાના બાકીમાં હતાં. તે પૈકી રૂ.૨૩૩૩૭–૦૦ વર્ષ દરમ્યાન સરભર કરવા અંગેની ધીમી પ્રક્રિયા જોતાં સંસ્થા ધ્વારા સદર રકમ સરભર કરવા અંગે ઉદાસીન વલણ અપનાવેલ છે તેવું ઓડિટનું માનવું છે. જે બાબતે અગાઉના વર્ષોમાં પણ ઓડિટ નોંધો આપવામાં આવેલ હતી. અને સદર રકમ સત્વરે સરભર કરવા અંગેની નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરવા સંસ્થાને જણાવવા છતાં કોઈ જ પ્રગતિ થયેલ નથી. જે બાબત ગંભીર ગણી શકાય તો આ બાબતે સદર રકમો સત્વરે સરભર કરી ઓડિટે ખાત્રી કરાવવા અનુરોધ છે.

સને ૨૦૦૨–૦૩ દરમ્યાન સરભર કરવાની બાકી રહેતી રકમોની વિગત નીચે પ્રમાણે છે.

| ક્રમ નં. | સદર | | સિલક | |
|---|---|---|---|---|
| ૧ | ૮૧૦૧૦૦૧ | જી.પી. | ૩૬૩૭૫૨–૨૯ | C.R. |
| ૨ | ૮૧૦૧૦૦૨ | | | |
| ૩ | ૮૧૦૧૦૦૩ | એલ.આઈ.બી. | ૨૨૭૪૨૦–૭૪ | C.R. |
| ૪ | ૮૧૦૧૦૦૪ | એકા.–૨ | ૭૧૭૯૦–૩૦ | D.B. |

કોઈપણ પ્રકારની આવક–ખર્ચનું વર્ગીકરણ નકકી ન કરી શકાય ત્યારે તે રકમ ઉપલક (સસ્પેન્સ) સદરે ઉધારવામાં આવતી હોય છે. અને જયારે જયારે વર્ગીકરણ કરવામાં આવે ત્યારે તેટલી રકમ સદરહું સદરેથી સરભર કરવામાં આવે. આ કાર્યવાહી જે તે નાણાંકીય વર્ષના અંતે જ કરી લેવામાં આવે તો હિસાબો નિયમોનુસાર લખાયા ગણાય. પરંતુ હિસાબો વ્યવસ્થિત રીતે ન લખાવાના કારણે રકમ ઉપલક સદરમાં તબદીલ થાય અને તેમાં પ્રતિવર્ષ વધારો થવા પામે છે.

આમ આવી રકમ ઘણા લાંબા સમયથી ઉપલક સદરે રહેતી હોઈ તે અંગે સકારાત્મક અભિગમ અપનાવી આવી રકમ સરભર કરી ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

**ફકરા નંબર : ૧૨**

હિસાબી શાખા

બેંક સિલકનું મેળવણુ ખોટી રીતે કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન બેંક સિલક મેળવણાંની વિગતો ચકાસતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૩ માં દર્શાવ્યા મુજબ ઉધાર બાકી રૂ.૩૦૮૪૮૪૦૦–૧૨ પૈસા બતાવવામાં આવેલ છે. તે પૈકી સ્ટેટ બેંકના સ્ટેટમેન્ટ મુજબ સિલક બતાવતા પત્રકો રજુ થયેલ હતા બાકીની પુરાંત સિલક અંગેના પત્રકો, પાસબુકો રજુ કરવામાં આવેલ ન હોવાથી તેની ચકાસણી કરી શકાયેલ નથી.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા યુનિવર્સિટી બ્રાન્ચના વાર્ષિક પત્રક મુજબ તા.૩૧/૩/૨૦૦૩ ના રોજ બેંક સિલક રૂ.૪૭૯૮૪૩૦–૦૨ પૈસાના રજુ થયેલ પત્રકની કેશબુકની સિલક સાથે યુનિવર્સિટી ધ્વારા નીચે મુજબ મેળવણું કરવામાં આવેલ હતું.

| | | | |
|---|---|---|---|
| તા.૩૧/૩/૦૨ ની કેશબુકની સિલક | રૂ. | ૭૪૬૮૩૫૩–૨૩ | D.B. |
| બેંકમાં ભરેલ પરંતુ જમા નહીં મળેલ ચેકો | (–)રૂ. | ૧૮૪૮૩૨૪–૧૩ | D.B. |
| | કુલ | ૫૬૨૦૦૨૯–૧૦ | |
| લખેલ પરંતુ નહીં વટાવેલ ચેકો | (+) | ૧૪૨૪૮૬૮૪–૬૫ | |
| | | ૧૯૮૬૮૭૧૩–૭૫ | |
| બેંક ધ્વારા વધુ જમા આપેલ | (+) | ૪૦૬૮૩–૫૦ | |
| | | ૧૯૯૦૯૩૯૭–૨૫ | |
| બેંક ધ્વારા વધુ ઉધારેલ | (–) | ૧૭૪૨૬૦–૯૭ | |
| | | ૧૯૭૩૫૧૩૬–૨૮ | |
| તફાવત | | ૧૪૯૩૬૭૦૬–૨૦ | |
| | | ૪૭૯૮૪૩૦–૦૨ | |

ઉપર જણાવેલ મેળવણાંમાં વણવટાવેલ ચેકોની રકમ રૂા.૧૪૨૪૮૬૮૪-૬૫ યુનિવર્સિટીએ બાદ કરેલ છે જે બરાબર નથી. વણવટાવેલ ચેકોની રકમ ખરેખર કેશબુકમાં ઉમેરવાની રહે જે મુજબ મેળવણું કરતાં નીચે પ્રમાણેની સ્થિતિ રહેવા પામે.

| | | |
|---|---|---|
| કેશબુકની સિલક | રૂા.(–) | ૭૪૬૮૩૫૩-૨૩ |
| ચેક પેઈડ બટ નોટ રીલીઝ | રૂા.(+) | ૧૮૪૮૩૨૪-૧૩ |
| વણવટાવેલ ચેકો | રૂા.(+) | ૧૪૨૪૮૬૮૪-૬૫ |
| બેંક ધ્વારા વધુ જમા આપેલ | રૂા.(+) | ૪૦૬૮૩-૫૦ |
| બેંક ધ્વારા વધુ ઉધાર આપેલ | રૂા.(+) | ૧૭૪૨૬૦-૯૭ |
| બેંક સિલક | | ૮૪૯૫૦૭૮-૦૮ |

આમ ઉપર પ્રમાણે બેંક મેળવણું કરતાં બેંક સિલક રૂા.૮૪૯૫૦૭૮-૦૮ પૈસા હોવી જોઈએ તેને બદલે બેંક સ્ટેટમેન્ટમાં જણાવ્યા મુજબ રૂા.૪૭૯૮૪૩૦-૦૨ પૈસા દર્શાવેલ છે. જે મુજબ રૂા.૩૬૯૬૬૪૮-૦૬ પૈસાનો તફાવત રહેવા પામે છે. આ સિવાય અન્ય બેંકો સાથે મેળવણું નહીં કરવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા મેળવી મેળવણું કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. તેમજ બેલેન્સ કરતાં વધુ રકમના ચેકો લખવા બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

ઉકત મેળવણાંને બીજી રીતે એટલે કે બેંક સિલક સાથે કેશબુકની સિલકનું મેળવણું કરતાં નીચે મુજબની સ્થિતિ જોવા મળેલ હતી.

| | | |
|---|---|---|
| બેંકના પત્રક મુજબની સિલક | રૂા. | ૪૭૯૮૪૩૦-૦૨ |
| ચેક પેઈડ બટ નોટ રીલીઝ | રૂા.(-) | ૧૮૪૮૩૨૯-૧૩ |
| વણવટાવેલ ચેકો | રૂા.(-) | ૧૪૨૪૮૬૮૪-૬૫ |
| બેંકે વધુ જમા આપેલ રકમ | રૂા.(-) | ૪૦૬૮૩-૫૦ |
| બેંકે વધુ ઉધારેલ રકમ | રૂા.(+) | ૧૭૪૨૬૦-૯૭ |
| કેશબુકની સિલક | રૂા.(-) | ૧૧૧૬૫૦૦૧-૨૯ |

ઉપર મુજબ મેળવણું કરતાં કેશબુકની સિલક રૂા.(-)૧૧૧૬૫૦૦૧-૨૯ આવે તેને બદલે કેશબુકમાં સિલક રૂા.૭૪૬૮૩૫૩-૨૩ દર્શાવેલ છે. આમ સિલક વચ્ચે રૂા.૩૬૯૬૬૪૮-૦૬ નો તફાવત આવે છે. આમ બંને રીતે મેળવણું કરતાં સિલકમાં રૂા.(-)૩૬૯૬૬૪૮-૦૬ નો તફાવત રહે છે. એટલે કે વાર્ષિક હિસાબો મેળવી સિલક કાઢવામાં તફાવત રહેલો હોવાનું જણાય છે. એટલે કે વાર્ષિક હિસાબો સાચા માની શકાય નહીં. વાર્ષિક હિસાબોમાં આવક કરતાં ખર્ચમાં રૂા.૧૩૦૮૧૨૯-૮૨ નો વધારો થયેલ છે. તે તથા કેશબુકની માયનસ સિલક જોતાં યુનિવર્સિટી ધ્વારા સિલક કરતાં વધુ ખર્ચ કર્યો છે. જેથી પરિશિષ્ટમાં દર્શાવેલ તમામ બેંકોના વાર્ષિક સ્ટેટમેન્ટ મેળવી સિલક મેળવણાં કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સને ૨૦૦૨-૦૩ ના વર્ષનું સિલકનું મેળવણું તા.૭/૧/૦૪ ના રોજ કરવામાં આવેલ છે જે ઘણું જ વિલંબથી કરવામાં આવેલ છે. જેથી ફલિત થાય છે કે નાણાંકીય વર્ષ થયા પછી વાર્ષિક હિસાબો પણ ઘણા વિલંબથી કરવામાં આવેલ છે. વાર્ષિક હિસાબો વિલંબથી બંધ થવાને કારણે તે પછીથી તૈયાર કરવામાં આવતા હિસાબો પણ વિલંબથી તૈયાર કરવામાં આવે છે જે બરાબર ન હોઈ નાણાંકીય વર્ષ પૂર્ણ થાય પછીથી ટૂંક સમયમાં સદર કાર્યવાહી પૂર્ણ કરવાની થાય તેવું આયોજન કરવા વિનંતી.

ઓડિટ પૂર્ણ થતાં સુધીમાં પ્રા.વાં.નં. ૮૭ ની કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી, જે યોગ્ય નથી.

## પરિશિષ્ટ–૩

### ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષનું
### તા.૩૧/૩/૨૦૦૩ ના રોજની સિલક દર્શાવતું પત્રક

| ક્રમ નંબર | વિગત | ઉધાર રૂપિયા | જમા રૂપિયા |
|---|---|---|---|
| (૧) | **બેંક પુરાંત** | | |
| ૧. | એસ.બી.આઈ.જી.એફ. | – | ૭૭૮૪–૨૯ |
| ૨. | એસ.બી.આઈ. લાયબ્રેરી એકા. | ૪૬૯૯–૩૪ | – |
| ૩. | બી.ઓ.આઈ.જન.ફંડ | – | ૧૯૯૩–૫૧ |
| ૪. | બી.ઓ.બી. | ૪૮૩–૦૩ | – |
| ૫. | પોસ્ટ ઓફિસ એકા. નવરંગપુરા | ૨૬૦૭–૯૬ | – |
| ૬. | એસ.બી.આઈ.જી.એફ.યુનિ.બ્રાન્ચ | – | ૭૪૬૮૩૫૩–૨૩ |
| ૭. | એસ.બી.આઈ. ગ્રાન્ટ એકા. | ૩૯૭૯૦૫૬–૯૧ | – |
| ૮. | એસ.બી.આઈ.ઈ.આર.ડી.પી. | ૨૧૬૧૯૫૯–૯૨ | – |
| ૯. | એસ.બી.આઈ.વી.એસ.હોસ્પિટલ | ૧૦૦–૦૦ | – |
| ૧૦. | એસ.બી.આઈ.બી.જે.મેડીકલ | ૧૦૦–૦૦ | – |
| ૧૧. | ગુજ.યુનિ.સ્પોટસ એકાઉન્ટ | ૧૦૦૦૦૦૦–૦૦ | – |

| | ડિપોઝીટ | | |
|---|---|---|---|
| ૧. | એસ.બી.આઈ. | – | ૫૨૦૦૧૯–૦૦ |
| ૨. | એસ.બી.આઈ.યુનિ.બ્રાન્ચ | ૩૧૬૯૫૮૮૩૬–૧૫ | – |
| ૩. | અમદાવાદ સેન્ટ્રલ કો.ઓ. બેંક | – | ૨૯૯૯૬૩૬–૦૦ |
| ૪. | દેના બેંક | ૫૮૪૭૩–૬૭ | – |
| ૫. | યુનિયન બેંક ઓફ ઈન્ડિયા | ૪૨૦૦૮૧–૦૦ | – |
| ૬. | ઈ.આર.ડી.એફ.ડી. | ૬૬૦૨૧૦૨–૦૦ | – |
| ૭. | એસ.બી.આઈ.નરોડા બ્રાન્ચ | ૪૫૮૬૧–૦૦ | – |
| ૮. | એ.ડી.સી.બેંક નરોડા | ૧૬૪૩૯૫–૦૦ | – |
| ૯. | કોલેજમાં મુકેલ એફ.ડી.વ્યાજ | – | ૧૧૯૧૨૫૬૯–૮૩ |
| | | ૩૩૧૩૯૮૭૫૫–૯૮ | ૨૨૯૧૦૩૫૫–૮૬ |

**ફકરા નંબર : ૧૩**

હિસાબી શાખા

ગુજરાત યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવેલ રોકાણોના હિસાબોમાં જણાયલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં હિસાબી સદર ૯૪૦૬૦૦૧ થી ૯૪૦૬૦૧૯ હેઠળ જુદી–જુદી બેંકોમાં રોકાણો કરવામાં આવેલ હતું. સદર રોકાણો રૂ.૩૦૮૪૮૫૭૯૨–૧૬ પૈસા વાર્ષિક હિસાબોમાં મિલકત–લેણાં બાજુ દર્શાવેલ છે. જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી ધ્વારા મોટી રકમનું રોકાણ કરવામાં આવે છે. અને અવારનવાર રીન્યુ પણ કરવામાં આવે છે. પરંતુ સદર રોકાણોની બેંકવાર સિલક કાઢી સમરી બનાવવામાં આવેલ નથી. તે જ રીતે વાર્ષિક સમરી પણ બનાવવામાં આવેલ નથી. જેથી તા.૩૧/૩/૨૦૦૩ ના અંતે વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ રોકાણો જેટલાં જ રોકાણો રોકાણ રજીસ્ટરમાં નોંધવામાં આવે છે કે કેમ ? અને તેટલી જ રકમના રોકાણો યુનિવર્સિટી પાસે હતા કે કેમ તેની ખાત્રી થઈ શકતી નથી.

રોકાણ રજીસ્ટરમાં રોકાણ કર્યા પછી જયારે રીન્યુ કરવામાં આવે ત્યારે મૂળ રોકાણોની નોંધ પણ રાઉન્ડ કરી વ્યાજ સાથે નવી થાપણની રસીદ આવે તેના અલગ નંબર આપી નોંધ કરવી જોઈએ અને તે મુજબ વર્ષના અંતે કઈ બેંકમાં કેટલાં રોકાણો છે તેની સમરી અને તમામ બેંકોના મળી કુલ કેટલા રોકાણો છે તેની સમરી તૈયાર કરી વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ રકમો સાથે મેળવણું કરવું જરૂરી છે. યુનિવર્સિટી ધ્વારા આ પ્રથા અમલમાં મુકેલ નથી. પરિણામે તા.૩૧/૩/૦૩ ના રોજ દર્શાવેલ રોકાણો યુનિવર્સિટી ખાતે હતાં. તેની યુનિવર્સિટી ખાતે પણ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ખાત્રી કરવામાં આવેલ નથી. અને ઓડિટમાં પણ ખાત્રી થઈ શકેલ નથી.

(૨) રોકાણ રજીસ્ટરની રોકડ, કેશબુક મુજબ ગુજરાત નાણાંકીય નિયમની જોગવાઈ મુજબ આવક–ખર્ચની ભૌતિક ચકાસણી કરી કેટલી સિલક છે તેની ચકાસણી કરવાની જોગવાઈ છે. જયારે રોકાણો ઘણી મોટી રકમના હોઈ તેની પણ દર માસે સમરી તૈયાર કરી સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ભૌતિક ચકાસણી કરી તે અંગેનું પ્રમાણપત્ર રોકાણ રજીસ્ટરમાં આપવું જરૂરી છે. જેથી કોઈ અનિયમિતતા થવાને અવકાશ રહે નહીં. તેમ છતાં જો કોઈ અનિયમિતતા થાય તો ત્વરિત રીતે ધ્યાને આવી શકે અને તે અંગે ઉચિત પગલાં લઈ કાર્યવાહી થઈ શકે. પરંતુ

યુનિવર્સિટી ધ્વારા સંબંધિત અધિકારી ધ્વારા આવી કોઈ ભૌતિક ચકાસણી કે મેળવણું કર્યા અંગેની નોંધ થયેલ નથી જે અંગેની જવાબદારી સ્પષ્ટતા સહ પૂર્તતા કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) રોકાણ રજીસ્ટરને સિકકા રજીસ્ટરે ચઢાવ્યા અંગેની નોંધ રજીસ્ટરના છેલ્લા પાને કરવાની રહે છે જે થયેલ નથી. તેમજ સદર રજીસ્ટરમાં કેટલા પાના નંબરનો સમાવેશ થયેલ છે. તે સહિતનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રીને આપવાનું રહે છે જે પણ આપેલ નથી જે અંગે પૂર્તતા સહિત ઓડિટ્ર ખાત્રી કરાવવી ઘટે.

(૪) રોકાણ રજીસ્ટરમાં રોકાણો કર્યા અંગેની નોંધ કરવામાં આવે છે. પરંતુ જે તે નોંધણી સામે જે તે સમયે સક્ષમ અધિકારીશ્રીની સહી થવી જરૂરી છે. રોકાણ રજીસ્ટરમાં આવી નોંધ સામે કોઈ જ સહીઓ થયેલ નથી. જેથી તમામ નોંધો સામે સક્ષમ અધિકારીશ્રીની સહીઓ મેળવવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૫) આમ ઉપરોક્ત મુદ્દા નં.૧ થી ૪ માં જણાવ્યા મુજબ રોકાણ રજીસ્ટર વ્યવસ્થિત રીતે નિભાવવામાં આવેલ નથી. સક્ષમ અધિકારીશ્રીની સહીઓ નથી આવેલ વ્યાજની નોંધો થયેલ નથી તેમજ યુનિવર્સિટીના

કોઈ અધિકારીશ્રી ધ્વારા સદર રોકાણ રજીસ્ટરની ચકાસણી કરી કાળજી લીધેલ નથી. આવા સંજોગોમાં નાણાંકીય અનિયમિતતા થવાની શકયતાઓ નકારી શકાય નહીં. આ એક અતિગંભીર બાબત હોઈ આ અંગે કુલ સચિવશ્રીનું અંગત ધ્યાન દોરી રોકાણ રજીસ્ટર સત્વરે અદ્યતન બનાવી વાર્ષિક હિસાબોમાં દર્શાવ્યા મુજબના રોકાણો જે તે સમયે હતા તેની નોંધ કરી રોકાણ રજીસ્ટરમાં જરૂરી સહી સિકકા કરી કરેલ રોકાણો અને મળેલ વ્યાજના સાચાપણાની ખાત્રી કરાવવા વિનંતી.

(૬) સંસ્થા ધ્વારા કરવામાં આવતાં રોકાણો તથા ટૂંકી મુદ્દતની થાપણોની કસ્ટડી સક્ષમ અધિકારીશ્રી પાસે રાખવી તેમજ આવી કામગીરી જે કર્મચારીને સોંપવામાં આવે તેની પાસેથી નિયમોનુસાર જામીનગીરી લેવામાં આવેલ છે કે કેમ તેની ઓડિટને ખાત્રી કરાવવા વિનંતી.

(૭) જે તે નાણાંકીય વર્ષના અંતે બેંક સાથે મેળવણું કરવામાં આવેલ છે કે કેમ તેની ખાત્રી કરાવવી તેમજ કેટલાંક કિસ્સાઓમાં મૂકેલ થાપણની રસીદલ બેંક ખાતે કસ્ટડીમાં રાખવામાં આવતી હોવાનું ધ્યાને આવેલ છે. તો આ સંજોગોમાં બેંક પાસેની અને હાથ ઉપરની થાપણોની ચકાસણી સ્વરૂપે બેંક સાથે મેળવણું કરી ઓડિટે ખાત્રી કરાવવા વિનંતી.

(૮) રોકાણો ઉપરના વ્યાજ અંગેનું "ઈન્ટરેસ્ટ ડયુ રજીસ્ટર" નિભાવવામાં આવેલ નથી. જેમાં વર્ષ'દરમ્યાન કેટલું વ્યાજ જમા લેવામાં આવેલ અને કેટલું વ્યાજ ફાળવામાં બાકી છે તે અંગેની ચકાસણી અર્થે આવું વોચ રજીસ્ટર તૈયાર કરી ઓડિટને રજુ કરવા વિનંતી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં. ૬૭ થી આપવામાં આવેલ જેની કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી.

**ફકરા નંબર : ૧૪**

હિસાબી શાખા

અન પેઈડ બીલો બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમયાન યુનિવર્સિટીના લેઝર ચકાસતાં અનપેઈડ બીલો ખર્ચના કોડ ૯૩૩૧૨૦૩ હેઠળ નીચે મુજબની પરિસ્થિતિ જોવા મળેલ હતી.

| | | |
|---|---|---|
| ૨૦૦૨–૦૩ ની ઉઘડતી સિલક | રૂા. | ૫૪૭૯૧૦૪–૧૨ |
| વર્ષ દરમ્યાન જમા | રૂા. | ૨૬૪૦૦૮૫૧–૧૨ |
| | કુલ | ૩૧૮૭૯૯૫૫–૨૪ |
| વર્ષ દરમ્યાન ઉધાર બાકી | રૂા. | ૫૦૭૮૬૨૬–૦૦ |
| વર્ષના અંતે બંધ સિલક | રૂા. | ૨૬૮૦૧૩૨૯–૨૪ |

અનપેઈડ બીલોનો અર્થ એવો થાય કે વર્ષ દરમ્યાન કોઈપણ પ્રકારે ખર્ચ થયેલ હોય, માલસામાન મળેલ હોય, સેવા મળેલ હોય પરંતુ કોઈક સંજોગોમાં તેનું ચૂકવણું થઈ શકેલ ન હોય પરંતુ જે તે વર્ષનો ખર્ચ જે તે વર્ષના હિસાબમાં લેવા માટે ખર્ચ ખાતે ઉધારી અન પેઈડ બીલ ખાતે જમા કરી પછીના વર્ષ દરમ્યાન જયારે પણ ચૂકવણું થાય ત્યારે અન પેઈડ બીલ ખાતે ઉધારી ચૂકવણું

થયાની નોંધ કરવામાં આવે છે. અને અન'પેઈડ બીલ એ યુનિવર્સિટીની જે તે વર્ષની ચૂકવવાની બાકી રકમની જવાબદારી વાર્ષિક હિસાબમાં પાકા સરવૈયામાં મૂડી–દેવા બાજુ દર્શાવવામાં આવે છે કે જેથી યુનિવર્સિટીની સાચી નાણાંકીય પરિસ્થિતિ જાણી શકાય.

યુનિવર્સિટીના ઓડિટ વર્ષ ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબના પરિશિષ્ટ 'એચ' માં રૂા.૨૬૮૦૧૩૨૯–૨૪ પૈસા અન પેઈડ જમા બાકી દર્શાવવામાં આવેલ છે. આ બાકી ચૂકવણાંની રકમમાં વર્ષાન્તે કઈ કઈ રકમોનો સમાવેશ થયેલ છે તેની વિગતવાર વિગતો દર્શાવેલ નથી જે દર્શાવી સત્વરે તમામ ચૂકવણાં કરવા ઓડિટ અનુરોધ છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં.નં. ૪૯ નો જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૧૫**

હિસાબી શાખા

ટાઈમબહારના ચેકોની અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષનું ઓડિટે રજુ થયેલ હિસાબી દફતરની ચકાસણી કરતાં ટાઈમ બહાર ચેકોના કોડ નં. ૮૧૦૧૦૩૫ હેઠળ લેઝર જોતાં વર્ષ દરમ્યાન નીચે પ્રમાણે થયેલ વ્યવહારોની વિગત જણાયેલ હતી.

| | |
|---|---|
| ઉઘડતી સિલક તા.૧/૪/૨૦૦૨ | રૂા. ૪૧૩૪૪૧૮–૨૯ |
| વર્ષ દરમ્યાન ટાઈમ બહાર થયેલ ચેકોની રકમ | રૂા. ૩૯૧૪૯૨–૦૫ |
| કુલ સરવાળો | રૂા. ૪૫૨૫૯૧૦–૩૪ |
| વર્ષ દરમ્યાન ટાઈમ બહાર ચેકો સામે નવા ઈસ્યુ થયેલ ચેકોની રકમ | રૂા. ૧૩૪૫૫૬૯–૭૭ |
| વર્ષના અંતે ઈસ્યુ કરવાના બાકી રહેતા ટાઈમ બારના ચેકોની રકમ | રૂા. ૩૧૮૦૩૪૦–૫૭ |

ઉપરોક્ત વિગતે અનુસંધાને નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) વર્ષની શરૂઆતમાં રહેલાં ટાઈમ બહાર ચેકો તથા વર્ષ દરમ્યાન બનેલા ટાઈમ બહાર ચેકોની કુલ રકમ રૂા.૪૫૨૫૯૧૦—૩૪ પૈસાના કયા કયા ચેકો ટાઈમ બહાર બનેલ હતા તે વિગતને અભાવે જાણી શકાયેલ ન હતુ તો સદરહું બાબતે વિગતવાર પત્રક તૈયાર કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૨) સને ૨૦૦૨—૦૩ ના વર્ષ દરમ્યાન કુલ રૂા.૧૩૪૫૫૬૯—૭૭ પૈસાના નવા ચેકો ઈસ્યુ કરવામાં આવેલ હતાં. પરંતુ તે અંગેના સાધનિક દફતરના અભાવે કયા ચેક નંબરથી કેટલા રૂપિયા કઈ પાર્ટીને ચૂકવવામાં આવેલ હતા તેમજ તે અંગે બેંક ધ્વારા નોન પેમેન્ટ સર્ટીફિકેટ આવેલ હતુ કે કેમ ? તે વિગતોના અભાવે સદરહું ચેકોનું નિયમોનુસારની કાર્યવાહી થયેલ હતી કે કેમ તે અંગેની ખાત્રી થઈ શકેલ ન હતી. તો તે અંગેની ફાઈલ/ રેકર્ડ રજુ કરી કુલ ઈસ્યુ ચેકો સામે જુના ચેકો રદ કરી નવા ચેક ઈસ્યુ થયા અંગેની ધોરણસરની કાર્યવાહી થયા અંગેની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૩) સદર વર્ષના અંતે ટાઈમ બહાર બનેલ ચેકોની રકમ રૂા.૩૧૮૦૩૪૦—૫૭ પૈસાની ચેકવાર તારીખવાર વિગતોના અભાવે સદરહું ચેકો કયા સમયના (કેટલા જુના) હતા અને નવા ચેકો ઈસ્યુ

કરવામાં કેવા સંજોગોમાં વિલંબ થવા પામેલ હતો તે જાણી શકાયેલ નથી. સદર ચેકોની નોંધ રજીસ્ટરમાં કરી પાર્ટી તરફથી ચેક મેળવવા અગર બેંક ધ્વારા નોન–પેમેન્ટ સર્ટી મેળવી સમયસર કાર્યવાહી કરી સદર ટાઈમ બહાર ચેકો સામે નિયત સમય મર્યાદામાં નવા ચેકો ઈસ્યુ કરવાની કાર્યવાહી હાથ ધરી ઓડિટે જરૂરી ખાત્રી કરાવવી ઘટે.

(૪) સદર ટાઈમ બહાર ચેકો અંગેની જરૂરી કાર્યવાહી સમયસર ન થતાં દિન પ્રતિદિન રકમમાં વધારો થતો હોવાનું ફલિત થાય છે. આ બાબતે સમયસરની કાર્યવાહી કરી વધુ વિલંબ થતો અટકાવવા સંસ્થા ધ્વારા જરૂરરી પગલાં ભરવા અગાઉના વર્ષોના ઓડિટ અહેવાલમાં નોંધો આપવા છતાં, સંસ્થાનું વલણ ઉદાસીન રહેલ છે. આ અંગે નિયમોનુસારની જરૂરી કાર્યવાહી હાથ ધરી સદરહું ચેકોનો સમયસર નિકાલ કરવા અંગે તકેદારીના પગલાં લઈ ઈસ્યુ કરેલ ચેકોની વિગતોની જાણ કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૫) ઈસ્યુ થયેલ ચેકોનું ચૂકવણું છ માસમાં ન થવાના કિસ્સાઓવાળા ચેકો ટાઈમ બહાર બને છે તે જોતાં મેળવણાંની કાર્યવાહી કરી અનપેઈડ ચેકોનું લિસ્ટ બનાવી તેની સામે ત્રણ વર્ષ સુધીમાં નવા ચેકો ઈસ્યુ કરવા જોઈએ. ત્રણ વર્ષ ઉપરના ચેકોનું અલગ લીસ્ટ બનાવી સને

૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન સદરવાર ઉક્ત ચેકોના ખર્ચા જે તે ખર્ચના સદરે જમા લીધાની વિગતો રજુ કરી વાર્ષિક હિસાબો તૈયાર કરાયાની વિગતો ઓડિટે રજુ કરી ત્રણ વર્ષ ઉપરના ચેકો સામે જે તે ચેકોની રકમ જમા લીધાની ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૬) સદર ટાઈમ બહારના ચેકો સામે નવા ચેક ઈસ્યુ કરતાં પહેલાં ટાઈમ બહાર બનેલ ચેકોના નાશની કાર્યવાહી સંબંધિત સક્ષમ અધિકારીશ્રીની હાજરીમાં કરવામાં આવેલ હતી કે કેમ ? તે અંગેની ખાત્રી ઓડિટે કરાવવી જોઈએ. પરંતુ તે અંગેની વિગતો રજુ ન થતાં થઈ શકેલ નથી તેમજ સદર નાશ કરેલ ચેકોની સામે નવા ચેકો ઈસ્યુ કરવા અંગેની નિયમોનુસારની કાર્યવાહી થયા અંગેની ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

આપવામાં આવેલ પ્રા.વાં.નં. ૩૪ બાબતે કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી.

**ફકરા નંબર : ૧૬**

હિસાબી શાખા

ઘસારા ફંડની જોગવાઈ અને તેના રોકાણ કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સિન્ડીકેટની તા.૧૧/૮/૧૯૭૬ ની સભામાં બાબત-૩૮ અન્વયે મકાનો માટે ૨ %, ફર્નિચર માટે ૧૦ %, ઈક્વીપમેન્ટ માટે ૧૨ %, કાર માટે ૧૨.૫ % તથા પુસ્તકો માટે ૧૫ %, પાણીના બોર માટે ૧૫ % લેખે ઘસારા ફંડની જોગવાઈ કરવાનું ઠરાવેલ છે અને આ ફંડોની રકમનું સરકારશ્રીની જામીનગીરીઓમાં રોકી આવક ઉભી કરી યુનિવર્સિટીની જવાબદારીઓમાં ઘટાડો થાય તેવી વ્યવસ્થા કરવાનું ઠરાવેલ હતું.

અન્વેષણ વર્ષ ૨૦૦૨-૦૩ દરમ્યાન વાર્ષિક હિસાબો મુજબ ફંડ અને દેવા બાજુ જનરલ ફંડ ખાતામાં રૂા.૧૩૭૪૮૧૩/-, કેપીટલ ફંડ ખાતે રૂા.૩૨૯૮૧૩/- તેમજ પુસ્તક ફંડ ખાતે રૂા.૧૨૦૯૪૮૯/- મળી કુલ રૂા.૨૯૧૪૧૧૫/- ઘસારા ફંડ ખાતે તબદીલ કરવામાં આવેલ છે.

સને ૨૦૦૨-૦૩ ના વર્ષની બંધ સિલક જોતાં કુલ મિલ્કત રૂા.૯૭૧૫૫૪૭૪-૧૬ માંથી ઘસારા પેટે રૂા. ૬૨૩૮૨૭૭૬-૧૨ પૈસાની

કરવામાં આવેલ છે જેની કપાત ૬૪.૨૦ % ઉપરની ગણતરી કરવામાં આવેલ જણાય છે.

ઉપર મુજબ જોતાં ઘસારા ફંડ ખાતે તબદીલ કરવામાં આવેલ રકમનું રોકાણ સરકારી જામીનગીરીઓમાં કે બેંકમાં બાંધી મુદતની થાપણોમાં રોકાણ કરવામાં આવેલ છે કે કેમ ? તે અંગે આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે. જો આ પ્રકારે રોકાણ કરવામાં આવેલ ન હોય તો કેવા સંજોગોમાં આવું રોકાણ ન કરી જવાબદારીઓમાં વધારો કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા કરવી ઘટે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં.નં.૩૧ ની કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી.

ફકરા નંબર : ૧૭

હિસાબી શાખા

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે નિભાવવામાં આવતા જુદા–જુદા ફંડોના હિસાબો બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના વાર્ષિક હિસાબોમાં મિલ્કત–લેણા બાજુ ચકાસતાં તેમાં કોલમ નં.૪ ના બીજા ફંડો સદરે રૂા.૫૩૯૪૦૬૬૯–૫૧ સિલક તરીકે દર્શાવવામાં આવેલ છે. યુનિવર્સિટી ખાતે જુદા–જુદા ફંડો રાખવામાં આવેલ છે તેની વિગતવાર પત્રક આ સાથે સામેલ છે. જે બાબતે નીચે માગ્યા પ્રમાણેની વિગતો પૂરી પાડવા વિનંતી છે.

(૧) સદર પ્રકારના ફંડો ઉપસ્થિત કરવાનો ઉદ્દેશ, આવકના સાધનો તથા ખર્ચના પ્રકાર વિગેરેની માહિતી પૂરી પાડવા વિનંતી. સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન નિભાવવામાં આવેલ ફંડો પૈકી સામેલ પત્રકના ક્રમ નં. ૨ થી ૧૦ તથા ક્રમ નં. ૧૨ અને ૧૩ નંબરના નિભાવેલ ફંડોમાંથી કોઈ જ પ્રકારનો ખર્ચ થયેલ નથી તો સદરહું ફંડોનો કેવા સંજોગોમાં ઉપયોગ કરવામાં આવેલ નથી તેની વિગતવાર માહિતી અન્વેષણને પૂરી પાડવી ઘટે.

ગ્રેજયુઈટી ફંડ કયા પ્રકારની આવકમાંથી નિભાવવામાં આવે છે અને તેનો શું ઉપયોગ કરવા ધારેલ છે તેની વિગતો ઓડિટને પૂરી પાડવા વિનંતી. આ ફંડ ખાતેથી ચાલુ વર્ષે રૂા.૭૩૨૯૦૦૦–૦૦ નો ખર્ચ બતાવવામાં આવેલ છે જયારે ગ્રાન્ટ રજીસ્ટરની ચકાસણી કરતાં કોઈ આવક થયેલ હોય તેમ જણાતું નથી. પરંતુ ગ્રાન્ટ રજીસ્ટરે નીચે પ્રમાણેની સ્થિતિ દર્શાવવામાં આવેલ છે.

<u>ગ્રેજયુઈટી ફંડ કોડ : ૦૪૦૧૦૪૬</u>

| | | |
|---|---|---|
| સને ૨૦૦૨–૦૩ ની ઉઘડતી સિલક | | ૬૫૦૧૬૯૮–૪૨ |
| વર્ષ દરમ્યાન આવક | (+) | ૧૪૭૧૦૦૦–૦૦ |
| | | ૭૯૭૨૬૯૮–૪૨ |
| વર્ષ દરમ્યાન ચૂકવી | | ૭૩૨૯૦૦૦–૦૦ |
| બંધ સિલક | | ૬૪૩૬૯૮–૪૨ |

આમ ઉપરોકત વિગતે જોતાં ગ્રેજયુઈટી ફંડ ખાતે વર્ષ દરમ્યાન કોઈ જ આવક થયેલ ન હોવા છતાં ચૂકવણું કરવામાં આવેલ છે. નિવૃત્ત કર્મચારીઓને ગ્રેજયુઈટી ચૂકવવામાં આવતી હોય

છે. જે માટે સરકાર ધ્વારા ગ્રાન્ટ આપવામાં આવતી હોય છે તેમજ જે કર્મચારીઓએ પેન્શન અંગેનો વિકલ્પ આપેલ હોય તેમને ગ્રેજયુઈટીની રકમ સરકાર ધ્વારા (તિજોરી કચેરી મારફતે) ચૂકવાય છે. સદરહું ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન સરકારશ્રી તરફથી આવી કોઈ ગ્રાન્ટ આવેલ ન હોવા છતાં રૂા.૧૯૯૬૬૮૪–૦૦ જેટલી માતબર રકમ ગ્રેજ્યુઈટી તરીકે ચૂકવવામાં આવેલ છે. જે અંગે ગ્રાન્ટ રજીસ્ટરની ચકાસણી કરતાં ઉપરોક્ત વિગતે રકમ માયનસ દર્શાવવામાં આવે છે જે હિસાબી દ્રષ્ટિએ ઉચિત નથી. જેના કારણે વાર્ષિક હિસાબોમાં આવકની સામે ખર્ચ વધી જતાં ખોટ વધુ થવા પામે.

સામેલ પરિશિષ્ટ–જની વિગતે જોતાં ક્રમ નં.૨, ૩, ૪ તથા ૧૦ નંબરની સામે દર્શાવેલ ફંડો માટે કોઈ જ આવક થયેલ નથી તેમજ ખર્ચ પણ કરવામાં આવેલ નથી. કોઈપણ પ્રકારનું ફંડ ઉભુ કરતાં તે અંગેનો ઉદ્દેશ રહેલ હોય અને તે સાથે તેના ખર્ચ અંગે પણ કોઈ ખાસ ઉદ્દેશ સમાયેલ હોય તેવું ઓડિટનું માનવું છે. ઉક્ત દર્શાવેલ ફંડો નિભાવવામાં આવેલ છે જે કેટલાં સમયથી અને કયા પ્રકારની આવકમાંથી

નિભાવવામાં આવેલ છે તેમજ તેનો શો ઉદ્દેશ સમાયેલ છે અને ફંડ નિભાવવા છતાં કયા સંજોગોમાં કોઈપણ પ્રકારનો ખર્ચ કરવામાં આવેલ નથી. તે અંગેની સંપૂર્ણ વિગતવાર માહિતી ઓડિટને કરાવેલ નથી.

સદરહું બાબતે ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૨૯ નો કોઈ જવાબ સંસ્થાએ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા.૭૩૨૯૦૦૦–૦૦

## પરિશિષ્ટ–૪

### ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના બીજા ફંડોની વિગત દર્શાવતું પત્રક

| ક્રમ નંબર | વાર્ષિક હિસાબો સને ૨૦૦૨–૨૦૦૩ ના બીજા ફંડો | છેલ્લા હિસાબ મુજબ રકમ | વર્ષ દરમ્યાન ઉમેરો રકમ | વર્ષ દરમ્યાન ચૂકવ્યા રકમ | બંધ સિલક |
|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
| ૧ | ગ્રેજ્યુઈટી ફંડ . | ૬૫૦૧૬૯૮–૪૨ | ૧૪૭૧૦૦૦–૦૦ | ૭૩૨૯૦૦૦–૦૦ | ૬૪૩૬૯૮–૪૨ |
| ૨ | ગરીબ વિદ્યાર્થી રાહતનિધિ ફંડ | ૩૦૬૭૪–૪૨ | – | – | ૩૦૬૭૪–૪૨ |
| ૩ | શિક્ષકોને પુસ્તર ખરીદી માટે આર્થિક સહાય | ૮૭૯૪–૧૯ | – | – | ૮૭૯૪–૧૯ |
| ૪ | શિક્ષકોને સંશોધન કાર્ય માટે આર્થિક સહાય | ૩૫૦૫૨–૪૪ | – | – | ૩૫૦૫૨–૪૪ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૫ | વિદ્યાર્થી સાંસ્કૃતિક પ્રવૃત્તિ ફંડ | ૯૮૫૨૧-૦૯ | ૨૨૦૦૦-૦૦ | - | ૧૨૦૫૨૧-૦૯ |
| ૬ | ઈયર માર્ક ફંડ | ૧૪૪૦૬૩૫૬-૯૩ | ૩૨૬૬૦૦૦-૦૦ | - | ૧૭૬૭૨૩૫૬-૯૩ |
| ૭ | બેંક બિલ્ડીગ ફંડ | ૨૬૦૦૬-૭૯ | ૨૬૦૦૦-૦૦ | - | ૫૨૦૦૬-૭૯ |
| ૮ | જમીન વિકાસ ફંડ | ૧૫૦૪૯૨૬-૬૦ | ૮૧૨૦૦૦-૦૦ | - | ૨૩૧૬૯૨૬-૬૦ |
| ૯ | જમીનના બહારના ભાગના વિકાસ અંગેનું ફંડ | ૨૩૧૨૦૦૦-૦૦ | ૬૦૨૦૦૦-૦૦ | - | ૨૯૧૪૦૦૦-૦૦ |
| ૧૦ | બી.બી.એ. ફંડ | ૭૯૫૪૬૬૦-૭૧ | - | - | ૭૯૫૪૬૬૦-૭૧ |
| ૧૧ | યુનિ. એજ્યુ. રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ફંડ + વ્યાજ | ૧૭૪૦૮૬૨૯-૪૨ | ૧૫૯૬૦૦૬૫-૦૦ | ૨૯૭૦૦૦-૦૦ | ૩૦૩૭૧૬૯૪-૪૨ |
| ૧૨ | બી. એડ. ફંડ | ૧૯૫૫૬૫-૦૦ | ૨૬૫૨૮૦-૦૦ | - | ૪૬૦૮૪૫-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) |
|---|---|---|---|---|---|
| ૧૩ | એમ. સી. એ. ફંડ | ૨૨૭૫૩૧૩–૫૦ | ૬૯૮૦૦–૦૦ | – | ૨૩૪૫૧૧૩–૦૦ |
| ૧૪ | કોમ્પ્યુટર સેન્ટર એન. આર. આઈ. ફંડ | ૧૮૨૩૧૫–૫૦ | – | ૧૨૧૩૧૦–૦૦ | ૬૧૦૦૫–૫૦ |
| ૧૫ | ભૂકંપ રીલીફ ફંડ એકાઉન્ટ | ૨૭૫૮૦૦–૦૦ | ૬૦૦૦૦–૦૦ | ૯૦૦૦૦–૦૦ | ૨૪૫૮૦૦–૦૦ |
| ૧૬ | એમ. બી. એ. ફંડ | ૩૪૨૪૩૫૫–૦૦ | ૧૦૦૬૦૦–૦૦ | ૮૦૫૬૪૭–૦૦ | ૨૭૧૯૩૦૮–૦૦ |
| | કુલ રૂા. | ૫૩૯૪૦૬૬૯–૫૧ | ૨૨૬૫૪૭૪૫–૦૦ | ૮૬૪૨૯૫૭–૦૦ | ૬૭૯૫૨૪૫૭–૫૧ |

**ફકરા નંબર : ૧૮**

હિસાબી શાખા

ચેકબુક ઈસ્યુ રજીસ્ટરની અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ વર્ષ દરમયાન અન્વેષણમાં રજુ થયેલ ચેક બુક ઈસ્યુ રજીસ્ટરની ચકાસણી કરતાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની નીચેની વિગતેની ચેક બુકો આવક તરીકે જમા લેવામાં આવેલ હતી.

| ક્રમ નંબર | ચેક બુકોના નંબર | બુકની સંખ્યા | બુક જમા લીધા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૪૫૭૯૦૧ થી ૪૬૦૯૦૦ | ૩૦ | ૨૯–૪–૨૦૦૨ |
| ૨ | ૪૬૧૯૦૧ થી ૪૬૪૯૦૦ | ૩૦ | ૨૩–૫–૨૦૦૨ |
| ૩ | ૪૬૫૯૦૧ થી ૪૬૮૯૦૦ | ૩૦ | ૨૪–૬–૨૦૦૨ |
| ૪ | ૪૭૧૯૦૧ થી ૪૭૪૯૦૦ | ૩૦ | – |
| ૫ | ૪૭૪૯૦૧ થી ૪૭૭૯૦૦ | ૩૦ | ૨૬–૩–૨૦૦૩ |

ઉપરોક્ત ચેક રજીસ્ટરની વિગતો જોતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી ધ્વારા નિયત નમુના મુજબનું રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી તેમજ રજીસ્ટરને દરેક પાના ઉપર સિકકા લગાવી પાન નંબર આપીને રજીસ્ટરના છેલ્લા પાના ઉપર કચેરીના સહી સિકકા રજીસ્ટરે ચઢાવવામાં આવેલ નથી.

(૨) સદરહું રજીસ્ટરમાં ચેકબુકોની આવકની સામે ફક્ત કેશીયરની જ સહી કરવામાં આછે છે. જે યોગ્ય નથી. પરંતુ નાણાં હિસાબ વિભાગનો હવાલો ધરાવતાં હિસાબી કેડરના નિયંત્રક અધિકારીશ્રીની સહીઓ લેવામાં આવેલ નથી જે મેળવીને ઓડિટને ખાત્રી કરાવવી ઘટે. વધુમાં અનુક્રમ નં.૪ ઉપર ૩૦ ચેકબુકો જમા લીધાની તારીખ દર્શાવવામાં આવેલ નથી જે બાબતે જવાબદારોથી સ્પષ્ટતા થવી ઘટે.

(૩) રજીસ્ટરની ચકાસણી કરતાં અગાઉના વર્ષની કેટલી ચેકબુકો હાથ ઉપર હતી. વર્ષ દરમ્યાન મેળવેલ કોરી બુકોનો જથ્થો તેમજ વર્ષના અંતે બાકી રહેલ ચેકબુકોના જથ્થાની વિગત જાણી હકાયેલ નથી. સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન ઉપરોક્ત વિગતેની સ્થિતિની ખરાઈ કરાવવી ઘટે.

(૪) યુનિવર્સિટી ખાતે સ્ટેટ બેંક સિવાયની ચેકબુકો અંગેની નોંધો બાબતે દફતર રજુ ન થવાને કારણે યુનિવર્સિટી ખાતે કેટલાં પ્રકારની ચેકબુકોનો સંસ્થા ધ્વારા ઉપયોગ કરવામાં આવતો હતો તેમજ અગાઉના વર્ષનો જથ્થો–કોરી ચેકબુકો–વપરાયેલ ચેકબુકો અને વર્ષાન્તે બાકી રહેલ ચેકબુકોના જથ્થા અંગેની ખરાઈ ચેકબુકોના પ્રકાર પ્રમાણેની વિગત તૈયાર કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોક્ત બાબતે આપેલ પ્રા.વાં.નં.૨૫ નો સંસ્થા ધ્વારા કોઈ જવાબ કરવામાં આવેલ નથી.

**ફકરા નંબર : ૧૯**

હિસાબી શાખા

**યુનિવર્સિટી ખાતે નાણાંકીય વ્યવહારો સંભાળનાર કેશીયરોની જામીનગીરી નહી મેળવવા બાબત**

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણ દરમ્યાન હિસાબી શાખાની કેશ શાખાના દફતરની ચકાસણી કરતાં કેશીયર તરીકેનો મુખ્ય હવાલો સંભાળનાર કર્મચારીની પૂછ-પરછ કરતાં નીચે મુજબની અનિયમિતતતા ધ્યાને આવેલ હતી.

મુખ્ય કાર્યાલયમાં કેશીયર તરીકે ફરજ બજાવનાર કર્મચારી પાસેથી કેશની કામગીરી સબબ જે તે નાણાંકીય વ્યવહારોના ધોરણે નાણાંકીય નિયમો-૧૯૫૯ ના નિયમ-૧૭૬ ની જોગવાઈ મુજબ નાણાંકીય વ્યવહારોને ધ્યાને લઈ જામીનગીરી મેળવવી જોઈએ. જે યુનિવર્સિટી ખાતે આ નિયમોની જોગવાઈ મુજબની પ્રથા અપનાવવામાં આવતી નથી. જે તે કેશ સંભાળનાર કર્મચારી પાસેથી સિકયોરીટી પેટે જામીનગીરી મેળવવામાં આવેલ નથી તો કેશીયર પાસેથી તેમજ આવા પ્રકારની કામગીરી બજાવતા અન્ય કર્મચારીઓ પાસેથી જામીનગીરી મેળવી દર વર્ષે આવી જામીનગીરી આપનાર જામીનદારોની હયાતીપણાની અને સધ્ધરતાની ખરાઈ કરવાની રહે છે.

તો આ પ્રથાનો નાણાંકીય નિયમોનુસાર તાત્કાલિક ધોરણે અમલ કરી જે ત
હાથ ધરેલ કાર્યવાહીની જાણ ઓડિટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

અગાઉના વર્ષોમાં પણ આ બાબતે ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં કોઈ કાર્યવાહી થયેલ હોવાનું જણાતું નથી તો આ બાબતે ઘટતી કાર્યવાહી કરવા ઓડિટનું સૂચન છે.

સદર બાબતે આપેલ પ્રા.વાં.નં. ૨૩ નો સંસ્થા ધ્વારા કોઈ જવાબ કરેલ નથી.

ફકરા નંબર : ૨૦

હિસાબી શાખા

કાનુની ખર્ચ અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૦૩ ના હિસાબોના અન્વેષણ દરમ્યાન લેઝર તથા વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં જનરલ ફંડના ખર્ચ સદર ૪૫૦૩૦૦૦ લીગલ ચાર્જીસ ખાતે રૂા. ૪૫૬૯૮૦–૦૦ નો ખર્ચ ઉધારવામાં આવેલ છે. જે ખર્ચની ચકાસણી સારુ નીચેની વિગતેનું રેકડ રજુ કરવા જણાવેલ હતુ તેમ છતાં રજુ કરવામાં આવેલ નથી.

(૧) વર્ષ વાર કેટલાં કોર્ટ કેસો નિકાલ થયા વિનાના બાકીમાં રહે છે તેની વિગત દર્શાવતું પત્રક.

(૨) સને ૨૦૦૨–૦૩ ના સમયગાળા દરમ્યાન ઉપસ્થિત થયેલ તમામ કોર્ટ કેસોની ફાઈલો રજુ કરવી.

(૩) વકીલશ્રીની નિમણુક આપવા અંગેના ઠરાવો, નિયમો અને ફીના દર અંગેના ધારા ધોરણોની ફાઈલો.

(૪) દાવા રજીસ્ટર.

(૫) લીગલ ચાર્જીસ માટેના નિતિ–નિયમોની વિગત.

(૬) સને ૨૦૦૨–૦૩ ના વર્ષના અંતે બાકી રહેલા કેસોની સંખ્યા દર્શાવતું વિગતવાર પત્રક.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૧૭ નો કોઈ જવાબ કરવામાં આવેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૫૬૯૮૦–૦૦

ફકરા નંબર : ૨૧

હિસાબી શાખા

ટૂંકાગાળાની લોન અને પેશગીઓની વસુલાતમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાનના ઓડિટે રજુ થયેલ ટૂંકાગાળાની લોન અને પેશગીઓના હિસાબી રજીસ્ટરની વાર્ષિક હિસાબ તેમજ લેઝર સાથે ખરાઈ કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ-પની વિગતે તા.૩૧/૩/૨૦૦૩ ના રોજ રૂ.૨૧૬૭૯૭૪-૭૭ પૈસા વસુલાત પેટે બાકી રહેલ. જે અંગે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉક્ત ટૂંકાગાળાની લોન-પેશગીઓના વસુલાત રજીસ્ટરે નાણાંકીય વર્ષ મુજબસરવાળા કરી હિસાબમેળ કરવામાં આવેલ ન હતો. પરિણામે બાકી વસુલાતની રકમ તેમજ બાકીદાર કર્મચારીઓની વિગતો જાણી શકાયેલ ન હતી તો સદર વસુલાત રજીસ્ટરોમાં નાણાંકીય વર્ષ મુજબ વસુલાતની વિગતો નોંધી વર્ષની શરૂઆતમાં બાકી વસુલાતની રકમ લખી વર્ષ દરમ્યાન ચૂકવેલ પેશગી ઉમેરી તેમાંથી વર્ષ દરમ્યાન વસુલ

થયેલ રકમો બાદ કરી વર્ષાન્તે બાકી રકમોનો જરૂરી હિસાબમેળ કરી રજીસ્ટર અદ્યતન રીતે તૈયાર કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૨) સદર એડવાન્સ પૈકી એલ. ટી. સી. એડવાન્સના કિસ્સાઓમાં નિયત સમય મર્યાદામાં હિસાબો સરભર ન થવાના કિસ્સાઓમાં નિયમોનુસાર વ્યાજની વસુલાત કરવાની કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૩) વાહન લોન/ સ્પે. લોનના કિસ્સાઓમાં નિયમોનુસાર નિયત થયેલ વ્યાજની વસુલાત થયા અંગેની વિગતો રજુ કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૪) સદર બાબતે અગાઉના વર્ષોમાં પણ આ બાબતે ઓડિટ નોંધો આપી સૂચન કરવા છતાં સંસ્થા ધ્વારા યોગ્ય પગલાં લીધેલ ન હોવાનું જણાય છે. સદર બાબતો ખાસ ધ્યાને લઈ યોગ્ય પગલાં લેવાય તેવું ઓડિટનું સૂચન છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં.નં. ૭૧ ની કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી.

બાકી વસુલાત રૂા. ૨૧૬૭૯૭૪–૭૭

## પરિશિષ્ટ—૫

### પત્રક મુજબ લોન/ પેશગીઓની બાકી વસુલાતની માહિતી

| ક્રમ નંબર | વિગત | રકમ |
|---|---|---|
| | **જનરલ ફંડ** | |
| ૧ | દિવાળી એડવાન્સ | ૩૮૫૧૩૪—૭૨ |
| ૨ | અનાજ એડવાન્સ | ૯૫૨૪૩૬—૦૦ |
| ૩ | વ્હીકલ એડવાન્સ | ૪૪૯૪૨૦—૦૦ |
| ૪ | સ્પે. લોન | ૭૭૭૫૯—૦૦ |
| ૫ | એજ્યુકેશન એડવાન્સ | — |
| ૬ | એલ. ટી. સી. એડવાન્સ | ૧૨૨૫૬૬—૭૫ |
| | **યુનિવર્સિટી પ્રેસ** | |
| ૧ | દિવાળી એડવાન્સ | ૪૬૭૮૭—૮૦ |
| ૨ | અનાજ એડવાન્સ | ૮૦૬૧૫—૬૦ |
| ૩ | વ્હીકલ એડવાન્સ | ૨૪૦૬૫—૫૦ |
| ૪ | એજ્યુકેશન એડવાન્સ | ૩૭૨૬—૦૦ |
| ૫ | એલ. ટી. સી. એડવાન્સ | ૨૫૪૬૩—૪૦ |
| | **કુલ** | **૨૧૬૭૯૭૪—૭૭** |

ફકરા નંબર : ૨૨

હિસાબી શાખા

ડિપોઝીટ કરવામાં આવતી રકમની અસલ પહોંચ મેળવ્યા વગર રકમ પરત કરવા અંગે

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબો તેમજ ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે સંસ્થા ધ્વારા ડિપોઝીટની અસલ પહોંચ મેળવ્યા વગર રકમ પરત કરવામાં આવેલ છે. અન્વેષણ દરમ્યાન ડિપોઝીટ રજિસ્ટર રજુ કરવામાં આવેલ ન હોઈ તેની ચકાસણી થઈ શકેલ નથી.

મુંબઈ તિજોરી નિયમ ૧૯૬૦ ના નિયમ ૫૬૧ થી ૫૭૦ માં કરવામાં આવેલ જોગવાઈ પ્રમાણે જયારે વ્યકિત કે સંસ્થા સાથે ટેન્ડર અથવા કરારના કારણે કે અન્ય કારણસર અનામત પેટે કે ઈ. એમ. ડી. તરીકે સંસ્થામાં રકમ જમા કરાવે ત્યારે તેટલી રકમની પહોંચ (પાવતી) અથવા ચલણ આપવામાં આવે છે. અને કરારની કે ટેન્ડરની શરતો મુજબ રકમ પરત કરવાની થાય ત્યારે અસલ પહોંચ મેળવી તેના પર રકમ પરત કર્યાની તારીખ અને કેન્સલનો શેરો મારી રદ કરવાની થતી હોય છે. જેથી કરીને ભવિષ્યમાંપાર્ટી

ધ્વારા કે બેદરકારીથી તે રકમનું પુનઃ ચૂકવણું ન થાય. આમ સદર જોગવાઈ હોવા છતાં સંસ્થાએ સામેલ પરિશિષ્ટ-૬માં નમુનારૂપ કિસ્સાઓમાં પહોંચની અસલ નકલ મેળવ્યા વગર ડિપોઝીટની રકમ પરત કરેલ છે. જે બાબતે યોગ્ય સ્પષ્ટતા કરી વર્ષ દરમ્યાનના કુલ રીફંડ સામે જે તે વ્યકિત પાસેથી આવી મુળ નકલ મેળવી ઓડિટે તેની આધારિત ખાત્રી કરાવ્યા સુધી ઉકત ખર્ચ ઓડિટે વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં. ૪૭ નો કોઈ જવાબ મળેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૩૫૦૦૦/-
સદર : ડિપોઝીટ

## પરિશિષ્ટ—૬

અસલ પહોંચ મેળવ્યા વગર ડિપોઝીટની રકમ પરત કરવાની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં | વાઉચર નંબર | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૧૮ | ૧૬/૪/૦૨ | ૧૦૦૦—૦૦ | ભરતભાઈ કે. લેલીવાળા |
| ૨ | ૨૯૭ | ૨૦/૪/૦૨ | ૨૫૦૦૦—૦૦ | ઈન્ડેક્ષ—સી |
| ૩ | ૩૦૯ | ૨૨/૪/૦૨ | ૧૦૦૦—૦૦ | શૈલ નેહા આરોગ્ય મિત્ર સેવા |
| ૪ | ૫૪૪ | ૧/૫/૦૨ | ૨૧૦૦૦—૦૦ | ઝેનીથ કોમ્પ્યુટર, નવચેતન પબ્લીકેશન, નવનીત પબ્લીકેશન, ઝેનીથ પ્રેસ |
| ૫ | ૧૪૮૭ | ૧૦/૬/૦૨ | ૮૦૦૦૦—૦૦ | કે. આર. ટ્રેડર્સ |
| ૬ | ૧૯૭૬ | ૨૪/૭/૦૨ | ૫૦૦૦—૦૦ | ક્રિષ્ના સ્ટેશનર્સ |
| ૭ | ૨૬૯૩ | ૯/૮/૦૨ | ૨૦૦૦—૦૦ | સીન્સ સેલ્સ કોર્પોરેશન |
| | | કુલ | ૧૩૫૦૦૦—૦૦ | |

ફકરા નંબર : ૨૩

હિસાબી શાખા

પરીક્ષા દરમ્યાન ઉપયોગમાં લેવામાં આવતાં ટેક્ષી જેવા વાહનોના ચૂકવણાંમાં થતી અનિયમિતતા બાબત.

---

પરીક્ષા વિભાગ ધ્વારા વર્ષ દરમ્યાન લેવાનાર પરીક્ષાઓના ખર્ચ જેવા કે પેપર પહોંચાડવા, સ્કવોર્ડ, ઓબ્ઝર્વર વગેરે માટે ભાવ કરારથી ટેક્ષી ભાડે રાખી તેનો ઉપયોગ કરી વાહન ખર્ચ ચૂકવવામાં આવે છે. આ અંગે નમુનારૂપ વાઉચરોની ચકાસણી કરતાં નીચે મુજબની કેટલીક અનિયમિતતાઓ ધ્યાને આવેલ છે.

(૧) ગુજરાત યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ ધ્વારા પરીક્ષા માટે કઈ તારીખે કેટલી અને કયા પ્રકારની ટેક્ષીઓ/ વાહનો મોકલવા માટે ભાવ કરારવાળી પેઢીને લેખિત સૂચના આપવામાં આવેલ હતી. અને આ ટેક્ષી/ વાહનની જરૂરીયાત અંગે કોના ધ્વારા, કયા સ્થળોએ પ્રવાસમાં લઈ જવાની હતી તેની વિગતો રાખવામાં આવેલ હોય તો પૂરી પાડવામાં આવેલ નથી કે આ અંગેની વિગતવાર નોંધો રજીસ્ટરે કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. જેથી જે તે વખતે ચૂકવણાં માટે રજુ થતાં બીલોની ચકાસણી આધાર વગર કરવાના કારણે બેવડુ

ચૂકવણું થવાની શકયતા રહેલ છે તો ઉપર મુજબની માહિતી અન્વેષણને પૂરી પાડવા વિનંતી.

(૨) ઉપર જણાવ્યા મુજબના વાહનો–ટેક્ષી મંગાવવામાં આવેલ હોય તે પૈકી પેઢી ધ્વારા પૂરી પાડવામાં આવેલ ટેક્ષી–વાહનના નંબર સાથેની માહિતી–પ્રકાર વગેરે કચેરીમાં આવતાં ઉપયોગમાં લેતી વખતે નોંધવામાં આવેલ કિલોમીટર અને સમય અને તેવી જ રીતે પરત આવે ત્યારે અથવા સ્થળેથી છૂટી કરવામાં આવે તે વખતે છૂટી કરનાર અધિકારીએ (ગાડી વાપરનાર) નોંધેલ વાહનનો પ્રકાર કિલોમીટર અને સમયની યુનિવર્સિટીને કરેલ જાણ કે જેના આધારે યુનિવર્સિટી ખાતે રાખવામાં આવેલ માહિતી પૂરી પાડવા વિનંતી.

(૩) ગુજરાત યુનિવર્સિટી ખાતે ટેક્ષીઓ પૂરી પાડવા અંગેનો કોન્ટ્રાકટ શ્રી પી. એમ. પુરોહિતને તા.૧/૪/૯૯ થી તા.૩૧/૩/૨૦૦૦ સુધીના નાણાંકીય વર્ષ માટે આપવામાં આવેલ હતો. કોન્ટ્રાકટર મુજબ ડીઝલ ટેક્ષીનો ભાવ પ્રતિ કિ.મી. ૨.૮૫ તથા પેટ્રોલ ગાડી પ્રતિ કિ.મી. રૂા.૪.૦૦ તથા મેટાડોર પ્રતિ કિ.મી. ૩.૭૫ ની શરતે આપેલ શ્રી પુરોહિતનું તા.૪/૧૧/૨૦૦૦ ના રોજ અવસાન થતાં રજુ થયેલ દફતર તથા સાધનિક દસ્તાવેજો ચકાસતાં ફાયનાન્સ સમિતિની

તા. ૨૭/૧૧/૨૦૦૦ ના રોજ મળેલ સભાના મુદ્દા નં.૮ માં જણાવ્યા મુજબ શ્રી પી. એમ. પુરોહિતનું અવસાન થતા તેમના પત્નિ ઉષાબેન પી. પુરોહિતને સમિતિની તા.૫/૧૧/૨૦૦૦ ની ભલામણ મંજુર કરવા જણાવેલ હતુ અને તે મુજબ સને ૨૦૦૨–૦૩ ના વર્ષ માટે તા.૧/૪/૦૨ ના રોજ રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરવામાં આવેલ હતો. સદરહું કરવામાં આવેલા કરારમાં તા.૩૧/૩/૨૦૦૨ ના અંતે શ્રી પી. એમ. પુરોહિત ખાતે રૂા.૬૦૫૪૦૨–૦૦ ડેબીટ રહેતી હતી. જે બાબતે એટલે કે તેના અંગેના ખર્ચના બીલો–વાઉચરો અંગેની જવાબદારી બાબતે કોઈ સ્પષ્ટતા કરવામાં આવેલ ન હતી. આમ શ્રી પી. એમ. પુરોહિતને આપેલ એડવાન્સના હિસાબો સરભર કરવાની અગત્યની જવાબદારીનો સદર કરારમાં કોઈ જ ઉલ્લેખ ના કરવા બાબતે અને આટલી મોટી રકમની નાણાંકીય જવાબદારી બાબતે કોઈ સ્પષ્ટતા ન થવા બાબતે આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૪) સને ૨૦૦૨–૦૩ ના એડવાન્સ રજીસ્ટરની ચકાસણી કરતાં ખર્ચના કોડ નં. ૯૩૨૩૦૦૦ હેઠળ શ્રીમતી યુ. પી. પુરોહિતને કુલ રૂા.૨૬૧૨૬૦–૦૦ એડવાન્સ પેટે ચૂકવવામાં આવેલ હતાં. જે બાબતે દફતર ચકાસતાં આપવામાં આવેલ એડવાન્સ પૈકી કોઈ રકમ સરભર થયેલ નથી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

વધુમાં સદરહું થયેલ કરારના મુદ્દા નં.૧૭ મુજબ ડીઝલ ટેક્ષીના ભાવ સ્થાનિક સ્થળો માટે કલાકના રૂા.૮૦–૦૦ લેખે ભાડું ચૂકવવાનું રહેશે. છ કલાકથી વધુ સમય થાય તો વધુમાં વધુ રૂા.૮૩૨–૫૦ ભાડું ચૂકવવાનું રહેશે તેમ જણાવેલ છે. તેમ છતાં વાઉચર ફાઈલની ચકાસણી કરતાં વા.નં.૨૯૧૯ તા.૩૦/૯/૦૨ રૂા.૭૨૭૦–૦૦ નો ખર્ચ કરવામાં આવેલ હતો. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિની જગ્યાની નિમણુક અંગે નામદાર રાજયપાલશ્રી નિયુકત થયેલ સર્ચ કમિટિની એક સભા આઈ.આઈ.એમ. ગેસ્ટ હાઉસ ખાતે રાખેલ હતી. જે દરમ્યાન પુરોહિત ધ્વારા ગાડી નં. જીજે–એચ ડી–૭૯૦ (ડીઝલ) સવારે ૯.૦૦ કલાકથી રાત્રીના ૯.૪૫ કલાક સુધી ૧૨ કલાક માટે ભાડે આપેલ હતી. જેના રૂા.૯૦–૦૦ લેખે રૂા.૧૦૮૦–૦૦ ભાડું ચૂકવવામાં આવેલ હતું. આમ થયેલ કરાર મુજબ કલાકના રૂા.૮૦–૦૦ લેખે અને વધુમાં વધુ રૂા.૮૩૨–૫૦ ચૂકવવાનું થાય. તેની સામે રૂા.૨૪૭–૫૦ વધુ ભાડું ચૂકવવા બાબતે આધાર સહ સ્પષ્ટતા કરી ખાત્રી કરાવેલ નથી.

પ્રા.વાં.નં.૧૦૬ ની પૂર્તતા થયેલ નથી.

વાંધા હેઠળ રૂા.૬૦૫૪૦૨–૦૦

વસુલાતપાત્ર રૂા.૨૪૭–૫૦

**ફકરા નંબર : ૨૪**

હિસાબી શાખા

**ગુજરાત યુનિવર્સિટીને કાઉન્ટર કલેકશન અને એમ. ઓ. કલેકશન ધ્વારા થયેલ આવકના હિસાબોમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના હિસાબોની ચકાસણી કરતાં કાઉન્ટર કલેકશન અને એમ. ઓ. કલેકશન ધ્વારા થતી આવકમાં નીચે જણાવેલ વિગતે ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

કાઉન્ટર કલેકશન ધ્વારા થતી રોકડ આવક કાઉન્ટર કલેકશન રજીસ્ટરમાં નોંધવામાં આવે છે. અને ત્યારબાદ બીજા કે ત્રીજા દિવસે યુનિવર્સિટીના બેંક એકાઉન્ટમાં રકમ જમા કરાવવામાં આવે છે. અને જયારે યુનિવર્સિટી ધ્વારા નાણાં બેંકમાં જમા કરાવવામાં આવે છે તે દિવસે યુનિવર્સિટીની જનરલ કેશબુકમાં જમા–ઉધાર કરવામાં આવે છે.

આમ કાઉન્ટર કલેકશન ધ્વારા રોજેરોજ થતી આવક કોઈ કેશબુક, પેટા કેશબુક કે અન્ય કોઈ હિસાબી રોજમેળમાં નોંધવામાં આવતી નથી. તેથી જયાં સુધી આ નાણાં બેંકમાં જમા ન કરાવવામાં આવે ત્યાં સુધી યુનિવર્સિટીના હિસાબોની બહાર જ રહે છે જે બાબતે ગંભીર નાણાંકીય અનિયમિતતા તરફ

ધ્યાન દોરવામાં આવે છે. આમ અપનાવાતી આ પધ્ધતિને કારણે જે તે તારીખે મળેલ નાણાં કોની કસ્ટડીમાં રહે છે તેમજ જે તે દિવસેના અંતે કેટલી બંધ સિલક રહેવા પામેલ હતી તે હિસાબી દફતર ઉપરથી સ્પષ્ટ થઈ શકે નહીં. રોજમેળ મુજબ અને કેશબુક મુજબ કેટલી સિલક છે તે જાણી શકાય નહીં જે બાબતે આધારિત ખાત્રી કરાવવી ઘટે.

યુનિવર્સિટી ધ્વારા નિભાવેલ કાઉન્ટર કલેકશન રજીસ્ટર અને એમ. ઓ. કલેકશન રજીસ્ટરની ચકાસણી કરતાં નીચે મુજબની ક્ષતિઓ ધ્યાને આવેલ છે.

(૧) ઉપરોકત બંને રજીસ્ટરો સહી–સિકકા રજીસ્ટરે ચઢાવી નોંધ કરવામાં આવેલ નથી. તેમજ રજીસ્ટરને અંતે સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આ અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

(૨) કેશ કલેકશન રજીસ્ટરમાં સંબંધિત કર્મચારી અને આંતરિક ઓડિટર ધ્વારા ચકાસણી થાય છે. પરંતુ કચેરીના વડા/ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીની સહીઓ રજીસ્ટરે થયેલ નથી.

(૩) એમ. ઓ. કલેકશન રજીસ્ટર'કે જેમાં ચેક/ ડીડી વગેરેની નોંધ કરવામાં આવે છે અને તે રોકડ સમાન જ ગણાય તેમ છતાં આ રજીસ્ટરમાં કોઈપણ કર્મચારી/ અધિકારીશ્રીની સહી થયેલ નથી.

યુનિવર્સિટીને પહોંચબુકો ધ્વારા ઘણી મોટી રકમની આવક થતી હોય છે. તેમ છતાં તમામ આવક યુનિવર્સિટીના હિસાબોમાં જમા થાય છે કે કેમ ? તેની જરૂરી ચકાસણી સક્ષમ અધિકારીશ્રી કક્ષાએ કરવામાં આવેલ નથી. આમ ઉપરોક્ત ક્ષતિઓ જોતાં મળેલ તમામ આવક યુનિવર્સિટીના હિસાબમાં જમા થયાની ખાત્રી થઈ શકેલ નથી તો તે બાબતે પૂર્તતા કરી ઓડિટને ખાત્રી કરાવવા વિનંતી.

આપેલ પ્રા.વાં.નં.૧૧૩ ની સંસ્થા ધ્વારા કોઈ પૂર્તતા કરવામાં આવેલ નથી.

**ફકરા નબર : ૨૫**

હિસાબી શાખા

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓની પગાર બાંધણી, ઉચ્ચતર પગાર ધોરણ તથા ડીમ-ડેટ એલ. એફ. કચેરી ધ્વારા ચકાસણી કરાવ્યા સિવાય ચૂકવણાં કરવાની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન નમુનારૂપ સેવાપોથીઓની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ નં.૭ માં દર્શાવેલ કર્મચારીઓની સેવાપોથીઓમાં તેઓને આપવામાં આવેલ ઉચ્ચતર પગાર ધોરણ તેમજ સરકારશ્રી ધ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતાં પગાર પંચ આધારે આર.ઓ.પી. ૮૭ તેમજ આર.ઓ.પી. ૯૮ પગાર ચકાસણી લોકલ ફંડ કચેરી ધ્વારા ચકાસણી કરાવ્યા સિવાય સંસ્થા ધ્વારા જ પગાર બાંધણી કરી તે પ્રમાણે ચૂકવણાં કરવામાં આવતા હોવાનું ધ્યાને આવેલ છે. વધુમાં કોઈ કારણસર કર્મચારીને સ્ટેપીંગ-અપ આપવાનું થતું હોય તો તેની પણ ચકાસણી પગાર ચકાસણી લોકલ ફંડ કચેરી મારફત પ્રમાણિત કરાવીને જ તેનો અમલ કરવાનો રહે છે. તેમ છતાં નિયમોનુસારની કાર્યવાહી થયા વિના કયા સંજોગોમાં ચૂકવણાં થયેલ છે તે બાબતે જવાબદારથી આધારિત ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં સદરહું બાબતે આ પ્રકારે અન્ય કિસ્સાઓની પણ ચકાસણી કરી પત્રક તૈયાર કરી નિયમોચિત કાર્યવાહી સત્વરે કરવા ઓડિટનું સૂચન છે. અને ત્યાં સુધીમાં આ પ્રકારે ચૂકવણાં તાત્કાલિક ધોરણે બંધ કરી ઘટતી કાર્યવાહી પૂર્ણ કરી અન્વેષણને ખાત્રી કરાવેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૧૧૭ નો જવાબ આપવામાં આવેલ નથી.

## પરિશિષ્ટ–૭

ઉચ્ચતર પગાર ધોરણ, આર.ઓ.પી. તથા ડીમ–ડેટ એલ:એફ. કચેરી ધ્વારા મંજુર કરાવ્યા સિવાય ચૂકવણાં કરવામાં આવતાં નમુનારૂપ કિસ્સાઓની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | કર્મચારીનું નામ | સેવાપોથી નંબર | વિગત |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | શ્રી જે. એમ. પટેલ | ૬૨૮ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૨ | કુમુદબેન આર. વાસણવાળા | ૬૩૧ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૩ | શ્રી એસ. સી. શુકલ | ૬૩૩ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૪ | વંદના એમ. સોની | ૬૩૫ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૫ | શ્રી જે જી. પરમાર | ૬૩૭ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૬ | શ્રી એસ. પી. શાહ | ૬૪૨ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૭ | શ્રીકાન્ત વી. વ્યાસ | ૬૪૩ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૮ | ગિરીશ પી. પટેલ | ૬૫૧ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૯ | શ્રી કે. વી. દેસાઈ | ૬૫૪ | સ્ટેપીગ–અપ કરાવેલ નથી |
| ૧૦ | શ્રી જે. એન. શાહ | ૫૫૩ | ઉ.પ.ધો. મંજુર કરાવેલ નથી |
| ૧૧ | શ્રી રૂપરામ પૂજાજી નિનામા | ૬૬૩ | ઉ.પ.ધો. મંજુર કરાવેલ નથી |
| ૧૨ | શ્રી એમ. એ. પ્રજાપતિ | ૮૦૪ | ઉ.પ.ધો. મંજુર કરાવેલ નથી |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૩ | શ્રી ડી. જે. ચૌધરી | ૨૯૮ | આર.ઓ.પી. ૮૭ તથા ૯૮ કરાવેલ નથી |
| ૧૪ | જ્યોત્સના કાર્તિક પંડિત | ૩૫૩ | આર.ઓ.પી. ૮૭ તથા ૯૮ કરાવેલ નથી |
| ૧૫ | શ્રી કે. એમ. કુલકર્ણી | ૬૧૧ | આર.ઓ.પી. ૮૭ તથા ૯૮ કરાવેલ નથી |
| ૧૬ | શ્રી સી. આર. વોરા | ૮૩૨ | આર.ઓ.પી. ૮૭ તથા ૯૮ કરાવેલ નથી |
| ૧૭ | શ્રી એસ. આર. દવે | ૮૩૫ | આર.ઓ.પી. ૮૭ તથા ૯૮ કરાવેલ નથી |

ફકરા નંબર : ૨૬

હિસાબી શાખા

પ્રવાસ ભથ્થાના બીલોમાં અનિયમિત રીતે ચૂકવેલ ઈન્સીડેન્ટલ ભથ્થા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન પ્રવાસ ભથ્થાના બીલોની ચકાસણી કરતાં આ સાથેના સામેલ પરિશિષ્ટ-૮ની વિગતે દર્શાવેલ નમુનારૂપ કિસ્સાઓમાં પ્રવાસ દરમ્યાન ઈન્સીડેન્ટલ ભથ્થા પેટે રૂા.૯૯૭-૫૦ પૈસાનું ચૂકવણું કરવામાં આવેલ હતુ જે બાબતે નીચ પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટીના પરિપત્ર નં. એકા.-૧/૩૫૨૭૮/૧૯૯૨ તા.૭/૯/૯૨ પ્રમાણે ગુ.રા. ઠરાવ નં. મસભ/૧૦૯૨-૬૧૫૦૪ તા.૨૦/૪/૯૨ ના અનુસંધાને આપવામાં આવનાર આ પ્રવાસ ભથ્થાનું ચૂકવણું કરવા સરકારશ્રીના ઉપરોક્ત ઠરાવમાં કોઈ જોગવાઈ થયેલ ન હોવા છતાં કયા સંજોગોમાં સદરહું ચૂકવણું કરવામાં આવેલ હતું. વધુમાં ઈન્સીડેન્ટલ ભથ્થુ નહિં ચૂકંવવા બાબતે યુનિવર્સિટીના પ્રવાસ ભથ્થાના ફોર્મ-બીના નિયમ-૩ માં દર્શાવ્યા પ્રમાણે "દૈનિક ભથ્થાની વિગતમાં અગાઉ જે ઈન્સીડેન્ટલ ભથ્થુ

આપવામાં આવતુ હતુ થે હવેથી મળી શકશે નહિં" તેવી સ્પષ્ટ સૂચના હોવા છતાં અન્વેષણ વર્ષ દરમ્યાન સદર ભથ્થાની ચૂકવણી કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

ઉક્ત નિયમ—૩ અનુસંધાને આ પ્રકારના ભથ્થાનું ચૂકવણું તાત્કાલિક અસરથી બંધ કરવા તેમજ આ જ પ્રકારે અન્ય બીલોમાંથી વિગતો એકઠી કરી ચૂકવેલ રકમની વસુલાત કરી ઓડિટને જમા નોંધ અંગેની ખાત્રી કરાવવા અનુરોધ છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં.નં.૭૩ નો જવાબ મળેલ નથી.

વસુલાતપાત્ર રૂા.૯૯૭—૫૦
ખર્ચ કોડ ૩૫૧૪૦૦૦

## પરિશિષ્ટ-૮

પ્રવાસ ભથ્થાના બીલોમાં ચૂકવવામાં આવતાં ઈન્સીડેન્ટલ ભથ્થાની વિગત દર્શાવતુ પત્રક.

સને ૨૦૦૨-૨૦૦૩

| અ. નં. | વા.નં. | તારીખ | બીલ ની રકમ | નામ | સેવા પોથી નંબર | ઈન્સીડેન્ટલ ચૂકવેલ રકમ |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ૧૪૬૯૫ | ૧૧/૧૧/૦૨ | ૧૭૦ | બી. એમ. પટેલ | ૮૨૬ | ૧૫-૦૦ |
| ૨ | ૧૪૬૯૬ | ૧૧/૧૧/૦૨ | ૧૨૬ | એન. ટી. દેસાઈ | - | ૧૫-૦૦ |
| ૩ | ૧૪૭૬૦ | ૨૫/૩/૦૨ | ૫૪૪ | આર. બી. વર્મા | - | ૩૫-૦૦ |
| ૪ | ૧૪૭૬૧ | ૨૫/૩/૦૨ | ૪૯૦ | આર. બી. ગરાસીયા | - | ૨૦-૦૦ |
| ૫ | ૧૪૭૬૬ | ૨૫/૩/૦૨ | ૪૮૨ | વી. આર. સોવત | - | ૨૦-૦૦ |
| ૬ | ૧૪૭૬૩ | ૨૫/૩/૦૨ | ૩૮૮ | આઈ. જે. પરમાર | ૧૧૧૭ | ૨૦-૦૦ |
| ૭ | ૧૪૭૬૪ | ૨૫/૩/૦૨ | ૩૦૯ | એમ. જી. પટેલ | ૧૩૭૯ | ૨૦-૦૦ |
| ૮ | ૧૪૭૬૫ | ૨૫/૩/૦૨ | ૧૬૪ | કે. એસ. પ્રજાપતિ | - | ૧૫-૦૦ |
| ૯ | ૧૪૭૬૬ | ૨૫/૩/૦૨ | ૧૪૬ | એન. ટી. દેસાઈ | - | ૧૫-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | ૧૪૭૬૭ | ૨૫/૩/૦૨ | ૧૪૨ | બી. આર. પારેખ | ૧૧૨૫ | ૧૫–૦૦ |
| ૧૧ | ૧૪૭૬૮ | ૨૫/૩/૦૨ | ૧૨૮ | જી. ડી. શ્રીભટ્ટ | ૮૬૬ | ૧૫–૦૦ |
| ૧૨ | ૧૪૮૪૩ | ૨૬/૩/૦૩ | ૪૨૧ | આર. એન. ચાવડા | ૮૯૭ | ૨૦–૦૦ |
| ૧૩ | ૧૪૮૪૪ | ૨૬/૩/૦૩ | ૩૮૬ | કે. આર. પ્રજાપતિ | ૩૮૬ | ૨૦–૦૦ |
| ૧૪ | ૧૪૮૪૫ | ૨૬/૩/૦૩ | ૩૦૫ | એમ. એમ. ઝાલા | ૧૩૭૬ | – |
| ૧૫ | ૧૪૮૪૬ | ૨૬/૩/૦૩ | ૧૯૯ | આર. જે. રાઓલ | ૧૧૮૭ | ૧૫–૦૦ |
| ૧૬ | ૧૪૮૪૭ | ૨૬/૩/૦૩ | ૧૩૮ | જી. ડી. શ્રીભટ્ટ | ૮૬૬ | ૧૫–૦૦ |
| ૧૭ | ૧૪૮૪૮ | ૨૬/૩/૦૩ | ૧૩૩ | આર. જે. રાઓલ | ૧૧૨૭ | ૧૬–૫૦ |
| ૧૮ | ૧૪૯૨૫ | ૨૭/૩/૦૩ | ૪૧૩ | વી. આર. સોની | – | ૨૦–૦૦ |
| ૧૯ | ૧૪૯૨૬ | ૨૭/૩/૦૩ | ૧૨૧ | એન. ડી. દેસાઈ | – | ૧૫–૦૦ |
| ૨૦ | ૧૫૦૧૬ | ૨૭/૩/૦૩ | ૨૫૫ | એન. ડી. વાઘેલા | – | ૪૫–૦૦ |
| ૨૧ | ૧૫૦૧૭ | ૨૮/૩/૦૩ | ૧૪૬ | શ્રીમતી બી. વ્યાસ | ૬૪૩ | ૧૫–૦૦ |
| ૨૨ | ૧૫૦૮૦ | ૨૯/૩/૦૩ | ૪૩૫ | એમ. એમ. ઝાલા | ૧૩૭ | ૨૦–૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭, |
|---|---|---|---|---|---|---|
| ૨૩ | ૧૫૦૮૧ | ૨૯/૩/૦૮ | ૨૫૭ | એસ. કે. પટેલ | ૧૨૬૩ | ૧૫-૦૦ |
| ૨૪ | ૧૫૦૮૨ | ૨૯/૩/૦૮ | ૨૨૬ | આર. જે. રાઓલ | – | ૧૫-૦૦ |
| ૨૫ | ૧૫૧૩૧ | ૩૧/૩/૦૩ | ૬૨૨ | એમ. એન. ઝાલા | ૧૩૭૬ | ૩૫-૦૦ |
| ૨૬ | ૧૫૧૩૨ | ૩૧/૩/૦૩ | ૩૬૭ | એસ. બી. ગરાસીયા | ૬૨૨ | ૨૦-૦૦ |
| ૨૭ | ૪૬૦૮ | ૩૧/૩/૦૩ | ૨૯૭ | એસ. બી. ગરાસીયા | ૬૨૨ | ૨૦-૦૦ |
| ૨૮ | ૧૫૧૩૪ | ૧૧/૩/૦૩ | ૧૭૨ | આર. બી. વર્મા | – | ૧૫-૦૦ |
| ૨૯ | ૯૦૫૪ | ૬/૧૦/૦૨ | ૩૧૦ | શ્રી એમ. એ. ડાભી | ૭૦૪ | – |
| ૩૦ | ૯૦૫૫ | ૫/૧૦/૦૨ | ૧૧૭ | એ. જી. પટેલ | ૧૭૭ | ૧૫-૦૦ |
| ૩૧ | ૯૦૯૦ | ૭/૧૦/૦૨ | ૫૪૯ | ઓ. પી. પનનાકી નાનાલાલ | ૭૩૯ | ૨૦-૦૦ |
| ૩૨ | ૯૦૯૧ | ૭/૧૦/૦૨ | ૫૦૬ | વી. આર. સોલંકી | – | ૨૦-૦૦ |
| ૩૩ | ૯૦૯૨ | ૭/૧૦/૦૨ | ૪૯૨ | કે. આર. પ્રજાપતિ | – | ૨૦-૦૦ |
| ૩૪ | ૯૦૯૩ | ૭/૧૦/૦૨ | ૪૮૮ | એ. જી. પટેલ | – | ૨૦-૦૦ |
| ૩૫ | ૯૦૯૪ | ૭/૧૦/૦૨ | ૪૧૬ | એમ. એમ. ઝાલા | ૧૩૭૬ | ૨૦-૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
|---|---|---|---|---|---|---|
| ૩૬ | ૯૦૯૫ | ૭/૧૦/૦૨ | ૩૮૭ | કે. એસ. મકવાણા | ૧૩૨૫ | ૨૦–૦૦ |
| ૩૭ | ૯૦૯૬ | ૭/૧૦/૦૨ | ૩૬૮ | કે. એસ. મકવાણા | ૧૩૨૫ | ૨૦–૦૦ |
| ૩૮ | ૯૦૯૭ | ૭/૧૦/૦૨ | ૩૪૩ | એન. ડી. વાઘેલા | ૬૨૦ | ૮૦–૦૦ |
| ૩૯ | ૯૦૯૮ | ૭/૧૦/૦૨ | ૩૧૨ | કે. એસ. મકવાણા | ૧૩૨૫ | ૧૫–૦૦ |
| ૪૦ | ૯૦૯૯ | ૭/૧૦/૦૨ | ૨૩૬ | આર. એ. ચૌહાણ | ૧૨૭૬ | ૧૫–૦૦ |
| ૪૧ | ૯૧૦૦ | ૭/૧૦/૦૨ | ૨૧૪ | આર. એ. ચૌહાણ | ૨૧૫ | ૨૦–૦૦ |
| ૪૨ | ૯૧૦૧ | ૭/૧૦/૦૨ | ૨૦૬ | આર. એ. ચૌહાણ | ૧૨૭૬ | ૧૫–૦૦ |
| ૪૩ | ૯૧૦૨ | ૭/૧૦/૦૨ | ૧૫૭ | કે. સી. રાવલ | ૬૬૮ | ૧૫–૦૦ |
| ૪૪ | ૯૧૦૩ | ૭/૧૦/૦૨ | ૧૧૦ | એન. ડી. દેસાઈ | – | ૧૬–૦૦ |
| ૪૫ | ૯૧૨૫ | ૮/૧૦/૦૨ | ૬૫૭ | સીઘાણી સંજય | ૧૩૭૪ | ૨૦–૦૦ |
| ૪૬ | ૯૧૨૬ | ૮/૧૦/૦૨ | ૫૯૦ | હેમાભાઈ ડી. ડામોર | ૮૭૭ | ૨૦–૦૦ |
| ૪૭ | ૯૧૨૭ | ૮/૧૦/૦૨ | ૫૮૭ | આર. બી. વર્મા | – | ૨૦–૦૦ |
| ૪૮ | ૯૧૨૮ | ૮/૧૦/૦૨ | ૫૬૩ | એસ. બી. ગરાસીયા | ૬૬૩ | ૨૦–૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭, |
|---|---|---|---|---|---|---|
| ૪૯ | ૯૧૨૯ | ૮/૧૦/૦૨ | ૫૩૩ | કે. એસ. પ્રજાપતિ | – | ૨૦–૦૦ |
| ૫૦ | ૯૧૩૦ | ૮/૧૦/૦૨ | ૪૪૮ | સી. ડી. ડામોર | ૮૬૦ | ૨૦–૦૦ |
| ૫૧ | ૯૧૩૧ | ૯/૧૦/૦૨ | ૪૩૯ | એસ. બી. ડામોર | ૮૬૧ | ૨૦–૦૦ |
| | | | | | | ૯૯૭–૫૦ |

**ફકરા નંબર : ૨૭**

હિસાબી શાખા

યુવક સેવા અને સાંસ્કૃતિક કાર્યક્રમોની ફી પેટે મળેલ આવક તથા કરેલ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના હિસાબોની ચકાસણી કરતાં યુવક સેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પેટે હિસાબી સદર ૭૮૦૨૦૩૨ અંતર્ગત નીચે પ્રમાણેની સ્થિતિ માલુમ પડેલ હતી.

| | | |
|---|---|---|
| ૧–૪–૨૦૦૨ ની ઉઘડતી સિલક | રૂા. | ૫૫૦૯૨૩૨–૪૨ |
| વર્ષ દરમ્યાન આવક | રૂા. | ૧૩૪૭૩૦૫–૦૦ |
| | કુલ રૂા. | ૬૮૫૬૫૩૭–૪૨ |
| વર્ષ દરમ્યાન કરેલ ખર્ચ | રૂા.(–) | ૪૩૯૩૫૦–૫૦ |
| તા.૩૧–૩–૦૩ ની બંધ સિલક | રૂા. | ૬૪૧૭૧૮૬–૯૨ |

યુવક સેવા સાંસ્કૃતિક ખર્ચને પહોંચી વળવા એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૨૦/૩/૮૨ ની સભામાં મંજુર થયેલ ઓર્ડિનન્સ–૧૭૦ માં તા.૭/૨/૯૬ ની એકઝીક્યુટીવ કાઉન્સીલની સભામાં સુધારો કરવામાં આવેલ છે. સુધારેલા ઓર્ડિનન્સ પરિપત્ર યુક–૪૨૫–૫૮૫ તા.૨/૬/૯૯ અન્વયે સને

૧૯૯૯–૨૦૦૦ થી વિદ્યાર્થી દીઠ–સત્ર દીઠ રૂા.૫/– સંસ્થા ફાળો ઉઘરાવી રૂા.૩/– લેખે સત્ર દીઠ યુનિવર્સિટીને મોકલી આપવાનો રંહે છે. અને તેમાંથી જે તે પ્રવૃત્તિઓ માટે ખર્ચ કરવાનો રહે છે જે બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક વહીવટી અહેવાલ અનુસંધાને અહેવાલના વર્ષ દરમ્યાન કોલેજોની સંખ્યા ૨૦૭ રહેવા પામેલ હતી. જે જોતાં કુલ નોંધાયેલ વિદ્યાર્થીઓ ૧૮૨૮૮૫ હતાં. ઉક્ત ૨૦૭ કોલેજો પૈકી કેટલી કોલેજોના કુલ કેટલા વિદ્યાર્થીઓની સદરહું ફી યુનિવર્સિટી ખાતે જમા થવા પામેલ હતી તે રેકર્ડ રજુ ન થવાને કારણે જાણી શકાયેલ નથી તો આ બાબતે સંલગ્ન કોલેજોની વિગત સાથે કોલેજવાર નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા દર્શાવી જે તે કોલેજ પાસેથી કેટલી રકમ લેણી થતી હતી અને કેટલી રકમ વસુલ થયેલ. તેમજ કઈ–કઈ કોલેજોના કેટલા વિદ્યાર્થીઓની ફીની રકમ યુનિવર્સિટી ખાતે જમા કરાવવાની બાકીમાં રહે છે. તેનું વિગતવાર પત્રક તૈયાર કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં વિદ્યાર્થી દીઠ તેમજ સત્ર દીઠ રૂા.૫/– લેખે બે સત્રના રૂા.૧૦/– લેખે રૂા.૧૮૨૮૮૫૦/– ની વસુલાંત થવી જોઈએ. જેની સામે ફકત રૂા.૧૩૪૭૩૦૫/– ની જ વસુલાત થયેલ છે. આમ રૂા.૪૮૧૫૪૫/– ની ઓછી વસુલાત બાબતે જવાબદારોથી સ્પષ્ટતા મેળવી રકમ વસુલ મેળવી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે.

(૨) વધુમાં વાર્ષિક હિસાબો લેઝર તથા વાઉચર ફાઈલની ચકાસણી કરતાં યુવક મહોત્સવના આયોજન સારુ યુનિવર્સિટી ધ્વારા સંલગ્ન કોલેજોને એડવાન્સ પેટે રકમ ચૂકવવામાં આવતી હોય છે. વર્ષ ૨૦૦૨–૦૩ દરમ્યાન આવી કેટલી અને કઈ–કઈ કોલેજોને કેટલી રકમ ચૂકવાયેલ છે તેની સંપૂર્ણ વિગતવાર માહિતી સહ એકઝીકયુટીવ કાઉન્સીલની સભાના ઠરાવ સહિતની માહિતી ઓડિટે રજુ કરી ખાત્રી કરાવવી ઘટે.

પ્રા.વાં.નં.૨૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રૂા.૪૮૧૫૪૫/–
કરેલ ખર્ચ વાંધા હેઠળ રૂા.૪૩૯૩૫૦/–

**ફકરા નંબર : ૨૮**

હિસાબી શાખા

યુનિવર્સિટી સ્પોર્ટસ ફીની આવક તથા ખર્ચના હિસાબા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી એકઝીકયુટીવ કાઉન્સીલની આઈટેમ નંબર      થી ઠરાવ્યા મુજબ અને યુનિવર્સિટી ઓર્ડિનન્સ નં.૧૫૯ અન્વયે યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીદીઠ રૂા.૫/- સત્ર દીઠ લેખે સ્પોર્ટસ ફી વસુલ મેળવી એકત્રિત ભંડોળનો ઉપયોગ યુનિવર્સિટી તરફથી યોજવામાં આવતી રમત-ગમત પ્રવૃતિઓના વિકાસ માટે કરવાનો રહે છે. આ યોજનાનો અમલ સને ૧૯૮૫-૮૬ ના શૈક્ષણિક વર્ષથી કરવામાં આવેલ ત્યારથી ઓડિટ વર્ષ દરમ્યાન સ્પોર્ટસ ફીના હિસાબોમાં નીચે મુજબની પરિસ્થિતિ રહેવા પામેલ છે.

| | | |
|---|---|---|
| મુખ્ય સદર : ७८०२०३६ | ડી. પી. ઈ. સ્પોર્ટસ ફી | |
| ઉઘડતી સિલક તા.૧-૪-૨૦૦૨ | રૂા. | ७८०८५२૯-३४ |
| આવક | રૂા.(+) | ૧૯૬૧૯૫૮-૦૦ |
| કુલ | રૂા. | ૯७७०४८७-३४ |
| ખર્ચ | રૂા.(-) | ૧૩૫-૦૦ |
| બંધ સિલક તા.૩૧-૩-૦૩ | રૂા. | ૯७७०३५२-३४ |

ઉપરોક્ત વિગતે સ્પોર્ટસ ફીની આવક–ખર્ચ બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે. જેથી આધારસહ પૂર્તતા કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

(૧) સને ૧૯૮૫–૮૬ થી અમલમાં આવેલ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય રમતગમતની પ્રવૃતિઓના વિકાસ અર્થે નાણાં એકઠાં કરી વિકાસની પ્રવૃતિઓ હાથ ધરવાનો હોઈ શકે પરંતુ પ્રતિવર્ષ ફી પેટે મળેલ આવકમાં વધારો થવા પામેલ અને વિકાસની પ્રવૃતિઓ હાથ ધરાયેલ જણાતી નથી. જે આવક બિન ઉપયોગી જમા રહેવા પામેલ જણાય છે. અગાઉના વર્ષોમાં પણ આવકમાં સતત વધારો થવા છતાં રમતગમતની પ્રવૃતિઓનો વિકાસ ન થવાને કારણે વિદ્યાર્થીઓ સદરહું લાભથી વંચિત રહેવા જણાય છે. જે હેતુ માટે ફી મેળવવામાં આવે છે તે હેતુ માટે કેવા કારણોસર ખર્ચ કરવામાં આવતું નથી જેની સ્પષ્ટતા જવાબદારથી થવી ઘટે.

(૨) ઓર્ડિનન્સ મુજબ નિયત ધારા ધોરણ મુજબ વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ખાતે નોંધાયેલ વિદ્યાર્થીઓ દીઠ પ્રત્યેક સત્રના રૂા.૫/– મુજબ બંને સત્રની ફીની આવક કુલ રૂા.૧૮૨૮૮૫૦–૦૦ સંલગ્ન કોલેજો પાસેથી વસુલ મેળવવાના થાય તેમ છતાં ઓડિટ વર્ષ દરમ્યાન થયેલ ઉક્ત આવકના સંદર્ભે સને ૨૦૦૨–૦૩ ના વર્ષ માટેની ફીની આવક મેળવવાની બાકી રહેલ જે વસુલ કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) સ્પોર્ટસ ફીની વસુલાત બાબતે ગુજ. યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના નોંધાયેલ વિદ્યાર્થીઓની સંખ્યા તથા કુલ વસુલાતની સામે મળેલ વસુલાત અને બાકી વસુલાતનું વર્ષવાર જરૂરી દફતર નિભાવવામાં આવેલ ન હોવાથી ફીની આવકની ધોરણસરની ચકાસણી થઈ શકેલ ન હતી.

(૪) સદરહું યોજનાના અમલના વર્ષથી શરૂ કરી ડી. પી. ઈ. સ્પોર્ટસ ફીની આવક સતત વધવા પામેલ છે. જયારે તેની સામે જે ઉદ્દેશ્ય માટે આવક મેળવેલ તે હેતુ સિધ્ધ કરવા રમતગમતની પ્રવૃતિઓને વિકાસ પાછળ ખર્ચ ન થતાં અદ્યતન રીતે વિકસિત પ્રવૃતિઓ થઈ શકેલ ગણાય નહી. તથા નિયમિત રીતે મેળવેલ આવકના હિસાબો માટે જરૂરી દફતર નિભાવેલ ન હોઈ ઓડિટ ધ્વારા અપાયેલ સૂચનાઓ અંગે જરૂરી પૂર્તતા કરી ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

સદરહું બાબતે આપેલ પ્રા.વાં.નં. ૨૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રૂા. ૧૮૨૮૮૫૦-૦૦

ફકરા નંબર : ૨૯'

હિસાબી શાખા

ચકાસણી અર્થે રજુ ન થયેલ પહોંચબુકો બાબત.

વર્ષ : સને ૨૦૦૨–૨૦૦૩

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૨૦૦૩ ના હિસાબી વર્ષના અન્વેષણ (ઓડિટ) અંગેની કામગીરી હાથ ધરવામાં આવેલ. તેમાં આવક તથા MO ની સામેલ પરિશિષ્ટ નં.૯(અ)(બ) માં દર્શાવેલ પહોંચબુકો ઓડિટમાં રજુ થયેલ નથી. અને તેમ તેની જમા થયેલ આવકની ચકાસણી શકય બનેલ નથી. આ ખૂટતી પહોંચબુકો ઓડિટ સમક્ષ સત્વરે (તાત્કાલીક) રજુ કરવા પ્રા.વાંધાથી જણાવવા છતાં રજુ થયેલ નથી તો આ અંગેની સ્પષ્ટતા સહ આગામી ઓડિટમાં રજુ કરવા વિનંતી.

## પરિશિષ્ટ–૯(અ)

સને ૨૦૦૨–૨૦૦૩ ના અન્વેષણ ઓડિટમાં રજુ નહિં થયેલ હિસાબી પ્રકાશનની પહોંચબુકોનું વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | રીસીપ્ટ બુકનો કોર્ડવર્ડ | સીરીઝ | કયા નંબરથી કયાં સુધી | તારીખ |
|---|---|---|---|---|
| 1 | 48 | Lib | 4601 TO 4700 | 2-4-02 |
| 2 | 16 | MS. | 2901 TO 3000 | 12-4-02 |
| 3 | 1 | EL | 7301 TO 7400 | 27-4-02 |
| 4 | 50 | ST/MPE | 301 TO 400 | 20-4-02 |
| 5 | 31 | ST/CDC | 1901 TO 2000 | 30-4-02 |
| 6 | 34 | ST/SCI | 401 TO 500 | 3-5-02 |
| 7 | 48 | Lib-Misc | 4701 TO 4800 | 3-5-02 |
| 8 | 30 | Misc/Income | 2001 TO 2100 | 4-5-02 |
| 9 | 29 | E | 201 TO 300 | 8-5-02 |
| 10 | 15 | RA | 401 TO 500 | 9-5-02 |
| 11 | 1 | EL | 8401 TO 8500 | 16-5-02, |
| 12 | 30 | Misc/Income | 9201 TO 9300 | 19-5-02 |
| 13 | 3 | C | 501 TO 600 | 20-5-02 |
| 14 | 15 | RA | 501 TO 600 | 21-5-02 |

| | | | | |
|---|---|---|---|---|
| 15 | 19 | FG | 39101 TO 39200 | 22-5-02 |
| 16 | 30 | M/I | 2201 TO 2300 | 23-5-02 |
| 17 | 22 | HRG | 601 TO 700 | 24-5-02 |
| 18 | 30 | Misc/Income | 2801 TO 2900 | 18-7-02 |
| 19 | - | MSI | 4101 TO 4200 | 9-7-02 |
| 20 | 1 | EL | 1301 TO 1400 | 17-7-02 |
| 21 | 14 | VM | 14601 TO 14700 | 17-7-02 |
| 22 | 16 | MSI | 4401 TO 4500 | 18-7-02 |
| 23 | 2 | Mig | 1701 TO 1800 | 24-7-02 |
| 24 | 30 | Mice/Income | 3301 TO 3400 | 29-7-02 |
| 25 | 35 | ST/S.S. | 201 TO 300 | 30-7-02 |
| 26 | 46 | PG/Medical | 801 TO 900 | 31-7-02 |
| 27 | 30 | Misc/Income | 3401 TO 3500 | 31-7-02 |
| 28 | 2 | Mig | 501 TO 600 | 2-9-02 |
| 29 | 12 | VM | 5901 TO 6000 | 2-9-02 |
| 30 | 19 | FG | 5601 TO 5700 | 2-9-02 |
| 31 | 2 | EL | 4001 TO 4100 | 3-9-02 |
| 32 | 16 | MSI | 201 TO 300 | 4-9-02 |
| 33 | 15 | RA | 12101 TO 12200 | 6-9-02 |

| | | | | |
|---|---|---|---|---|
| 34 | 1 | EC | 4101 TO 4200 | 9-9-02 |
| 35 | 12 | VM | 6601 TO 6700 | 9-9-02 |
| 36 | 18 | FG | 6801 TO 6900 | 9-9-02 |
| 37 | 1 | EL | 4101 TO 4200 | 11-9-02 |
| 38 | 24 | F | 901 TO 1000 | 11-9-02 |
| 39 | 27 | ENR | 5501 TO 5600 | 11-9-02 |
| 40 | 12 | UM | 6701 TO 6800 | 12-9-02 |
| 41 | - | HRB | 1901 TO 2000 | 12-9-02 |
| 42 | 1 | EC | 4201 TO 4300 | 13-9-02 |
| 43 | 11 | T.B.Comm. | 2801 TO 2900 | 16-9-02 |
| 44 | 32 | ST/MBA | 901 TO 1000 | 17-9-02 |
| 45 | 35 | ST/SS | 901 TO 1000 | 17-9-02 |
| 46 | 36 | ST/L | 1 TO 100 | 17-9-02 |
| 47 | 36 | ST/L | 401 TO 500 | 20-9-02 |
| 48 | 48 | Lib/Mic | 4801 TO 4900 | 20-9-02 |
| 49 | 1 | EL | 4301 TO 4400 | 23-9-02 |
| 50 | 19 | FG | 9301 TO 9400 | 23-9-02 |
| 51 | 45 | Lib/Deposit | 1701 TO 1800 | 26-9-02 |
| 52 | 16 | MSI | 601 TO 700 | 30-9-02 |

| | | | | |
|---|---|---|---|---|
| 53 | | EL | 5901 TO 6000 | 1-11-02 |
| 54 | 18 | HSBD | 1101 TO 1200 | 1-11-02 |
| 55 | 17 | MS-2 | 1201 TO 1300 | 11-11-02 |
| 56 | 6 | EL | 5801 TO 5900 | 13-11-02 |
| 57 | 12 | VM | 7001 TO 7100 | 13-11-02 |
| 58 | 19 | FG | 26401 TO 26500 | 13-11-02 |
| 59 | 22 | HRG | 601 TO 700 | 13-11-02 |
| 60 | 29 | E | 1001 TO 1100 | 13-11-02 |
| 61 | 43 | Late Fee | 3401 TO 3500 | 13-11-02 |
| 62 | 16 | MSI | 1201 TO 1300 | 14-11-02 |
| 63 | 12 | VM | 7101 TO 7200 | 15-11-02 |
| 64 | 34 | ST/SCI | 1401 TO 1500 | 15-11-02 |
| 65 | 1 | EL | 6201 TO 6300 | 16-11-02 |
| 66 | 59 | RG | 5801 TO 8900 | 18-11-02 |
| 67 | 27 | ENR | 5701 TO 5800 | 21-11-02 |
| 68 | 33 | ST/P | 001 TO 100 | 25-11-02 |
| 69 | 45 | Lib/Deposit | 1901 TO 2000 | 25-11-02 |
| 70 | 30 | Misc/Income | 401 TO 500 | 25-11-02 |
| 71 | 34 | ST/SCI | 1201 TO 1300 | 25-11-02 |

| | | | | |
|---|---|---|---|---|
| 72 | 43 | Late Fee/(LF) | 4901 TO 5000 | 25-11-02 |
| 73 | 37 | ST/Ls | 801 TO 900 | 29-11-02 |
| 74 | 2 | Mig | 401 TO 500 | 29-11-02 |
| 75 | 12 | VM | 7201 TO 7300 | 30-11-02 |
| 76 | 41 | ST/LLM | 001 TO 100 | 30-11-02 |
| 77 | 48 | Lib/Misc | 501 TO 600 | 30-11-02 |
| 78 | 30 | Misc/Income | 10301 TO 10400 | 30-11-02 |
| 79 | 4 | FY,SY,TY B.A. | 4201 TO 4300 | 30-11-02 |

## પરિશિષ્ટ–૯(અ)

સને ૨૦૦૨–૨૦૦૩ ના અન્વેષણ ઓડિટમાં રજુ નહિં થયેલ હિસાબી પ્રકાશનની MO પહોંચબુકોની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | રીસીપ્ટ બુકનો કોર્ડવર્ડ | સીરીઝ | કયા નંબરથી કયાં સુધી | તારીખ |
|---|---|---|---|---|
| 1 | 2 | Mig | 1001 TO 1100 | 1-7-02 |
| 2 | 23 | Pub/F | 2401 TO 2500 | 1-7-02 |
| 3 | 28 | Misc Postage | 701 TO 800 | 1-7-02 |
| 4 | 42 | Misc - Grant | 01 TO 100 | 1-7-02 |
| 5 | 26 | D | 901 TO 1000 | 18-7-02 |
| 6 | 23 | Pub/F | 4001 TO 4100 | 19-7-02 |
| 7 | 12 | VM | 12501 TO 12600 | 20-7-02 |
| 8 | 30 | Misc/Income | 2401 TO 2500 | 24-7-02 |
| 9 | 27 | ENR | 4801 TO 4900 | 30-7-02 |
| 10 | 26 | ENR | 6001 TO 6100 | 31-7-02 |
| 11 | 26 | ENR | 6101 TO 6200 | 2-9-02 |
| 12 | 19 | FG | 39801 TO 40000 | 9-9-02 |
| 13 | 38 | ST/Comp. | 901 TO 1000 | 9-9-02 |

| | | | | |
|---|---|---|---|---|
| 14 | 42 | Misc/Grant | 101 TO 200 | 9-9-02 |
| 15 | 13 | YWC | 01 TO 100 | 19-9-02 |
| 16 | 24 | F | 1101 TO 1200 | 28-9-02 |
| 17 | 6 | T.Y.B.A. | 401 TO 500 | 28-9-02 |
| 18 | 8 | M.Com. | 6001 TO 6100 | 1-11-02 |
| 19 | 23 | Pub/F | 3201 TO 3300 | 12-11-02 |
| 20 | 13 | YWC | 201 TO 300 | 13-11-02 |
| 21 | 29 | E | 801 TO 900 | 13-11-02 |
| 22 | 13 | YWC | 101 TO 200 | 14-11-02 |
| 23 | 43 | Late Fee | 5201 TO 5300 | 30-11-02 |
| 24 | 23 | Pub/F | 4301 TO 4400 | 1-1-03 |
| 25 | 29 | E | 901 TO 1000 | 2-1-03 |
| 26 | 7 | MA-E | 6201 TO 6300 | 3-1-03 |
| 27 | 8 | M.Come | 9401 TO 9500 | 3-1-03 |
| 28 | 24 | F | 801 TO 900 | 3-1-03 |
| 29 | 17 | MS-2 | 3001 TO 3100 | 6-1-03 |
| 30 | 15 | RA | 11901 TO 12000 | 28-1-03 |
| 31 | 19 | FG | 32101 TO 32200 | 3-3-03 |

| | | | | |
|---|---|---|---|---|
| 32 | - | Misc/Income | 801 TO 900 | 7-3-03 |
| 33 | 2 | Mig | 1301 TO 1400 | 13-3-03 |
| 34 | 26 | D | 101 TO 200 | 15-3-03 |
| 35 | 30 | Misc/Income | 4001 TO 4100 | 28-3-03 |
| 36 | 23 | Pub/F | 501 TO 600 | 29-3-03 |

ફકરા નંબર : ૩૦

હિસાબી શાખા

આવક સ્વીકારતી વખતે પહોંચોમાં થતી અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૦૩ ના નાણાંકીય વર્ષ દરમ્યાન આવકની પહોંચોનું કેશ કલેકશન રજીસ્ટર એમ. ઓ. કલેકશન રજીસ્ટર સાથે ચકાસણી કરતાં નીચે મુજબની અનિયમિતતા ઓડિટના ધ્યાને આવેલ જેની આધાર સહ પૂર્તતા કરવા વિનંતી.

(૧) કેશ કાઉન્ટરમાં બુક નં.૫૦૧ થી ૬૦૦ માં રૂા.૨૦/– ની પહોંચ તા.૨–૪–૨૦૦૨ માં તારીખ લખેલ છે. જયારે રકમ તા.૫–૪–૨૦૦૨ માં જમા રજીસ્ટરમાં નોંધ કરેલ છે. કેશ કાઉન્ટરમાં જયારે નાણાં સ્વીકારેલ હોય તે જ દિવસે જમા રકમ લેવાની થાય. જેથી આવી ભૂલ ન થાય તે માટે સંબંધિત કર્મચારીઓને સૂચના તથા નોંધ લેવડાવી ઓડિટને જાણ કરવા વિનંતી.

(૨) બુક નંબર ૨૭૦૧ થી ૨૮૦૦ માં રસીદ નંબર ૨૭૩૭ નંબરની રસીદ તૈયાર કરી પછી રદ કરેલ છે. આવી રદ કરેલ બુક અથવા પહોંચોમાં સંબંધિત વડા મારફતે પ્રમાણિત કરાવવી જરૂરી હોય છે. બુક

નં.૨૪૦૧ થી ૨૫૦૦ માં પહોંચ નંબર ૨૪૨૦ માં રસીદ બનાવી ઈસ્યુ કરવા.તૈયાર કરેલ પરંતુ રસીદ અંદર જ રાખેલ છે. જેમાં રદ કર્યા અંગેની નોંધ કે પ્રમાણિત કરેલ નથી. જે રદ કર્યા અંગેની નોંધ જમા રજીસ્ટરમાં કરવી તથા આ બાબતે સંબંધિત કર્મચારીને જાણ કરી ઓડિટને અહેવાલ આપવા વિનંતી.

(૩) આવક રજીસ્ટરમાં જમા લેવાની પહોંચો તારીખ મુજબ ક્રમાનુસાર નોંધવામાં આવતી નથી. તેમજ ક્રમ મુજબ ઈસ્યુ કરવામાં આવતી નથી. જેથી વપરાશી બુકો ક્રમ મુજબ નોંધ કરવી. તેવી જ રીતે ઈસ્યુ કરવાની થાય ત્યારે પણ ક્રમ મુજબ ઈસ્યુ કરવાથી હિસાબો તપાસવામાં તથા ઓડિટ કરવા સરળતા રહે તે અંગેનું સંબંધિત કર્મચારીનું ધ્યાન દોરી સૂચના આપવા વિનંતી.

(૪) પહોંચ બુકોમાં બુક જ્યારે વાપરવાની હોય તે જ દિવસે તારીખ લગાવવાની પ્રથા અમલવારી કરવા વિનંતી. ઘણીય બુકોમાં આગળની તારીખો વધેલી બુકો બીજા જ દિવસે વાપરવાનો આગ્રહ રાખવો.

(૫) પહોંચ બુકો મુજબની આવક ક્રમ મુજબ આવક રજીસ્ટરે ન નોંધતા અત્રે અસ્ત વ્યસ્તરીતે નોંધવાના કારણે ખરાઈ કરતાં ઘણી જ મુશ્કેલી ઉભી થાય છે. જેથી સરળતાથી ખરાઈ કરી શકાય છે.

(૬) આમ આવક સ્વીકારતી વખતે દરેક સ્ટેજે ભૂલ થાય તો તેવી રસીદો રદ કરી હિસાબોનું ઓડિટ થાય ત્યારે એટલે કે રોજેરોજ હિસાબો બંધ થાય ત્યારે આવી બુકો સાથે રાખી રદ કરેલ એન્ટ્રીવાળી રસીદો પ્રમાણિત કરાવી લેવા સંબંધિત કેશ કાઉન્ટરના કર્મચારીઓને નોંધ લેવડાવી ઓડિટ પૂર્ણ થતાં સુધી પૂર્તતા કરવા વિનંતી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૯૩.નો સંસ્થા ધ્વારા જવાબ થયેલ નથી.

ફકરા નંબર : ૩૧

હિસાબી શાખા

સક્ષમ અધિકારીશ્રીની સહી વગર કરવામાં આવેલ ચૂકવણાં બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ હતુ કે સંસ્થા ધ્વારા અમુક વાઉચરોમાં સક્ષમ અધિકારીની સહી કે સિકકા વગર ચૂકવણાં કરેલ હતાં: જેના નમુનારૂપ કિસ્સા સામેલ પરિશિષ્ટ-૧૦ની વિગતે દર્શાવેલ છે.

ખરેખર કોઈપણ ખર્ચનું ચૂકવણું કરતાં પહેલાં વાઉચરમાં ખર્ચની વિગત, રકમ, પાસફોર પેમેન્ટનો શેરો અને ત્યારપછી આવા ખર્ચને સમર્થન આપતાં સક્ષમ અધિકારીશ્રીની સહી તેમજ સિકકા થયા પછી જ વાઉચર બનતું હોય છે. આમ સક્ષમ અધિકારીશ્રીની સહી-સિકકા વગર ચૂકવણાં કરવામાં ઘણી વખત નાણાંકીય ગેરરીતિ થવાની શકયતા રહેલી છે. ઉકત બાબતે આવી અનિયમિતતા દૂર કરી સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ખર્ચને નિયમિત કરવાની કાર્યવાહી કરી રેકર્ડ આધારિત ખાત્રી કરાવવામાં ન આવે ત્યાં સુધી રૂા.૩૫૮૮૬-૦૦ ની રકમ વાંધા હેઠળ મુકવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં. ૪૨ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂા.૩૫૮૮૬-૦૦

## પરિશિષ્ટ–૧૦

સક્ષમ અધિકારીશ્રીની સહી વગર કરેલ ચૂકવણાંની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | વાઉચર નંબર | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૫૫ | ૧૮/૪/૦૨ | ૭૨૦૮–૦૦ | પરીક્ષા ખર્ચનું ચૂકવણું |
| ૨ | ૨૮૪ | ૨૦/૪/૦૨ | ૧૧૬૧૧–૦૦ | ઓરી એન્ટલ ઈન્સ્યોરન્સનું ચૂકવણું |
| ૩ | ૭૦૭ | ૮/૫/૦૨ | ૬૦૦૦–૦૦ | સ્કૂલ ઓફ કોમર્સનું એડવાન્સ |
| ૪ | ૧૭૨૭ | ૩/૭/૦૨ | ૬૩૮૦–૦૦ | પરીક્ષા ઓબ્સર્વર રીમ્યુનરેશન |
| ૫ | ૪૦૫૧ | ૨૦/૧૧/૦૨ | ૯૮૬–૦૦ | કુ. અમીજોષીનું ટી. એ. બીલ |
| ૬ | ૪૦૫૨ | ૨૭/૧૧/૦૨ | ૯૮૬–૦૦ | કુ.શ્રધ્ધા રાવલનું ટી. એ. બીલ |
| ૭ | ૪૦૫૩ | ૨૭/૧૧/૦૨ | ૧૨૭૬–૦૦ | ડો. કે. વી. મહેતાનું ટી. એ. બીલ |
| ૮ | ૪૮૫૩ | ૭/૧/૦૩ | ૧૪૩૯–૦૦ | ક્રિશ્ના સ્ટેશ્નરીનું બીલ |
| | | કુલ રૂા. | ૩૫૮૮૬–૦૦ | |

ફકરા નંબર : ૩૨

હિસાબી શાખા

હિસાબો નિભાવવામાં જણાયેલ અનિયમિતતા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણે રજુ થયેલ દફતરની ચકાસણી કરતાં સંસ્થા ધ્વારા જે જનરલ કેશબુક તેમજ ભવનોમાં પેટીકેશ ધ્વારા હિસાબો નિભાવવામાં આવે છે. તેમાં જણાયેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) રોજમેળ એ સંસ્થાનું હાર્દ છે. રોજેરોજની સંસ્થાની આવક તેમજ ખર્ચની પરિસ્થિતી રોજમેળ ઉપરથી જાણી શકાય છે. જ્યારે કોઈપણ ચૂકવણું કરીને વાઉચર બને એટલે તે વાઉચરને તુરંત કેશબુકમાં ઉધારીને વાઉચર નંબર આપવાની પ્રથા હોવી જોઈએ. જેથી કોઈ વાઉચર કે વાઉચર પૈકી આંશિક રકમ કેશબુકમાં ઉધારવાની રહી ન જાય. પરંતુ અન્વેષણથી જણાયુ છે કે સંસ્થા ધ્વારા નિભાવવામાં આવતી જનરલ કેશબુકમાં રોજબરોજના વાઉચરોની તેમજ આવકોની'એન્ટ્રી નહી કરવાને કારણે વર્ષ દરમ્યાન અવાર-નવાર હવાલાઓ પાડી વાઉચરોની સંખ્યામાં વધારો કરવામાં આવે છે. જે

પ્રથા નિયમ વિરુધ્ધ હોઈ તાત્કાલિક અસરથી બંધ કરીને જનરલ કેશબુકે રોજેરોજ તૈયાર કરવાનું જણાવવામાં આવે છે.

(૨) સંસ્થા ધ્વારા નિભાવવામાં આવતી જનરલ કેશબુકમાં માસના અંતે તેમજ વર્ષના અંતે ખર્ચ અને આવકની તારીજ તૈયાર કરવી જોઈએ જે કરેલ નથી. તેમજ માસના અંતે બંધ સિલકની પરિસ્થિતિની પણ તારીજ બનાવવામાં આવતી નથી જે બનાવવી જોઈએ. જેથી સંસ્થાની કઈ બેંકમાં કેટલી રકમ જમા છે તેની વિગત જાણી શકાય. તારીજમાં રોકડના વ્યવહારો તેમજ હવાલાના વ્યવહારો અલગ દર્શાવવા વિનંતી છે.

(૩) સંસ્થા ધ્વારા નિભાવવામાં આવતી વાઉચર ફાઈલની પધ્ધતિમાં ઘણી ખામીઓ જણાય છે. ઘણા કિસ્સાઓમાં માત્ર વાઉચર જ જોવા મળે છે. તેની સાથે ખર્ચને સમર્થન આપતા કોઈપણ પ્રકારના પેટા–વાઉચરો સામેલ રખાતા નથી. ભવનો તથા સંસ્થા ધ્વારા નિભાવવામાં આવતી પેટીકેશના કિસ્સામાં આ અનિયમિતતા ખાસ જોવા મળેલ છે. ભવનો ધ્વારા નિભાવવામાં આવતી પેટીકેશના કિસ્સામાં જનરલ કેશબુક ખાતે પાડવામાં આવેલ ખર્ચનું માત્ર વાઉચર જ રજુ કરાય છે. જયારે તેના આનુસંગિક પેટા–વાઉચરો તેમજ

બીલો વાઉચર સાથે સામેલ નહીં રખાતા ભવનો ખાતે રાખવામાં આવે છે. જે ખામીયુક્ત પધ્ધતિ હોઈ હવે પછી આવા પેટા વાઉચરો તેમજ બીલો જે તે વાઉચર સાથે રાખવા જણાવવામાં આવે છે. જેથી ખર્ચ અંગેની યોગ્ય ખરાઈ થઈ શકે.

(૪) યુ. જી. સી. ધ્વારા કે રાજય સરકાર ધ્વારા કોઈ સ્કીમો સુપ્રત થયેલ હોય ત્યારે આવી સ્કીમો હેઠળ જયારે કોઈ ખર્ચ કરવામાં આવે ત્યારે આવી સ્કીમો માટે જાહેર કરેલ ગાઈડ લાઈન તેમજ આવા ખર્ચા માટે સંસ્થાએ કોઈ ટેન્ડર બહાર પાડેલ હોય તો તે અંગેના ભાવપત્રકો, કરારો, વર્કઓર્ડર, મંજુર કરેલ રેટ કોન્ટ્રાકટ વગેરે બાબતોનો સમાવેશ કરીને અલગ ફાઈલ નિભાવવી જોઈએ. જેથી જે તે સ્કીમ હેઠળ થયેલ ખર્ચની માહિતી મળી શકે.

(૫) ઓડિટ વર્ષના ખર્ચના વાઉચરો ચકાસતાં સંસ્થા ધ્વારા તેમજ ભવનો ધ્વારા કરવામાં આવેલ ખરીદી જેવી કે કેમીકલ, સાધનો, કોમ્પ્યુટર વગેરે માટે સંસ્થાએ વેપારીઓ જોડે વાર્ષિક કરાર કર્યા છે કે કેમ ? તેનું દફતર રજુ નહીં થવાને કારણે તે ખર્ચની ખરાઈ થઈ શકેલ નથી.

(૬) મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમોનુસાર સામાન્ય રીતે એડવાન્સ સંભવિત ખર્ચને પહોંચી વળવા માટે આપવામાં આવે છે. જયારે સદર સંસ્થામાં પરીક્ષા એડવાન્સ સિવાયની બાબતોમા જે રીતે એડવાન્સ આપવાની પ્રથા છે તે નિયમ વિરુધ્ધની છે. ઘણીવાર નાની–નાની ખરીદીઓ માટે એડવાન્સ આપવામાં આવે છે. અને પછીથી તે એડવાન્સ સામે સરભર કરવામાં આવે છે જે પ્રથા બરાબર ન કહેવાય. જેથી આવી નાની ખરીદીમાં એડવાન્સ આપવાની પ્રથા બંધ કરવા ઓડિટ અનુરોધ છે.

(૭) ભવનોમાં પેટીકેશ અંગેના વાઉચરોથી ઈસ્યુ કરવામાં આવેલ ચેકો ભવનોના નામે નહિં લખતાં કેશીયરના નામે લખવામાં આવે છે જે બરાબર નથી. આવા કિસ્સાઓમાં ઘણીવાર નાણાંકીય ઉચાપત થવાની શકયતા નકારી શકાય નહી. કેમકે સંસ્થા ધ્વારા આવા નાણાંકીય વ્યવહાર સંભાળનાર પાસેથી જામીનગીરી પણ મેળવવામાં આવેલ નથી. આના કારણે સંસ્થાને ભવિષ્યમાં નાણાંકીય મુશ્કેલીમાં ન મુકાવુ પડે તેની તકેદારી રાખી હવે પછી કેશીયરના નામે ચેક નહી લખતા ભવનોના જવાબદાર અધિકારીશ્રીના નામે ચેક લખવાની પ્રથા રાખવા ઓડિટ અનુરોધ છે.

(૮) પેટીકેશથી રજિસ્ટરમાં પાના નંબર આપી સિકકા રજિસ્ટરે ચઢાવી કુલ કેટલા પાનાઓનો સમાવેશ થયેલ છે તેની ગણતરી કરી છેલ્લા પાને સક્ષમ અધિકારીશ્રી ધ્વારા જરૂરી પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

(૯) દરેક માસની આખર યોગ્ય રીતે અધિકાર પામેલ અમલદારે નોકર મંડળના ખર્ચ માટેના હોય તે સિવાયના તે મહિના માટેના સઘળા બીલો તપાસ્યા અને પોતે ખાતરી કરવી કે ખર્ચના યોગ્ય વાઉચર બન્યા છે. અને તેની પેટા વાઉચરો એવી રીતે નકામા કરી નાખવામાં આવે કે જેથી તે બીજી કોઈપણ લેણાંના દાવાના આધાર તરીકે વપરાશની શકયતા રહે નહીં સદર કાર્યવાહી મુજબ અમલવારી કરવામાં આવેલ નથી.

(૧૦) પેટીકેશ રજિસ્ટરમાં દિવસના અંતે વ્યવહારની નોંધ બંધ કર્યા બદલ કેશીયરની સહી તથા કચેરીના વડાની પણ સહી થયેલ હોતી નથી. દિવસના અંતે તારીજ લખી તેને પ્રમાણિત કર્યા બદલ તારીખ સાથેની સંબંધિત શાખા/ ભવન વિભાગના વડાની સહી મેળવવામાં આવતી નથી.

(૧૧) વર્ષની શરૂઆતની સિલક ગત વર્ષની બંધ સિલકને નવા રોજમેળે લીધા બદલ પ્રથમ પાને વિભાગ/ ભવનના શાખાના વડાનું પ્રમાણપત્ર લેવાનો અમલ થયેલ નથી તેમજ પેટીકેશમાં દર માસની છેલ્લી તારીખે આકસ્મિક સિલક ચકાસણી સક્ષમ અધિકારી ધ્વારા થવી જોઈએ જે મતલબની કાર્યવાહી કરવામાં આવેલ નથી.

ખર્ચની બાજુએ તમામ નોંધો સક્ષમ અધિકારીશ્રી ધ્વારા ચકાસી સહી કરવાની જોગવાઈ હોવા છતાં પ્રતિ એન્ટ્રી પર સહી થયેલ નથી. તમામ ખર્ચની નોંધો સંબંધિત વિભાગ/ ભવનના વડા ધ્વારા ખર્ચ થયા તારીખે પ્રમાણિત કરાયાની તારીખ સાથેની સહીઓ થવી ઘટે.

(૧૨) કેશબુક રજિસ્ટરમાં છેક–છાક કર્યા બદલ નોંધો જે તે કર્મચારી/ અધિકારી ધ્વારા પ્રમાણિત કરવાની પ્રથા અમલમાં છે તો તે મુજબ કાર્યવાહી કરવામાં આવતી નથી. વધુમાં મનોવિજ્ઞાન ભવનમાં પેટીકેશના વાઉચર નં.૧૯ થી ૩૫ જે વાઉચર ફાઈલે સામેલ ન હોવાથી તેની ભૌતિક ચકાસણી શકય બનેલ નથી જેનો કુલ ખર્ચ રૂા.૮૦૦/– થયેલ હતો. સદર વાઉચરોની ભૌતિક ચકાસણી કરાવતાં સુધી ખર્ચ રૂા.૮૦૦/– વાંધા હેઠળ રાખવામાં આવે છે.

આમ હિસાબો નિભાવવાની ઉપરોક્ત ક્ષતિઓ પ્રત્યે ધ્યાન દોરતાં જણાવવાનું કે હવે પછી ઓડિટ સૂચનો ધ્યાને લઈ સરકારશ્રી ધ્વારા નિયત કરેલ હિસાબ નિયમ સંગ્રહના નમુનાઓમાં દર્શાવવામાં આવેલ હિસાબી નમુનાઓ પ્રમાણે હિસાબો નિભાવવા જોઈએ. હિસાબોમાં એકસૂત્રતા જળવાઈ રહે તેવા તાકીદના પગલાં લેવા ઘટતી કાર્યવાહી કરવા ઓડિટનું સૂચન છે.

વાંધા હેઠળ રકમ રૂ.૮૦૦/–

**ફકરા નંબર : ૩૩**

હિસાબી શાખા

પરીક્ષા કેન્દ્રો ઉપર થયેલ સુપરવીઝન ખર્ચ અને પરીક્ષા પરચુરણ ખચના વાઉચરોમાં પહોંચ, વાઉચરો વગેરે ખર્ચ એડવાન્સ સામે સરભર કરવા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણમાં ધ્યાને આવેલ છે કે, યુનિવર્સિટી ધ્વારા લેવાતી પરીક્ષાઓ માટે પરીક્ષા કેન્દ્રો/ કોલેજ એડવાન્સ આપવાની પ્રથા છે. આ એડવાન્સમાંથી કોલેજના પરીક્ષા સંચાલક ધ્વારા ખર્ચ કરી એડવાન્સનો હિસાબ આપવામાં આવે છે. અને તેના આધારે યુનિવર્સિટી ધ્વારા પરીક્ષા સુપરવીઝન ૩૫૧૨૦૦૦ કોડ હેઠળ અને પરીક્ષા પરચુરણ ખર્ચ ૩૫૨૪૦૦૧ કોડ હેઠળ ઉધારી એડવાન્સ સરભર કરવામાં આવે છે. ખર્ચના ઉપરોકત સદર મુજબ વાઉચરોની નમુનારૂપ ચકાસણી કરતાં ધ્યાને આવેલ ક્ષતિઓ નીચે મુજબ છે.

(૧) વાઉચરો સાથે સામેલ પત્રકમાં કોલેજના નામ, કઈ પરીક્ષા લીધી, ખર્ચમાં જુનીયર/ સીનીયર અને પરચુરણ, કુલ ખર્ચ દર્શાવી એડવાન્સ સામે સરભર કરેલ છે. પરંતુ તેની સાથે સંબંધિત સુપરવાઈઝરના નામ, હોદ્દા, તેમણે બજાવેલ ફરજો, કયા દરે અને કેટલી રકમ

ચૂકવવાપાત્ર થાય છે. તેમજ પરચુરણ ખર્ચ શાના લગતો છે તે ખર્ચના વાઉચરમાં કોઈ બાબત સામેલ નથી.

| | |
|---|---|
| અગાઉની સરભર થયા વગરની એડવાન્સ | ७४३४८६३–४१ |
| આપેલ એડવાન્સ | ૯૦૮૩૯૪૭–૪૧ |
| કુલ | ૧૬૫૧૮૮૧૦–૮૨ |
| સરભર થયેલ રકમ | ૮૪૪૮૭૩૬–૭૦ |
| વર્ષના અંતે સરભર થયા વગરની એડવાન્સ | ૮૦૭૦૦૭૪–૧૨ |

આમ પરીક્ષા સુપરવીઝન અને પરીક્ષા પરચુરણ ખર્ચમાં પેટા વાઉચરો, કેશમેમો, કર્મચારીના હોદ્દા પ્રમાણે કયા દરે માનદવેતન મળવાપાત્ર છે ? વગેરે વિગતો નહિં દર્શાવવાના કારણે ધોરણસરની ચકાસણી કરી શકાયેલ નથી.

ઉકત બાબતે પરીક્ષા સુપરવાઈઝરી અને પરીક્ષા પરચુરણ ખર્ચ અંગે થયેલ ખર્ચ રૂ.૩૬૦૩૬૫૧–૮૩ નો ખર્ચ ઓડિટે વાંધા હેઠળ રાખવામાં આવે છે.

આપેલ પ્રા.વાં.નં.૮૫ નો ઓડિટ પૂર્ણ થતાં સુધી સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૩૬૦૩૬૫૧–૮૩

**ફકરા નંબર : ૩૪**

હિસાબી શાખા

તબીબી વળતર ભથ્થાના બીલોના ચૂકવણાંમાં જણાયેલ અનિર્યામતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ,કર્મચારીઓને તબીબી વળતર ભથ્થા તરીકે કુલ રૂા.૧૭૫૪૧૯૪–૦૦ નો ખર્ચ કરવામાં આવેલ હતો. સને ૨૦૦૨–૦૩ ના પસંદગીના માસના તબીબી બીલોની ચકાસણી કરતાં નીચે મુજબના નમુનારૂપ કિસ્સાઓમાં અનિયમિતતાઓ ધ્યાને આવેલ હતી જે બાબતે સ્પષ્ટતા થવા વિનંતી.

(૧) ગુજરાત યુનિવર્સિટીના અધિકારી/ કર્મચારીઓનો મહ્દઅંશે ગુજરાત યુનિવર્સિટી હેલ્થ સેન્ટર ખાતે તબીબી સારવાર લીધેલ જણાય છે. જેઓએ ગુજરાત સરકાર તબીબી સારવાર નિયમો–૧૯૮૮ લાગુ પડે જેથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એમ.એ.જી./૧૦૮૮/૨૬૧૬/ઘ તા.૩૦–૧૨–૮૮ અમલમાં હોઈ પ્રવર્તમાન નિયમો મુજબ નકકી કરેલ પરિશિષ્ટમાં દવાની વિગત કેપીટલ (પ્રથમ એ,બી,સી,ડી) અક્ષરોમાં રજુ કરવાના રહે છે.

પેન્શનરોએ પણ નાણાં વિભાગના ઠરાવ નંબર : નવત/૧૦૮૩/૮૧/ યુ થી તા.૪-૭-૮૩ થી અમલમાં આવેલ કે જેની સાથે સામેલ રાખેલ નિયત શિડયુઅલમાં જ દાવો રજુ કરવાનો હોય છે. રજુ થયેલ તમામ બીલોમાં દવાનું નામ કેપીટલ અક્ષરોમાં લખી તેની સામે કિંમત દર્શાવી રજુ કરવામાં આવતા નથી. કર્મચારીએ તથા પેન્શનરે આપવાના કબુલાતનામામાં કર્મચારી/ પેન્શનરની સહી મેળવવામાં આવતી નથી. જેમકે તબીબી સારવાર મેળવનાર કુંટુંબી તેના પર સંપૂર્ણ આધારિત છે. અને તેની આવક રૂા.૫૦૦/- થી ઓછી છે. જેથી ચાલુમાં વપરાશમાં લેવાના ફોર્મ ૨૬ કરી ઉકત ઠરાવ અન્વયે શીડયુલ(૧) મુકરર કરેલ નમુનાનો ઉપયોગ કરી થયેલ કાર્યવાહીની આધાર સહિત ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૨) તબીબી સારવારના નિયમો-૧૯૮૮ ના નિયમ--૧૦ હેઠળની નોંધ-૩ ની જોગવાઈ મુજબ દવાઓ ખરીદીના કેશમેમો પર દવા લખી આપનાર ડોકટરની સહી કરવાની રહે છે. જે યુનિવર્સિટી ખાતે ચૂકવણાં માટે રજુ થતાં બીલોમાં સહીઓ થયેલ જણાય છે પરંતુ સિકકા સાથે થયેલ નથી. વધુમાં અન્ય દવાખાનામાં તબીબી સારવાર લીધેલ

હોય તેવા કિસ્સામાં જે તે દવાખાનાના તબીબી અધિકારી (RMO) ની પ્રતિ સહી હોવી જોઈએ. જયારે આવા અન્ય દવાખાનામાં સારવાર લીધેલ હોય તો પણ યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના તબીબી અધિકારી ધ્વારા સહી કરી નાણાં ચૂકવવામાં આવે છે. પેટી કેશના વાઉચર નં.૪૨૫૩ તા.૧૬/૧૦/૦૨ રૂા.૧૦૦૦/– થી ઉષાબેન જાદવ, જુ.કલાર્ક એકેડેમીક શાખાનું આયુર્વેદ સહાયક નિધિ સંચાલિત શ્રી ગોવિંદપ્રસાદ વૈદ્ય સાર્વજનિક ઔષધાલય અને સંશોધન કેન્દ્ર ગુજ. આયુ. ભવન અમદાવાદમાંથી તા.૧/૮/૦૨ થી ૩૦/૮/૦૨ દરમ્યાન પ્રધાન ચિકિત્સકશ્રી સી. એમ. જયસ્વાલ ધ્વારા "ગ્રૈવેયક કશેરુકા શૂલ" નામના રોગ માટે દવા લખી આપેલ છે. જેના બીલમાં પ્રધાન ચિકિત્સક શ્રી સી. એમ. જયસ્વાલની સહી થયેલ નથી. પરંતુ તબીબી અધિકારીશ્રી ગુજ. યુનિવર્સિટી સંચાલિત આરોગ્ય કેન્દ્ર ધ્વારા સહી કરવામાં આવેલ છે અને સદર બીલનું ચૂકવણું કરવામાં આવેલ છે. જે બાબતે યુનિ. તબીબી અધિકારીશ્રી સક્ષમ હોય તો તેની આધાર સહ સ્પષ્ટતા થતાં સુધી રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂા.૧૦૦૦–૦૦

(૩) વા.નં.૩૩૫૨ તા.૧૮/૧૦/૦૨ રૂા.૧૦૫૯૧/- નાગજીભાઈ ટી. દેસાઈ, પટાવાળા પરીક્ષા વિભાગ ધ્વારાં રજુ થયેલ છે. જેમાં તેઓના માતા, પત્નિ તથા પુત્રીની સારવાર અંગેના બીલો તા.૧/૯/૦૨ થી ૧૭/૯/૦૨ સુધીની સારવાર યુનિ. આરોગ્ય કેન્દ્રમાં લીધેલ છે તેમ જણાવેલ છે. સામેલ બીલો પૈકી તા.૩૦/૮/૦૨ શ્રી નાથ મેડીકલનું રૂા.૫૪/-નું તેઓના પત્ની ગીતાબેનનું બીલ તેમજ તા.૪/૧૦/૦૨ શ્રી નાથ મેડીકલનું તેઓના માતા રાજીબેનનું રૂા.૧૦૪/- નું બીલ મળી કુલ રૂા.૧૫૮/- ના બીલો સામેલ છે. જે નિયત નમુનામાં દર્શાવેલ તારીખો સિવાયની સારવારના હોઈ મળવાપાત્ર થતા નથી જેથી વસુલ કરવાપાત્ર થાય.

વસુલાતપાત્ર રૂા.૧૫૮/-

(૪) પેટી કેશ વા.નં.૩૭૪૪ તા.૨૩/૯/૦૨ રૂા.૯૯૨/- શ્રી વિપુલ ટછ. આનંદ, જુ. કલાર્ક રસાયણ વિભાગ ધ્વારા તા.૪/૭/૦૨ થી સારવાર ચાલુ તેમ લખી યુનિ. આરોગ્ય કેન્દ્ર લખેલ છે. બીલ સાથે સામેલ સંલગ્ન દવાના બીલો તેમજ પ્રિસ્ક્રીપ્શન શારદાબેન મ્યુ.હોસ્પિટલના

હોઈ આ બાબતે સ્પષ્ટતા થવી ઘટે. વધુમાં સામેલ બીલો તથા તબીબ. સહાય મેળવવા માટેના પત્રના ફોર્મમાં સંબંધી હોસ્પિટલના RMO ની સહીઓ થયેલ નથી. સામેલ બીલો જોતાં રૂ.૪૦/- ડાયેટ ચાર્જ મળવાપાત્ર થતો નથી જે વસુલ કરવાપાત્ર થાય. અને ઉકત બાબતે સ્પષ્ટતા થતાં સુધી બાકીની રકમ રૂ.૯૫૨/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વસુલાતપાત્ર રૂ.૪૦/-
વાંધા હેઠળ રૂ.૯૫૨/-

(૫) વા.નં. ૩૩૫૩ તા.૧૮/૧૦/૦૨ રૂ.૨૨૯૭૭/- શ્રી ડી.બી.પટેલ પત્રકારત્વ વિભાગના જુ. કલાર્ક ધ્વારા કીડની હોસ્પિટલ (સિવિલ) ખાતે ૨૯/૮/૦૨ થી ૩૦/૯/૦૨ દરમ્યાન લીધેલ સારવારનું બીલ મુકેલ છે. જે પૈકી સામેલ સ્ટેટમેન્ટના ક્રમ નં.૪,૧૫,૨૨,૩૩, તથા ૩૭ થી રૂ.૬૦૦×૫=૩૦૦૦/- હેમોડાયાલીસીસ આઈ.કે.ડી. નું Lonton 5 mg ૨×૪૦૦=૮૦૦ નું બીલ નોટના કાગળ ઉપર તૈયાર કરેલું સામેલ રાખેલ છે. તેજ પ્રમાણે વા.નં.૫૭૨૫ તા.૨૫/૨/૦૩ થી રૂ.૨૫૯૪૬/-

નું કીડનીની સારવાર પેટે તા.૧/૧/૦૩ થી ૩૧/૧/૦૩ ના સમયગાળાનું બીલ રજુ કરેલ છે. તેમાં પણ ઉકતં વિગતે સ્ટેટમેન્ટના ક્રમ નં.૩,૧૨,૨૩ તથા ૩૩ ના મળી કુલ રૂા.૩૦૦૦/- નોટના કાગળ ઉપર તૈયાર કરી સામેલ રાખેલ છે જે મળવાપાત્ર થાય નહીં. આમ પસંદગીના માસના વાઉચરો મુજબ રૂા.૬૮૦૦/- વસુલાતપાત્ર થાય.

વસુલાતપાત્ર રૂા.૬૮૦૦/-

સદર કર્મચારી શ્રી ડી. બી. પટેલના બીલો તથા પગાર બીલે મેડીકલ એલાઉન્સની ચકાસણી કરતાં માસિક રૂા.૧૦૦/- લેખે તબીબી ભથ્થુ મેળવતાં હોવા છતાં નિયમિત રીતે કીડનીની સારવાર અંગેના બીલો રજુ કરી તબીબી સારવારનો ખર્ચ પણ મેળવતા હોય છે તેવું ધ્યાને આવેલ છે. આમ કર્મચારી રૂા.૧૦૦/- તબીબી ભથ્થુ મેળવતા હોય તો મેડીકલ બીલો રજુ કરી શકે નહીં. તેમ છતાં આકસ્મિક સંજોગોમાં તબીબી સારવાર લેવી પડેલ હોય અને કોઈ કર્મચારી તબીબી સારવારના બીલો રજુ કરે તો સરકારશ્રીના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૮/૧૦/૧૯ ના ઠરાવ નં.એમ.એ.જી./

૧૦૯૦/યુ.એ./૧૮૬/અ અન્વયે અને તબીબા સારવારના નિયમો—૧૯૮૮ ના નિયમ ૧૫(ક) ની જોગવાઈ મુજબ ફંકત અંદરના દદી તરીકે દાખલ થઈ સારવાર લીધેલ હોય તો રજુ કરેલ બીલોમાંથી રૂા.૧૦૦૦/– બાદ કરી પછી જ બાકી રહેતી રકમ ચૂકવવાપાત્ર થાય. સદર કર્મચારીના કિસ્સામાં તેઓને ચૂકવવાપાત્ર થતી રકમમાંથી રૂા.૧૦૦૦/– બાદ કરવામાં આવેલ હોય તેમ જણાતુ નથી. અને વર્ષ દરમ્યાન પ્રતિ માસ રૂા.૧૦૦/– લેખે તબીબી ભથ્થુ તેમજ તબીબી સારવારના બીલો રજુ કરી બંને લાભ મેળવેલ છે જે ખૂબ જ ગંભીર બાબત ગણી શકાય. આમ શ્રી ડી. બી. પટેલ ધ્વારા સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન મેળવેલ તબીબી સારવારની સંપૂર્ણ વિગત કાઢી વર્ષ દરમ્યાન ચૂકવેલ પૂરેપૂરી રકમ એકી સાથે વ્યાજ સહિત વસુલ કરી અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

વસુલાતપાત્ર રકમ રૂા.૪૮૯૨૩/–

સરકારશ્રીના નાણાં વિભાગના તા.૪/૭/૮૨ ના ઠરાવ : વલભ/ ૧૭૮૨ / ૫૨૬ / ૪ ની જોગવાઈ મુજબ તબીબી ભથ્થા માટે એકવાર

આપેલ વિકલ્પ જે તે નાણાંકીય વર્ષ માટે આખરી ગણાંશે. તેવી જ રીતે ગુજરાત રાજય સેવા તબીબી સારવાર નિયમો–૧૯૮૮ નિયમ–૧૫ ની જોગવાઈ અને સ્પષ્ટતા (૧) મુજબ તબીબી ભથ્થુ મેળવવાનો વિકલ્પ જે તે નવા નાણાંકીય વર્ષ પૂરતો અફર રહેશે. આમ છતાં જમા બાકીના આધારે કર્મચારીના પગાર બીલોના ટેસ્ટ ચેક કરતાં નીચે મુજબના કર્મચરીઓ તબીબી ભથથુ મેળવતા હતા જે પરત કરી વિકલ્પ બદલવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | શ્રી બી.સી.વાઘેલા | સાયન્સ વિભાગ | રસીદ નં.૩૨૬૨/૨૪–૭–૦૨ થી રૂા.૩૦૦/– જમા કરાવેલ છે. |
| (૨) | શ્રી આર.ડી.શાહ | ગર્લ્સ હોસ્ટેલ | રસીદ નં.૩૧૫૫/૧૯–૭–૦૨ થી રૂા.૩૦૦/– જમા કરાવેલ છે. |

આમ ઉકત બંને કર્મચારીઓ ધ્વારા ત્રણ માસ સુધી રૂા.૧૦૦/– લેખે તબીબી ભથ્થુ મેળવેલ હતુ અને પછી ઉકત નિયમો તથા ઠરાવ વિરુધ્ધ પરત જમા કરાવી વિકલ્પ બદલવામાં આવેલ હતો જે અતિગંભીર બાબતો ગણાવી શકાય. સને ૨૦૦૨–૦૩ દરમ્યાન

તબીબી સારવારને લગતાં બીલો રજુ કરેલ હોય તો તેની વિગત કાઢી અન્વેષણને ખાત્રી કરાવી સંપૂર્ણ વસુલાત કરી ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોક્ત હકીકતે યુનિવર્સિટી ખાતે તબીબી સહાયતા મેળવતા કર્મચારીઓનું રજીસ્ટર માગવામાં આવતાં રજુ થયેલ નથી. જેથી તેની નિયમિત ચકાસણી થઈ શકેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૫૮ નો જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂ.૧૭૫૬૧૪૬–૦૦
વસુલાતહેઠળ રૂ.૯૮૨૪૨–૦૦

**ફકરા નંબર : ૩૫**

હિસાબી શાખા

ઝેરોક્ષ મશીન હોવા છતાં બહારથી કોપી કરાવવામાં થયેલ ખર્ચ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરો તેમજ ભવનોની પેટીકેશની ચકાસણી કરતાં જણાયેલ છે કે સંસ્થા પાસે એક કરતાં વધુ વિભાગો તેમજ વહીવટી કચેરીઓને કોપીઅર મશીનો/ ઝેરોક્ષની સગવડ તથા પોતાની માલિકીના ઝેરોક્ષ મશીનો હોવા છતાં જરૂરી આયોજનના અભાવે જે તે વિભાગે પોતાની રીતે તેમની જરૂરીયાત મુજબની ઝેરોક્ષ બહારના ખાનગી પાર્ટી પાસે કરાવે છે. જેને પરિણામે યુનિવર્સિટીને આર્થિક નુકશાન થાય છે.

પેટીકેશમાં મોટાભાગના વાઉચરો ઝેરોક્ષ કરાવવામાં વપરાયેલ છે. વિભાગોમાં પણ આ જ પ્રમાણે વધારે ઝેરોક્ષ ખર્ચ ધ્યાને આવેલ છે. જેથી તમામ વિભાગોના ઝેરોક્ષ ખર્ચની વિગત પરિશિષ્ટ–૧૧માં જણાવ્યા પ્રમાણે છે કે જે નમુનારૂપ કિસ્સા તરીકે દર્શાવેલ છે.

વધુમાં દર્શાવેલ તમામ કિસ્સામાં પરફેકટ ઝેરોક્ષમાંથી જ ઝેરોક્ષ કામ કરાવેલ છે. જેનો રેટ પર કોપી ૭૫ પૈસાનો રેટ છે. જયારે બી.કે. સ્કુલની

પેટીકેશની ચકાસણીમાં વા.નં. ૫ તા.૨૩/૪/૦૨ ૪૦-૦૦ ૫૦ પૈસાના દર કરાવેલ છે. જે મારૂતિ ઝેરોક્ષ, પાસપોર્ટ ઓફિસ સામે, એલ. ડી. એન્જી. નજીકનું બીલ છે. તો નજીકના સ્થળે ઓછા દરે ઝેરોક્ષ કામ થતું હોવા છતાં વધારે દરવાળી પરફેક્ટ ઝેરોક્ષ પાસે જ કામ આપી તેને જ આર્થિક લાભ વધારે આપવામાં આવતો હોય તેમ જણાયેલ છે. આમ ઉંચો દર ચૂકવી પરફેક્ટ ઝેરોક્ષ પાસે જ કામ કરાવવા બદલ સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાના પોતાના ઝેરોક્ષ મશીન હોવા છતાં ખાનગી પાર્ટી પાસેથી ઉંચા દરે કામ કરાવી સંસ્થાને આર્થિક નુકશાન પહોંચાડેલ છે.

ઉક્ત ખર્ચ બાબતે યોગ્ય સંકલન કરી વધુ પડતા ખર્ચ પર નિયંત્રણ લાવી શકાય તેમ છે. સદર બાબતે સ્પષ્ટતા થતાં સુધી થયેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૫૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૯૯૪૫-૧૫

## પરિશિષ્ટ-૧૧

ઝેરોક્ષ કામની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | ભવનોના નામ | રકમ | વિગત |
| --- | --- | --- | --- |
| ૧ | હિસાબી શાખા | ૧૨૯૦૦-૦૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૨ | મનોવિજ્ઞાન ભવન | ૫૯૩-૦૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૩ | સમાજ વિદ્યા ભવન | ૨૫૮-૦૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૪ | રોલવાલા કમ્પ્યુ. સેન્ટર | ૧૩૯૧-૫૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૫ | ડિપાર્ટમેન્ટ ઓફ કોમ્પ્યુટર સાયન્સ | ૭૯૦-૫૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૬ | જર્નાલીઝમ | ૨૮૭-૦૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૭ | આરોગ્ય વિભાગ | ૧૩૫૬-૫૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૮ | લાઈબ્રેરી | ૨૫૭-૦૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૯ | વાણિજ્ય ભવન | ૫૦૯-૯૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૧૦ | બી. કે. સ્કુલ | ૨૬૫-૨૫ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| ૧૧ | વિજ્ઞાન ભવન | ૧૩૩૬-૫૦ | પરફેકટ ઝેરોક્ષમાં ઝેરોક્ષનો ખર્ચ |
| | | **૧૯૯૪૫-૧૫** | |

**ફકરા નંબર : ૩૬**

હિસાબી શાખા

પેટા વાઉચર વગર કરવામાં આવેલ ચૂકવણાં અંગે

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબોની ચકાસણી દરમ્યાન' ખર્ચના વાઉચરો ચકાસતાં જણાયેલ હતુ કે ઘણા કિસ્સાઓમાં સંસ્થાએ પેટા વાઉચર વગર ચૂકવણીઓ કરેલ છે. જે ઘણી જ ગંભીર બાબત ગણાય. જયારે પણ રોજમેળ ખાતે કોઈપણ ખર્ચ ઉધારવામાં આવે ત્યારે તે ખર્ચને સમર્થન આપતા પુરાવાઓ ન હોય તો ખબર કઈ રીતે પડે કે તે ખર્ચ યોગ્ય છે ? આ સાથેના સામેલ પરિશિષ્ટ–૧૨ની વિગતે નમુનારૂપ કિસ્સાઓ ઉપરાંત પણ કિસ્સાઓ ધ્યાન પર આવેલ છે જે બાબતે જવાબદારે તે વાઉચરો તપાસી જવા અને ઓડિટને ખર્ચ સંબંધી પુરાવાઓ મેળવી રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં વાઉચરોની ચકાસણી કરતાં વાઉચર ઉપર માત્ર ખર્ચ સંબંધી બાબત જ દર્શાવવામાં આવે છે. પરંતુ આ બાબતનો સક્ષમ અધિકારીશ્રીનો હુકમ કે કઈ બાબત માટે ચૂકવ્યા છે તેનો ઉલ્લેખ શુધ્ધા કરવામાં આવતો નથી. તેમજ કયારેક કોઈ કર્મચારીને અમુક ચૂકવણું કરે ત્યારે તેના હુકમો કે

એરીયર્સ અંગેના તફાવત પત્રકો વગેરે જેવી માહિતી સામેલ રાખવી જરૂરી છે. જે બાબતે પગલાં લેવા જણાવવામાં આવે છે. તેમજ ઉપરોક્ત ખર્ચ બાબતે આવા ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૫૧ નો જવાબ કરવામાં આવેલ નથી.

વાંધાહેઠળ રકમ રૂા.૩૪૬૧૯–૦૦

## પરિશિષ્ટ-૧૨

પટા વાઉચર વગર કરેલ ચૂકવણાંની માહિતી દર્શાવતુ પત્રક.

| અ. નં. | વા. નં | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૬ | ૧૫/૪/૦૨ | ૫૨૧૩-૦૦ | ટેલીફોન બીલનું વાઉચર |
| ૨ | ૨૩૨ | ૧૭/૪/૦૨ | ૧૫૪૫-૦૦ | પરફેક્ટ ઝેરોક્ષનું વાઉચર |
| ૩ | ૨૩૭ | ૧૭/૪/૦૨ | ૩૪૦૮-૦૦ | મોઝેક ટાઈલ્સ પોલીસનું વાઉચર |
| ૪ | ૭૫૩ | ૧૩/૫/૦૨ | ૧૬૦૦-૦૦ | મેઈન હોલ સારુ સફાઈનું વાઉચર |
| ૫ | ૮૧૫ | ૧૬/૫/૦૨ | ૩૬૦૩-૦૦ | બાયોલોજીનું ટેલીફોન વાઉચર |
| ૬ | ૮૧૬ | ૧૬/૫/૦૨ | ૫૮૪૬-૦૦ | X Ray ફિલ્મ ખરીદીનું વાઉચર |
| ૭ | ૮૨૧ | ૧૬/૫/૦૨ | ૧૫૦૦-૦૦ | સાઉન્ડ સિસ્ટમ ભાડાનું વાઉચર |
| ૮ | ૧૩૨૧ | ૧૧/૬/૦૨ | ૩૦૦૦-૦૦ | હંગામી સ્ટાફના પગારનું વાઉચર |
| ૯ | ૧૪૩૧ | ૧૬/૬/૦૨ | ૭૨૦૪-૦૦ | બી. એસ. એન. એલ.નું વાઉચર |
| ૧૦ | ૧૯૦૭ | ૧૭/૭/૦૨ | ૧૭૦૦-૦ | વજન કાંટા રીપેરીગ વાઉચર |
| | | કુલ રૂા. | ૩૪૬૧૯-૦૦ | |

ફકરા નંબર : ૩૭

હિસાબી શાખા

સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર કરવામાં આવેલી ખરીદી અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વાર્ષિક હિસાબોની ચકાસણી દરમ્યાન ખર્ચના વાઉચરોનું અન્વેષણ કરતાં જણાયેલ હતુ કે સંસ્થા ધ્વારા તેમજ તેના ભવનો ધ્વારા કરવામાં આવતી ખરીદીઓમાં ઘણા કિસ્સાઓમાં સ્પર્ધાત્મક ભાવો મેળવેલ ન હતાં.

મુંબઈ આકસ્મિક ખર્ચના નિયમો-૧૯૭૧ ના એપેન્ડીક્ષ-૬ માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ જયારે પણ સંસ્થા માટે ખરીદી કરવામાં આવે ત્યારે ત્રણ કે તેથી વધારે વેપારીઓના ભાવો મેળવવાના રહે છે. અને જે વેપારીના ભાવ ઓછા હોય તેની પાસેથી ખરીદી કરવાની રહે છે. પરંતુ સંસ્થાએ માં આવા ભાવો છે જેની મર્યાદા રૂા.૫૦૦/- થી વધારે હોય. સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર કરેલ ખરીદીના નમુનારૂપ કિસ્સાઓ સામેલ પરિશિષ્ટ-૧૩ની વિગતે દર્શાવેલ છે કે જેમાં સંસ્થાએ નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોને અનુસર્યા વગર ખરીદી કરી હોવાનું જણાય છે. જે બાબતે યોગ્ય સ્પષ્ટતા કરી નિયમ

વિરુધ્ધની કાર્યવાહી બદલ ઉકત ખર્ચે સત્તા ધરાવતાં અધિકારીના મંજુર. હુકમોથી નિયમિત કરાવી ઓડિટે ખરાઈ કરાવતાં સુધી ઉકત ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૫૦ નો સંસ્થાએ કોઈ જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૪૮૭૭૧-૦૦

## પરિશિષ્ટ–૧૨

સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર કરવામાં આવેલ ખરીદીનું માહિતી દર્શાવતું પત્રક.

| અ. નં. | વા. નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૫૯ | ૨/૪/૦૨ | ૨૭૦૦ | આર. કે. બ્રધર્સ હેન્ડબોલ |
| ૨ | ૧૦૩ | ૫/૪/૦૨ | ૪૯૫૦ | ન્યુ. મમતા ફર્નિચર નોટીસ બોર્ડ–ખરીદી |
| ૩ | ૧૮૭ | ૧૨/૪/૦૨ | ૫૫૦૦ | કલા કોપીયર્સ – ઝેરોક્ષ રીપેરીંગ |
| ૪ | ૫૮૨ | ૨/૫/૦૨ | ૪૪૦૦ | આર. કે. બ્રધર્સ – બ્લેઝર ખરીદી |
| ૫ | ૮૧૬ | ૧૬/૫/૦૨ | ૫૮૪૬ | હિન્દુસ્તાન ફોટોફિલ્મ – એક્સરે ફિલ્મ ખરીદી |
| ૬ | ૮૨૧ | ૧૬/૫/૦૨ | ૧૫૦૦ | આર. ટોલાટ સાઉન્ડ – ભાડે સાઉન્ડ સીસ્ટમ રાખેલ |
| ૭ | ૧૫૨૨ | ૨૫/૬/૦૨ | ૫૬૭૫ | ધી ન્યુ મોડર્ન ઓટો મોબાઈલ્સ ગાડી નં. J.C.B.૩૦૧૪ નો રીપેરીંગ ખર્ચ |
| ૮ | ૧૯૭૭ | ૨૪/૭/૦૨ | ૩૫૦૦ | કેન્ટેક્ષ સીસ્ટમ – ફેક્ષરોલ ખરીદી |
| ૯ | ૨૧૮૪ | ૨/૮/૦૨ | ૧૪૭૦૦ | ગુજ. પોલીસ એન્ડ મીલીટરી સ્ટોર્સ તાડપત્રી ખરીદી |
| | | કુલ રૂ. | ૪૮૭૭૧ | |

**ફકરા નંબર : ૩૮**

હિસાબી શાખા

વીજળી બીલોમાં ચૂકવેલ વિલંબીત ચાર્જ અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરની ચકાસણી કરતાં સંસ્થા ધ્વારા વીજળી વપરાશના બીલોના ચૂકવણાંમાં વિલંબીત ચાર્જની ચૂકવણી થયેલ જણાતા નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

સામાન્ય રીતે વીજળી વપરાશના બીલો તેની નિયત સમય મર્યાદામાં ભરવાના હોય છે. આ માટે સને ૧૯૧૦ ના ભારતીય વિદ્યુત ધારાની કલા ૨૪(ક) મુજબ વીજળી વપરાશના બીલના નાણાં બીલમાં જણાવેલ અંતિમ તારીખ સુધીમાં ભરપાઈ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં સંસ્થાએ પરિશિષ્ટ-૧૪માં દર્શાવેલ વિગતે વીજળી વિલંબીત ચાર્જની ચૂકવણી કરવામાં આવેલ હતી.

સદર રકમ નિયત સમય મર્યાદામાં નહી ભરવાને કારણે સંસ્થાને રૂા.૧૭૩૨-૦૦ ની રકમનો નિરર્થક વિદ્યુત ચાર્જ ચૂકવવો પડેલ હતો. જો

વિદ્યુત વપરાશના બીલની સમય મર્યાદામાં ચૂકવણી કરવામાં આવી હોત તો ઉકત નિરર્થક ખર્ચ બચાવી શકાયો હોત. જેથી જવાબદારેથી જવાબદારી નકકી કરી ઓડિટે તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે. તેમજ આવા કિસ્સાઓનું પુનરાવર્તન નિવારવા યોગ્ય પગલાં ભરવા ઓડિટ સૂચન છે.

પ્રા.વાં.નં.૪૬ થી માગેલ વિગતની પૂર્તતા થયેલ નથી.

વસુલાતની રકમ રૂા.૧૭૩૨-૦૦

## પરિશિષ્ટ–૧૪

વીજળી વિલંબીત ચાર્જની ચૂકવણીની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | વા.નં. | તારીખ | રકમ | ચૂકવેલ રકમ | ચૂકવવાપાત્ર રકમ | વિલંબીત ચાર્જ | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૨૨ | ૯/૫/૦૨ | ૯૬૬ | ૯૬૬ | ૯૪૬ | ૨૦ | એસ્ટેટ વિભાગના મકાનનું વીજળી બીલ |
| ૨ | ૪૩૨૨ | ૫/૧૨/૦૨ | ૫૫૭૨૬ | ૫૫૭૨૬ | ૫૪૯૩૨ | ૭૯૪ | |
| ૩ | ૪૭૪૫ | ૪/૧/૦૩ | ૫૩૯૪૭ | ૫૩૯૪૭ | ૫૩૧૮૧ | ૭૬૬ | |
| ૪ | ૪૭૪૬ | ૪/૧/૦૩ | ૧૩૯૦ | (i)૫૦૭ | ૩૭૨ | ૧૩૫ | |
| | | | | (ii)૮૧૫ | ૭૯૮ | ૧૭ | |
| | | | | | કુલ રૂા. | ૧૭૩૨ | |

**ફકરા નંબર : ૩૯**

હિસાબી શાખા

ટેલીફોન બીલોનું ચૂકવણું મોડું કરવાને કારણે ચૂકવવો પડેલ સરચાર્જ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ, દરમ્યાન ખર્ચના વાઉચરની ચકાસણી કરતાં ધ્યાને અવેલ છે કે ટેલીફોન બીલના ચૂકવણાંના સંસ્થાએ સરચાર્જ ચૂકવવો પડેલ છે.

ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા, ડિપાર્ટમેન્ટ ઓફ ટેલીકોમ્યુનીકેશનના પત્ર એલ. આર. નં.૨–૪–૮૮/ટી. આર. તા.૨–૯–૯૪ અન્વયે વિલંબથી ભરતાં ટેલીફોન બીલની રકમ ઉપર ટેલીફોન ખાતાએ સરચાર્જ લેવાનું ઠરાવેલ છે. સામાન્ય વહીવટી વિભાગના પરિપત્ર ક્રમાંક ટી.ઈ.એલ./૧૦૯૪/૪૨૬/ઘ તા.૩–૬–૯૪ અન્વયે તમામ સંબંધિત ખાતાઓને સમયસર ટેલીફોન બીલના નાણાં ભરવાની સૂચના આપવામાં આવેલ છે. માંગણા બીલો ઈસ્યુ કર્યા પછી ૧૦ થી ૧૫ દિવસનો સમય ચૂકવણી માટે આપવામાં આવે છે. આવી નિયંત કરેલ સમય મર્યાદામાં જો રકમ ચૂકવવામાં ન આવે તો સરચાર્જની રકમ વસુલ કરવામાં આવે છે. પરિશિષ્ટ–૧૫ની વિગતે સંસ્થાએ આવા

માંગણા બીલોનું ચૂકવણું મોડું કરેલ છે. જેના કારણે રૂા.૨૨૦-૦૦ નો નિરર્થક ખર્ચ કરીને સંસ્થાને આર્થિક નુકશાન પંહોંચાડેલ છે. જે બાબતે કર્મચારીની જવાબદારી નકકી કરી જે તે કર્મચારી પાસેથી સદર રકમ વસુલ લઈને ઓડિટે તેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા,વાં.નં.૪૫ નો જવાબ કરેલ નથી.

વસુલાતની રકમ રૂા.૨૨૦-૦૦

## પરિશિષ્ટ–૧૫

ટેલીફોન બીલોમાં ચૂકવેલ સરચાર્જની વિગત દર્શાવતું પત્રક

| અ. નં. | વા.નં. | તારીખ | રકમ | ચૂકવેલ રકમ | ચૂકવવાપાત્ર રકમ | વિલંબીત ચાર્જ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૭૨૩ | ૯/૫/૦૨ | ૨૧૩૨–૦૦ | ૨૧૩૨–૦૦ | ૨૦૬૨–૦૦ | ૭૦–૦૦ |
| ૨ | ૭૨૪ | ૯/૫/૦૨ | ૧૧૬૪–૦૦ | ૧૧૬૪–૦૦ | ૧૧૨૪–૦૦ | ૪૦–૦૦ |
| ૩ | ૧૪૪૩ | ૧૬/૬/૦૨ | ૨૭૩૫–૦૦ | ૨૭૩૫–૦૦ | ૨૬૬૫–૦૦ | ૭૦–૦૦ |
| ૪ | ૫૨૪૪ | ૨૪/૧/૦૩ | ૧૫૧૬–૦૦ | ૧૫૧૬–૦૦ | ૧૪૭૬–૦૦ | ૪૦–૦૦ |
| | | | | | કુલ રૂા. | ૧૭૩૨–૦૦ |

**ફકરા નંબર : ૪૦**

હિસાબી શાખા

નાણાં આપ્યાની પહોંચ ઉપર રેવન્યુ સ્ટેમ્પ લગાડયા વગર કરેલ ચૂકવણાં અંગે

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં .ઘણા કિસ્સાઓમાં સંસ્થાએ નાણાંની ચૂકવણી કરતી વખતે મેળવવામાં આવતી પાવતી પર રેવન્યુ સ્ટેમ્પ લગાડયા વગર ચૂકવણાં કર્યાનું ધ્યાને આવેલ છે. જેના નમુનારૂપ કિસ્સાઓ આ સાથેના સામેલ પરિશિષ્ટ-૧૬ની વિગતે દર્શાવેલ છે.

મુંબઈ તિજોરી નિયમોના પરિશિષ્ટ-૧૦ માંની ક્રમાંક નં.-૨૧ નીચેની નોંધમાં જણાવ્યા પ્રમાણે માફી માટે જોગવાઈ ન હોય તેવા તમામ કિસ્સાઓમાં રૂા.૫૦૦/- થી વધારે રકમનું ચૂકવણું કરવાનું થાય ત્યારે નાણાં મેળવનાર કર્મચારી, વેપારી કે અન્ય કોઈ વ્યકિત પાસેથી રૂા.૧/- ની રેવન્યુ સ્ટેમ્પ લગાડેલ અને તેના ઉપર સહી સિકકા લગાવી પહોંચ મેળવવી આવશ્યક છે. જેનો ઉદ્દેશ સરકારની મહેસુલી આવકમાં વધારો કરવાનો હોય. જાણે-અજાણે થતી ભુલ કે બેદરકારીથી સરકારને તેટલે અંશે નુકશાન થતું હોય છે. સામેલ પરિશિષ્ટમાં દર્શાવેલ નમુનારૂપ કિસ્સા સિવાય પણ આ

પ્રકારની અનિયમિતતા થયેલ હોવાની શકયતા હોય તે ચકાસી જવા અને રેવન્યુ સ્ટેમ્પ લગાવી આવો ખર્ચ નિયમિત કરવા જણાવવામાં આવે છે. જેની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવામા ન આવે ત્યાં સુધી રૂા.૭૪૮૩૫-૦૦ ની રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

આપેલ પ્રા.વાં.નં.૪૬ નો જવાબ થયેલ નથી.

વાંધા હેઠળ રૂા.૭૪૮૩૫-૦૦

## પરિશિષ્ટ-૧૪

રેવન્યુ સ્ટેમ્પ લગાવ્યા વગર કરેલ ચૂકવણાઓની વિગત દર્શાવતુ પત્રક

| અ. નં. | વા. નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨૦૭૭ | ૩૧/૭/૦૨ | ૮૦૭૨૪-૦૦<br>૧૨૦૦-૦૦<br>૧૨૦૦-૦૦<br>૧૧૨૦-૦૦ | પૈકી ડો. પી. એચ. રાવલ<br>ડો. પી. એચ. રાવલ માનદવેતન<br>જી. ટી. જાની માનદવેતન<br>પ્રવિણભાઈ દરજી માનદવેતન |
| ૨ | ૨૪૩૩ | ૨૮/૮/૦૨ | ૪૬૬૦-૦૦<br>૨૩૩૦-૦૦ | પૈકી |
| ૩ | ૨૭૯૬ | ૧૮/૨/૦૨ | ૧૦૫૨૦૮-૦૦<br>૧૦૫૦-૦૦ | પૈકી<br>વી. એમ. પટેલ માનદવેતન |
| ૪ | ૨૮૮૭ | ૩૦/૯/૦૨ | ૧૭૫૦-૦૦ | એ. આર. પરમાર શિ.વૃત્તિ |
| ૫ | ૪૦૯૨ | ૨૮/૧૧/૦૨ | ૩૦૪૦૦-૦૦ | અંધ કેળવણી મંડળ બી.નં.-૩૫૦૧, ૨૯-૧૧-૦૨ |
| ૬ | ૪૦૯૬ | ૨૮/૧૧/૦૨ | ૧૧૯૭૬-૦૦ | એડલ્ટ ટ્રેનીગ સેન્ટર બી.નં.-૧૩૮, ૨૩-૫-૦૧ |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | ૪૧૦૩ | ૨૮/૧૧/૦૨ | ૧૦૦૦૦–૦૦ | ધી ન્યુમોર્ડન ઓટો મોબાઈલ બી.નં.–૮૪૧૪, તા.૨૬–૧૦–૦૨ |
| ૮ | ૪૪૩૬ | ૧૬/૧૨/૦૨ | ૧૩૮૦૯–૦૦ | ક્રિશ્ના સ્ટેશનર્સ બી.નં.–૩૩, તા.૨૧–૧૧–૦૨ |
| | | કુલ રૂા. | **૭૪૮૩૫–૦૦** | |

**ફકરા નબર : ૪૧**

વહીવટી શાખા

ગુજરાત યુનિવર્સિટી કન્ઝયુમર કો.ઓ. સ્ટોર્સના શેરોમાં રોકાણ કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન રજુ થયેલ વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં મિલકત અને લેણાં બાજુ યુનિવર્સિટીએ જનરલ ફંડ ખાતે કુલ રૂા.૨૦૦૦૦/–નું રોકાણ સેન્ટ્રલ કન્ઝયુમર કો.ઓ. સ્ટોર્સના શેરોમાં તા.૧–૪–૮૬ થી કરેલ હતુ જે ખાતાવહીના સદર ૯૧૦૨૦૦૦ માં રૂા.૨૦૦૦૦/– સ્પષ્ટ દર્શાવેલ છે. જે બાબતે નીચે જણાવેલ વિગતે આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

(૧) કન્ઝયુમર કો. ઓ. સ્ટોર્સમાં ૧૯૮૬ થી રોકાણ કરેલ જે સામે સ્ટોર્સ ધ્વારા પ્રતિ વર્ષ જાહેર થયેલ ડિવિડન્ડ મુજબ યુનિવર્સિટીના પોતાના રોકાણ પર મળેલ ડિવિડન્ડની આવક હિસાબ પેટે જમા લીધેલ છે કે કેમ ? તેની ખાત્રી કરાવવી ઘટે. કેટલીક વખત આવા નફાની રકમ કર્મચારી અને રોકાણ સામે કેટલીક ચીજવસ્તુઓ નફાના સ્વરૂપે વહેંચવામાં આવે તો આવી ચીજવસ્તુઓ યુનિવર્સિટીએ પોતાના હિસાબમાં લઈ જમા લીધેલ હોવાની આધારિત ખાત્રી ઓડિટને કરાવવી ઘટે.

(૨) કન્ઝયુમર સ્ટોર્સ ધ્વારા રૂા.૨૦૦૦૦/– ના શેરોના રોકાણ પેટે જે સર્ટીફિકેટ આપવામાં આવેલ હોય તેની ભૌતિક ચકાસણી સારુ ઓડિટ સમક્ષ રજુ કરવા વિનંતી.

(૩) આ પ્રકારના રોકાણ બાબતે જે તે વખતે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવામાં આવેલ હતી કે કેમ ? અને આવા રોકાણો ચાલુ ઓડિટ વર્ષ દરમ્યાન ચાલુ રાખવા માટે અનુમતિ મેળવવામાં આવેલ છે કે કેમ તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે. વળી આવું રોકાણ યુનિવર્સિટી અધિનિયમની કઈ જોગવાઈ મુજબ કરવામાં આવેલ છે તેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(૪) આ પ્રકારના રોકાણો માટે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવેલ ન હોય તો આ રોકાણના જોખમી પાસા માટે કયા પ્રકારના પગલાં લેવા ધારેલ છે. તેમજ આવા જોખમી પાસાવાળી રકમ સત્વરે પરત મેળવી અન્ય જગ્યાએ રોકવી જોઈએ. અન્યથા જનરલ ફંડ ખાતે પરત મેળવી લેવી જોઈએ તેવું ઓડિટનું સૂચન છે.

ઉપરોક્ત વિગતે ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.૩૬ નો જવાબ થયેલ નથી.

**ફકરા નંબર : ૪૨**

વહીવટી શાખા

ગુજરાત યુનિવર્સિટી ખાતે મુલાકાતી વ્યાખ્યાતાઓને ચૂકવેલ માનદ્‌વેતન અને ભથ્થાઓ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ–૧૭ની વિગતે મુલાકાતી વ્યાખ્યાતાઓને માનદ્‌વેતન તથા મુસાફરી ભથ્થા પેટે રૂ.૫૬૫૯૦૭–૦૦ નું ચૂકવણું કરી ખર્ચ ઉધારવામાં આવેલ હતો. જે અંગે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

યુનિવર્સિટી ખાતે જે ભવનોમાં આ પ્રકારે વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવેલ હતા તે ભવનો ખાતે લેકચરર/ પ્રોફેસરની જગ્યા જે તે સમયે ખાલી હતી કે કેમ તે ધ્યાને લઈ આવા માનદ વ્યાખ્યાતાઓને બોલાવવામાં આવેલ છે કે કેમ તે અંગે આધારિત ખાત્રી કરાવવા વિનંતી.

આ પ્રકારે મુલાંકાતી વ્યાખ્યાતા બોલાવવાની મંજુરી આપવાની સત્તાં કોને છે અને તે અંગે મંજુરી પત્ર મેળવેલ હોય તો અન્વેષણમાં રજુ કરવા વિનંતી.

યુનિવર્સિટી ધ્વારા બનાવેલ ઓર્ડિનન્સ પ્રમાણેની કાર્યવાહી થયેલ છે કે કેમ ? તથા ચૂકવાયેલ માનદ્‌વેતન નિયમોનુસાર ચૂકવેલ છે કે કેમ ? તેની ચકાસણી સારુ માગ્યા મુજબની માહિતી સત્વરે ઓડિટ સમક્ષ રજુ કરી ખરાઈ કરાવેલ નથી.

સદર બાબતે ઓડિટપૂર્ણ થતાં સુધીમાં આપેલ પ્રા.વાં.નં.૧૧૪ ની પૂર્તતા કરવામાં આવેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૫૬૫૯૦૭–૦૦

## પરિશિષ્ટ-૧૭

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ ખાતે સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન મુલાકાતી વ્યાખ્યાતાઓને ચૂકવેલ માનદ્‌વેતન તથા મુસાફરી ભથ્થાની વિગત દર્શાવતું પત્રક.

| અ.નં. | ભવન/ વિભાગનં નામ | ચૂકવેલ રકમ રૂા. |
|---|---|---|
| ૧ | સમાજશાસ્ત્ર વિભાગ | ૯૬૩૦-૦૦ |
| ૨ | ભાષા સાહિત્ય ભવન | ૩૬૬૯૫-૦૦ |
| ૩ | મનોવિજ્ઞાન તત્વજ્ઞાન અને શિક્ષણશાસ્ત્ર ભવન | ૫૧૬૫૦-૦૦ |
| ૪ | વિજ્ઞાન વિદ્યાભવન | ૪૬૩૫૨-૦૦ |
| ૫ | સ્કુલ ઓફ બિઝનેસ મેનેજમેન્ટ | ૬૩૭૫૦-૦૦ |
| ૬ | કાયદાશાસ્ત્ર ભવન | ૩૬૦૦-૦૦ |
| ૭ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન | ૩૬૨૩૦-૦૦ |
| ૮ | કોમ્પ્યુટર સેન્ટર | ૯૯૭૫૦-૦૦ |
| ૯ | એચ. કે. પ્રોફેશનલ તાલીમં સેન્ટર | ૧૪૬૭૫૦-૦૦ |
| ૧૦ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન | ૭૧૫૦૦-૦૦ |
| | કુલ | ૫૬૫૯૦૭-૦૦ |

ફકરા નંબર : ૪૩

વહીવટી શાખા

જૂની ઉત્તરવહીઓના વેચાણ પલ્પીંગ કામમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન જૂની ઉત્તરવહીઓના વેચાણના દફતરની ચકાસણી કરતાં પરિસ્થિતિ નીચે મુજબ હતી.

સંસ્થા ધ્વારા જૂની ઉત્તરવહીના વેચાણ માટે દૈનિક પત્રો ગુજરાત સમાચાર તેમજ સંદેશમાં જાહેરાત આપી ટેન્ડર ધ્વારા ભાવપત્રકો મંગાવતા ૯ પાર્ટીઓના ભાવો આપેલ હતાં. જેમાં ત્રણ પાર્ટીઓ ધ્વારા ઈ.એમ.ડી. ભરવામાં આવેલ હતી. જેમાંથી યોગેન સ્ક્રેપ ટ્રેડર્સ, અમદાવાદના ભાવ સૌથી વધુ રૂા.૧૦–૭૫ મંજુર કરેલ હતાં. અને એકઝીકયુટીવ કાઉન્સીલ તા.૪–૩–૦૩ ની સભા ધ્વારા બાબત ક્રમાંક–૧૪ થી ટેન્ડરની શરતો વેચાણ કરવા જણાવેલ હતું. સંસ્થા ધ્વારા પત્ર નં.હિસાબ/સ્ટોર્સ/૧૦૬૨૦/૨૦૦૩ તા.૧૧–૩–૦૩ થી તાત્કાલિક જૂની ઉત્તરવહીઓ ઉપાડી જવાની યોગ્ય વ્યવસ્થા કરવા જણાવેલ. જો ઉત્તરવહી ઉપાડવામાં પાર્ટી ધ્વારા વિલંબ કરવામાં આવશે તો ટેન્ડરની શરત નં.૧૧ મુજબ દૈનિક રૂા.૨૦૦–૦૦ નો દંડ કરવાની જોગવાઈ રાખેલ

છે. પાર્ટી ધ્વારા સિક્યોરીટી ડિપોઝીટ રૂા.૪૦૦૦૦–૦૦ રસીદ નં.–૨૭ તા.૧૨–૩–૦૩ ના રોજ સંસ્થામાં ભરેલ હતી.

| અ. નં. | તારીખ | કિ.ગ્રામ | જમા કરાવેલ રકમ | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | અ.નં. | પહોંચ નં. | તારીખ | રકમ | વિગત |
| ૧ | ૧૩/૩/૦૩ | ૨૫૨૦ | (૧) | ૧૮૦૩ | ૧૩/૩/૦૩ | ૧૦૦૦૦૦ | વેચાણ |
| ૨ | ૧૩/૩/૦૩ | ૨૫૯૦ | (૨) | ૧૮૭૯ | ૨૨/૩/૦૩ | ૨૫૦૦૦ | વેચાણ |
| ૩ | ૧૩/૩/૦૩ | ૨૧૧૦ | (૩) | ૧૮૯૬ | ૨૪/૩/૦૩ | ૧૦૦૦૦ | વેચાણ |
| ૪ | ૨૨/૩/૦૩ | ૨૨૦૦ | (૪) | ૧૯૯૭ | ૨૯/૩/૦૩ | ૧૧૦૦૦ | વેચાણ |
| ૫ | ૨૨/૩/૦૩ | ૨૧૯૦ | (૫) | ૨૧૩૮ | ૨/૪/૦૩ | ૪૦૦ | વેચાણ |
| ૬ | ૨૨/૩/૦૩ | ૨૦૦૦ | | | | | |
| | કુલ | **૧૩૬૧૦** | | | કુલ | **૧૪૬૪૦૦** | |

આ અંગે સંબંધિત રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થા ધ્વારા જયારે ઉત્તરવહી ખરીદવામાં આવતી હોય ત્યારે તેનું વજન કે કવોલીટી પ્રમાણે સ્પેશીફિકેશન ધ્યાને લેવાનું હોય છે. તેમજ વર્ષ દરમ્યાન કેટલા વિધાર્થી પરીક્ષામાં બેઠા અને કેટલી ઉત્તરવહીઓનો વપરાશ થયો તેની પણ નોંધ રાખવાની હોય છે. ઉકત બાબતે વધેલ કુલ ઉત્તરવહીઓ, તેની સંખ્યા, તેમજ પુરવણીની સંખ્યા, તેનું વજન વગેરે બાબતની વિગત જાણવા મળેલ નથી. તેથી વપરાએલ તમામ ઉત્તરવહીઓ–પુરવણીઓના વેચાણ પલ્પીગની ધોરણસરની ચકાસણી થઈ શકેલ નથી.

(૨) સંસ્થા ધ્વારા પાર્ટીને તા.૧૧–૩–૦૩ ના પત્ર હિસાબ/સ્ટોર્સ/૧૦૬૨૦/૨૦૦૩ થી તાત્કાલીક માલ ઉપાડવા જણાવેલ હતું. જેમાં (૧) વાહન નં.–GJIVV ૯૪૧૦ પહોંચ નં.–૫૭૯૪ નેટ વજન ૨૨૦૦ (૨) વાહન નં.–GJIVV ૮૦૪૭ પહોંચ નં.–૫૭૯૫ નેટ વજન ૨૧૯૦ (૩) વાહન નં.–GJIVV ૫૮૩૫ પહોંચ નં.–૫૭૯૬ નેટ વજન ૨૦૦૦ સદર માલ પાર્ટીએ તા.૨૨–૩–૦૩ નારોજ ઉપાડેલ હતો. જેથી ટેન્ડરની શરત નં.–૧૧ મુજબ રોજના રૂા.૨૦૦–૦૦ લેખે પાર્ટીએ ૧૨ દિવસ વિલંબથી ઉપાડેલ હોઈ રૂા.૨૨૦૦–૦૦ પાર્ટી પાસેથી વસુલાત કરી સંસ્થામાં જમા કરાવી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૩) જૂની ઉંત્તરવહીઓના ટેન્ડરની તા.૧૩–૨–૦૩ ના રોજ મંગાવેલ હતાં.' જેની શરત નં.–૯ મુજબ સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં કેવા સંજોગોમાં ટેન્ડરો સીલ થયા વગરના સ્વીકારવામાં આવેલ છે. જે બાબતે સંબંધિત હવાલો સંભાળનાર કર્મચારી/ અધિકારીની સ્પષ્ટતા મેળવી ઓડિટને જાણ કરવી ઘટે.

(૪) સામાન્ય રીતે ટેન્ડર બહાર પાડવાના હોય તે વખતે ટેન્ડર બોક્ષ રાખવાનું હોય છે. ટેન્ડર સ્વીકારવાનો સમય પૂર્ણ થાય તે સમયે ટેન્ડર બોક્ષ સીલ કરવામાં આવે છે. પછીથી મળેલ ટેન્ડરોની લેઈટ હોવા અંગેની નોંધ કરવામાં આવે છે. વગેરે પ્રથા અમલમાં હોવાની પ્રતિતિ થયેલ નથી. તે જ રીતે જે તે સમયે કેટલા ટેન્ડર છાપવામાં–તૈયાર કરવામાં આવેલ અને કેટલા ટેન્ડરનું વેચાણ થયેલ જે હિસાબ અંગેનું ટેન્ડર રજીસ્ટર નિભાવવામાં આવેલ હોવા અંગેની ખરાઈ કરાવવા સારુ ટેન્ડર રજીસ્ટર રજુ કરેલ નથી. વેચાણ વગરના ટેન્ડર રદ કરેલ છે કે કેમ ? જેનું કોઈ રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી. સદર બાબતે તમામ વિગતવાંર પૂર્તતા કરી ખરાઈ કરાવવી ઘટે.

(૫) ટેન્ડર ખોલતી વખતે કેટલા કર્મચારી/ અધિકારી હાજર રહેલ તેનો ઉલ્લેખ થતો નથી. ટેન્ડર ઉપર એક જ સહી થયેલ જણાય છે. તે પણ કોના ધ્વારા થયેલ છે તે સ્પષ્ટ થતુ નથી. આ સમયે હાજર રહેલ તમામ અધિકારીની સહી ટેન્ડર કવરો પર થયેલ હોવી જોઈએ. જેથી આવી કામગીરી ધારાધોરણ મુજબ ન અપનાવવા અંગેની બાબત પુરવાર થાય.

(૬) ઉપરોક્ત સમગ્ર કાર્યવાહી અર્થે યુનિવર્સિટી ધ્વારા પોતાના પ્રતિનિધિ તરીકે બે કર્મચારીઓ શ્રી એસ. બી. જોષી અને શ્રી દિલીપભાઈ પટેલની નિમણુક કરવામાં આવેલ હતી. જેમણે આ સમય દરમ્યાનનો કોઈ રિપોર્ટ યુનિવર્સિટીને રજુ કરેલ હોવાનો આધાર રજુ કરેલ જણાતો નથી. ફકત પેઢીના પ્રમાણપત્રમાં તેઓની હાજરી હોવાનું જણાવ્યાની વિગત જ જાણી શકાય તેમ છે. સદર કામગીરી બાબતનો રિપોર્ટ રજૂ કરવો ઘટે જેનું ઓડિટ સૂચન આપવામાં આવે છે.

(૭) ટેન્ડરની શરતોમાં વેચાણવેરા સાથેના ભાવ આપવા અંગેનું વેચાણવેરા વસુલ કરવા કોઈ ઉલ્લેખ થયેલ નથી. પેઢી વેચાણવેરા નંબર ધરાવે છે કે કેમ ? તેની ટેન્ડર ઉપરથી ખાત્રી થઈ શકતી નથી. પ્રવર્તમાન વેચાણવેરા નિયમો મુજબ પલ્પીંગ કરેલ કુલ જથ્થો ૧૩૬૧૦ કિ.ગ્રામની કિંમત રૂા.૧૪૬૪૦૦–૦૦ પર ૬ % ના દરે

વેચાણવેરો અને ૧૦ % સરચાર્જ જમા કરાવવાપાત્ર થાય. જે અંગેના ચલણની નકલ સામેલ નથી. આમ પસ્તી વેચાણ પેટે રૂા.૯૬૬૨-૦૦ સરચાર્જ સહિતની રકમ જમા કરાવવાપાત્ર થાય. જે તાત્કાલીક પેઢી પાસેથી વસુલ કરી આધાર સહિત ખાત્રી કરાવવી ઘટે.

આમ ઉત્તરવહીઓના વેચાણ અને પલ્પીંગ કામ અંગે પ્રતિ વર્ષ કામગીરી કરવાની થતી હોય છે. તેમજ જે તે વર્ષના અન્વેષણ દરમ્યાન ધોરણસરની કાર્યવાહી કરવા ઓડિટનું સૂચન અપાયેલ હોય છે. તે જોતાં અગાઉના વર્ષના અનુભવના અનુસંધાને પણ તકેદારી રાખેલ જણાતી નથી. જેથી ટેન્ડરની શરતો અને નાણાંકીય નિયમોનુસાર ભાવ કરારની શરતો મુજબ કાર્યવાહી કરવા ઓડિટ અનુરોધ છે.

ઉપરોકત બાબતે આપેલ પ્રા.વાં.નં.૧૧૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

| | |
|---|---|
| વસુલાતપાત્ર રકમ રૂા. | ૨૨૦૦-૦૦ |
| વસુલાતપાત્ર રકમ રૂા. | ૯૬૬૨-૦૦ |
| | ૧૧૮૬૨-૦૦ |

**ફકરા નંબર : ૪૪**

વહીવટી શાખા

શ્રીમતી સ્મિતા એસ. દત્તાને કરેલ ચૂકવણાંની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી હસ્તકના સમાજવિદ્યા ભવન ખાતે રીસર્ચ આસિસ્ટન્ટ તરીકે ફિકસ પગારથી ફરજ બજાવતા શ્રીમતી સ્મિતા એસ. દત્તાને તા.૨૪–૯–૮૨ હુકમથી રૂ.૬૦૦–૦૦ ના ફિકસ પગારથી નિમણુક આપેલ હતી. તે પછી વખતો–વખત તેઓની નિમણુકમાં વધારો કરવામાં આવેલ હતો. આ રીતે ઉચ્ચક ફાઈલ પગારથી નિમણુક કયા ઠરાવ/નિયમન મુજબ કરવામાં આવેલ છે તે અંગે સ્પષ્ટતા કરવા વિનંતી. અન્વેષણ દરમ્યાન તેઓની સેવાપોથી માંગણી કરતાં અન્વેષણમાં સેવાપોથી રજુ થયેલ નથી જેથી જરૂરી ચકાસણી થઈ શકેલ નથી.

શ્રીમતી દત્તાને તેઓની સેવા દરમ્યાન નીચેની વિગતે ચૂકવણી કરવામાં આવેલ હતી.

| ક્રમ નં. | સમયગાળો | માસિક ભથ્થુ | માસ | કુલ રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૯/૮૨ થી ૬/૮૭ | ૬૦૦ | ૫૮ | ૩૪૮૦૦-૦૦ |
| ૨ | ૭/૮૭ થી ૬/૯૦ | ૮૦૦ | ૩૬ | ૨૮૮૦૦-૦૦ |
| ૩ | ૭/૯૦ થી ૬/૯૫ | ૧૦૦૦ | ૬૦ | ૬૦૦૦૦-૦૦ |
| ૪ | ૭/૯૫ થી ૩/૦૩ | ૧૩૦૦ | ૧૦૫ | ૧૩૬૫૦૦-૦૦ |
| | | | | ૨૬૦૧૦૦-૦૦ |

વધુમાં સરકારશ્રીના તબીબી ભથ્થાના નિયમો મુજબ તા.૧-૧-૯૦ થી તબીબી ભથ્થુ જે કર્મચારીઓ પગાર ધોરણ મેળવતા હોય તેઓને સંબંધિત કર્મચારીએ આપેલ વિકલ્પના આધારે ચૂકવવાપાત્ર થતુ હોય છે. ફિકસ પગારથી નિમણુક પામેલ કર્મચારીઓને આવા કોઈ પ્રકારનું ભથ્થુ ચૂકવવાપાત્ર થતુ નથી. તેમ છતાં શ્રીમતી દત્તાને રૂા.૧૦૦-૦૦ લેખે તબીબી ભથ્થુ ચૂકવવામાં આવે છે. સદરહું ભથ્થુ કયારથી ચૂકવવામાં આવે છે અને આજ સુધીમાં કેટલું ચૂકવણું થયેલ છે તે અંગે સાધનિક રેકર્ડ રજુ ન થવાને કારણે ખરાઈ થઈ શકેલ નથી. તો તે અંગે ખાત્રી કરાવવા વિનંતી તેમજ આજદિન સુધી ચૂકવેલ રકમની વિગત કાઢી ચૂકવેલ તબીબી ભથ્થાની વસુલાત કરવાની થાય. જેની વિગતો કાઢી વસુલાત કરી અન્વેષણને ખાત્રી કરાવવા વિનંતી.

ઉચ્ચક વેતનથી કોઈપણ કર્મચારીની ટૂંકાગાળા માટે નિમણુક કરવાની સરકારશ્રીની યોજના વિરુધ્ધ સદરહું કિસ્સામાં એકવાર નિમણુક આપી વખતો–વખત મુદૃતમાં વધારો કરી આવી નિયમો વિરુધ્ધની પ્રક્રિયા કરનાર જવાબદારોની જવાબદારી નકકી કરી સરકારશ્રીના નિયમોનું યોગ્ય પાલન ન કરવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ આવા અન્ય કિસ્સાઓ હોય તો ઓડિટના ધ્યાને લાવી ભવિષ્યમાં સરકારશ્રીના નિયમો–ઠરાવોનો ચૂસ્તપણે અમલ થાય તે જોવા ઓડિટનું સૂચન છે.

ઉપરોક્ત વિગતે આપેલ પ્રા.વાં.નં.૧૦૯ નો જવાબ થયેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨૬૦૧૦૦–૦૦

**ફકરા નંબર : ૪૫**

વહીવટી શાખા

આતિથ્ય હોદ્દા ખર્ચ ભથ્થુ (Sumpatuary Allowanes) અને કન્ટીજન્સી ખર્ચ અનિયમિત રીતે કરવા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન લેજર તેમજ વાઉચરોની ચકાસણી કરતાં ચા, કોફી, બિસ્કીટ જેવા હળવા નાસ્તા પેટે બે અલગ અલગ કોડ હેઠળ ખર્ચ કરવામાં આવેલ હતો. જેમાં સમપ્યુચરી એલાઉન્સ તેમજ ચા, પાણી, નાસ્તા પેટે કન્ટીજન્સી ખર્ચ કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| | રકમ |
|---|---|
| (૧) સમપ્યુચરી એલાઉન્સ (કોડ–૩૪૦૪૦૦૦) | ૫૦૮૫૫–૦૦ |
| (૨) ચા, નાસ્તા પેટે કન્ટીજન્સી ખર્ચ (કોડ–૪૬૧૦૦૦૦) | ૪૪૩૦૧૫–૦૦ |
| કુલ રૂા. | ૪૯૩૮૭૦–૦૦ |

ઓડિટ વર્ષમાં ભથ્થા ખર્ચ પેટે કોડ નં.–૩૪૦૪૦૦૦ હેઠળ રૂા.૫૦૮૫૫–૦૦ અને કન્ટીજન્સી ખર્ચ પેટે કોડ નંબર–૪૬૧૦૦૦૦ હેઠળ રૂા.૪૪૩૦૧૫–૦૦ મળી કુલ રૂા.૪૯૩૮૭૦–૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. ચા, પાણી, નાસ્તાનો ખર્ચ પણ આતિથ્ય ખર્ચ ગણાવી શકાય. હોદ્દા ખર્ચ રૂા.૫૦૮૫૫–૦૦ થયેલ હોવા છતાં વાર્ષિક હિસાબોમાં ઉકત ખર્ચમાંથી કેટલો ખર્ચ કન્ટીજન્સી ખર્ચ હેઠળ તબદીલ કરવામાં આવેલ છે. અને મર્યાદા રૂા.૯૫૦૦–૦૦ જેટલું ખર્ચ બતાવી અતિ ખર્ચની મર્યાદા છુપાવવામાં આવી હોય તેમ જણાય છે.

કન્ટીજન્સી ખર્ચમાં તમામ ખર્ચનો સમાવેશ થતો હોઈ આવું ખર્ચ અલગ તારવવામાં આવતું નથી. જેથી આવું ખર્ચ મર્યાદામાં રહેવા પામેલ નથી. આવા ખર્ચ માટે કોઈ અલગ રજીસ્ટર રાખવામાં આવેલ જણાતું નથી કે સંસ્થા ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. યોજવામાં આવેલ મીટીંગોમાં મીટીંગ ખર્ચ અંગે મીટીંગોમાં હાજર રહેલા સભ્યોનું રજીસ્ટર રજુ ન કરતાં ખર્ચની મર્યાદાની રેકર્ડ આધારિત ખાત્રી થઈ શકેલ નથી.

સામાન્ય રીતે 'સરકારશ્રીના નિયમો મુજબ ખર્ચ કરવાની મર્યાદા' સત્તા સોંપણીના નિયમોના પ્રવર્તમાન ઠરાવ ક્રમાંક : એસ.એસ.પી./૧૦૯૨/૨૧૨/ઝ તા.૨૭–૪–૯૨ માં કરેલ જોગવાઈ મુજબ કન્ટીજન્સી ખર્ચ અન્વયેના

પ્રકરણ–૪ ના સેકશન–૧, ટેબલ–૨ના ક્રમાંક–૨૦ મુજબ ચા–કોફી, નાસ્તા વગેરેની વ્યક્તિ દીઠ રૂા.૧૫/– ની મર્યાદા ફક્ત સેક્રેટરી કક્ષાના અધિકારીઓ માટે વાર્ષિક રૂા.૫૦૦૦/– ની મર્યાદામાં ખર્ચ કરવા સત્તા આપવામાં આવેલ છે. તેવી જ રીતે ખાતાના વડાને પણ વાર્ષિક રૂા.૫૦૦૦/– ની મર્યાદા ખર્ચ કરવા સત્તા આપવામાં આવેલ છે. તે જોતાં યુનિવર્સિટી ધ્વારા કરવામાં આવેલ ખર્ચ અતિશય અને કોઈ પણ મર્યાદા વગર ખર્ચ કરવામાં આવેલ છે. જે ખુબ જ અતિ ખર્ચ ગણી આવી અનિયમિતતા તરફ યુનિવર્સિટીના કુલપતિશ્રીનું ધ્યાન દોરવામાં આવે છે.

ઉક્ત બાબતે સરકારશ્રીના સત્તા સોંપણીના નિયમો હેઠળ કરેલ સત્તા મર્યાદા ઉપરાંતના ખર્ચની મંજુરી મેળવેલ હોય તો ઓડિટ સમક્ષ રજુ કરવી ઘટે. અને ન મેળવેલ હોય તો મંજુરી મેળવવી ઘટે. મંજુરી મેળવતાં સુધી કરવામાં આવેલ ખર્ચ રૂા.૪૯૩૮૭૦–૦૦ ઓડિટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

આપેલ પ્રા.વાં.નં.૫૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૯૩૮૭૦–૦૦

**ફકરા નંબર : ૪૬**

વહીવટી શાખા

રાજ્ય સરકારના માહિતીખાતા મારફત જાહેરાત નહી આપવા અંગેની અનિયમિતતા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં ધ્યાને આવેલ છે કે સંસ્થા ધ્વારા આપવાની થતી જાહેરખબર પ્રાઈવેટ કંપની (એજન્ટ) ધ્વારા આપવામાં આવે છે.

માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા.૧૨–૧૨–૮૮ ના પરિપત્ર નં.બઅપ–૧૫૮૮–૦૫૬૦–બ ગાંધીનગરે જારી કરેલ પરિપત્રથી તમામ જાહેર સાહસો, રાજયની તમામ કચેરીઓ તેમજ સ્થાનિક સંસ્થાઓએ કોઈપણ પ્રકારની જાહેર ખબર વર્તમાનપત્રોમાં આપવાની થાય ત્યારે માહિતીખાતા મારફત અથવા જિલ્લા કક્ષાએ આવેલ માહિતી કચેરી મારફત જ આપવાનું ઠરાવેલ છે. આમ છતાં આ સંસ્થાએ વર્ષ દરમ્યાન કુલ રૂા.૭૦૯૩૨૯–૦૦ નો ખર્ચ જાહેરાત માટે કરેલ હતો. જે માહિતીખાતા ધ્વારા નહીં કરતાં કે. શાહ એન્ડ કું. નામના પ્રાઈવેટ એજન્ટને જાહેર ખબરનું કામ આપેલ હતું. તેમજ આ એજન્ટના બીલો ચકાસતાં જણાયેલ હતું કે તેમણે

જે રેટથી બીલો બનાવેલ હતા. તે રેટ માહિતીખાતા ધ્વારા મંજુર થયેલ છે કે કેમ ? તે જાણી શકાતું નથી.

આમ ઉકત ખર્ચ બાબતે સંસ્થા ધ્વારા યોગ્ય પધ્ધતિ નહી અપનાવવાના કારણે ઘણું મોટું આર્થિક નુકશાન વેઠવુ પડેલ છે. જે બાબતે યોગ્ય ખુલાસો કરી ભવિષ્યમાં માહિતીખાતા ધ્વારા જ જાહેર ખબર આપવાનું ધોરણ અપનાવવું. તેમજ ઓડિટ વર્ષમાં કરેલ ખર્ચ બાબતે સત્તા ધરાવતાં અધિકારીશ્રી ધ્વારા ખર્ચ નિયમિત કરાવવામાં ન આવે ત્યાં સુધી તમામ રકમ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સદર બાબતે આપેલ પ્રા.વાં.નં.૪૪ નો કોઈ જવાબ થયેલ નથી.

વાંધા હેઠળ રૂા.૭૦૯૩૨૯-૦૦

**ફકરા નંબર : ૪૭**

વહીવટી શાખા

વર્ગ-૪ ના કર્મચારીઓની ગણવેશ ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં ,તેમજ ખાતાવહી મુજબ સદર ૪૬૦૫૦૦૦ હેઠળ વર્ષ દરમ્યાન રૂ.૪૩૩૩૬૭-૦૦ નો ખર્ચ કરવામાં આવેલ છે. જેની વિગત દર્શાવતું પરિશિષ્ટ-૧૮ આ સાથે સામેલ રાખેલ છે. સદર ખર્ચના વાઉચરોમાં જણાયેલ અનિયમિતતા બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) વા.નં.-૧૧૧૦,૧૧૧૧,૨૭૪૫ માં ગણવેશ માટે કાપડની ખરીદી નેશનલ ટેક્ષટાઈલ કોર્પોરેશન લી. અમદાવાદ થી કરેલ છે. જેમાં કુલ કેટલા કર્મચારીઓ માટે ખરીદવામાં આવેલ છે તેને લગતી વિગત ઓડિટે રજુ થયેલ નથી. કર્મચારી દીઠ નિયમ મુજબ મળવાપાત્ર કાપડની ગણતરી સાથેનું તમામ રેંકર્ડ તથાં પુરા પાડવામાં આવેલ ગણવેશની વહેંચણી અંગેના દફતરની ખરાઈ કરાવવા જણાવવા છતાં કોઈ રેકર્ડ રજુ કરવામાં આવેલ નથી.

(૨) સરકારશ્રીના સામાન્ય વહીવટી વિભાગના તા.૯–૬–૯૭ ના ઠરાવે ક્રમાંક : ગણવ/૨૨૮૦/ખ–૩ ભાગ–૨ થી કરેલ જોગવાઈ અનુસાર આવી ખરીદી ગુજરાત રાજ્ય હાથસાળ વિકાસ નિગમ (ગરવી) માંથી કરવા ઠરાવેલ હોવા છતાં ત્યાંથી ખરીદી ન કરવા અંગે સ્પષ્ટતા કરવી ઘટે.

(૩) ચોથા વર્ગના કર્મચારીઓને ગરમ કાપડ, ગણવેશનું કાપડ, બુટ વગેરે કયા વર્ષ સુધી પૂરા પાડવામાં આવેલ છે. અને ચાલુ ઓડિટ વર્ષમાં સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ કયા વર્ષનો ગણવેશ, પૂરો પાડવાનો થાય છે તે અંગેની કર્મચારીઓ વાઈઝ કેટલી સંખ્યામાં પુરો પાડવાનો થાય છે. તે અંગેની નોંધ કોઈ રજીસ્ટરમાં રાખવામાં આવેલ નથી.

(૪) પરિશિષ્ટની વિગતે કરેલ ખરીદીના વાઉચરો ઉપર ખરીદેલ માલ, ડેડસ્ટોક રજીસ્ટરના કયા પાન નંબર ઉપર નોંધવામાં આવેલ છે. તેની નોંધો કરવામાં આવેલ નથી. તથા કાપડ ટેન્ડરની શરત મુજબનું અને સારી ગુણવત્તાવાળું મળેલ છે. તે મતલબનું પ્રમાણપત્ર સક્ષમ અધિકારીશ્રી ધ્વારા આપેલ નથી. તેમજ રજીસ્ટરના કયા પાન નંબર ઉપર તે ચડાવેલ છે તેની ઓડિટને ખાત્રી કરાવેલ નથી જે કરાવવી

ઘટે. તેમજ પરિશિષ્ટમાં જણાવેલ અનિયમિતતાઓ અંગે જરૂરી સ્પષ્ટતા થવી ઘટે.

(૫) વા.નં.૩૪૧૬/૨૧–૧૦–૦૨ ૨૧૦૦–૦૦ ૧૪ કર્મચારીઓને રૂા.૧૫૦–૦૦ લેખે રેઈનકોટના ચૂકવેલ છે. જેની ખરીદીની મંજુરીઓ વાઉચરે તેમજ ઓડિટે રજુ થયેલ નથી. તેમજ રેઈનકોટ રજુ કર્યાનું જાત નિરિક્ષણ (ફિઝીકલ વેરીફિકેશન) કરાવ્યા બાબતનું પ્રમાણપત્ર જોવા મળેલ નથી.

(૬) વા.નં.૪૩૮૬ ૧૧–૧૨–૦૨ ૧૧૫૮૦–૦૦ માં સિક્યુરીટી કર્મચારીઓ માટે ખરીદેલ સામગ્રી કુલ ૨૦ કર્મચારીને આપવામાં આવેલ છે. જેમાં ૨૦ કર્મચારીઓની યાદી સામેલ નથી. તેમજ માલ બરાબર મળ્યાનું પ્રમાણપત્ર સામેલ નથી. તેમજ સદર ખર્ચની સરકારશ્રી તેમજ ઈ.સી.ની મંજુરી મેળવેલ હોય તો રજુ કરવી ઘટે. જે રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં વર્ષ દરમ્યાન કેટલાં મીટર ગણવેશનું કાપડ કેટલાં કર્મચારી માટે ખરીદવામાં આવ્યું. તેમજ સદર તેમજ વહેંચણી બાબતનું રજીસ્ટર રજુ ન થવાને કારણે ચકાસણી થઈ શકેલ નથી.

(૭) વા.નં.–૪૩૮૭ ૧૧–૨–૦૨ ૧૪૩૮૫–૦૦ માં યુનિવર્સિટીના ચોકીદારો માટે ખાખી કાપડ, રેમન્ડનું ડાહયાભાઈ વનમાળી દાસ લવસી પાસેથી ખરીદેલ છે. જેના ત્રણ ભાવ પ્રાઈવેટ પાર્ટી પાસેથી લઈ ખરીદી કરેલ છે. ખરેખર સદર ખરીદી સરકારશ્રીના નિયમોનુસાર રાજય હાથસાળ વિકાસ નિગમ (ગરવી) માંથી ખરીદી કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તેમ છતાં સદર ખરીદી કરવા બાબતે સ્પષ્ટતા કરવી તેમજ કેટલાં કર્મચારીને કેટલાં લેખે આપવામાં આવેલ તેની યાદી સામેલ નથી.

ઉપરોક્ત વિગતે પૂર્તતા તેમજ સ્પષ્ટતા તેમજ જરૂરી આધારો ઓડિટમાં રજુ થતાં સુધી કરવામાં આવેલ ખર્ચની રકમ અન્વેષણે વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સદર બાબતે આપેલ પ્રા.વાં.નં.૫૭ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૩૩૩૬૭–૦૦

## પરિશિષ્ટ–૧૮

ગણવેશ ખરીદીની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | વા.નં./ તારીખ | રકમ | ખરીદીની વિગત |
|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) |
| ૧ | ૨૬૮/ ૧૯–૪–૦૨ | ૪૭૫૦ | ગણવેશ સિલાઈના ૧૫૦ લેખે ૧૯ કર્મચારી |
| ૨ | ૬૭૭/. ૭–૫–૦૨ | ૪૬૨૫૦ | ગણવેશ સિલાઈના ગરમ ગણવેશના પેટા વાઉચરો નથી. ૨૫૦ લેખે ૧૮૫ કર્મચારી |
| ૩ | ૬૮૨/ ૭–૫–૦૨ | ૨૬૦૦ | ગણવેશ સિલાઈના ૧૩૦ લેખે ૨૦ કર્મચારી |
| ૪. | ૧૧૧૦/ ૩૧–૫–૦૨ | ૪૩૯૬ | ગણવેશ કાપડ ખરીદી નેશનલ ટેક્ષટાઈલ N.T.C.Ltd. કેટલા કર્મચારી માટે ખરીદેલ છે તે દર્શાવેલ નથી. કયા કર્મચારી માટે ખરીદેલ તેમના નામો નથી જણાવેલ. વાઉચર સાથે નામોની યાદી સામેલ નથી. ડે.સ્ટોક ચડાવ્યાની નોંધ નથી. |
| ૫ | ૧૧૧૧/ ૩૧–૫–૦૨ | ૧૩૬૦૯૨ | ગણવેશ કાપડ ખરીદી નેશનલ ટેક્ષટાઈલ લીમીટેડ N.T.C. કેટલા કર્મચારી માટે કાપડ ખરીદેલ છે તે દર્શાવેલ નથી. (૨૧૭૦ મીટર) ડેડસ્ટોકે ચડાવ્યાની નોંધ નથી. |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૬ | ૧૫૫૪/ ૨૭–૬–૦૨ | ૫૭૮ | ગણવેશં ચૂકવણું સાથે કોઈપણ પેટા વાઉચર નથી. |
| ૭ | ૧૮૧૧/ ૬–૭–૦૨ | ૬૦૦૦ | ગણવેશ સિલાઈના ૨૫૦ લેખે ૨૪ કર્મચારી ગરમ કાપડ સિલાઈના |
| ૮ | ૨૩૬૬/ ૧૭–૮–૦૨ | ૫૮૮ | ગણવેશ ખર્ચ – કોઈપણ પેટા વાઉચરો સામેલ નથી. |
| ૯ | ૨૪૦૦/ ૨૩–૮–૦૨ | ૨૪૧૫૦ | ચોથા વર્ગના કર્મચારી માટે રેઈનકોટ આપેલ છે. ૧૫૦ લેખે ૧૬૧ કર્મચારીઓને વાઉચર સાથે પેટા વાઉચર સામેલ નથી. |
| ૧૦ | ૨૪૦૧/ ૨૩–૮–૦૨ | ૧૮૬૦૦ | ચોથા વર્ગના કર્મચારીઓને ચંપલના ચૂકવેલ છે. ૧૦૦ લેખે ૧૮૬ કર્મચારીઓને પેટા વાઉચરો સામેલ રાખેલ નથી. |
| ૧૧ | ૨૭૪૫/ ૧૩–૯–૦૨ | ૧૨૯૬૯૮ | ગણવેશના કાપડ ખરીદીનું વાઉચર છે. નેશનલ ટેક્ષટાઈલ કોર્પો. (N.T.C.) કુલ કેટલાં કર્મચારી માટે કેટલાં ગણવેશનું કાપડ ખરીદેલ છે તે જણાવેલ નથી. ડેડસ્ટોકે ચડાવ્યાનું પ્રમાણપત્ર નથી. |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૨ | ૩૩૪૮/ ૧૮–૧૦–૦૨ | ૩૦૦ | ગણવેશ ખર્ચ – પેટા વાઉચર સામેલ નથી. |
| ૧૩ | ૩૪૧૬/ ૨૧–૧૦–૦૨ | ૨૭૦૦ | ચોથા વર્ગના કર્મચારીઓને ચંપલના ચૂકવેલ છે. તેમજ રેઈનકોટ ખર્ચ છે. ૧૦૦ લેખે ૬ કર્મચારીને ચંપલના ૧૫૦ લેખે ૧૪ કર્મચારીઓને રેઈનકોટના રેઈનકોટ રજુ કર્યાનું પ્રમાણપત્ર સામેલ નથી. ડે.સ્ટોકે ચડાવેલ નથી. |
| ૧૪ | ૪૩૩૩/ ૭–૧૨–૦૨ | ૩૫૦ | ગણવેશ ખર્ચ – પેટા વાઉચર નથી. |
| ૧૫ | ૪૩૮૬/ ૧૧–૧૨–૦૨ | ૧૧૫૮૦ | સિકયુરીટી સ્ટાફ માટે બ્લેક લેધર શુઝ, બ્લેક બેરેટ કેપ, બ્લેક વેબ બેલ્ટ, ખાખી મોજા, બ્લેક લેમ ગાર્ડ, સોલ્જરબેઝ મીલેટરી સ્ટોર્સમાંથી ખરીદેલ છે. કુલ ૨૦ કર્મચારીઓને આપેલ છે. કર્મચારીઓની યાદી સામેલ નથી. |
| ૧૬ | ૪૩૮૭/ ૧૧–૧૨–૦૨ | ૧૪૩૮૫ | ચોકીદારો માટે ગણવેશનું ખાખી કાપડ ખરીદેલ છે. ૧૩૩ ના દરે ૧૦૮ મીટર ખરીદેલ છે. કેટલાં કર્મચારી માટે ખરીદેલ છે તે નથી જણાવેલ. |

| (૧) | (૨) | (૩) | (૪) |
|---|---|---|---|
| ૧૭ | ૪૪૧૨/ ૧૬–૧૨–૦૨ | ૨૧૪૫૦ | ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ સિલાઈના ૧૩૦ લેખે ૧૬૫ કર્મચરીઓને પેટા વાઉચરો સામેલ રાખેલ નથી. ચૂકવણીમાં કર્મચારીઓની સહી મેળવેલ નથી. |
| ૧૮ | ૫૬૮૧/ ૨૪–૨–૦૩ | ૬૫૬૦ | ગણવેશ સિલાઈનું ચૂકવણું છે. ૪૭ કર્મચારીને ૧૩૦ લેખે (પુરુષ) ૫૦ લેખે ૯ સ્ત્રી કર્મચારીને ચૂકવેલ છે. |
| ૧૯ | ૫૬૮૨/ ૨૪–૨–૦૩ | ૨૩૪૦ | વોચમેન ભાઈઓને ખાખી ગણવેશ સિલાઈના ૧૩૦ લેખે ૧૮ કર્મચારીને આપેલ છે. |
| | કુલ | ૪૩૩૩૬૭ | |

**ફકરા નંબર : ૪૮**

એસ્ટેટ વિભાગ

એસ્ટેટ વિભાગને આપવામાં આવેલ એડવાન્સની રકમો મોટા પ્રમાણમાં સરભર કર્યા વિના બાકી રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨-૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન લેઝર તથા એડવાન્સ રજીસ્ટરની ચકાસણી કરતાં યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગને પેશગી તરીકેની રકમો અંગેની પરિસ્થિતિ નીચે પ્રમાણે હતી.

| | |
|---|---|
| ઉઘડતી સિલક | રૂા. ૨૦૮૩૯૩૬-૫૫ |
| વર્ષ દરમ્યાન એડવાન્સ | રૂા. ૧૭૭૫૨૫-૦૦ |
| કુલ | રૂા. ૨૨૬૧૪૬૧-૫૫ |
| વર્ષ દરમ્યાન સરભર | રૂા. ૧૦૫૭૬૩-૦૦ |
| બંધ સિલક | ૨૧૫૫૬૯૮-૫૫ |

ઉપરોક્ત બાબતે એસ્ટેટ વિભાગને સને ૨૦૦૨-૨૦૦૩ ના વર્ષ પહેલાં ચૂકવવામાં આવેલ એડવાન્સની રકમો મોટા પ્રમાણમાં સરભર થયા વિના

બાકી તરીકે જોવા મળેલ છે. સદર બાબતે સ્પષ્ટતા સહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

એડવાન્સ રજીસ્ટરમાં અગાઉના વર્ષની બાકી એડવાન્સ તરીકે રૂા.૨૦૮૩૯૩૬–૫૫ પૈસા સિલક તરીકે દર્શાવવામાં આવેલ હતી. જે કોની પાસે કેટલી બાકીમાં છે તેની સ્પષ્ટ વિગતો આપવામાં આવેલ નથી. જેથી આવી બાકી રકમો પૈકી કયા વર્ષની કેટલી રકમ બાકી તરીકે ખેંચાય છે તે અંગેની સ્પષ્ટતા થતી નથી. જે બાબતે વર્ષવાર જેની જેની રકમ બાકીમાં રહેતી હોય તે સાથે વિગતવાર પત્રક બનાવી રજુ કરવી ઘટે.

સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન આપેલ એડવાન્સની રકમો સામાન્ય રીતે ઈલેકટ્રીક માલસામાન સિમેન્ટ, ઈંટો તથા રીપેરીંગ–પ્લંબીગના સાધનો અને બગીચા માટેના સામાનની ખરીદી જેવી બાબતો માટે એડવાન્સ આપવા અંગે જણાવવાનું કે આવા કામો ટૂંકા સમયગાળા માટે હોઈ ચૂકવાયેલ એડવાન્સની રકમો તાત્કાલિક સરભર કરવા જોઈએ જે ન થવા બાબતે સંબંધિતો પાસેથી ખુલાસા મેળવી આવી રકમો તાત્કાલિક સરભર થાય તે અંગેની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

અગાઉના વર્ષો ઓડિટ દરમ્યાન પણ આ બાબતે યુનિવર્સિટીનું ધ્યાન દોરવામાં આવેલ હોવા છતાં અપૂર્ણ હિસાબો નિભાવવામાં આવેલ છે. આ બાબતે ઓડિટનું ખાસ સૂચન છે કે એડવાન્સ રકમોનું રજીસ્ટર વ્યવસ્થિત રીતે નિભાવી પૂર્તતા સહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સને ૨૦૦૨–૦૩ દરમ્યાન અગાઉની તથા ચાલુ વર્ષની મળી કુલ ૨૨૬૧૪૬૧–૫૫ પૈસા જેટલી માતબર રકમ સરભર કરવાની થતી હતી. તેમ છતાં સદરહું વર્ષ દરમ્યાન ફક્ત રૂા.૧૦૫૭૬૩–૦૦ ની જ રકમ સરભર થયેલ છે. જે ખુબ જ ગંભીર બાબત ગણાવી શકાય તેમજ જવાબદારોથી સ્પષ્ટતા સહ સત્વરે સદર રકમ સરભર કરવા અંગેની ત્વરીત કાર્યવાહી કરવી ઘટે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૧૫ નો જવાબ કરેલ નથી.

ફકરા નંબર : ૪૯

એસ્ટેટ વિભાગ

ગુજરાત યુનિવર્સિટીની મિલકતોના સંભવિત નુકસાન સામે જરૂરી વીમા રક્ષણ મેળવવા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ અર્થે રજુ થયેલ દફતર પૈકી વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ કાયમી મિલકતોના પરિશિષ્ટ–એફની ચકાસણી કરતાં તા.૩૧–૩–૨૦૦૩ ના રોજ સંસ્થાની માલિકીના મકાનો, ફર્નિચર વગેરે મળી કુલ રૂ.૩૪૭૭૨૭૦૫–૬૪ ની કિંમત હોવાનું જણાય છે. જેની ખરીદી કરવામાં આવેલ હતી કે અન્ય રીતે પ્રાપ્ત થયેલ હતી તેની વિગતો મિલકત રજીસ્ટરે નોંધી તેને અદ્યતન રીતે નિભાવેલ હોય તો તેની વિગત જાણી શકાય પરંતુ આવું કોઈ રજીસ્ટર સંસ્થા ધ્વારા નહી નિભાવતાં સદર મિલકતોના હવાલાની વિગત સહિત તેની યોગ્ય રીતે જાળવણી થયા અંગેની ખાત્રી થઈ શકેલ ન હતી. તો સદરહું મિલકતોનું રજીસ્ટર તૈયાર કરી હાલમાં તેનો હવાલો કોની પાસે છે તેનો હવાલો ધરાવતી કચેરીના ડેડસ્ટોક રજીસ્ટરે ઉક્ત મિલકતો જમા લીધાંનો જરૂરી હિસાબમેળ કરી મિલકત રજીસ્ટર અદ્યતન રીતે તૈયાર કરી ઓડિટને જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

સદરહું રજીસ્ટરના અભાવે મિલકતોના સંભવિત નુકશાના રંક્ષણ અંગે જરૂરી વીમોં લેવાની જવાબદારી કોની છે ? અને તેનો ચૂસ્તપણે અંમલ થયાની ખરાઈ અર્થે ઉકત મિલકતોના વીમા લીધાની વિગતો સહિત સમયાંતરે તેને રીન્યુ કરવાના સમયની ઓડિટે વિગતવાર ખાત્રી કરાવવી ઘટે.

સદરહું બાબતે ગુજરાત સરકારના નાણાં વિભાગના તા.૧૫—૨—૯૫ ના ઠરાવ ક્રમાંક : વનમ/૧૦૯૪/૧૧૧૭ તથા તા.૨—૪—૭૫ ના પરિપત્ર ક્રમાંક : એમ.એસ.બી./૧૦૭૪/૫૨૫૧/૪૪ અને તા.૩૧—૩—૮૭ ના પરિપત્ર ક્રમાંક : બી.એન.એમ./૧૦૪૬/૩૪૬૩/ ઠ ૨ અન્વયે આપવામાં આવેલ સૂચના મુજબ વીમા નિયામકશ્રી ગુજરાત રાજયના તા.૫—૧૨—૨૦૦૦ ના પત્ર નંબર હિતિનિ/વિનિ/પુ.૭/વિકાસ—જ્ઞ (૧) ૯/૬૨૭૦ થી આપવામાં આવેલ સૂચના મુજબ ગુજરાત રાજય વીમા નિધિ અથવા સામાન્ય વીમા વ્યવસાય (રાષ્ટ્રીયકરણ) ૧૯૭૨ ના અધિનિયમ સેકશન ૬૬(૧) ની જોગવાઈ અન્વયે અન્ય પેટા વીમા કંપનીઓ સાથે વીમાની વ્યવસ્થા ગોઠવાયેલ છે. તે મુજબ જે કિસ્સાઓમાં વીમાનું રક્ષણ મેળવવાનું બાકીમાં હોય તેનું તાત્કાલિક અસરથી જરૂરી વીમા પોલીસી મેળવી લઈ વીમા રક્ષણ ઉભુ કરવાની કાર્યવાહી કરી ઓડિટે ખાત્રી કરાવવાની રહે છે.

ઉકત બાબતે અગાઉના વર્ષોમાં પણ ઓડિટ નોંધો આપવામાં આવતી હોવા છતાં તેનો અમલ ન થયાનું જણાય છે. જે બાબત કુલપતિશ્રીના અંગત ધ્યાને લાવવામાં આવે છે તેમજ આ બાબતે નિયમોનુસારની કાર્યવાહી નિયમિત રીતે થાય તેની વ્યવસ્થા ગોઠવી અન્વેષણને ખાત્રી કરાવવા વિનંતી.

ઉપરોકત બાબતે આપેલ પ્રા.વાં.નં.-૨૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૫૦**

એસ્ટેટ વિભાગ

ગુજરાત યુનિવર્સિટીની ખાલી વસાહતો ભાડે ન આપવાને કારણે યુનિવર્સિટીને થયેલ આર્થિક નુકશાન બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગ ધ્વારા રજુ થયેલ વસાહતોના ભાડા રજીસ્ટરની ચકાસણી કરતાં સામેલ પત્રક મુજબ રૂા.૮૦૪૫૦–૦૦ જેટલી ભાડાની આવક ગુમાવવી પડેલ હતી.

ઉપરોક્ત બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) યુનિવર્સિટી ધ્વારા નિભાવવામાં આવતી વસાહતોના કવાર્ટરને કેટેગરી પ્રમાણે વહેંચીને તે પ્રમાણે ભાડાના દર નકકી કરવામાં આવતા હોય છે. વિભાગ ધ્વારા અન્વેષણમાં ભાડા પત્રક રજુ કરવામાં આવેલ નથી. પરંતુ કોરા કાગળ ઉપર કેટેગરી પ્રમાણે ભાડાના દર લખીને રજુ કરવામાં આવેલ છે જે ઉચિત નથી. તેમજ તે દર નિયત થયા અંગેની

નિયમોનુસારની ખાત્રી થઈ શકતી નથી. જેથી નિયત થયેલ ભાડા પત્રક રજુ કરવા વિનંતી. (ઉપરોક્ત રૂા.૮૦૪૫૦-૦૦ ની ગણતરી રજુ થયેલ માહિતીને આધારે કાઢવામાં આવેલ છે.)

(૨) સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન સામેલ પત્રક મુજબ ઘણા કવાર્ટર ખાલી રહેવાનું રજીસ્ટર ઉપરથી માલુમ પડેલ છે. તો કેવા સંજોગોમાં કવાર્ટર ખાલી રહેવા પામેલ હતા તેની આધારિત ખાત્રી કરાવવી ઘટે.

(૩) વર્ષ દરમ્યાન કવાર્ટરની માંગણી કરતી કેટલી અરજીઓ આવેલ હતી અને તે પૈકી કેટલા કર્મચારીઓને કવાર્ટર ફાળવવામાં આવેલ હતા તે બાબતે આવેલ અરજીઓ અંગેનું રજીસ્ટર નિભાવેલ હોય તો તે તેમજ નિકાલ કરવા અંગેની કાર્યવાહી થયેલ હોય તો તેની આધારિત ખાત્રી અન્વેષણને કરાવવી ઘટે.

ખાલી કવાર્ટર પડી રહેવાને કારણે યુનિવર્સિટીની આવકમાં ઘટાડો થવા પામેલ છે. અને જરૂરિયાતવાળા કર્મચારીઓ/અધિકારીઓને રહેઠાણની સગવડ પૂરી પાડવામાં આવતી નથી તેવું

ફલિત થાય છે. જેથી આવી કામગીરી ઝડપી બનાવી ભાડાની આવકમાં વધારો થાય તેવી કાર્યવાહીનો સત્વરે અમલ થવો ઘટે.

ભાડા દર કયારથી અમલમાં આવેલ છે અને તે અંગેના હુકમો કયારે થયેલ છે તેની અન્વેષણને આધારિત ખાત્રી કરાવવા વિનંતી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.—૩૮ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

વસુલાતની રકમ રૂા.૮૦૪૫૦—૦૦

## <u>પરિશિષ્ટ–૧૯</u>

ગુજરાત યુનિવર્સિટીની ખાલી વસાહતો ભાડે ન આપવાના કારણે ગુમાવેલ ભાડાની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ નંબર | ખાલી કવાર્ટસની વિગત | ખાલી કવા. માસ | નકકી થયેલ માસિક ભાડું રૂા. | કુલ રકમ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | અધ્યક્ષ બંગલો–૧ | ૧૨ | ૩૪૫ | ૪૧૪૦ |
| ૨ | અધ્યક્ષ બંગલો–૨ | ૧૨ | ૩૪૫ | ૪૧૪૦ |
| ૩ | રીડર્સ રો–હાઉસ–૧ | ૬ | ૩૪૫ | ૨૦૭૦ |
| ૪ | રીડર્સ રો–હાઉસ ખાલી કવા.નં.૪,૬,૮,૧૨ | ૪૮ | ૩૪૫ | ૧૬૫૬૦ |
| ૫ | રીડર્સ ફલેટ ખાલી કવા.નં.૧,૨,૬ | ૩૨ | ૨૨૦ | ૭૦૪૦ |
| ૬ | લેકચર રો–હાઉસ કવા.નં.૬,૮,૯,૧૦ | ૩૩ | ૨૧૫ | ૭૦૯૫ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૭ | 'બી' ટાઈપ સ્ટાફ કવાર્ટસ<br>કવા.નં.૧,૪,૬,૮,૧૨,૨૪ | ૪૮ | ૮૫ | ૪૦૮૦ |
| ૮ | 'સી' ટાઈપ રો-હાઉસ<br>કવા.નં.૩,૪,૫,૭ | ૪૧ | ૨૫ | ૧૦૨૫ |
| ૯ | 'સી' ફલેટ<br>કવા.નં.૧,૨,૩,૪,૬,૭,૯,૧૧,૧૨ | ૧૦૨ | ૫૦ | ૫૧૦૦ |
| ૧૦ | 'ડી' ટાઈપ રો-હાઉસ<br>કવા.નં.૨,૮,૧૧,૧૨ | ૪૨ | ૨૫ | ૧૦૫૦ |
| ૧૧ | 'ડી' ટાઈપ ફલેટ<br>કવા.નં.૧૭,૨૧,૨૨,૨૩,૨૪,૨૫,<br>૩૦,૩૧,૩૫,૩૬,૪૩,૪૪,૪૫,૪૬,<br>૪૮ | ૧૨૧ | ૨૫ | ૩૦૨૫ |
| ૧૨ | ટીચર્સ કવાર્ટર<br>૧/૧,૧/૨,૧/૩,૧/૬,૨/૮,૨/૧૧,<br>૨/૧૨,૩/૧૩,૩/૧૪,૩/૧૬,૩/૧૭,<br>૩/૧૮,૪/૧૯,૪/૨૦,૪/૨૧,૪/૨૨,<br>૪/૨૩,૪/૨૪,૫/૨૬,૫/૨૮,૫/૨૯,<br>૫/૩૦,૬/૩૧,૬/૩૩,૬/૩૫,૬/૩૬,<br>૭/૩૯,૭/૪૧,૭/૪૨,૮/૪૬,૮/૪૭ | ૩૪૫ | ૭૦ | ૨૪૧૫૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૧૩ | હેલ્થ સેન્ટર નં.–૨,૩ | ૨૪ | ૨૫ | ૬૦૦ |
| ૧૪ | સર્વન્ટ ક્વાર્ટસ | ૬ | ૨૫ | ૧૫૦ |
| ૧૫ | વોચમેન રૂમ | ૯ | ૨૫ | ૨૨૫ |
| | કુલ રૂ. | | | ૮૦૪૫૦ |

ફકરા નંબર : ૫૧

એસ્ટેટ વિભાગ

ગુજરાત યુનિવર્સિટીની માલિકીની મિલકતો ભાડે આપવા તેમજ તેનું ભાડું વસુલ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગ ધ્વારા યુનિવર્સિટીની મિલકતોના રજુ કરેલ દફતરની ચકાસણી કરતાં નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટીના હસ્તક શોપીગ સેન્ટરની કુલ–૬ દુકાનો પૈકી એક દુકાન ખાલી રહેલ છે. જયારે પાંચ દુકાનો ભાડે આપવામાં આવેલ છે. સદર ભાડે આપેલ દુકાનોની ફાઈલોની ચકાસણી કરતાં દુકાન નં.૧ ઘંટી (પી.આર.એલ.ઘંટી) ભાડુઆતશ્રી મિશ્રીલાલ ધ્વારા પહોંચ નં.૩૬૬૬ તા.૪–૮–૦૩ થી માહે ૮/૦૨ થી ૮/૦૩ કુલ–૧૩ માસનું ભાડું રૂા.૧૫૭–૦૦ લેખે રૂા.૨૦૪૧–૦૦ ભરેલ છે. જે પૈકી સને ૨૦૦૨–૦૩ ના આઠ માસ ૮/૦૨ થી ૩૧–૩–૦૩ સુધીના ભાડા વસુલાતની ખરાઈ થઈ શકેલ છે. જયારે ૧–૪–૦૨ થી ૩૦–૭–૦૨

સુધીના ૪ માસના ભાડાની વસુલાત અંગે રસીદ રજુ ન થવાને કારણે ખરાઈ થઈ શકેલ નથી. તો સદરહું સમયગાળાનું ભાડું વસુલ કરવામાં આવેલ છે કે કેમ તેની આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૨) દુકાન નં.–૨ ધોબીની દુકાન ભાડુઆતશ્રી ગોરધનભાઈ જીવાભાઈ ધોબી ધ્વારા માસિક રૂા.૧૫૮–૦૦ લેખે રસીદ નં.૨૭૪૮ તા.૯–૧૨–૦૩ થી ૧/૦૧ થી ૧૨/૦૨ માસનું રૂા.૩૭૮૨–૦૦ તથા રસીદ નં.૨૭૪૯ તા.૯–૧૨–૦૩ થી તા.૧/૦૨ થી ૧૨/૦૨ સુધીના બાર માસનું ભાડું રૂા.૧૮૯૬–૦૦ ભરેલ છે.

(૩) દુકાન નં.–૩ દરજીની દુકાન ભાડુઆતશ્રી અશોકભાઈ બાબુભાઈ દરજી ધ્વારા રસીદ નં.૨૩૮૫ તા.૨૪–૧૧–૦૩ થી માહે ૧–૬–૦૧ થી ૩૧–૧૨–૦૩ સુધીના ૩૦ માસનું ભાડું રૂા.૧૫૮–૦૦ લેખે ૪૭૪૦–૦૦ ભરેલ છે. માહે ૧–૧–૦૩ થી ૩૧–૩–૦૩ ના ૩ માસના ભાડાની રસીદ ફાઈલે રજુ ન થવાને કારણે ખરાઈ થઈ શકેલ નથી. જે સમયગાળાનું ભાડું વસુલ કરેલ હોય તો તેની આધારિત ખાત્રી કરાવવા વિનંતી.

(૪) દુકાંન નં.–૪ સપનીલ ટ્રેડીંગ (દુધની દુકાન) ભાડુઆતશ્રી રમણભાઈ ડાહયાભાઈ પટેલની ફાઈલ ચકાસતાં રસીદની ડુપલીકેટ કોપી રજુ ન કરતાં ઝેરોક્ષ નકલો રજુ કરવામાં આવેલ છે. ઝેરોક્ષ નકલ જોતાં રસીદ નં.૨૮૦૦ તા.૨૮–૫–૦૩ તા.૨/૦૨ થી ૫/૦૩ ૧૬ માસ સદર વિગત જોતાં ઝેરોક્ષ કોપીઓ સામેલ રાખવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ કાર્બન નકલ રજુ કરી ઓડિટે ખાત્રી કરાવવા વિનંતી.

(૫) દુકાન નં.–૫ પી.આર.એલ. કન્ઝયુમર સ્ટોર્સ ફાઈલે સને ૨૦૦૨–૦૩ ના વર્ષનું ભાડું વસુલ કરવા બાબતે કોઈ રસીદ રજુ થયેલ નથી. જેથી આધારિત ખાત્રી થઈ શકેલ નથી. આમ સદર વિગતો જોતાં ભાડે આપેલ મિલકતનું ભાડું નિયમિત રીતે દર માસે વસુલ લેવામાં આવતું નથી જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(૬) વધુમાં સંસ્થા ધ્વારા સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન પોતાની માલિકીની મિલકતો જેવી કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને આપેલ મકાન ભાડું વસુલાત કરવા બાબતની તથા તે અંગેનાં કરારની ફાઈલ પોસ્ટ ઓફિસને આપેલ મકાન, યુનિવર્સિટી કેન્ટીના મકાન અંગેની ફાઈલ

તેમજ યુનિવર્સિટીનાં મેદાનો સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન ભાડેથી આપેલ હોય તોં તે અંગેની ફાઈલ, કરાર ફાઈલ, મંજુરી અંગેનાં આદેશો સહિતનું સંપૂર્ણ દફતર અન્વેષણમાં રજુ કરવા જણાવવા છતાં રજુ થયેલ નથી જે આગામી ઓડિટમાં સ્પષ્ટતા સહ રજુ થવુ ઘટે.

સદર બાબતે ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રો.વાં.નં.-૬૯ નો જવાબ કરવામાં આવેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૧૫૭૬-૦૦

વાંધા હેઠળ રકમ રૂા.૪૭૬-૦૦

ફકરા નંબર : ૫૨

એસ્ટેટ બિભાગ

ગુજરાત યુનિવર્સિટીના ફળાઉ તેમજ બિન ફળાઉ ઝાડનું રજીસ્ટર નિભાવવા તેમજ જરૂરી ઉપજની વિગતો બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ અન્વેષણ દરમ્યાન સંસ્થાની માલિકીના કુલ ઝાડ પૈકી ફળાઉ તેમજ બિન ફળાઉ ઝાડનું રજીસ્ટર રજુ ન થતાં ફળાઉ ઝાડની કેટલી ઉપજ વર્ષ દરમ્યાન સંસ્થાને મળેલ તેમજ વાવાઝોડાથી અથવા અન્ય રીતે ઝાડ સુકાઈ જવાના પ્રસંગે વર્ષ દરમ્યાન નકામા બનેલ ઝાડના લાકડાના નિકાલ પેટે કેટલી ઉપજ સંસ્થાને પ્રાપ્ત થયેલ તે વિગત જાણી શકાયેલ નથી. સંસ્થાની માલિકીના ઝાડ પૈકી ફળાઉ તેમજ બિન ફળાઉ ઝાડની વિગતોનું રજીસ્ટર તથા વર્ષ દરમ્યાન થયેલ ઉપજની વિગતો રજુ કરી માલિકીના ઝાડો સામે જરૂરી ઉપજ મેળવ્યાની ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

ઉપરોક્ત વિગતે ઓડિટ પૂર્ણ થતાં સુધી પ્રા.વાં.નં.–૫૯ નો જવાબ થયેલ નથી.

**ફકરા નંબર : ૫૩**

એસ્ટેટ વિભાગ

ગુજરાત યુનિવર્સિટી ખાતે સિક્યુરીટીની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ હોવા છતાં બોયઝ હોસ્ટેલમાં ચોરી થવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષમા અન્વેષણ દરમ્યાન એસ્ટેટ વિભાગની રજુ કરેલ મંજુરી અંગેની ફાઈલની ચકાસણી કરતાં નીચે પ્રમાણે અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

ગુજરાત યુનિવર્સિટી ધ્વારા પોતાની સિક્યુરીટી સ્ટાફ હોવા છતાં ખાનગી સિક્યુરીટીની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવતી હોય છે. સને ૨૦૦૧–૦૨ ના વર્ષ દરમ્યાન સદર બાબતે ખ્યાતિ સિક્યુરીટી સર્વિસને વાર્ષિક કોન્ટ્રાકટથી કરાર કરવામાં આવેલ હતો. જેની મુદ્દત તા.૩૧–૩–૦૨ ના રોજ પૂર્ણ થતી હતી. પરંતુ ફાઈલ ઉપરની તા.૨–૪–૦૨ ની નોંધ ઉપર વાઈસ ચાન્સેલર શ્રી ધ્વારા સદર કોન્ટ્રાકટ રીન્યુ કરવા માટે મંજુરી આપેલ હતી. અને વર્ષ દરમ્યાન ખાનગી સિક્યુરીટી પાછળ એસ્ટેટ વિભાગ ધ્વારા આપેલ આંકડા મુજબ કુલ રૂા.૩૪૨૭૯૦–૦૦ નો ખર્ચ કરેલ હતો.

આમ ઉપરોક્ત વિગતો જોતાં યુનિવર્સિટી ખાતે પોતાની તથા ખાનગી સિક્યુરીટી માટે મોટા પ્રમાણમાં ખર્ચ કરવામાં આવતો હોવા છતાં ફાઈલોની ચકાસણી કરતાં તા.૨૨–૭–૨૦૦૨ ના બોયઝ હોસ્ટેલના પત્રથી સલામતી અધિકારીશ્રીને જણાવ્યા મુજબ તા.૨૧–૭–૦૨ ના રોજ હોસ્ટેલના 'એ' બ્લોકમાં રાત્રે તાળુ તોડી સીલીગ ફેન ચોરી ગયેલ હતું. તે જ પ્રમાણે સામેલ પત્ર તા.૮–૮–૦૨ ના અનુસંધાને હોસ્ટેલ ધ્વારા સિક્યુરીટી અધિકારીશ્રીને જણાવ્યા મુજબ તા.૭–૮–૦૨ ના રોજ હોસ્ટેલના 'બી' બ્લોકમાં તાળુ તોડી સીલીગ ફેન કોઈ ચોરી ગયેલ હોવાની જાણ કરેલ છે. સદર બાબતે રૂબરૂ પૂછવાથી આ અંગે પોલીસ ફરિયાદ કરેલ હોય તો રજુ કરવા જણાવેલ હતું. જે બાબતે સંતોષકારક જવાબ મળેલ નથી. અને આ પ્રકારે વારંવાર થતી ચોરીઓ થાય છે. તે બાબતે શું પગલાં લેવામાં આવેલ હતા તેમજ તે અંગે જવાબદાર પાસેથી ખુલાસો મેળવી જવાબદારોથી જવાબદારી નક્કી કરી લીધેલ પગલાંની અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

યુનિવર્સિટી સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન રેકર્ડની ચકાસણી કરતાં બે વખત ચોરી થયેલ અને સીલીગ ફેનની ચોરી થયેલ હોવાનું ધ્યાને આવેલ હતું. આમ ઓડિટ વર્ષ દરમ્યાન અન્ય કોઈ ચોરીના બનાવ બનેલ હોય તો તેમજ જે તે સમયે અન્ય કઈ કઈ ચીજોની ચોરી થયેલ હતી તેમજ જે તે

સમયે શું પગલાં લેવામાં આવેલ હતા તે અંગેની સંપૂર્ણ કાર્યવાહીની ફાઈલ અન્વેષણ સમક્ષ રજુ કરવી ઘટે.

યુનિવર્સિટી ખાતે ખાનગી તથા પોતાની સિક્યુરીટી રોકવામાં આવતી હોવા છતાં આ પ્રકારે ચોરીના બનાવો બને તે ખૂબ જ ગંભીર બાબત ગણી શકાય. અને સંસ્થા ધ્વારા સિક્યુરીટી પાછળ આટલો બધો ખર્ચ કરવા છતાં સલામતી ન જળવાતી હોય તો સિક્યુરીટી રાખી કરવામાં આવતાં ખર્ચનો હેતુબર આવતો નથી. આ બાબતે રાખવામાં આવેલ સિક્યુરીટી એજન્સી સામે શું કાર્યવાહી કરવામાં આવી તે અંગેની સઘળી માહિતી અન્વેષણને સત્વરે પૂરી પાડી જવાબદારથી જવાબદારી નકકી કરી લીધેલ પગલાંની વિગત અન્વેષણ સમક્ષ રજુ કરેલ નથી.

સદર બાબતે ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.—૮૨ નો જવાબ કરવામાં આવેલ નથી.

ઉક્ત બાબતે સંસ્થા ધ્વારા પૂર્તતા થતાં સુધી કરેલ ખર્ચ રૂા.૩૪૨૭૯૦/— વાંધા હેઠળ રાખવાંમાં આવે છે.

વાંધા હેઠળ રકમ રૂા.૩૪૨૭૯૦/—

**ફકરા નંબર : ૫૪**

એસ્ટેટ વિભાગ

કુલપતિશ્રીના બંગલા માટે ફર્નિચર ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચના વાઉચરની ચકાસણી કરતાં સંસ્થાએ વા.નં.૪૦૯૮ તા.૨૮–૧૧–૦૨ ૧૩૦૦૫૦–૦૦ નો ખર્ચ કુલપતિશ્રીના બંગલા માટે ફર્નિચર ખરીદવા કરેલ હતો. જે બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) ગુજરાત યુનિવર્સિટીની ફાઈનાન્સ સમિતિની સભા તા.૩૧–૧૨–૯૯ ના રોજ મળેલ હતી. તેના પત્ર ક્રમાંક : હિસાબ/સ્ટોર્સ/૯૯૭૮/૨૦૦૦ તા.૧૨–૧–૨૦૦૦ ની બાબત ક્રમાંક–૨ થી કુલપતિશ્રીના બંગલામાં ફર્નિચર ખરીદવાની મંજુરી આપેલ હતી.

(૨) સરકારશ્રીના તા.૯–૯–૯૮ ના ઠરાવથી થયેલ સૂચનાઓ અનુસાર કરકસરને ધ્યાને રાખી ફર્નિચરની ખરીદી ઉપર બાન મુકેલ છે. છતાં જો ફર્નિચર ખરીદી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે વહીવટી વિભાગની મંજુરી મેળવીને ખરીદી કરવાની રહેશે. તેમજ ખરીદી

કરવા માટે સરકારશ્રી ધ્વારા માન્યતા મેળવેલ હોય તેવી સંસ્થાઓ પાસેથી ભાવપત્રકો મંગાવી તેમાંથી ઓછા ભાવ ભરનાર સંસ્થા પાસેથી ખરીદી કરવાની જોગવાઈ છે.

(૩) ઉકત વાઉચરની ચકાસણી કરતાં આવી કોઈ સરકારશ્રી ધ્વારા નિયત થયેલ કાર્યવાહી પ્રમાણે ખરીદી કરવામાં આવી હોય તેમ જણાતું નથી.

(૪) વાઉચરો સાથે સામેલ રાખેલ બીલો ૨૦૦૦ ની સાલના છે. તો જે તે વર્ષમાં ખર્ચ ન પાડતા આટલા વિલંબથી ખર્ચ પાડવા બાબતે ઓડિટે સ્પષ્ટતા કરવી ઘટે.

(૫) બીલોમાં માલ સારી ગુણવત્તાવાળો મળેલ છે. તેવું પ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.

ઉકત અ.નં.૧ થી ૫ ની અનિયમિતતા બાબતે ઓડિટે તેની રેકર્ડ આધારિત સ્પષ્ટતા થવી ઘટે. સ્પષ્ટતા થતાં સુધી કરેલ ખર્ચ રૂા.૧૩૦૦૫૦-૦૦ ને વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.-૧૧૫ નો સંસ્થાએ કોઈ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૩૦૦૫૦-૦૦

**ફકરા નંબર : ૫૫**

પરીક્ષા વિભાગ

**ગુણ ચકાસણી અને પુનઃ મુલ્યાંકન ફીની આવકમાં મળેલ અરજીઓના સંદર્ભે આવેલ તફાવત તેમજ પરિણામો અને ગુણ સુધારતાં કરવાની વસુલાત અંગે.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો તેમજ વાર્ષિક વહીવટી અહેવાલ મુજબ ગુણ ચકાસણી તેમજ પુનઃ મુલ્યાંકન અંગે આવેલ અરજીઓ તેમજ વાર્ષિક આવક બાબતે પરિસ્થિતિ નીચે મુજબ હતી.

વાર્ષિક હિસાબ વર્ષ ૨૦૦૨–૦૩ મુજબ મળેલ ફીની વિગત

| | | |
|---|---|---|
| (૧) | ગુણ ચકાસણીની ફી | રૂા. ૧૬૦૫૬૨–૦૦ |
| (૨) | પુનઃ મુલ્યાંકનની ફી | રૂા. ૭૩૩૩૨૫–૦૦ |

વાર્ષિક વહીવટી અહેવાલ મુજબ ઉત્તરવહીઓની ગુણ ચકાસણી માટે આવેલ અરજીઓ સંખ્યા–૧૦૧૩૫ છે.

| | | |
|---|---|---|
| (૧) | ગુણ સુધારવાની સંખ્યા | ૧૭૮ |
| (૨) | પરિણામ સુધારવાની સંખ્યા | ૪૦ |

ઉપર મુજબ પુનઃ મુલ્યાંકન માટે આપેલ અરજીઓની સંખ્યાં–૪૮૯૭

(૧) ગુણ સુધારવાની સંખ્યા ૫૨૪

(૨) પરિણામ સુધારવાની સંખ્યા ૪૧૨

સંસ્થાના નિયમો મુજબ ગુણ ચકાસણી ફીનો દર વિષય દીઠ રૂ.૧૫–૦૦ તથા પુનઃ મુલ્યાંકન માટેની ફીની રકમ ૧૫૦–૦૦ મુજબ રાખેલ હતી. ઉપરોક્ત વિગતો જોતાં નીચે મુજબ જણાયેલ ક્ષતિ બાબતે સ્પષ્ટતા થવા વિનંતી.

ગુણ ચકાસણી માટે કુલ ૧૦૧૩૫ અરજીના દર રૂ.૧૫–૦૦ પ્રમાણે ૧૫૨૦૨૫–૦૦ થવા જોઈએ. જ્યારે વા.હિ.માં ગુણ ચકાસણીની ફીની આવક રૂ.૧૬૦૫૬૨–૦૦ એટલે ૮૫૩૭ વાર્ષિક હિસાબમાં વધારે દર્શાવેલ છે. જ્યારે પુનઃ મુલ્યાંકન ફી માટે કુલ ૪૮૯૭ અરજી આવેલ છે. તેના દર રૂ.૧૫૦–૦૦ પ્રમાણે ૭૩૪૫૫૦–૦૦ થવા જોઈએ. તેની જગ્યાએ જ્યારે વા.હિ.માં રૂ.૭૩૩૩૨૫–૦૦ દર્શાવેલ છે. આમ ૧૨૨૫–૦૦ વાર્ષિક હિસાબમાં ઓછા દર્શાવેલ છે.

ઉપરોકત બંને તફાવત બાબતે ખરેખર ગુણ સુધારવા તથા પરિણામ સુધર્યા અંગેના કેસોમાં અરજદારો તરફથી મળેલ ફી પરંત કરવાની હોય છે. તે છતાં વાર્ષિક હિસાબમાં રકમ વધારે જણાયેલ છે. તેમજ કોને કેટલી ફી પરત ચૂકવવામાં આવેલ તે જાણી શકાયેલ નથી.

ઉકત બાબતે આવેલ તફાવત બાબતે તેમજ પરત ચૂકવણીના દફતર મુજબ પત્રક તૈયાર કરી આધાર સહ ખાત્રી કરાવેલ નથી.

જયારે અન્વેષણ દરમ્યાન ૫૩મા વાર્ષિક વહીવટી અહેવાલની વિગતો જોતાં ઉત્તરવહીઓની ગુણ ચકાસણી માટે આવેલ અરજીઓની સંખ્યા ૧૦૧૩૫ અને પુનઃમુલ્યાંકન માટે આવેલ અરજીઓની સંખ્યા ૪૮૯૭ મળી કુલ ૧૫૦૩૨ અરજીઓ આવેલ હતી અને તેને કારણે પરિણામ સુધારવાના કેસો બનવા પામેલ હતાં.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદની એકઝીકયુટીવ કાઉન્સીલની અનુમતીએ ૧૯૮૭થી અમલમાં આવેલ મહેનતાણાંના દરો મુજબ એકઝીમીનર્સ, પેપર સેટર વગેરેને પરીક્ષાની કામગીરી સબબ ચૂકવણાં કરવાના થાય છે. Scale of ramuneration of Examiners Act ની બુકલેટ–૧ પાર્ટ–૧ માં દર્શાવ્યા મુજબ પાના નં.૧૧ ની નોંધ Penelty of Commiting

mistakes ની જોગવાઈ મુજબ ઉપર જણાવેલ વિગતે કુલ ૧૫૦૩૨ કિસ્સાઓમાં પેપર ચકાસણી વખતની ભુલોના કારણે ગુણ સુધારવાના કેસો બનવા પામેલ હતાં. જે મુજબ પેપર સેટર્સ, એકઝામીનર્સ, માર્કશીટ વગેરેને લગતા મહેનતાણાંના ચૂકવણાં કરવામાં આવેલ હોય તેમાંથી ઉકત જોગવાઈ મુજબ પેનલ્ટીની વસુલાત કરવામાં આવેલ હોય તો કોની પાસેથી કેટલી વસુલાત કરવામાં આવી તેની આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવી ઘટે. જો આવી વસુલાત કરવામાં આવેલ ન હોય તો નિયમોમાં સ્પષ્ટ જોગવઈ હોવા છતાં કેવા કારણોસર વસુલાતની કાર્યવાહી થયેલ નથી તેની આધાર સહ પૂર્તતા કરવામાં આવેલ નથી.

વધુમાં જો આમ ન કરવામાં આવેલ હોય તો થયેલ જોગવાઈ મુજબ એક ભુલ દીઠ રૂા.૫૦/-ની પેનલ્ટી લેખે રૂા.૫૦૬૭૫૦/- ની સંબંધિતો પાસેથી વસુલાત લઈ તેની આધાર સહ અન્વેષણને ખાત્રી કરાવવી ઘટે.

આ બાબતે સંસ્થાએ પ્રા.વાં.૩૭ તથા પ્રા.વાં.૧૧૦ થી જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૫૦૬૭૫૦/-

ફકરા નંબર : ૫૬

પરીક્ષા વિભાગ

૨૦ પાનાની ઉત્તરવહીઓ અને ચાર પાનાની પુરવણી ઉત્તરવહીઓની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન પ્રેસના હિસાબોની ચકાસણી કરતાં માહે માર્ચ/એપ્રિલ–૨૦૦૨ દરમ્યાન લેવાનારી પરીક્ષાઓ માટે ઉત્તરવહીઓની જરૂરિયાત ઉભી થનાર હોઈ ૧૬ લાખ ઉત્તરવહીઓ તેમજ સોળ લાખ પુરવણીઓ છપાવવા માટે ફેબ્રુઆરી ૨૦૦૨ માં જાહેરાતથી ટેન્ડર ધ્વારા ભાવપત્રકો મંગાવી ભાવ કરાર પધ્ધતિથી ખરીદી કરવામાં આવેલ હતી. જે બાબતે નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સંસ્થા ધ્વારા આપવામાં આવેલ જાહેરાત અનુસંધાને કુલ છ ટેન્ડર ફોર્મનું રૂા.૫૦–૦૦ ના એક લેખે રૂા.૩૦૦–૦૦ ની વેચાણ કિંમત મળેલ હતી. પરંતુ ટેન્ડરોના વેચાણ માટે કેટલા ટેન્ડર ફોર્મનો જથ્થો તૈયાર કરવામાં આવેલ હતો. અને વેચાણ બાદ કેટલા ટેન્ડર ફોર્મ બાકીમાં રહયા હતા તેની ચકાસણી સારું ટેન્ડર રજીસ્ટર અન્વેષણમાં

રજુ થયેલ નથી. જેથી છંપાવેલ ટેન્ડર ફોર્મ તેમજ વેચાણ બાદ બાકી રહેલ જથ્થા અંગેની ખરાઈ થઈ શકતી નથી. તો સદર રજીસ્ટર નિભાવેલ હોય તો અન્વેષણમાં રજુ કરવા વિનંતી.

(૨) દફતરની ચકાસણી કરતાં કુલ છ ટેન્ડર ફોર્મનું વેચાણ થયેલ હતુ જે પૈકી પાંચ ટેન્ડર ફોર્મ ભરાયેલ હતાં. જે પૈકી (૧) જય ટ્રેડર્સના રૂા.૧.૭૧ પૈસા (૨) રણજિત પ્રિન્ટરીના રૂા.૧.૯૭ પૈસા (૩) ક્રિસ્ટલ ફોર્મ્સ લી.ના રૂા.૨.૨૩ પૈસા તેમજ (૪) સૂર્યા ઓફસેટના રૂા.૨.૨૪ પૈસા ભાવ હતાં. પરંતુ ફાઈનાન્સ સમિતિની તા.૧૮-૩-૦૨ ની બેઠકમાં ઉક્ત ચાર પેઢીઓ પૈકી સૂર્યા ઓફસેટને કામ સોંપવામાં આવેલ હતુ અને અન્ય ત્રણ પેઢીઓ પેમેન્ટ અંગેની અને કામ પૂર્ણ કરવાની સમય મર્યાદા ન નિભાવી શકવાની અશક્તિ દર્શાવી તેમજ તેઓ પાસે અદ્યતન સાધન સામગ્રી ન હોવાનું જણાવી ફાઈનાન્સ સમિતિની બેઠકની શરત નંબર-૩ અન્વયે સૂર્યા ઓફસેટને કામ આપવાનું ઠરાવેલ હતું. પરંતુ ઉક્ત ત્રણ પેઢીઓ સ્પર્ધામાંથી ખસી ગયા અંગેના કોઈ લેખિત આધારો ફાઈલે જણાયેલ નથી. જેથી તે અંગેની ખરાઈ થઈ શકેલ નથી.

(૩) ગુજરાત યુનિવર્સિટી હસ્તક પોતાનો પ્રેસ હોવા છતાં છેલ્લાં ઘણા વર્ષોથી આવક કરવાને બદલે ખોટ કરે છે. જેથી સદરહું ઉત્તરવહીઓ તથા પૂરક ઉત્તરવહીઓ તૈયાર કરવાની કામગીરી સ્થાનિક પ્રેસમાં જ કરાવવામાં આવે તો સારી કામગીરી સાથે નફો પણ મેળવી શકે. આમ વર્ષોથી આ પ્રકારે આટલા મોટા જથ્થાનું કામ હોવા છતાં બહારથી કામ કરાવવા બાબતે સ્પષ્ટતા કરેલ નથી.

(૪) આમ ૧૬ લાખ ઉત્તરવહીઓ તેમજ ૧૬ લાખ પુરવણીઓ છપાવવા પાછળ રૂા.૨.૨૪ પૈસા લેખે કુલ રૂા.૩૫૮૪૦૦૦/– નો ખર્ચ થવા પામેલ છે. ઉકત તમામ મુદ્દાઓની સ્પષ્ટતા થતાં સુધી થયેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

(૫) સંસ્થા ધ્વારા બહાર પાડેલ ટેન્ડરમાં સિકયોરીટી ડિપોઝીટ લેવાની જોગવાઈ કરેલ ન હતી. અને સિકયોરીટી ડિપોઝીટ મેળવેલ પણ નથી તો આવી અગત્યની શરત ન રાખવા બાબતે સ્પષ્ટતા કરવા વિનંતી.

સદર વિગતે આપેલ પ્રા.વાં.નં.–૭૪ નો સંસ્થા ધ્વારા જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૩૫૮૪૦૦૦/–

**ફકરા નંબર : ૫૭**

પરીક્ષા શાખા

કોમ્પ્યુટર સેન્ટર હોવા છતાં પરીક્ષાના પરિણામોનું કામ ખાનગી પેઢી પાસેથી વધારે ભાવે કરવા બાબત

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ માં રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરમાં પોતાના કોમ્પ્યુટર સેન્ટરમાં પરિણામ તૈયાર કરવાની સગવડ હોવા છતાં અન્ય ખાનગી પેઢીઓ પાસેથી વિવિધ પરિણામો, માર્કશીટ, નોટીફિકેશનની પરિ.નં.૨૦ માં દર્શાવેલ કામગીરી કરાવી રૂા.૧૩૦૭૬૭/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

વા.નં.–૮૧૮ માં એકઝીક્યુટીવ કાઉન્સીલના તા.૧૦–૨–૦૧ ના પત્રમાં અનુક્રમ નંબર–૮ થી એન્જીનીયરીંગ પરીક્ષાઓને લગતી કામગીરીનો કોન્ટ્રાકટ માર્ચ ૨૦૦૧ થી ફેબ્રુઆરી ૨૦૦૨ સુધી પીપ્સ પ્રા. લીમીટેડને નવા ભાવ વધારા સાથે રીન્યુ કરી આપવામાં આવેલ હતો. કુલપતિશ્રીના તા.૯–૬–૦૧ અન્વયે પીપ્સ પ્રા. લીમીટેડ પાસે પરિશિષ્ટની વિગતે રકમની ચૂકવણી કરવામાં આવેલ હતી.

પરીક્ષા વિભાગ ધ્વારા રૂા.૧૩૦૭૬૭-૦૦ નું આવા પ્રકારનું ખર્ચ કરવામાં આવેલ હતું. સંસ્થા પાસે પોતાના કોમ્પ્યુટર સેન્ટર હોવા છતાં આવી પરીક્ષાની કામગીરી તા.૧૦-૨-૦૧ ના પત્રથી સુધારેલા ભાવે પર કેન્ડીડેટ રૂા.૧૫-૦૦ ના ભાવે કરવા પીપ્સ પ્રા. લીમીટેડને આપેલ. જેમાં સ્પર્ધાત્મક ભાવપત્રકોવાળી ટેન્ડર પધ્ધતિ ન અપનાવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

ખરેખર આજના સમયમાં કમ્પ્યુટરનો વ્યાપ વધવા પામેલ છે. જેના કારણે નવી કંપનીઓ અસ્તિત્વમાં આવતાં સ્પર્ધાત્મક ભાવો મેળવવા જરૂરી હતાં. તેમ છતાં આવી કાર્યવાહી ન કરતાં એક જ કંપની પાસેથી સુધારેલા દરે કામગીરી કરાવવી હતી તો પછી વા.નં.૬૧૪૭ તા.૨૧-૩-૦૩ રૂા.૬૯૭૨-૦૦ નું એમ.ડી.એસ. અને પી.જી.ડિપ્લોમા (મેડીકલ) ના વિદ્યાર્થીઓના પરિણામોનું કામ પીપ્સ પ્રા.લી.ને રૂા.૧૫-૦૦ ના દરથી ન આપતાં કોમ્પ્યુવીઝન પ્રા. લી.ને રૂા.૨૮-૦૦ ના દરથી કયા કારણસર આપવામાં આવ્યું. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે. તેમજ કોમ્પ્યુવીઝનને સદર કામ આપવાને કારણે પર કેન્ડીડેટ રૂા.૧૩-૦૦ વધારે ચૂકવેલ છે. તો ૨૪૯

વિદ્યાર્થી પ્રમાણે રૂા.૩૨૩૭-૦૦ નું નુકશાન સંસ્થાને પહોંચાડેલ છે. જે બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

સદર બાબતે વધુ ચૂકવાયેલ રકમ સ્પષ્ટતા થતાં સુધી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઉપરોક્ત વિગતે આપેલ પ્રા.વાં.નં.-૫૪ નો સંસ્થા ધ્વારા જવાબ કરવામાં આવેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૩૦૭૬૭-૦૦

## પરિશિષ્ટ–૨૦

કોમ્પ્યુટર સેન્ટર હોવા છતાં પરીક્ષાના પરિણામો ખાનગી પ્રેસ ખાતે કરાવ્યાની વિગત દર્શાવતુ પત્રક

| અ. નં. | વાઉચર નંબર | તારીખ | રકમ | રેટ | કુલ વિદ્યાર્થી | વિગત |
|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) |
| ૧ | ૮૧૮ | ૧૬/૫/૦૨ | ૧૧૩૪૬૦ | ૧૫ | ૭૫૬૪ | પીપ્સ પ્રા. લીમીટેડ–એન્જીનીયરીંગ વિદ્યાશાખાના વિવિધ પરિણામો, માર્કશીટ તૈયાર કરવાના. પરીક્ષા : ડિસેમ્બર–૦૨ |
| ૨ | ૮૧૯ | ૧૬/૫/૦૨ | ૧૦૩૩૫ | ૧૫ | ૬૮૯ | પીપ્સ પ્રા. લીમીટેડ–એન્જીનીયરીંગ વિદ્યાશાખાના વિવિધ પરિણામો, માર્કશીટ તૈયાર કરવાના. પરીક્ષા : જુન–જુલાઈ–૦૧ |
| ૩ | ૬૧૪૭ | ૨૧/૩/૦૩ | ૬૯૭૨ | ૨૮ | ૨૪૯ | કોમ્પ્યુવીઝન પ્રા. કું. – એમ. ડી. એસ. અને પી. જી. ડિપ્લોમા (મેડીકલ) નવેમ્બર–૦૨ |
| | | | ૧૩૦૭૬૭ | | | |

**ફકરા નંબર : ૫૮**

પરીક્ષા શાખા

પરીક્ષાની આવક મર્યાદા કરતાં પરીક્ષા ખર્ચ વધુ થવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબોના અન્વેષણ દરમ્યાન આવક–જાવકના હિસાબો જોતાં પરીક્ષાની કુલ આવક રૂા.૩૬૯૩૧૫૦૯–૮૦ પૈસાની સામે પરીક્ષા અંગેનો કુલ ખર્ચ રૂા.૫૭૪૬૯૩૨૧–૫૦ પૈસા થવા પામેલ હતો. આમ આવક કરતાં ખર્ચ રૂા.૨૦૫૩૭૮૧૧–૧૭ પૈસા વધુ થવા પામેલ હતો. જે અંગે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે જેની પૂર્તતા થવા વિનંતી.

સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ તા.૧૬–૬–૯૧ ના ક્રમાંક : ૧૩૯૦/૩૨૧ (૧) (૪૦–૯૨) ગ અન્વયે પરીક્ષા અંગેના ખર્ચા આવકની મર્યાદામાં કરવા અંગે જરૂરી સૂચનાઓ આપેલ હોવા છતાં ચાલુ વર્ષે પણ પરીક્ષાનો ખર્ચ આવક કરતાં વધારે એટલે કે રૂા.૨૦૫૩૭૮૧૧–૧૭ પૈસા જેટલો વધારે થવા પામેલ છે. અગાઉના છેલ્લા ચાર વર્ષના ઓડિટ અહેવાલમાં પણ આ બાબતે તકેદારી રાખવા સૂચનો આપવામાં આવેલ. તેમ છતાં યુનિવર્સિટી ધ્વારા આ બાબતે કોઈ નકકર પગલાં ભરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. જે તે વર્ષ દરમ્યાન પરીક્ષાની આવક વધવા પામેલ છે. અને

ખર્ચા પ્રતિવર્ષ વધવા પામેલ જણાય છે. જે અંગે અનુદાન ફાળવતી વખતે પણ ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી ધ્વારા પરીક્ષાની આવક વધારવા આગ્રહ રાખવામાં આવેલ છે. તેમ છતાં યુનિવર્સિટી ધ્વારા કોઈ કાર્યવાહી થયાનું રેકર્ડ ઉપરથી ફલિત થતું નથી. જે ધ્યાને લઈ જરૂરી પગલાં લઈ ઓડિટને જાણ કરાવવી ઘટે.

| ક્રમ નંબર | વર્ષ | પરીક્ષાની આવક | પરીક્ષાનો ખર્ચ | અતિ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | ૧૯૯૮–૯૯ | ૨૩૨૭૨૨૯૩–૨૫ | ૨૩૫૮૭૧૧૦–૩૭ | ૩૧૪૮૧૭–૧૨ |
| ૨ | ૧૯૯૯–૨૦૦૦ | ૨૫૭૨૨૨૫૨–૦૦ | ૩૬૫૪૨૪૧૧–૨૭ | ૧૦૮૨૦૧૫૯–૨૭ |
| ૩ | ૨૦૦૦–૨૦૦૧ | ૨૮૭૧૯૭૨૬–૦૦ | ૩૦૭૯૮૬૩૦–૪૬ | ૨૦૭૮૯૦૪–૪૬ |
| ૪ | ૨૦૦૧–૨૦૦૨ | ૩૩૪૮૨૫૬૧–૦૦ | ૩૫૩૨૫૦૨૯–૫૭ | ૧૮૪૨૪૬૮–૫૭ |
| ૫ | ૨૦૦૨–૨૦૦૩ | ૩૬૯૩૧૫૦૯–૮૦ | ૫૭૪૬૯૩૨૬–૫૦ | ૨૦૫૩૭૮૧૧–૧૭ |

ઉપર મુજબ અગાઉના વર્ષોમાં પરીક્ષાની આવક કરતાં પરીક્ષાનો ખર્ચ પ્રતિવર્ષ વધુ રહેવા પામેલ જણાય છે. આ બાબતે ઓડિટ ધ્વારા સૂચન થયેલ હોવા છતાં ચાલુ નાણાંકીય વર્ષ દરમ્યાન કોઈ નક્કર પગલાં ન ભરવા બાબતે જે તે જવાબદાર પાસેથી સ્પષ્ટતા થવી ઘટે. આ અંગે હાથ ધરાયેલ કાર્યવાહીની ઓડિટને આધાર સહિત ખાત્રી કરાવવી ઘટે. સરકારશ્રીની કરકસરની નીતિને

ધ્યાને લઈ પરીક્ષા ખર્ચમાં પણ ઘટાડો કરી નકકર પગલાં ભરવા ઓડિટનું સૂચન છે.

વધુમાં સરકારશ્રી ધ્વારા ફાળવવામાં આવતી નિભાવ ગ્રાન્ટમાં અમાન્ય ખર્ચ બંધ કરવાની શરત રાખવામાં આવેલ છે. તેમ છતાં યુનિવર્સિટી ધ્વારા પરીક્ષા ભથ્થુ તથા ઓવરટાઈમ જેવા અમાન્ય ખર્ચા કરવાના ચાલુ રાખવાને કારણે પણ પરીક્ષાની આવક કરતાં ખર્ચ વધુ થાય છે જે બંધ કરવા જરૂરી છે. અને જો પરીક્ષાના સમય મર્યાદાવાળા કામ માટે જો ઓવરટાઈમ ચૂકવવો જ પડે તેમ હોય તો આ અંગે સરકારશ્રીમાં રજુઆત કરી, મંજુરી મેળવી આ અંગે ખાસ ગ્રાન્ટ મેળવી પરીક્ષા ખર્ચની આવક સામે જમા લેવાય તો પરીક્ષાની આવક મર્યાદામાં ખર્ચ થઈ શકે અને યુનિવર્સિટીની વાર્ષિક ખાદ્ય પણ ઘટાડી શકાય તો આ અંગે જરૂરી કાર્યવાહી કરવા ઓડિટનું સૂચન છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.-૪૦ નો જવાબ સંસ્થાએ કરેલ નથી.

ફકરા નંબર : ૫૯

પરીક્ષા શાખા

પરીક્ષા ફીની આવક તથા પરીક્ષા ફોર્મની વહેંચણીને લગતું દફતર ઓડિટે રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક વહીવટી અહેવાલની ચકાસણી કરતાં માર્ચ/ એપ્રિલમાં કુલ ૨૨૩ પરીક્ષાઓ લેવાયેલ હતી. જેમાં કુલ ૧૮૧૩૧૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેલ હતા તેમજ માહે ઓકટોબર/ નવેમ્બર દરમ્યાન લેવાયેલ પરીક્ષાઓ કુલ ૨૦૨ લેવાયેલ હતી. જેમાં કુલ ૩૩૫૮૭ વિદ્યાર્થીઓ મળી કુલ ૨૧૪૯૦૬ પરીક્ષાઓએ પરીક્ષાઆપેલ હતી. જે અનુસાર દરેક વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભરેલ હોય તે સ્વાભાવિક છે. તેવી જ રીતે એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે એફ.વાય.બી.એ. ના ૨૪૨૬, એસ.વાય.બી.એ. ના ૧૬૫૧, ટી.વાય.બી.એ. ના ૧૦૪૭ મળી કુલ ૫૧૨૪ વિદ્યાર્થી તથા અનુસ્નાતક કક્ષાના એમ.એ. પાર્ટ–૧ના ૫૩૫૦, એમ.એ. પાર્ટ–૨ના ૨૩૧૫, એમ. કોમ. પાર્ટ–૧ના ૯૪૦૫ તથા એમ. કોમ. પાર્ટ–૨ના ૨૯૫૩ વિદ્યાર્થીઓ મળી કુલ ૨૦૦૨૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી.

અગાઉના વર્ષોના અન્વેષણ દરમ્યાનના ઓડિટ અહેવાલોમાં પણ પરીક્ષા ફીની આવક તથા પરીક્ષા ફોર્મના હિસાબો માટેનું જે કોઈ દફતર નિભાવેલ હોય તે રજુ કરવા જણાવવામા આવેલ હતુ જે રજુ કરવામાં આવેલ હોય તેમ જણાતું નથી. આમ અગાઉના વર્ષનું તેમજ સને ૨૦૦૨-૦૩ ના વર્ષનું દફતર નિભાવવામાં આવેલ છે કે કેમ ? જો નિભાવેલ હોય તો પરીક્ષા ફોર્મની આવક તથા તેની વહેંચણીને લગતી તમામ માહિતી વિગતવાર રજુ કરેલ નથી.

ઉપરોક્ત તમામ પરીક્ષાઓ માટે છપાવવામાં આવેલ પરીક્ષા ફોર્મ તેની વહેંચણી, બાકી સ્ટોકની વિગત, નિયત કરવામાં આવેલ પરીક્ષા ફી તથા ફોર્મ ફીની વિગત સહિતનું તમામ દફતર અદ્યતન રીતે તૈયાર કરી દિન-૩ માં અન્વેષણ સમક્ષ રજુ કરેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.-૨૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નંબર : ૬૦

પરિક્ષા વિભાગ

પરીક્ષાના પ્રશ્નપત્રો છપામણી અંગેનું રેકર્ડ રજુ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ઓડિટે રજુ થયેલ હિસાબી દફતરની ચકાસણી કરતાં ખર્ચ સદર ૩૫૧૫૦૦૦ હેઠળ વર્ષ દરમ્યાન પ્રશ્નપત્રોની છપામણી પેટે રૂા.૨૩૯૧૨૪૮૪–૪૦ નો ખર્ચ થયેલ હતો. સદરહું ખર્ચના વાઉચરોની વાઉચર ફાઈલે ચકાસણી કરતાં નીચેની વિગતેના વાઉચરોથી ખર્ચ પાડવામાં આવેલ હતો.

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૦૦૨૪૧ | ૧૭–૪–૦૨ | ૧૦૪–૦૦ |
| ૨ | ૧૬૩૨ | ૩૦–૬–૦૨ | ૧૧૨૬૭૯૯૫–૦૦ |
| ૩ | ૪૬૭૭ | ૧–૧–૦૩ | ૩૫૬૧૧૫૯–૦૦ |
| ૪ | ૫૨૧૩ | ૨૧–૧–૦૩ | ૧૬૨૯૫૦૭–૦૦ |
| ૫ | ૭૩૦૪ | ૩૧–૩–૦૩ | ૯૭૩૧૯–૪૦ |
| ૬ | ૬૧૬૬ | ૨૨–૩–૦૩ | ૨૦૦૦૦૦૦–૦૦ |
| ૭ | ૭૧૧૮ | ૩૧–૩–૦૩ | ૫૩૫૬૪૦૦–૦૦ |
| | | કુલ રૂા. | ૨૩૯૧૨૪૮૪–૪૦ |

જે પૈકી વાઉચર ફાઈલે ક્રમ નં.૨,૩ તથા ૪ નંબરના વાઉચરો સામેલ ન હોવાથી ચકાસણી થઈ શકેલ નથી. તો સદરહું વાઉચરો સત્વરે અન્વેષણ સમક્ષ રજુ કરવા ઘટે. તેમજ સદર ખર્ચની ચકાસણી સારુ નીચે જણાવેલ વિગતે જરૂરી દફતર અન્વેષણ સમક્ષ રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

(૧) પરીક્ષાના પ્રશ્નપત્રોના ખર્ચની ચકાસણી માટે ખાનગી પ્રેસ સાથે કરવામાં આવેલ કરાર મુજબ ભાવોનું એસ્ટીમેટની વિગતવાર માહિતી દર્શાવતી ફાઈલ રજુ કરેલ નથી.

(૨) સને ૨૦૦૨-૦૩ ના દરમ્યાન નકકી કરેલ પરીક્ષા કેન્દ્રોની વિગત જેમાં બનાવેલ કવર અને કાપડની થેલીઓની વિગતો દર્શાવતું હિસાબી પત્રક રજુ કરેલ નથી.

(૩) સને ૨૦૦૨-૦૩ ના વર્ષ દરમ્યાન આયોજીત પરીક્ષાઓ માટે કેટલા પ્રશ્નપત્રો છપાવવામાં આવેલ હતા તેમજ કેટલા પ્રશ્નપત્રોની રકમ ચૂકવી તેનો હિસાબમેળ દર્શાવતું પત્રક રજુ કરેલ નથી.

(૪) વર્ષ દરમ્યાન કરવામાં 'આવેલ ચૂકવણીઓ પૈકી કોને કેટલી રકમ ચૂકવવાપાત્ર હતી તેમજ ચૂકવવામાં આવેલ તથા બાકી ચૂકવણાં અંગેની વિગત દર્શાવતું પત્રક રજુ કરવા જણાવવા છતાં રજુ કરેલ નથી.

(૫) યુનિવર્સિટી પાસે પોતાનો (માલિકીનો) પ્રેસ હોવા છતાં સદર છપામણી ખાનગી રાહે કરાવવા બાબતે સ્પષ્ટતા સહ તે અંગે થયેલ કાર્યવાહી નિયમોનુસાર થયેલ હોય તો તેની સંપૂર્ણ વિગતવાર માહિતી ઓડિટે રજુ કરેલ નથી.

સદર બાબતે આપેલ પ્રા.વાં.નં.–૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨૩૯૧૨૪૮૪–૪૦

**ફકરા નંબર : ૬૧**

એન્ડાઉમેન્ટ શાખા

એન્ડાઉમેન્ટના હિસાબોની અનિયમિતતા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન એન્ડાઉમેન્ટના દફતરની ચકાસણી કરતાં માલુમ પડેલ અનિયમિતતાઓ બાબતે નીચે મુજબ ઓડિટનોંધ આપવામાં આવે છે.

(૧) એન્ડાઉમેન્ટનો અલગ રોજમેળ ન નિભાવવાના કારણે વર્ષ દરમ્યાન થયેલ આવક અને ખર્ચની વિગતોની નિયમોનુસાર ખરાઈ થઈ શકેલ ન હતી. સદર રોજમેળ ન નિભાવવા બદલ સ્પષ્ટતા કરી ઉકત રોજમેળ નિભાવી વર્ષ દરમ્યાન થયેલ આવક અને ખર્ચનો જરૂરી હિસાબમેળ કરી ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૨) એન્ડાઉમેન્ટ રજીસ્ટર મુજબ સંસ્થાને કુલ રૂ.૭૫૦૦૦–૦૦ નું દાન મેડલ અર્થે ઓડિટ વર્ષ દરમ્યાન હિસાબી સદર–૮૩૦૨૨૪૨ રસીદ નંબર–૦૦૦૪ તા.૨૩–૮–૦૩ રૂ.૨૫૦૦૦–૦૦ (૨) હિસાબી સદર–૮૩૦૨૨૪૩, રસીદ નંબર–૦૦૦૫ તા.૨૩–૮–૦૩ તેમજ હિસાબી સદર–૮૩૦૨૨૪૪, રસીદ નં.–૦૦૭૦, તા.૧–૨–૦૩ નું

ત્રણ દાતાઓ તરફથી મળેલ રકમને ઉકત રોજમેળે નિયમોનુસાર જમા લઈ આ સિવાયની અન્ય વ્યાજ સહિતની તમામ આવકોની વિગત સહ આવક થયેલ રકમો રોજમેળે જમા લીધા સહિત તા.૩૧-૩-૦૩ ના રોજ કુલ કેટલી એન્ડાઉમેન્ટ ખાતે સિલકમાં રહેવા પામી તે વિગતો રજુ કરી જરૂરી ખરાઈ ઓડિટે કરાવવી ઘટે.

(૩) વર્ષ દરમ્યાન ચન્દ્રકો/ ઈનામો વગેરે બાબતે સદર ભંડોળથી થયેલ ખર્ચની વિગતો તૈયાર કરી રોજમેળે જરૂરી હિસાબમેળ કરી ઓડિટ વર્ષ દરમ્યાન થયેલ વ્યવહારોની નોંધ કરી અન્વેષણે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૪) સદર આવકોનું જુદી જુદી બેંકોમાં રોકાણ કરવામાં આવે છે. પરંતુ રોકાણ કરવામાં આવતી રકમો રીન્યુઅલવાળી છે કે નવું રોકાણ છે અને કરેલ રોકાણોમાં કઈ કઈ રકમોનો સમાવેશ કરવામાં આવેલ છે. તે વિગતોના અભાવે તા.૧-૪-૦૨ના રોજ ખુ. સિલક પૈકી રોકાણની રકમ વર્ષ દરમ્યાન કરેલ નવું રોકાણ વર્ષ દરમ્યાન રોકાણો પૈકી ઉપાડ અને રીન્યુઅલ સહિત તા.૩૧-૩-૦૩ ના રોજ એન્ડાઉમેન્ટની કુલ રકમનો આંક કાઢી સદર રકમોની ખરાઈ અર્થે ઓડિટે જરૂરી

વિગતો રજુ થવી ઘટે. તેમજ વર્ષ દરમ્યાનની આવક–ખર્ચની વિગતો સહ વર્ષ દરમ્યાનના રોકાણોની નોંધો કરી ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૫) દાતાઓ ધ્વારા નકકી થયા પ્રમાણે વ્યાજની આવકોની તમામ રકમ જે તે વર્ષે મેડલ/ ઈનામ અને વહીવટી ખર્ચ તરીકે ઉપયોગ કરવાનો થાય છે. તેમ છતાં સંસ્થા ધ્વારા વ્યાજની સંભવિત આવકોને ધ્યાને લઈ રોકાણોના અમુક ટકા રકમની વ્યાજ તરીકે ગણતરી થતાં દાનની રકમ કરતાં દાતાના ખાતે સિલકો વધુ રહેલ છે. તો સદર બાબતે વિચારણા કરી દાનની રકમ કરતાં વધારાની દાતાના ખાતે જમા વ્યાજની રકમોનો પણ સમયાંતરે મેડલ/ દાન/ ઈનામ વગેરે સંબંધિત શરતો મુજબ ખર્ચ કરી દાતાની શરતોનું ચુસ્તપણે પાલન કરવા ઓડિટનું સૂચન છે.

(૬) સને ૧૯૯૭–૯૮ સુધી એન્ડાઉમેન્ટના વાર્ષિક હિસાબો તૈયાર કરવામાં આવતા હતા. પરંતુ ત્યારબાદ ૯૮–૯૯ થી અલગ હિસાબો તૈયાર કરવામાં ન આવતાં સદર ભંડોળની અલગથી ખરાઈ થઈ શકેલ નથી. તો કેવા સંજોગોમાં સદર વાર્ષિક હિસાબો બંધ કરેલ છે. તેની વિગતો

રજુ કરી ઉકત હિસાબો બંધ કરવાના વ્યાજબીપણાની ઓડિટે ખરાઈ કરાવવી ઘટે. અન્યથા ઓડિટ વર્ષ સહિત એન્ડાઉમેન્ટના વાર્ષિક હિસાબો અલગથી તૈયાર કરવાનો અમલ કરી ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૭) વર્ષ દરમ્યાન રોકાણો અને રીન્યુઅલ બાબતે પણ વર્ષ દરમ્યાનના રીન્યુઅલ અને રોકાણની રકમોની જરૂરી વિગતોનું રજીસ્ટર તૈયાર કરી વર્ષ દરમ્યાન રીન્યુ થયેલ રોકાણો અને નવા રોકાણોની જરૂરી વિગતો ઓડિટે રજુ કરી રોકાણોને સમયસર રીન્યુ કરાવ્યા સહિત વધારાના થયેલ રૂ.૭૫૦૦૦-૦૦ની વિગતે જરૂરી હિસાબમેળ થયાની પણ ઓડિટે ખરાઈ કરાવવી ઘટે.

(૮) વ્યાજની આવકો અંગે પણ વર્ષ દરમ્યાન મળવાપાત્ર વ્યાજ પૂરેપૂરુ મેળવ્યાની જરૂરી ખરાઈના સમર્થનમાં હિસાબો તૈયાર કરી સદર રોકાણોનું પૂરેપૂરુ વ્યાજ સંસ્થા ધ્વારા મેળવ્યાની વિગતો રજુ કરી વ્યાજની આવકો અંગે ઓડિટે જરૂરી ખરાઈ કરાવવી ઘટે.

(૯) સામાન્ય રીતે ઓછા વર્ષોના રોકાણથી વ્યાજના નીચા દરે આવકો મળી શકે તે ધ્યાને લઈ ટૂંકા સમય માટેના રોકાણો લાંબા સમય માટે કરવાનો અમલ કરી વ્યાજની આવકો વધુ મેળવવા નિયમોનુસાર જરૂરી કાર્યવાહી હાથ ધરી વ્યાજની વધુ આવકો મેળવવા ઓડિટનો અનુરોધ છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.-૬૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૬૨**

એન્ડાઉમેન્ટ

એન્ડોઉમેન્ટ ફંડની રકમો લાંબા સમયથી વણવપરાયેલી રહેવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ઓડિટે રજુ થયેલ રેકર્ડની ચકાસણી કરતાં સામેલ પરિશિષ્ટ ની વિગતોવાળી રકમો સદર પરિશિષ્ટના કોલમ નં.૪ ની તારીખો જોતાં ઘણા લાંબા સમયથી વણવપરાયેલી રહેવા પામેલ હતી. જે સંસ્થાના લેઝર ઉપરથી જાણવા મળેલ હતું.

સદરહું રકમના દાતાઓ ધ્વારા દર વર્ષે વ્યાજની આવકોમાંથી મેડલ/ ઈનામો આપવાના હેતુસર દાન તરીકે સંસ્થાને આપવાનો અમલ સંસ્થા ધ્વારા ન થતાં સદર યોજનાના લાભાર્થીઓ ઉકત લાભથી વંચિત રહયાનું જણાય છે. તેમ છતાં કેવા સંજોગોમાં ઉકત એન્ડોઉમેન્ટ ફંડ લાંબા સમયથી વણવપરાયેલ રહેલ તેની વિગતોના અભાવે વ્યાજબીપણાની ખાત્રી થઈ શકેલ નથી. સદર રકમો લાંબા સમયથી વણવપરાયેલ રહેવા બાબતે યોગ્ય આધાર રજુ કરી ઓડિટે ખાત્રી કરાવવી ઘટે. તેમજ દાતા તરફથી આપવામાં આવેલ દાનની શરતભંગના કિસ્સાઓમાં જમા રહેતી રકમોના જે તે દાતાઓનો સંપર્ક કરી

સદર દાતાઓને દાનના હેતુસરનો ઉપયોગ થઈ શકેલ નથી. તેની વ્યાજબી હકીકત દાતાઓના ધ્યાને લાવી ઉક્ત રકમોનો ઉપયોગ થઈ શકે તેવા જરૂરી કરાર કરાવી સદર દાતાઓના દાનનો નિયત સમયમાં સદ્ઉપયોગ કરવાની કાર્યવાહી હાથ ધરી ઓડિટે જરૂરી ખરાઈ કરાવેલ નથી.

સદર વિગતે આપેલ પ્રા.વાં.નં.-૬૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## પરિશિષ્ટ–૨૧

### લાંબા સમયથી ઉપયોગમાં ન લેવાતાં એન્ડાઉમેન્ટની વિગત દર્શાવતું પત્રક.

| અ. નં. | ફંડનું નામ | હિસાબી સદર | તારીખ | રકમ |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧ | જ્યોતિ લી. ઈકોનોમીક્સ ટીચર્સ શીબીર | ૮૩૦૩૧૦૫ | ૧/૪/૮૬ | ૫૪૩૫–૦૦ |
| ૨ | એ.બી.લી. ઓકોર્ડમાં રીસર્ચ | ૮૩૦૩૧૧૭ | ૧/૪/૮૬ | ૪૧૩૦–૭૯ |
| ૩ | સાયન્ટીફીક્સ રીસર્ચ ઈન પોલી. કે. | ૧૨૮ | ૧/૪/૮૬ | ૪૫૦૦–૦૦ |
| ૪ | એમ.કોઠારી ટ્રસ્ટ સબમીલ્સ ટુ યુનિ. સ્ટુ. | ૧૩૪ | ૧/૪/૮૬ | ૫૦૦૦–૦૦ |
| ૫ | એચ.કે.ટ્રસ્ટ મેનેજમેન્ટ સેન્ટર | ૧૪૦ | ૧/૪/૮૬ | ૩૦૧૧–૮૬ |
| ૬ | સ્વ. શ્રી જે.એચ.ઠાકોર સ્પો. પ્રાઈઝ | ૧૪૧ | ૧/૪/૮૬ | ૯૯૯૦–૦૦ |
| ૭ | ઈન્ડિયા સોશ્યોલોજી સાયન્સ | ૧૪૩ | ૧/૪/૮૬ | ૨૭૨૦–૦૦ |
| ૮ | એઈડ ફોર એગ્રીકલ્ચર રીસર્ચ | ૧૬૦ | ૧/૪/૮૬ | ૨૪૫૫૧૯–૬૧ |
| ૯ | રાજમીત્રા બી. મેઈન ટ્રસ્ટ, એનસાઈકલોપીડીયા | ૧૬૨ | ૧/૪/૮૬ | ૩૧૨૩૭–૫૧ |
| ૧૦ | એસ.એન.કો.ઓ.બેંક વી.શાહ બી. સેન્ટર | ૧૬૬ | ૧/૪/૮૬ | ૧૩૯૧૭–૦૫ |
| ૧૧ | ચીમનલાલ એમ. ટ્રસ્ટ એન્જિ./ રોડ ટ્રેઈનીગ | ૧૭૬ | ૧/૪/૮૬ | ૪૯૫૧–૦૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૧૨ | એન.કે. ચેરીટેબલ ટ્રસ્ટ | ૧૬૭ | ૧/૪/૮૬ | ૧૨૬૩૭૫–૪૨ |
| ૧૩ | ઈન્ડ મેચ પ્રા.લી. રીસર્ચ ઈન ઈકો.એસ.ટી. | ૧૮૬ | ૧/૪/૮૬ | ૫૦૦૦–૦૦ |
| ૧૪ | સી. ડોકટર એન્ડ કો. રીસર્ચ ઈન સ્ટેટીસ્ટીક | ૧૮૭ | ૧/૪/૮૬ | ૫૦૦૦–૦૦ |
| ૧૫ | ન્યુ કોમર્શીયલ લી. | ૧૯૦ | ૧/૪/૮૬ | ૩૦૦૦–૦૦ |
| ૧૬ | સ્વામીનારાયણ દ્વી શતાબ્દી એન્ડા. | ૨૦૮ | ૧/૪/૮૭ | ૬૩૫૯૭–૧૦ |
| ૧૭ | એસ.વી.પટેલ યુનિ. ફોર હિમાલયા ટ્રેડીગ | ૧૩૨ | ૧/૪/૮૮ | ૬૩૭૪–૪૦ |
| ૧૮ | રીસર્ચ પ્રોજેકટ આર.જે.કામા | ૨૦૯ | ૧/૪/૮૮ | ૧૬૫૩૨–૬૫ |
| ૧૯ | રાઈટન પ્રા.લી. સોઈલ્સ સુરેન્દ્રનગર | ૨૦૬ | ૧/૪/૮૯ | ૨૫૨૪૦–૦૦ |
| ૨૦ | એસ.બી.આઈ. રીકલેમેશન પ્રોજેકટ ઈન્ટરેસ્ટ ઈન્કમ | ૨૦૫ | ૧/૪/૯૦ | ૩૦૦૦–૦૦ |
| ૨૧ | ડોનેશન ફોર આર્ટીફિશીયલ રેઈન ફોલ | ૨૧૧ | ૧/૪/૯૦ | ૧૭૧૩૪–૦૦ |
| ૨૨ | જવાહરલાલ નેહરુ શતાબ્દી એન્ડાઉમેન્ટ | ૨૧૨ | ૧/૪/૯૧ | ૫૦૦૦૦૦–૦૦ |
| ૨૩ | એસ.વી.પટેલ યુનિ. ફોર જંગલ પ્રવાસ | ૧૩૩ | ૧/૪/૯૩ | ૨૦૪૨૯–૬૧ |
| ૨૪ | એન્ડાઉમેન્ટ ફોર બિઝનેસ મેનેજમેન્ટ | ૦૦૨ | ૧/૪/૯૪ | ૨૦૪૮૮૭૭–૪૮ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૨૫ | દામોદરદાસ ચેરીટી ટ્રસ્ટ કોમ | ૦૦૩ | ૧/૪/૯૪ | ૨૮૫૪૬૧–૧૫ |
| ૨૬ | ટેક્ષ ટાઈલ કેમેસ્ટ્રી ઈન્સ્ટીટયુટ | ૦૦૫ | ૧/૪/૯૪ | ૬૫૭૭૧૫૩–૫૬ |
| ૨૭ | આઈ.એન.કોમ. ઈન્સ્ટીટયુટ | ૦૦૬ | ૧/૪/૯૪ | ૫૦૧૮૩૬–૫૩ |
| ૨૮ | સરદાર વલ્લભભાઈ વાંચન કેન્દ્ર | ૦૦૯ | ૧/૪/૯૪ | ૩૮૫૨૦૬–૪૫ |
| ૨૯ | એન્ડોઉમેન્ટ ફોર ઈંગ્લીશ કલાસીસ | ૦૧૬ | ૧/૪/૯૪ | ૯૫૩૦૮–૦૩ |
| ૩૦ | એન્ડોઉમેન્ટ આઈ.એ.એસ. કલાસીસ | ૦૧૭ | ૧/૪/૯૪ | ૨૮૯૧૧૪–૪૧ |
| ૩૧ | એન્ડોઉમેન્ટ મેનેજમેન્ટ કલાસીસ | ૦૧૮ | ૧/૪/૯૪ | ૧૮૨૪૨૮–૮૦ |
| ૩૨ | એન્ડોઉમેન્ટ શીબીર | ૦૧૯ | ૧/૪/૯૪ | ૩૨૯૭૮–૦૧ |
| ૩૩ | એચ. ભગવતી જીયોગ્રાફી સ્કુલ | ૧૦૪ | ૧/૪/૯૪ | ૯૦૦૦૮–૦૩ |
| ૩૪ | જીમ્નેશીયમ બિલ્ડીગ ફંડ | ૧૫૦ | ૧/૪/૯૪ | ૩૩૪૮૫૮–૮૦ |
| ૩૫ | સ્વ. શ્રી ડો.એન.એમ. સ્મારકનિધિ બુકસ | ૮૩૦૩૧૫૧ | ૧/૪/૯૪ | ૩૬૯૬૯–૯૨ |
| ૩૬ | એ.જી.ટ્રસ્ટ શેઠ એ.જી.ધારાશાસ્ત્ર ભાવ | ૧૯૮ | ૧/૪/૯૪ | ૧૩૮૧૭૯–૦[illegible] |
| ૩૭ | પરચુરણ એન્ડોઉમેન્ટ/ ડોનેશન | ૨૧૩ | ૧/૪/૯૫ | ૫૦૯૦૦–૨૩ |
| ૩૮ | એલ.ડી.આસરપીટા ચેસ સ્પોર્ટસ | ૧૯૯ | ૧/૪/૯૬ | ૪૭૨૫–૦૦ |
| ૩૯ | ડો. આંબેડકર ચેરીટેશન | ૨૧૪ | ૩૧/૩/૨૦૦૦ | ૬૪૫૦૪૫–૬૨ |
| | | | | ૧૨૮૨૧૧૪૭–૦૨ |

**ફકરા નંબર : ૬૩**

ગ્રંથાલય વિભાગ

**ગુજરાત યુનિવર્સિટીના ગ્રંથાલય માટેના પુસ્તકોની સાચવણી અને નિભાવણી માટે જરૂરી વ્યવસ્થા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબોમાં કાયમી મિલકતોમાં યુનિવર્સિટી ખાતે પુસ્તક ફંડની ઉઘડતી સિલક રૂ.૨૩૫૫૪૩૩૯–૪૦ પૈસા હતી. તેમાં વર્ષ દરમ્યાન નવા પુસ્તકોની ખરીદી રૂ.૩૩૪૬૫૪–૦૦ ની કરતાં કુલ મળી રૂ.૨૩૮૮૮૯૯૩–૪૦ પૈસાના પુસ્તકો હતા. જેમાંથી ઘસારો બાદ કરતાં કુલ રૂ.૭૧૮૮૪૩૦–૮૬ પૈસાની બંધ સિલક દર્શાવવામાં આવેલ છે. યુનિવર્સિટીના ગ્રંથાલયના સ્ટોક રજીસ્ટરે તા.૩૧–૩–૦૨ ની સ્થિતિએ ૩૩૧૩૭૮ પુસ્તકો નોંધાયેલ હતાં. અન્વેષણ વર્ષ દરમ્યાન ૨૭૩૨ પુસ્તકોની ખરીદી કરવામાં આવેલ હતી. આમ તા.૩૧–૩–૦૩ ના રોજ કુલ ૩૩૪૧૧૦ પુસ્તકો થયેલ હતા. તે પૈકી કેટલાંક પુસ્તકો જે તે વિભાગને (સંલગ્ન) તબદીલ કરવામાં આવેલ હતાં. આમ ગ્રંથાલય ધ્વારા બીજા વિભાગોને એટલે કે કયા વિભાગને કેટલાં પુસ્તકો તબદીલ કરવામાં આવેલ હતા તે વિગત તૈયાર કરી અન્વેષણને તેની ખાત્રી કરાવવી ઘટે. સદર વિગત નહી રજુ થવાને કારણે રેકર્ડ આધારિત ચકાસણી

થઈ શકેલ નથી. વધુમાં ગુમ થયેલ ચોરી કે અન્ય કારણોસર અપ્રાપ્ય પુસ્તકો અંગેની માહિતી જે તે વર્ષમાં એકધાર ચકાસણી ન થવાને કારણે તેમજ ગ્રંથાલય ધ્વારા જે તે ભવનોને તબદીલ કરેલ પુસ્તકોની આવક રજીસ્ટર નહી નિભાવવાને કારણે સાચી પરિસ્થિતિ જાણી શકાયેલ નથી. યુનિવર્સિટી ખાતે મુલ્યવાન તથા અલભ્ય પુસ્તકો સાચવવાની યોગ્ય વ્યવસ્થા નહી ગોઠવવાનો અભાવ હોવાનું જણાયેલ છે. આ બાબતે વિગતે પૂર્તતા સહિત સ્પષ્ટતા થવા વિનંતી.

(૧) કુદરતી આફતો જેવા કે વાવાઝોડા, ધરતીકંપ, આગ જેવા સંજોગોમાં નુકશાન સામે વીમા રક્ષણ મેળવવામા આવેલ હોય તો આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

(૨) કેન્દ્રીય લાયબ્રેરી અને વિભાગો તેમજ ભવનો ખાતે ફાળવેલ પુસ્તકો અંગે પેટા સ્ટોક રજીસ્ટરમાં કેન્દ્રીય પુસ્તકાલય ધ્વારા ફાળવેલ પુસ્તક સ્ટોક રજીસ્ટરે ચઢાવી તે વ્યવસ્થિત હોવા અંગેની ચકાસણી સક્ષમ અધિકારીશ્રી ધ્વાંરા જંરૂરી પ્રમાણપત્ર સ્ટોક રજીસ્ટરમાં આપવા અંગે સૂચન છે.

(૩) અન્વેષણ વર્ષ દરમ્યાન કેન્દ્રીય લાયબ્રેરીના હિસાબોની ચકાસણી કરતાં કુલ ૭૧ પુસ્તકો અલગ-અલગ વ્યક્તિઓ ધ્વારા ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલ હોવાનું જણાયેલ હતું. અને સદર ગુમ થયેલ અથવા ખોવાઈ ગયેલ પુસ્તકોના વળતર પેટે સંબંધિત વ્યક્તિઓ પાસેથી રૂા.૧૫૧૭૩૫-૦૦ ની કિંમત વસુલ કરવામાં આવેલ હતી. આમ સંસ્થાને ખોવાયેલ પુસ્તકોની કિંમત મળી રહી પણ સદર ખોવાયેલ પુસ્તકોની યાદી રજુ ન થવાને કારણે કયા કયા પુસ્તકો ગુમ થયેલ હતા અને તે પૈકી અમુક પુસ્તકો ખુબ જ અગત્યના તેમજ અલભ્ય પણ હોઈ શકે આવા અલભ્ય પુસ્તકોની સામે કિંમતની વસુલાતની અગત્યતા રહેતી નથી. જેથી આવા પ્રસંગો ઉપસ્થિત ન થાય તેવી વ્યવસ્થા ગોઠવવા ઓડિટનું સૂચન છે.

(૪) સ્ટોક રજીસ્ટર ઉપરથી અલગ-અલગ વિભાગોને ફાળવેલ પુસ્તકો અંગેની માહિતી સ્પષ્ટ થઈ શકતી નથી. આવા તબદીલ કરેલ પુસ્તકોનું અલગ સ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવે તો તેની ચકાસણી તથા જરૂરીયાત સમયે માહિતી સરળતાથી મળી શકે આવા તબદીલ કરેલ અને રદ કરેલ પુસ્તકો જાણી શકાય.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.-૫૬ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૬૪**

ગ્રંથાલય

ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓને પગાર તથા ભથ્થા ગુજરાત સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટમાંથી ચૂકવવામાં આવે છે. જેથી આ તમામ કર્મચારીઓને સરકારશ્રીના ધારા ધોરણ પ્રમાણે જ પગાર ભથ્થા ચૂકવવાપાત્ર થાય. તેમ છતાં નીચેની વિગતે ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ (વન–ડે–સેલેરી) ભથ્થુ ચૂકવવામા આવે છે. જે અનિયમિત રીતે ચૂકવાતુ હોવાથી ઓડિટમાં માન્ય ગણી શકાય નહી.

| અ.નં. | વાઉચર નંબર / તારીખ | વસુલાતની રકમ |
|---|---|---|
| ૧ | ૧૭૨/૯–૪–૦૨ | ૭૬૦૪–૦૦ |
| ૨ | ૭૧૨/૮–૫–૦૨ | ૭૯૭૯–૦૦ |
| ૩ | ૧૩૮૨/૧૨–૬–૦૨ | ૮૨૬૭–૦૦ |
| ૪ | ૧૩૯૧/૧૪–૬–૦૨ | ૧૪૮૨૫–૦૦ |
| ૫ | ૨૮૨૫/૨૩–૯–૦૨ | ૬૯૭૧–૦૦ |
| ૬ | ૩૯૬૯/૧૬–૧૧–૦૨ | ૯૭૯૨–૦૦ |
| ૭ | ૪૩૫૪/૧૦–૧૨–૦૨ | ૭૪૪૨–૦૦ |
| ૮ | ૪૪૯૦/૧૯–૧૨–૦૨ | ૫૩૧૩–૦૦ |
| ૯ | ૫૧૮૫/૨૦–૧–૦૩ | ૬૨૨૭–૦૦ |
| ૧૦ | ૫૪૭૪/૩–૨–૦૩ | ૩૧૭૩–૦૦ |
| | કુલ | ૭૭૫૯૩–૦૦ |

સામાન્ય રીતે કર્મચારી રજાના દિવસે ફરજ બજાવે. તો સરકારી ધારાધોરણો પ્રમાણે તેની સામે વળતર રજાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ બજાવેલ ફરજ સામે વળતર રજા મળવાપાત્ર થાય. પરંતુ સંસ્થા ધ્વારા એકઝીકયુટીવ કાઉન્સિલની તા.૧૭–૯–૭૭ થી ગ્રંથાલયના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ ઉપર બોલાવવામાં આવે તો તેઓને મળતા મૂળ પગાર + મોંઘવારી ભથ્થાની રકમની સરેરાશ એક દિવસની રકમ વેતન તરીકે ચૂકવેલ છે. જે અન્વયે વર્ષને અંતે રૂા.૭૭૫૯૩–૦૦ ઓવરટાઈમ ભથ્થા તરીકે ચૂકવેલ છે. જે નિયમ વિરુધ્ધ હોઈ વસુલાતપાત્ર ઠરે છે. જેની વસુલાત કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

ઓડિટ પૂણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૯૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૭૭૫૯૩–૦૦

**ફકરા નંબર : ૬૫**

પ્રકાશન વિભાગ

પ્રકાશન વિભાગ ધ્વારા બિન જરૂરી ફોર્મ્સ વગેરે વધુ પ્રમાણમાં છપાવી સ્ટોકમાં રાખી નાણાંનું રોકાણ કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૨૦૦૩ ના અન્વેષણ દરમ્યાન હિસાબ પ્રકાશન વિભાગના દફતરી ચકાસણી કરતાં ધ્યાને આવેલ અનિયમિતતા બાબતે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત યુનિવર્સિટીમાં કોર્સ વાઈઝ જુદા જુદા ફોર્મ્સની જરૂરિયાત માટે જે તે વિષયના વર્ષ દરમ્યાન કેટલા ફોર્મ્સની જરૂરિયાત પડશે તેનો અંદાજ કાઢવાનો હોય છે. તે અત્રે ધ્યાને લેવાયેલ નથી. દરેક વર્ષમાં પાછલા વર્ષોના વપરાશને ધ્યાને રાખી છપામણીનો ઓર્ડર આપવાનો થાય તે અત્રે ધ્યાને લેવાયેલ નથી. ખરેખર જે તે વર્ષની જરૂરિયાત મુજબ સ્ટોક ન રાખતાં માતબર રકમના વધારાનો સ્ટોક બિનજરૂરી ફોર્મ્સ છપાવવામાં આવે છે.

આમ ગુ.યુનિ. ખાતે બિનજરૂરી સ્ટોકના કારણે ઘણુ જ આર્થિક નુકશાન થયેલ છે. નમુનારૂપ કિસ્સા મુજબ પરિશિષ્ટ–૨૨ની વિગતે રૂા.૩૩૩૩૮૨૦–૦૦ ની કિંમતના વધારાના ફોર્મ્સ કે જેનો ઉપયોગ નહીં

થવાને કારણે પડી રહેલ છે. તેમજ ઘણા સમયથી જેનો વપરાશ નથી તેવા ફોર્મ્સ ઉ.બાકી તરીકે ખેંચાતા આવે છે. દા.ત.(૧) ઓટોનોમસ કોલેજીસ રૂ.૨ ના ૨૬૮ (૨) હેન્ડબુક ઓફ સ્પોર્ટસ ૫૪ તથા વિદ્યા જનરલ ૧૨૧૫૭ કે જેની એક ફોર્મ્સની કિંમત રૂા.૫ થાય છે. (૩) એમ.જે.એસ. ઈન્ટુક બુલેટીન કે જેની કિંમત ૧ ફોર્મ્સ દીઠ રૂા.૧૦/- થાય છે. (૪) મતદારયાદી તેમાં પણ ઘણા ફોર્મ્સ છાપવામાં આવે છે. જે બીન જરૂરી છપામણી થાય છે. આમ વપરાશને ધ્યાને રાખી આયોજનપૂર્વક છપાવવામાં આવે તો આટલી મોટી માતબર રકમનું નુકશાન ન ભોગવવું પડત.

ઉકત બાબતે નમુનારૂપ કિસ્સા ઉપરાંતના તમામ પ્રકારના આ રીતે બીન જરૂરી બનેલ ફોર્મ્સનો આંક કાઢી થયેલ નુકશાનની રકમ કાઢી ઓડિટે રજુ કરવી ઘટે.

વધુમાં ગત વર્ષોની ઓડિટ નોંધોથી સંસ્થાનું ધ્યાન દોરવા છતાં સદર બાબતે સંસ્થા ધ્વારા કોઈ તકેદારી રાખી હોય તેવું જણાતું નથી તે બાબત અતિ ગંભીર ગણાય. તો આ રીતે સંસ્થાને થયેલ નુકશાન અંગે ઉકત જવાબદારોને જવાબદાર ગણી સદર રકમની વસુલાત કરી તેના જમા હવાલાની ઓડિટે

ખરાઈ કરાવવી. તેમજ હવેથી આ રીતે ખરીદી ન કરવા અંગેના તકેદારીના લેવાયેલ પગલાંની ઓડિટે રજુ કરી નિયમોનુસાર ખરીદીના અમલની ઓડિટે ખરાઈ કરવેલ નથી.

ઉપરોકત વિગતે આપેલ પ્રા.વાં.નં.–૯૪ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

ફકરા નં.–

પરિશિષ્ટ–૨૨

| અ. નં. | પ્રકાશનનું નામ | ઉઘડતી સિલક | આવક | જાવક | બંધ સિલક | કિંમત | બંધ સિલકની વિગતે કુલ કિંમત રૂા. |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
| ૧ | પરીક્ષા ફોર્મ્સ | ૩૨૮૫૩૮ | ૧૧૫૦૪૧ | ૧૩૧૬૧૧ | ૩૧૧૯૬૮ | ૧૦ | ૩૧૧૯૬૮૦ |
| ૨ | વિવિધ પ્રકારના ફોર્મ્સ | ૫૯૯૧૩ | ૧૮૧૬૦૬ | ૧૦૩૩૫૧ | ૧૩૮૧૭૮ | ૫ | ૬૯૦૮૯૦ |
| ૩ | ભવન પ્રવેશ ફોર્મ | ૨૮૩૮૮ | ૧૫૮૨૬ | ૬૬૭૪ | ૩૭૫૪૦ | ૨૫ | ૯૩૮૫૦૦ |
| ૪ | હોસ્ટેલ પ્રવેશ ફોર્મ | ૭૫૨ | ૧૦૨૦ | ૧૦૨૦ | ૭૨૦ | ૧૦ | ૭૨૦૦ |
| ૫ | ભવન હોસ્ટેલ આઈકાર્ડ | ૫૫૧૪ | ૪૯૮૪ | ૪૪૪૭ | ૬૦૫૧ | ૫ | ૩૦૨૫૫ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૬ | ઓટોનોમસ કોલેજ ફોર્મ | ૨૬૮ | – | – | ૨૬૮ | ૨ | ૫૩૬ |
| ૭ | કેશબુક ઓફ લાયબ્રેરી | ૩૨૧ | – | – | ૩૨૧ | ૨ | ૬૪૨ |
| ૮ | કેશબુક–II | ૧૦ | – | – | ૧૦ | ૨૦ | ૨૦૦ |
| ૯ | મતદાર યાદી | ૨૬૩ | – | ૨ | ૨૦૧ | ૨ | ૪૦૨ |
| ૧૦ | મતદાર યાદી–૨ | ૨૧૪૧ | – | ૫ | ૨૧૩૬ | ૧૦ | ૨૧૩૬૦ |
| ૧૧ | વિદ્યા જર્નલ | ૧૨૧૫૭ | – | – | ૧૨૧૫૭ | ૫ | ૬૦૭૮૫ |
| ૧૨ | નવી કોલેજના જોડાણના ફોર્મ | ૪૦૫ | ૫૧૬ | ૧૬૬ | ૭૫૫ | ૨૫ | ૧૮૮૭૫ |
| ૧૩ | સંલગ્ન કોલેજના વિષય જોડાણ ફોર્મ | ૧૬૮ | ૨૦૯ | ૧૨૯ | ૨૪૮ | ૧૦ | ૨૪૮૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૧૪ | સંલગ્ન કોલેજ યાદી | ૬૬૬ | ૨૧૩ | ૯૦ | ૭૮૯ | ૧૦ | ૭૮૯૦ |
| ૧૫ | આઈ.બી.એ. પરીક્ષા ફોર્મ્સ | ૫૪૮૮ | ૫૯૧૨ | ૪૭૫૬ | ૬૬૪૪ | ૨૫ | ૧૬૬૧૦૦ |
| ૧૬ | II બી.એ. પરીક્ષા ફોર્મ | ૪૩૬૨ | ૩૪૬૧ | ૨૦૬૯ | ૫૭૫૪ | ૨૫ | ૧૪૩૮૫૦ |
| ૧૭ | ટી.વાય.બી.એ. પરીક્ષા ફોર્મ્સ | ૧૫૨૭ | ૨૦૪૧ | ૧૬૩૩ | ૧૯૩૫ | ૨૫ | ૪૮૩૭૫ |
| ૧૮ | બી.કોમ. પાર્ટ–૧ પરીક્ષા ફોર્મ | ૫૧૩ | – | ૧૧ | ૫૦૨ | ૩૦ | ૧૫૦૬૦ |
| ૧૯ | બી.કોમ. પાર્ટ–II પરીક્ષા ફોર્મ | ૪૮૧ | – | ૧૧ | ૪૭૦ | ૩૦ | ૧૪૧૦૦ |
| ૨૦ | બી.કોમ. પાર્ટ–III પરીક્ષા ફોર્મ | ૨૭૭ | – | ૨૧ | ૨૫૬ | ૩૦ | ૭૬૮૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | એમ.એ.–I, II પરીક્ષા ફોર્મ | ૧૧૪૧૦ | ૧૨૯૭૫ | ૭૯૮૧ | ૧૬૪૦૪ | ૩૦ | ૪૯૨૧૨૦ |
| ૨૨ | એમ.કોમ. પાર્ટ–I,II પરીક્ષા ફોર્મ્સ | ૮૦૯૮ | ૧૬૯૮૩ | ૧૨૯૫૬ | ૧૨૧૨૫ | ૩૦ | ૩૬૩૭૫૦ |
| ૨૩ | પી.જી. મેડીકલ પ્રવેશ ફોર્મ્સ | ૧૨૯૪ | ૧૪૦૭ | ૪૭૦ | ૨૨૩૧ | ૫૦ | ૧૧૧૫૫૦ |
| ૨૪ | વર્ક બુક | ૧૪૯૯૮૭ | ૧૮૪૧૫૧ | ૧૫૩૭૮૩ | ૧૮૦૩૫૫ | ૧૦ | ૧૮૦૩૫૫૦ |
| ૨૫ | સર્વિસ બુક | ૨૮૦ | – | ૧૦ | ૨૭૦ | ૨૦ | ૫૪૦૦ |
| ૨૬ | એમ. પીએડ પ્રવેશ ફોર્મ્સ | ૭૬૧ | ૫૧૩ | ૧૬૩ | ૧૧૧૧ | ૧૦૦ | ૧૧૧૧૦૦ |
| ૨૭ | લાયબ્રેરી ફોર્મ્સ | ૨૦૩૯૦ | ૧૫૦૫૫ | ૧૧૧૬૦ | ૨૪૨૮૫ | ૧ | ૨૪૨૮૫ |
| ૨૮ | ડી.એમ./ એમ.સી. પ્રવેશ ફોર્મ્સ | ૩૩૩ | – | ૧૨૬ | ૨૦૭ | ૨૫ | ૫૮૭૬ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | એમ.ડી.એસ. | ૧૭૮ | ૩૧૮ | ૧૦૨ | ૩૯૪ | ૫૦ | ૧૯૭૦૦ |
| ૩૦ | એમ.ડી.સી. | ૧૨૦ | ૨૦૫ | ૨૧૧ | ૧૧૪ | ૧૦૦ | ૧૧૪૦૦ |
| ૩૧ | બી.એડ. પ્રવેશ ફોર્મ્સ | ૨૧૬૫૫ | ૨૮૪૮૦ | ૨૪૦૯૮ | ૨૬૦૩૭ | ૪૦ | ૧૦૪૧૪૮૦ |
| ૩૨ | ડેટા એન્ટ્રી પ્રવેશ ફોર્મ્સ | ૬૩૯ | – | ૧૮૨ | ૪૫૭ | ૫૦ | ૨૨૮૫૦ |
| ૩૩ | એમ.જે.એસ. ઈન્ટુક બુલેટીન | ૩૪૬ | – | – | ૩૪૬ | ૧૦ | ૩૪૬૦ |
| ૩૪ | બી.સી.જે.પી. ઈન્ટુ. બુલેટીન | ૧૬૭ | ૫૦૦ | ૧૫૦ | ૫૧૭ | ૨૦ | ૧૦૩૪૦ |
| ૩૫ | કોન્વોકેશન ફોર્મ્સ | ૮૦૩૫ | ૫૬૯૮૫ | ૩૬૦૧૧ | ૨૯૦૦૯ | ૧૦ | ૨૯૦૦૯૦ |
| ૩૬ | મતદારયાદી | ૨૨૮૯ | ૧૨૧૨ | ૧૫૩ | ૩૩૪૮ | ૫ | ૧૬૭૪૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) |
|---|---|---|---|---|---|---|---|
| ૫૨ | બી.એડ. પ્રવેશ ફોર્મ્સ | ૧૨૩૩૨ | – | ૧૦ | ૧૨૩૨૨ | ૩૦ | ૩૬૯૬૬૦ |
| ૫૩ | ડી.સી.એ. પ્રવેશ ફોર્મ્સ | ૧૦૦૧ | ૧૦૦૧ | ૩૪૯ | ૧૬૫૩ | ૨૦૦ | ૩૩૦૬૦૦ |
| ૫૪ | એમ.જે.એસ. ઈન્ફ. બુલેટીન | ૩૯૨ | ૫૦ | – | ૪૪૨ | ૨૦ | ૮૮૪૦ |
| ૫૫ | એમ.ફીલ. | ૨૧૧ | – | ૧ | ૨૧૦ | ૧૦૦ | ૨૧૦૦૦ |
| ૫૬ | નોન ટીચીંગ સ્ટાફ | ૨૫૩૭૮ | – | ૩૨ | ૨૫૩૪૬ | ૨૦ | ૫૦૬૯૨૦ |
| ૫૭ | એમ.સી.એ. પ્રવેશ ફોર્મ્સ | ૫૦૩ | – | ૧ | ૫૦૨ | ૩૦૦ | ૧૫૦૬૦૦ |
| ૫૮ | ટીચીંગ સ્ટાફ એપ્લીકેશન ફોર્મ્સ | ૯૭૦ | – | ૫ | ૯૬૫ | ૨૦ | ૧૯૩૦૦ |
| | | | | | | | ૧૩૮૯૮૩૮૭ |

**ફકરા નંબર : ૬૬**

પ્રકાશન વિભાગ

**પ્રકાશનને લગતાં જુદા જુદા ફોર્મ્સ વર્કબુક, હેન્ડબુક, પુસ્તકો, પ્રશ્નપત્રો, મતદારયાદી વગેરેના સ્ટોક રજીસ્ટરમાં જણાયેલ અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના હિસાબોના અન્વેષણ દરમ્યાન પ્રકાશન વિભાગની આવક અને તેના સ્ટોક રજીસ્ટરોની ચકાસણી કરતાં તમામ પ્રકારના ફોર્મ્સ હેન્ડબુકસ, વર્કબુક, મતદારયાદીઓ, વિવિધ પુસ્તકો, પ્રશ્નપત્રો, અભ્યાસક્રમો અંગેના સ્ટોક બાબતે નીચે જણાવેલ અનિયમિતતા ધ્યાને આવેલ હતી.

(૧) સ્ટોક રજીસ્ટરમાં દરેક પ્રકારના સ્ટોકની ઉઘડતી સિલક કુલ આવક, જાવક કે વેચાણ અને બંધ સિલકની નોંધ પેન્સિલથી ગણતરી કરી દર્શાવેલ છે જે ઓડિટ માન્ય ગણાય નહી. સ્ટોક રજીસ્ટરની ઉઘડતી સિલક ચકાસણી કરવા સારુ સને ૨૦૦૨–૨૦૦૩ નું સ્ટોક રજીસ્ટર રજુ કરવા જણાવતાં સંબંધિત શાખા તરફથી સ્ટોક તેમજ ઈસ્યુ એક જ રજીસ્ટરમાં નિભાવેલ માલુમ પડેલ છે. ઉઘડતો 'સ્ટોક' પેન્સિલથી લખેલ છે. તેના આગળના વર્ષનું સ્ટોક હજી રજુ કરેલ નથી. જેથી પેન્સિલથી ટોટલ કરેલ રજી. રજુ કરેલ છે.

જો યોગ્ય ટોટલ ob-cb પેન્સિલથી લખવામાં આવે છે. તેમાં ગમે ત્યારે ભૂલ થાય, સુધારા, વધારા સ્ટોકમાં થઈ શકે. જેથી આવી ભુલ ન થાય તે માટે તે ભુલ સુધારી ઓડિટને જાણ કરવી ઘટે.

(૨) સ્ટોક રજીસ્ટરમાં દર માસને અંતે અને વર્ષને અંતે તારીજ તૈયાર કરેલ નથી. તેમજ અધિકૃત અધિકારીશ્રી ધ્વારા પ્રમાણિત કરવાની રહે જે પ્રથા અમલમાં નથી.

(૩) નિયમોનુસાર સ્ટોકની વાર્ષિક ખરાઈ સક્ષમ અધિકારી ધ્વારા થવી જોઈએ તે થયેલ નથી. અને આવો સ્ટોક બરાબર હોવા અંગેનું પ્રમાણપત્ર સ્ટોક રજીસ્ટરમાં આપવાનું હોય તે અપાયેલ નથી.

(૪) સ્ટોક રજીસ્ટરમાં દરેક પ્રકાશનની કિંમત રજીસ્ટરના મથાળે દર્શાવેલ છે. પરંતુ ખરીદેલ સ્ટોકની કિંમત કેટલી થાય છે તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી. અને માસના અંતે પણ કિંમતના સ્વરૂપમાં જથ્થાની કુલ ખરીદી–વેચાણ અને આખરી સ્ટોક ન દર્શાવતાં સાચી આવક–જાવકનો ઉલ્લેખ થતો નથી. હિસાબી દ્રષ્ટિએ સ્ટોક રજીસ્ટરે જથ્થાની કિંમત દર્શાવવી જરૂરી બને છે. જેથી કિંમત મુજબની નોંધ થવી જોઈએ. તે મુજબ હવે પછી કિંમતની દ્રષ્ટિએ નોંધ કરી આખર સ્ટોક મેળવેલ

કિંમત અને ખરીદેલ કિંમતના આધારે કિંમતના સ્વરૂપે દર્શાવી આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

વર્ષની અધવચ્ચે યુનિવર્સિટી સત્તા તરફથી ફોર્મ્સ વગેરેની કિંમત વધારવામાં આવે છે. પરિણામે બાકી સ્ટોકની કિંમત વધવા પામતી હોવાથી વેચાણ અને હાલની જે તે વખતની કિંમત અલગ દર્શાવવા માટે પણ સ્ટોક રજીસ્ટરમાં જે તેની કિંમત દર્શાવી કુલ રકમ દર્શાવવી ઘટે.

વધુમાં આ રીતે કિંમત સ્વરૂપે દર્શાવેલ કુલ સ્ટોક યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં દર્શાવેલ સ્ટોકની કિંમત સાથે મેળવણું કરી હિસાબોના સાચાપણાની ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૯૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૬૭**

પ્રેસ વિભાગ

ગુજરાત યુનિવર્સિટી મુદ્રણાલયની પ્રતિ વર્ષ વધતી જતી ખોટ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટીના સને ૨૦૦૨–૦૩ ના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં માલુમ પડેલ છે કે અન્વેષણ વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના મુદ્રણાલયની કુલ આવક કરતાં ખર્ચમાં વધારો થયેલ હતો. જેથી ખાદ્યવાળી નાણાંકીય પરિસ્થિતિ ગણાવી શકાય જે નીચે મુજબ હતી.

| | |
|---|---|
| મુદ્રણાલયની સને ૨૦૦૨–૦૩ ની આવક | ૫૮૫૧૯૪–૭૦ |
| મુદ્રણાલયની સને ૨૦૦૨–૦૩ ની ખર્ચ | ૪૪૬૫૮૮૧–૦૧ |
| | ૩૮૮૦૬૮૬–૩૧ |

યુનિવર્સિટી મુદ્રણાલયના છેલ્લા પાંચ નાણાંકીય વર્ષ દરમ્યાનના આવક–ખર્ચના આંકડાઓ જોતાં આવકના નજીવા વધારા સામે ખર્ચમાં સતત વધારો થતાં પ્રતિ વર્ષ ખોટની રકમમાં વધારો નોંધાયેલ છે. સદરહું બાબતે યુનિવર્સિટીના જનરલ ફંડના હિસાબોના અગાઉના વર્ષના 'ઓડિટ' અહેવાલમાં નોંધ આપીને સૂચનાઓ આપવામાં આવેલ હતી. જે ધ્યાને લેવા જણાવેલ તેમ છતાં ચાલુ ઓડિટ વર્ષ દરમ્યાન પણ ઉપરોક્ત પરિસ્થિતિમાં સુધારો થવા

પામેલ નથી. અગાઉના વર્ષોથી ચાલી આવતી ખાદ્યની પરિસ્થિતિમાં સુધારો કરવા માટે ઓડિટ સૂચનો સામે જે કંઈ પગલાં લેવામાં આવેલ હોય તેના આધાર સહ ઓડિટને ખાત્રી કરાવવા વિનંતી છે.

સદરહું મુદ્રણાલયની સ્થાપના કરવામાં આવી ત્યારથી સ્વયં સંચાલિત ધોરણે એટલે કે નહીં નફો નહીં નુકશાનના ધોરણે કરવામાં આવતો હોવા છતાં તેનો મુખ્ય હેતુ જળવાઈ રહેવા પામેલ નથી. આમ યુનિવર્સિટીનો મુદ્રણાલય વિભાગ વ્યવસાયિક સંસ્થા છે.

વધુમાં પ્રેસમાં જે કામો કરાવવામાં આવે છે અને તેના બીલો બનાવવામા આવે છે તે તા.૧૧-૭-૭૯ ની નાણાં સમિતિએ મંજુર કરેલ અને એકઝીકયુટીવ કાઉન્સિલે તા.૨૪-૯-૭૯ થી મંજુર કરેલ ભાવો પ્રમાણે બનાવવામાં આવતાં હોઈ બજારભાવ કરતાં ઘણા ઓછા ભાવો હોવાનું જણાય છે. તેમાં સુધારો કરવામાં આવે તો સદર પરિસ્થિતિમાં સુધારો લાવી શકાય તો તે પ્રમાણે વિચારણા કરી તેનો અમલ થાય તેવું ઓડિટનું સૂચન છે. વધુમાં ઘણા કામો યુનિ. ધ્વારા બહાર કરાવવામાં આવે છે. તે સ્થાનિક રીતે યુનિ. મુદ્રણાલયમાં કરાવવામાં આવે અને તેમ કરી ખોટમાં ઘટાડો થાય તેવા પગલાં લેવા ઓડિટનું સૂચન છે.

ઉપરોકત વિગતે આપેલ પ્રા.વાં.નં.-૧૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૬૮**

પ્રેસ વિભાગ

પ્રેસના કર્મચારીઓને ઓવરટાઈમ ભથ્થાની અનિયમિત ચૂકવણી કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદ સંચાલિત પ્રેસના કર્મચારીઓને પગાર અને ભથ્થા ગુજરાત સરકારશ્રી તરફથી મળતી ગ્રાન્ટમાંથી ચૂકવવામાં આવે છે. જેથી આ તમામ કર્મચારીઓને સરકારશ્રીના ધારા ધોરણો મુજબના જ પગાર ભથ્થા ચૂકવવાના થાય તેમ છતાં નીચેની વિગતે ગ્રંથાલયના કર્મચારીઓને ઓવરટાઈમ (વન ડે સેલેરી) ભથ્થુ ચૂકવવામાં આવે છે. જે અનિયમિત હોઈ ઓડિટમાં માન્ય ગણી શકાય નહીં.

| અ.નં. | વાઉચર નંબર/ તારીખ | ચૂકવેલ ઓવરટાઈમ વસુલાતની રકમ |
|---|---|---|
| ૧ | ૭૭૦/ ૧૫–૫–૨૦૦૨ | ૧૩૭૪૮–૦૦ |
| ૨ | ૧૨૮૫/ ૭–૬–૨૦૦૨ | ૨૦૮૮૬–૦૦ |
| ૩ | ૧૮૫૭/ ૧૧–૭–૨૦૦૨ | ૭૬૩૨૩–૦૦ |
| ૪ | ૨૨૮૩/ ૮–૮–૨૦૦૨ | ૩૬૮૮૩–૦૦ |
| ૫ | ૨૪૬૦/ ૨૯–૮–૨૦૦૨ | ૧૨૫૭–૧૦ |
| ૬ | ૨૬૬૭/ ૯–૯–૨૦૦૨ | ૩૨૭૯૮–૦૦ |
| ૭ | ૩૨૬૭/ ૧૦–૧૦–૨૦૦૨ | ૩૪૪૧૪–૬૫ |

| | | |
|---|---|---|
| ૮ | ૩૮૬૮/ ૧૨–૧૧–૨૦૦૨ | ૫૨૭૦૫–૦૦ |
| ૯ | ૪૩૪૭/ ૯–૧૨–૨૦૦૨ | ૪૯૪૨૬–૮૫ |
| ૧૦ | ૪૯૨૮/ ૧૦–૧–૨૦૦૩ | ૪૬–૫૦ |
| ૧૧ | ૪૯૨૮/ ૧૦–૧–૨૦૦૩ | ૨૧૨૫૬–૦૦ |
| ૧૨ | ૪૯૩૨/ ૧૦–૧–૨૦૦૩ | ૫૦૦૯૬–૦૦ |
| ૧૩ | ૭૧૪૨/ ૩૧–૩–૨૦૦૩ | ૫૬૯૪૦–૦૦ |
| | કુલ | ૪૪૬૭૮૦–૨૦ |

સામાન્ય રીતે કર્મચારી રજાના દિવસે કચેરીમાં ફરજ બજાવે તો સરકારી ધારાધોરણ મુજબ તેની સામે વળતર રજા મળવાપાત્ર થાય પરંતુ સંસ્થા ધ્વારા તેની એકઝીક્યુટીવ કાઉન્સિલની તા.૧૭–૯–૭૭ થી પ્રેસના કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ ઉપર બોલાવવામાં આવે તો તેમના મુળ પગાર + મોંઘવારી ભથ્થાની રકમની સરેરાશ એક દિવસની રકમ વેતન તરીકે ચૂકવેલ છે. જે મુજબ વર્ષના અંતે કુલ રૂા.૪૪૬૭૮૦–૨૦ પૈસા ઓવરટાઈમ ભથ્થા તરીકે ચૂકવેલ કે જે નિયમ વિરુધ્ધ હોઈ વસુલાતપાત્ર રહે છે. જેની વસુલાત કરી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

સદર બાંબતે આપવામાં આવેલ પ્રા.વાં.નં.–૧૦૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રૂા.૪૪૬૭૮૦–૨૦ પૈસા

**ફકરા નંબર : ૬૯**

અનુસ્નાતક કેન્દ્રોના આવક–ખર્ચની અનિયમિતતા બાબત.

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ દરમ્યાન અનુસ્નાતક કેન્દ્રો ધ્વારા થયેલ ખર્ચ એકાઉન્ટ કોડ ૪૮૦૧૦૦૦ થી ૪૮૦૧૦૪૦ અને ૪૮૦૨૦૦૦ થી ૪૮૦૨૦૩૦ ખાતે ઉધારવામાં આવેલ છે. અને વાર્ષિક હિસાબમાં દર્શાવ્યા મુજબ રૂા.૧૦૭૮૪૫૫–૦૦ નો ખર્ચ થયેલ છે. આ અંગે પી.જી. શાખામાંથી સંબંધિતને રૂબરૂ રેકર્ડ સાથે બોલાવતા તેમની સાથે રૂબરૂ ચર્ચા થયા મુજબ નીચે દર્શાવેલ રેકર્ડ/ ફાઈલ સત્વરે રજુ કરવા જણાવેલ.

રૂબરૂ ચર્ચામાં જણાવવામાં આવેલ છે કે જે તે કેન્દ્ર ધ્વારા નોંધાયેલ વિદ્યાર્થીઓની ટયુશન ફીની આવક કેન્દ્ર ધ્વારા રાખવામાં આવે છે. અને વર્ષના અંતે થયેલ આવક સામે કરેલ ખર્ચના હિસાબ રજુ કરવામાં આવે છે. અને રજુ થયેલ હિસાબની ચકાસણી કરી કેન્દ્ર ધ્વારા બચત રહેલ નાણાં યુનિવર્સિટીમાં જમા કરાવ્યા બાદ પી.જી શાખા ધ્વારા તે હિસાબો અસલ વાઉચર સહિત હિસાબી શાખાને આવક જમા કરવા અને ખર્ચ હિસાબમાં લેવા મોકલવામાં આવે છે. અને હિસાબી શાખા ધ્વારા તે મુજબ કાર્યવાહી થાય છે.

પરંતુ તે અંગેની જાણ પી.જી. શાખાને કરવામાં આવતી નથી. તેમજ પી.જી શાખા ધ્વારા આવક–ખર્ચનું કોઈ રજીસ્ટર નિભાવવામાં આવતુ નથી.

ઉપરોકત વિગત પરથી જણાય છે કે તમામ કેન્દ્રોની આવક અને ખર્ચનો હિસાબ મેળવવા અને મળેલ આવક–ખર્ચનો હિસાબ યુનિવર્સિટીના આવક–ખર્ચમાં સમાવિષ્ટ કરવા યોગ્ય વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલ જણાતું નથી.

હિસાબો મોડા રજુ કરવાના નમુનારૂપ કિસ્સા નીચે મુજબ છે.

| | વા.નં. | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| (૧) | ૨૭૪૬ | ૧૩/૯/૦૨ | ૩૯૮૫૦ | વર્ષ ૯૮–૯૯ ના હિસાબો–સરકારી વાણીજય કોલેજ–ગાંધીનગર |
| (૨) | ૨૭૪૭ | ૧૩/૯/૦૨ | ૪૯૦૯૦ | વર્ષ ૯૭–૯૮ ના હિસાબો–સરકારી વાણીજય કોલેજ–ગાંધીનગર |
| (૩) | ૨૭૪૮ | ૧૩/૯/૦૨ | ૪૭૮૮૦ | વર્ષ ૯૬–૯૭ ના હિસાબો–સરકારી વાણીજય કોલેજ–ગાંધીનગર |
| (૪) | ૨૭૪૯ | ૧૩/૯/૦૨ | ૫૭૫૯૦ | વર્ષ ૯૯–૨૦૦૦ ના હિસાબો–સરકારી વાણીજય કોલેજ–ગાંધીનગર |

આમ ઉપરોક્ત કિસ્સાઓ પરથી જણાય છે કે જે તે વર્ષમાં આવક–ખર્ચનો હિસાબ થયેલ નથી. જેથી કેન્દ્ર ધ્વારા ગુ.યુનિ. જમા કરાવવાપાત્ર રકમ નિયમ વિરુધ્ધ કેન્દ્ર પાસે રાખી મુકવામાં આવે છે.

ઉપરોક્ત વિગત ધ્યાને લઈ નાણાંકીય વર્ષ ૨૦૦૨–૦૩ દરમ્યાનના દરેક કેન્દ્રની આવક–ખર્ચનો હિસાબમેળ કયારે થયેલ છે તેની વિગતો જાણી શકાયેલ નથી. જેથી ધોરણસરની ચકાસણી થઈ શકેલ નથી.

યુનિવર્સિટીના અનુસ્નાતક કેન્દ્રો અને ભવનોમાં નોંધાયેલ અનુસ્નાતક વિદ્યાર્થીઓની યાદી પી.જી. નિયમ–૧ મુજબ લેવાપાત્ર ફીનો આધાર ઓડિટમાં રજુ થયેલ નથી. વાર્ષિક. હિસાબના આધારે અનુસ્નાતક નોંધણી ફી રૂા.૮૯૮૫૦૧–૦૦ દર્શાવેલ છે.

અનુસ્નાતક કેન્દ્રો ઉપર માન્ય અનુસ્નાતક શિક્ષકને "ધી પ્રોફેસર ઈન ચાર્જ" નિમવા માટે પી.જી. નિયમ–૨૩ મુજબ એકઝીકયુટીવ કાઉન્સિલ, બોર્ડ ઓફ યુનિવર્સિટી સર્ચિંગ એન્ડ રીસર્ચની ભલામણના આધારે નિમણુક કરવાની જોગવાઈ છે. તો બોર્ડ ઓફ યુનિવર્સિટી સર્ચિંગ એન્ડ રીસર્ચની મીનીટ્સ તથા માન્ય અનુસ્નાતક શિક્ષકોની યાદી રજુ થયેલ નથી.

સંસ્થાનાં પી.જી. નિયમ-૨૭ મુજબ અનુસ્નાતક કેન્દ્રો ધ્વાંરા વસુલ કરેલ ફી યુનિવર્સિટી મોકલવાની જોગવાઈ છે તો નિયમ વિરુધ્ધ વસુલ કરેલ ફીમાંથી કેન્દ્રો ધ્વારા કયા આધારે ખર્ચ કરવામાં આવે છે. અને યુનિવર્સિટી ધ્વારા માન્ય રાખવામાં આવે છે. તે બાબતે આધાર સહ સ્પષ્ટતા કરવી ઘટે.

યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં અનુસ્નાતક કેન્દ્રોની શિક્ષણ ફીની આવક તથા પી.એચ.ડી.ની આવક રૂા.૨૬૪૭૯૪૦-૦૦ દર્શાવેલ છે. તે મળવાપાત્ર તમામ આવક મળેલ છે. અને યુનિવર્સિટીના હિસાબમાં જમા લેવામાં આવેલ છે. તેની ખાત્રી કરાવવી ઘટે.

વધુમાં જણાવવાનું કે યુનિવર્સિટીના વાર્ષિક હિસાબમાં રૂા.૪૯૩૬૦-૦૦ અનુસ્નાતક કામ માટે કોલેજોને સબસીડી સદરે દર્શાવવામાં અવોલ છે.

યુનિવર્સિટીના પી.જી. નિયમ-૩૯ મુજબ એકઝીકયુટીવ કાઉન્સિલ અને કુલ સચિવશ્રીને સબસીડી મંજુર કરવાની રહે છે. તો આ અંગે મંજુરીનું રેકર્ડ રજુ કરવા જણાવેલ પરંતુ રજુ કરેલ નથી.

ઉપરોક્ત વિગતે અનુસ્નાતક કેન્દ્રો ખાતે થયેલ ખર્ચ રૂા.૧૦૭૮૪૫૫–૦૦ તેમજ કોલેજોને ફાળવેલ સબસીડી અંગે થયેલ ખર્ચ રૂા.૪૯૩૬૦–૦૦ આથી વાંધા હેઠળ રાખવામાં આવે છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપવામાં આવેલ પ્રા.વાં.નં.–૮૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧૧૨૭૮૧૫–૦૦

**ફકરા નંબર : ૭૦**

છાત્રાલયો

ગુજરાત યુનિવર્સિટીના છાત્રાલયોની આવકનો હિસાબમેળ નહી કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના ઓડિટે રજુ થયેલ વાર્ષિક હિસાબો જોતાં છાત્રાલય ધ્વારા છાત્રો પાસેથી મેળવેલ ભાડા અને ફીની આવકો નીચે પ્રમાણે હતી.

| અ.નં. | આવકની વિગત | રકમ રૂપિયા |
|---|---|---|
| ૧ | છાત્રાલય ભાડાની આવક | ૪૩૯૨૫–૦૦ |
| ૨ | છાત્રાલય પરચુરણ આવક | ૨૦૯૬૪–૦૦ |
| ૩ | છાત્રાલય વીજળી ચાર્જની આવક | ૧૬૫૯૫–૦૦ |
| ૪ | છાત્રાલય પંખા ભાડાની આવક | ૮૩૪૫–૦૦ |
| ૫ | વાંચનાલય અને રમતગમતની આવક | ૧૪૨૧–૦૦ |
| | **કુલ** | **૯૧૨૫૦–૦૦** |

સદરહું આવકો વાર્ષિક વહીવટી અહેવાલના આધારે નીચે પ્રમાણે દર્શાવેલ વિગતે છાત્રો પાસેથી આવેલ હોવાનું જણાય છે.

| અ.નં. | છાત્રોની વિગત | છાત્રોની સંખ્યા |
|---|---|---|
| ૧ | ભાઈઓ | ૩૭૩ |
| ૨ | બહેનો | ૧૬૬ |
| | **કુલ** | **૫૩૯** |

સદરહું આવકોની નિયત દરે વસુલાત કરવામાં આવ્યા અંગેના જરૂરી હિસાબમેળ છાત્રાલયો ધ્વારા કરવામાં ન આવતાં તેમજ વસુલાતના દરના અભાવે કેટલી રકમ વસુલ કરવાપાત્ર હતી તે અંગે જાણકારી મેળવી શકાયેલ નથી. તો ઉકત આવકો અંગે જરૂરી હિસાબમેળ કરી ઓડિટે પૂરેપૂરી રકમ વસુલ થયા અંગેની અને જમા લેવાયા અંગેની ખાત્રી કરાવેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપવામાં આવેલ પ્રા.વાં.નં.–પપ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૭૧**

બોયઝ હોસ્ટેલ

બોયઝ હોસ્ટેલની રૂમો ખાલી રહેતાં ગુમાવવી પડેલ ભાડાની આવક બાબત.

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન બોયઝ હોસ્ટેલના ભાડા અને અનામત રજીસ્ટરની ચકાસણી કરતાં નીચેની વિગતે રૂમો ખાલી હોવાનું માલુમ પડેલ હતું.

| અ. નં. | બ્લોક | બ્લોક પ્રમાણે રૂમોની સંખ્યા | પ્રથમ સત્ર | | બીજુ સત્ર | | પ્રથમ/ બીજુ સત્ર દરમ્યાન કુલ ખાલી જગ્યા | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | રૂમદીઠ વિદ્યાર્થીની સંખ્યા | રૂમદીઠ ખાલી જગ્યા | રૂમદીઠ વિદ્યાર્થીની સંખ્યા | રૂમદીઠ ખાલી જગ્યા | | |
| ૧ | એ | ૫૦ | ૧૦૦ | ૧૦૦ | ૯૮ | ૦૨ | ૧૦૨ | ડબલ બેડ રૂમ–૪૭૦ ખાલી |
| ૨ | બી | ૫૦ | ૧૦૦ | ૧૦૦ | ૫૧ | ૪૯ | ૧૪૯ | ડબલ બેડ રૂમ–૪૭૦ ખાલી |
| ૩ | સી | ૨૭ | ૫૪ | ૫૪ | ૫૩ | ૦૧ | ૫૫ | ડબલ બેડ રૂમ–૪૭૦ ખાલી |
| ૪ | ડી | ૨૭ | ૫૪ | ૫૪ | ૪૪ | ૧૦ | ૬૪ | ડબલ બેડ રૂમ–૪૭૦ ખાલી |
| ૫ | ઈ | ૪૮ | ૯૬ | ૯૬ | ૯૨ | ૦૪ | ૧૦૦ | ડબલ બેડ રૂમ–૪૭૦ ખાલી |
| ૬ | એફ | ૫૪ | ૫૪ | ૪૪ | ૩૬ | ૧૮ | ૬૨ | સિંગલ બેડ રૂમ–૬૨ ખાલી |
| કુલ | | | | ૪૪૮ | | ૮૪ | ૫૩૨ | |

બોયઝ હોસ્ટેલમાં બ્લોક એ, બી, સી, ડી, ઈ અને એફમાં વિદ્યાર્થીઓને રેગ્યુલર પ્રવેશ આપવામાં આવે છે. એફ બ્લોકમાં એક રૂમમાં એક વિદ્યાર્થી અને બાકીના બ્લોકમાં એક રૂમમાં બે વિદ્યાીર્થઓને પ્રવેશ આપવામાં આવે છે.

બ્લોક નં. એ થી ઈ માં કુલ ૨૦૨ રૂમોમાં પ્રથમ સત્ર દરમ્યાન કોઈ વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવેલ ન હતો. આમ એક રૂમમાં ૨ વિદ્યાર્થીદીઠ કુલ ૪૦૪ વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં આપવાના કારણે રૂા.૧૩૧૩૦૦-૦૦ (વિદ્યાર્થીદીઠ રૂા.૩૨૫-૦૦ લેખે) તેમજ એફ બ્લોકમાં પ્રથમ સત્ર દરમ્યાન ફક્ત ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ હતો. જેને કારણે ૪૪ વિદ્યાર્થીઓની ખાલી રહેલ જગ્યા પેટે રૂા.૧૬૦૬૦-૦૦ (વિદ્યાર્થીદીઠ રૂા.૩૬૫-૦૦ લેખે) મળી કુલ રૂા.૧૪૭૩૬૦-૦૦ ની પ્રથમ સત્રની આવક ગુમાવવી પડેલ હતી.

તે જ પ્રમાણે બીજા સત્રમાં ઉપર દર્શાવેલ વિગતે બ્લોક નંબર એ થી ઈ માં કુલ ૬૬ વિદ્યાર્થીઓને પ્રવેશ નહી આપવાના કારણે રૂા.૩૨૫-૦૦ લેખે રૂા.૨૧૪૫૦-૦૦ તેમજ એફ બ્લોકમાં ૧૮ વિદ્યાર્થીઓને પ્રવેશ નહી આપવાના'' કારણે રૂા.૩૬૫-૦૦ લેખે રૂા.૬૫૭૦-૦૦'' મળી કુલ રૂા.૨૮૦૨૦-૦૦ ની આવક ગુમાવવી પડેલ હતી.

આમ ઉપરોક્ત વિગતો જોતાં સને ૨૦૦૨–૦૩ ના વર્ષમાં બોયઝ હોસ્ટેલમાં વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં પ્રવેશ નહી આપવાને કારણે બંને સત્રની મળી કુલ રૂા.૧૭૫૩૮૦–૦૦ ની આવક ગુમાવવી પડેલ હતી. આમ રૂમો ખાલી રહેવાને કારણે યુનિવર્સિટીને ભોગવવુ પડેલ આર્થિક નુકશાન તેમજ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને હોસ્ટેલ નહી મળવા બાબતે રેકર્ડ આધારિત ખાત્રી કરાવેલ નથી.

સદર વિગતે આપવામાં આવેલ પ્રા.વાં.નં.–૬૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૭૨**

આરોગ્ય વિભાગ

ગુજરાત યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર ખાતે દવા ખરીદીમાં જણાયેલ અનિયમિતતા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન યુનિવર્સિટી હસ્તકના આરોગ્ય કેન્દ્રના હિસાબોની ચકાસણી કરતાં ધ્યાનમાં આવેલ છે કે ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખાતે ખરીદવામાં આવતી દવા/ સાધન સામગ્રીના રેઈટ કોન્ટ્રાકટ કરવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબની ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) દવા/ સાધન સામગ્રી ખરીદવા માટે ભાવો મંગાવવા માટે વર્તમાનપત્રોમાં જાહેરાત આપવાને બદલે આર.એમ.ઓ. ધ્વારા પસંદ કરાયેલ કેટલીક ઉત્પાદક પેઢીઓને અલગ અલગ પત્રોથી ભાવો મોકલી આપવા જણાવવામાં આવેલ હતું. ખરેખર રૂ.૨૦૦૦૦–૦૦ કરતાં ઉપરની ખરીંદી વર્તમાંનપત્રો ધ્વારા બહોળી પ્રસિધ્ધિ કરાવીને''જ ખરીદી કરવી જોઈએ.

(૨) ટેન્ડર પધ્ધતિ અપનાવવા બાબતે તા.૧૭–૧–૦૨ ની ફાઈનાન્સ સમિતિમાં ૨૦૦૨–૦૩ ના વર્ષ માટે દવા ખરીદવા માટે આ સમિતિમાં પણ ટેન્ડરો મંગાવવાનો અ.નં.–૭ થી ઉલ્લેખ કરવામાં આવેલ છે. હકીકતમાં આવા ટેન્ડરો ઈસ્યુ કરવામાં આવેલ જણાતા નથી. અમુક પસંદ કરાયેલ પેઢીઓને પત્રો ધ્વારા જાણ કરી ભાવો મંગવવામાં આવેલ હતાં. અને તેનો આધાર સ્વીકારી ભાવ કરાર કરવામાં આવેલ હતાં. ભાવ કરારની શરતો મુજબ થયેલ હોય તો રજુ કરવા જણાયેલ પરંતુ પેઢીઓ તેમજ આરોગ્ય કેન્દ્ર યુનિવર્સિટી વચ્ચે કોઈ કરાર થયેલ જણાતા નથી. ફકત પત્ર ધ્વારા તેમણે આપેલ ભાવો મંજુર રાખ્યાની જાણ કરવામાં આવેલ હોવાનું ધ્યાને આવેલ છે. જેમાં નાણાંકીય નિયમોની શરતોનું પાલન થયેલ જણાતું નથી. તેથી તાત્કાલિક અસરથી આ પધ્ધતિ બંધ કરી ટેન્ડર પધ્ધતિ અપનાવવા મુકત બજારમાંથી દવા ખરીદીને સેવા પૂરી પાડવી જોઈએ. ટેન્ડર પધ્ધતિ ન અપનાવવા બદલ સ્પષ્ટતા કરેલ નથી.

(૩) ટેન્ડર પધ્ધતિ નહી અપનાવવાના કારણે ટેન્ડર ફી તથા રેવન્યુ ડિપોઝીટ પણ ગુમાવવી પડેલ હતી.

(૪) પેઢીઓ તરફથી ખાસ ગુણવત્તાવાળો તેમજ સમયસર મળી રહે તે માટે ડિપોઝીટ લેવાની હોય છે જે લેવામાં આવેલ ન હતી. આમ ભાવ કરાર કરવામાં આવેલ હોય તેવી પેઢીઓને નાણાંકીય ફાયદો કરાવવાનું નકારી શકાતુ નથી. જે તે વખતે ડિપોઝીટ લેવામાં આવી હોત તો ડિપોઝીટનું વ્યાજ પણ યુનિવર્સિટીને મળી રહેત જે ગુમાવેલ હતું. જે બદલ સદર બાબતે સ્પષ્ટતા મેળવી ઓડિટને જાણ કરેલ નથી.

(૫) આવા ભાવ કરારમાં પેઢીઓ પાસેથી દવા ખરીદતી વખતે આવી દવા જે તે સ્પેશીફિકેશન અને ક્વોલીટીમાં મળેલ હોવાનું કોઈ પ્રમાણપત્ર મેળવેલ જણાતું નથી. જેથી જે તે દવા ભાવ કરાર મુજબની હોવાનું જાણી શકાતું નથી. દવા ખરીદીના બીલમાં આવા કોઈ પ્રમાણપત્ર આપવામાં આવેલ જણાતા નથી. ભાવ કરારની શરત મુજબની દવા હોવા અંગેનું પ્રમાણપત્ર દરેક બીલ પાછળ મેળવી ઓડિટને ખાત્રી કરાવવી ઘટે.

(૬) ભાવ કરારની શરતોમાં ડ્રગ અધિનિયમ ૧/૬ મુજબ મુદ્દત વિતેલ હોવી જોઈએ નહીં. એકસપાયરી ડેટનો સમય પુરો થયેલ હોય તેવી દવા સ્વીકારવામાં આવેલ નથી. તે અંગેનું પ્રમાણપત્ર પણ દવા બીલ પાછળ

સક્ષમ અધિકારીનું મેળવેલ નથી. પૂર્તતા કરી આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

(૭) આરોગ્ય કેન્દ્ર ખાતે દવા ખરીદી ત્રણ પધ્ધતિથી કરવામાં આવતી હોય તેવું જણાવેલ છે. (૧) પેઢીઓ પાસેથી ભાવો મંગાવી ઓર્ડર આપી (૨) પેટીકેશમાંથી કરવામાં આવતી આવશ્યક દવાની ખરીદી (૩) દવા ખરીદી માટે એડવાન્સ લઈ વાઈસ ચાન્સેલરની મંજુરી લઈ લોકલ ખરીદી કરવામાં આવે છે. જે ખરીદ પધ્ધતિ મુજબ યોગ્ય ગણી શકાય નહીં. વર્ષ દરમ્યાન જે તે આવશ્યક દવાઓની યાદી બનાવી પેપરમાં જાહેરાત આપી ખરીદી કરવી જોઈએ. જો આ શકય ન હોય તો ગુજરાત સરકાર ધ્વારા કેન્દ્રીય ધોરણે દવા ખરીદી માટેનું મધ્યસ્થ ઔષધતંત્ર, ગાંધીનગર ખાતે ગુજરાત સરકારના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં તેમજ સિવિલ હોસ્પિટલમાં દવાઓ માટે ભાવ કરારો નકકી કરવામાં આવતાં હોય છે. તો આ સંસ્થાનો સંપર્ક સાધી તેઓના ભાવ કરાર મુજબ આવી ખરીદી કરવા ઓડિટ અનુરોધ છે.

(૮) ભાવ કરાર ન કરવાને કારણે પેઢીઓ/ વેપારીઓ ધ્વારા દવાઓ ટ્રાન્સપોર્ટમાં મોકલવામાં આવેલ હતી. પરિણામે આરોગ્ય કેન્દ્ર ધ્વારા ઓકટ્રોઈ વગેરેની ચૂકવણી કરેલ હતી. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | વા.નં. | તારીખ | રકમ | વિગત (પેઢીનું નામ) |
|---|---|---|---|---|
| ૧ | ૩૮ | ૨૮/૫/૦૨ | ૧૭૦ | બી.ડી.એસ. ફાર્માસ્યુટીકલ |
| ૨ | ૧૯૭ | ૭/૧/૦૩ | ૪૨૫ | ઈન્ડીયન એન્ટી બાયોટીકસ |
| | | | ૫૯૫ | |

ઉકત રકમ રૂા.૫૯૫–૦૦ પેઢીઓ/ વેપારીઓ પાસેથી વસુલ કરી જમાના આધાર સહ ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

(૯) કેટલાંક કિસ્સાઓમાં સંસ્થા ધ્વારા પેઢીઓ પાસેથી ભાવ મંગાવી ભાવ કરાર પ્રસ્થાપિત કરેલ હોય. અને તેમાંથી ઓછા ભાવવાળી પેઢીઓ પાસેથી દવા ખરીદી અંગેના હુકમો કરવામાં આવે ત્યારે પેઢી જો દવા પૂરી પાડવામાં નિષ્ફળ જાય ત્યારે તે પછીના લોએસ્ટ ભાવેથી દવા ખરીદવી પડતી હોય છે. તેમજ લેઈટ સપ્લાય કરવામાં આવે તો તેની પાસેથી પેનલ્ટી વસુલ કરવા અંગેની પણ જોગવાઈ ન હોવાને કારણે પેઢી મનમાની રીતે દવા આપે અથવા ન આપે તેવા પ્રસંગો સર્જાય તેવી શકયતા રહેલી છે. તો નાણાંકીય નિયમોની જોગવાઈ મુજબ શરતોને આધિન ભાવ કરાર કરવા ઓડિટ અનુરોધ છે.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૯ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રકમ રૂા.૫૯૫–૦૦

**ફકરા નંબર : ૭૩**

**પી.જી. મેડીકલના વિદ્યાર્થીઓની ટયુશન ફી અંગેના રજીસ્ટરની અનિયમિતતા બાબત.**

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના પી.જી.મેડીકલના વિદ્યાર્થીઓની ફી અંગે નિભાવવામાં આવેલ રજીસ્ટરની ચકાસણી કરતાં ઓડિટના ધ્યાને આવેલ ક્ષતિ બાબતે આંધાર સહ સ્પષ્ટતા કરવા વિનંતી.

(૧) રજીસ્ટરમાં વિદ્યાર્થીઓના નામ, રજીસ્ટ્રેશન અંગેની વિગતો, ફી વસુલ કર્યા અંગેની પહોંચ નંબર તેમજ તારીખ દર્શાવવામાં આવેલ છે. પરંતુ તેમાં વિગતવાર કયા ટર્મની કેટલી ફી તેમજ નિયમ મુજબ કેટલી લેવાપાત્ર થાય છે? તે દર્શાવેલ નથી. ફીની વસુલાત નિયમિત છે કે લેઈટ છે તેની વિગતો રજીસ્ટરે દર્શાવેલ નથી. જેના કારણે વિદ્યાર્થી ધ્વારા નિયમિત ટર્મ ફી સંસ્થામાં જમા કરાવવામાં આવે છે કે કેમ ? તેની ચકાસણી થઈ શકેલ નથી. તેમજ પ્રતિ વર્ષ ટર્મ ફીની કેટલી આવક સંસ્થામાં થાય અને વિદ્યાર્થી ધ્વારા જમા કરાવવામાં આવતી ફીની રકમ રજીસ્ટરમાં દર્શાવવામાં આવી નથી.

(૨) રજીસ્ટરની ચકાસણી કરતાં કેટલાંક વિદ્યાર્થીઓની પાંચ ટર્મની ફી એકી સાથે વસુલાત કરવામાં આવી છે. દા.ત.(૧) ડો. નિલેશ એ. પંચાલ M.D.I. રજીસ્ટ્રેશન નં.૩૬૨/ ૧-૧૧-૦૨ સદર વિદ્યાર્થીની પહોંચ નં.૪૩૯ તા.૮-૧૦-૦૪ પાંચ ટર્મની ફી એકી સાથે ભરેલ છે. આવા ઘણા કિસ્સાઓ રજીસ્ટરે મળેલ છે. આમ એકી સાથે ફી વસુલ કરવાની જોગવાઈ, તે અંગેની લેઈટ ફી લેવાની હોય તો તે અંગેની જોગવાઈ તેમજ વિદ્યાર્થી સતત ટર્મ ફી જમા ન કરાવે અને એકી સાથે ભરી દે તો તેની ટર્મ ફી નિયમિત કયા નિયમોને આધિન ગ્રાંટ થઈ શકે છે તેની સ્પષ્ટતા કરવી.

(૩) પી.જી.ના વિદ્યાર્થીઓના નિયમોનુસાર રજીસ્ટ્રેશન કરાવવુ જરૂરી છે. તેથી રજીસ્ટ્રેશન નંબર અંગેનું રજીસ્ટર નિભાવવામાં આવેલ નથી.

(૪) રજીસ્ટરમાં ફી અંગે નિભાવવામાં આવેલ રજીસ્ટરમાં પાના/ તારીખ વાર કેટલી ફીની આવક થઈ ત્યારબાદ આખી ટર્મ માટે કુલ કેટલી આવક થઈ તેની તારીજ કાઢવામાં આવતી નથી. રજીસ્ટરમાં સંબંધિત કર્મચારી/ અધિકારીશ્રીની સહી નથી. રજીસ્ટરને પાના નંબર આપી પ્રમાણિત કરવામાં આવેલ નથી.

(૫) વિદ્યાર્થીઓ ધ્વારા જમા કરાવવામાં આવતી ટર્મ ફી અંગે દરેક ટર્મ ફી દીઠ થયેલ કુલ મેળવણું એકાઉન્ટ શાખામાં નિભાવવામાં આવતાં ટ્યુશન ફી અંગેના આવકના ગ્રેડ સાથે મેળવણું કરવામાં આવેલ નથી.

(૬) વિદ્યાર્થીઓની લેઈટ ફી કેટલાં સમય માટે અને કેટલી વસુલ કરી શકાય તે અંગેના નિયમોની જોગવાઈની આધાર સહ સ્પષ્ટતા કરવી જણાવવા છતાં સ્પષ્ટતા કરેલ નથી.

સદર બાબતે પી.જી. મેડીકલના વિદ્યાર્થીઓની મળવાપાત્ર ફીની તમામ આવકની હિસાબમાં જમા થયાની ખાત્રી થઈ શકેલ નથી. તો ઉપર મુજબ દર્શાવેલ ક્ષતિની પૂર્તતા ઓડિટે કરાવેલ નથી.

ઉપરોક્ત વિગતે આપેલ પ્રા.વાં.નં.-૧૦૩ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૭૪**

શિષ્યવૃત્તિ

બક્ષીપંચ શિષ્યવૃત્તિની વધારે ચૂકવાયેલ રકમ બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતાં બક્ષીપંચના વિદ્યાર્થીઓને ચૂકવેલ શિષ્યવૃત્તિમાં નીચે પ્રમાણે અનિયમિતતા જણાયેલ હતી.

યુનિવર્સિટી ધ્વારા વાઉચર નં.૨૬૧ તા.૧૯–૪–૦૨ થી સમાજ વિદ્યા ભવનના ડાયરેકટર ધ્વારા બક્ષીપંચના કુલ સાત વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ ચૂકવવાની હોવાથી ચેકોની માંગણી કરેલ હતી. જેના અનુસંધાને બે વિદ્યાર્થીઓને રૂા.૧૪૮૦–૦૦ લેખે કુલ રૂા.૨૯૬૦–૦૦ ની શિષ્યવૃત્તિ ચૂકવેલ હતી. જે પૈકી એસ.ડી.નાયકને ખરેખર રૂા.૧૦૮૦–૦૦ શિષ્યવૃત્તિ ચૂકવવાની થતી હતી. તે બાબતે સમાજવિદ્યા ભવનના પત્રમાં જણાવ્યા મુજબ તેમજ સદરહું કર્મચારીની વાઉચર સાથે સામેલ તા.૪–૨–૦૨ ની અરજી મુજબ વિદ્યાર્થીએ શિક્ષણ ફી ભરેલ ન હોવાથી રૂા.૪૦૦–૦૦ કપાત કરીને રૂા.૧૦૮૦–૦૦ શિષ્યવૃત્તિ ચૂકવવાપાત્ર થતી હોવા છતાં રૂા.૧૪૮૦–૦૦ નું ચૂકવણું કરેલ હતું. આમ રૂા.૪૦૦–૦૦ વધુ ચૂકવણાં બાબતે જવાબદારથી સ્પષ્ટતા સહ સત્વરે વસુલાત લઈ અન્વેષણને ખાત્રી કરાવેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૮૧ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

વસુલાતપાત્ર રૂા.૪૦૦–૦૦
ખર્ચ સદર ૭૯૦૧૦૦૮

**ફકરા નંબર : ૭૫**

ભાષા ભવન

ભાષા ભવનનું અગત્યનું હિસાબી દફતર નહી નિભાવવાના કારણે અન્વેષણમાં રજુ નહી કરવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીના ભવનોની ઓડિટ કામગીરી દરમ્યાન તા.૧૮–૯–૨૦૦૮ ના રોજ રૂબરૂ મુલાકાત લઈ હિસાબી દફતરની માંગણી કરતાં રજુ થયેલ ન હતું. આ બાબતે ફરીથી તા.૮–૧૦–૦૮ ના રોજ રૂબરૂ જઈ ફરીથી દફતરની માંગણી કરતાં સને ૨૦૦૨–૨૦૦૩ નું દફતર ઉપલબ્ધ નથી તેવું નિયામકશ્રી ધ્વારા જણાવવામાં આવેલ હતું. જે અનુસંધાને નીચે જણાવેલ રેકર્ડ ઉપલબ્ધ ન હોવાને કારણે જરૂરી ચકાસણી થઈ શકેલ ન હતી.

(૧) પેટી કેશબુક
(૨) ડેડ સ્ટોક રજીસ્ટર
(૩) સ્ટુડન્ટ રજીસ્ટર
(૪) લાયબ્રેરી રજીસ્ટર
(૫) શિષ્યવૃત્તિ અંગેનું દફતર
(૬) ટયુશન ફી રજીસ્ટર
(૭) વપરાશ રજીસ્ટર
(૮) એસ.ઓ. ફાઈલ

વધુમાં પેટી કેશબુક પણ ઓડિટે રજુ થયેલ નથી. સદર દફતર જે તે સમયના અધ્યક્ષશ્રી ધ્વારા ચાર્જમાં આપવાનો અમલ કરેલ નથી. જે માટે દફતર નહી નિભાવવાનું કારણ જણાવેલ છે તો સદર જે તે સમયે નહી નિભાવવા બાબતે કસુરદારની જવાબદારી નકકી કરી કેવા સંજોગોમાં આવુ અગત્યનું દફતર નિભાવેલ નથી. તેની સ્પષ્ટતા સહ દફતર તૈયાર કરાવી ઓડિટે રજુ કરી ખાત્રી કરાવવી ઘટે તેમજ કસુરદારો સામે જરૂરી શિક્ષાત્મક પગલાં ભરી લેવાયેલ પગલાંની વિગતો ઓડિટે રજુ કરવા વિનંતી.

સદરહું ભવનમાં આવું અગત્યનું હિસાબી દફતર નહી નિભાવવા બાબતે કુલપતિશ્રીનું અંગત ધ્યાન દોરવામાં આવે છે. અને આ બાબતે જરૂરી તપાસ કરી સંબંધિત કર્મચારી સામે શિક્ષાત્મક પગલાં લઈ ઓડિટને ખાત્રી કરાવેલ નથી.

સદર બાબતે આપેલ પ્રા.વાં.નં.–૭૨ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૭૬**

વિજ્ઞાન ભવન

વિજ્ઞાન ભવનના જુદા–જુદા વિભાગો માટે એકત્રિત રીતે પેટીકેશ રાખવા બાબત.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન વિજ્ઞાન ભવનની પેટીકેશની ચકાસણી કરતાં વિભાગ સાથે સંલગ્ન વિભાગોને કેન્દ્રીય કાર્યાલયમાંથી પેટીકેશ લઈ વિભાગોને વહેંચણી કરી ખર્ચ કરવા બાબતે નીચે પ્રમાણે ઓડિટ નોંધ આપવામાં આવે છે.

વિજ્ઞાન ભવનને એકત્રિત રીતે રૂ.૫૦૦૦–૦૦ પેટીકેશ મંજુર કરવામાં આવે છે. વિજ્ઞાન ભવનના કેશીયરશ્રીના જણાવ્યા મુજબ બોટાની વિભાગ રૂ.૪૦૦, કેમેસ્ટ્રી–૪૦૦, માઈક્રો બાયોલોજી–૪૦૦, ફિઝીક્સ–૪૦૦, જીઓલોજી–૪૦૦, લાઈફ સર્વન્ટ–૨૦૦, બાયો કેમેસ્ટ્રી–૨૦૦, એન્વાયર મેન્ટલ સાયન્સ–૨૦૦, ભૂગોળ–૧૦૦, ગણિત–૧૦૦ અને આંકડાશાસ્ત્ર વિભાગને રૂ.૧૦૦ મળી વિજ્ઞાન ભવનના જુદા–જુદા વિભાગોને કુલ રૂ.૨૯૦૦–૦૦ પેટીકેશ પેટે ચૂકવવામાં આવેલ છે. આમ બાકી રકમ રૂ.૨૧૦૦–૦૦ કયા વિભાગને ચૂકવવામાં આવેલ છે. તેની આધાર સહ સ્પષ્ટતા થવા વિનંતી.

આમ ઉપરોક્ત વિગતે એક જ પેટીકેશ મંજુર કરી અલગ–અલગ વિભાગોને રકમ વહેંચી પેટી કેશબુક એકત્રિત રીતે એક જ જગ્યાએ નિભાવવા બાબતે સ્પષ્ટતા થવા વિનંતી.

વિભાગોને ફાળવેલ રકમમાંથી રોજે રોજ ખર્ચ કરી દિવસના અંતે સિલકના આંકડા, શબ્દોમાં રકમ લખી સંબંધિત કેશીયર અધિકારીની સહી કરવામાં આવતી નથી. આમ રોજે રોજની સિલક આંકડા અને શબ્દોમાં લખી તે અંગેની આધારિત ખાત્રી ઓડિટને કરાવેલ નથી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૬૦ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

**ફકરા નંબર : ૭૭**

એસ્ટેટ વિભાગ

ગુજરાત યુનિવર્સિટીના જુદા–જુદા ભવનો/ કાર્યાલયમાં નિભાવવામા આવેલ વાહનોની લોગબુક અને હિસ્ટ્રીશીટ રજુ કરવા અંગે.

---

ગુજરાત યુનિવર્સિટી અમદાવાદના સને ૨૦૦૨–૦૩ ના અન્વેષણ દરમ્યાન ખર્ચની વિગતો ચકાસતાં યુનિવર્સિટીના જુદા–જુદા ભવનો તથા કાર્યાલય માટે વિવિધ પ્રકારના વાહનોનો ઉપયોગ કરવામાં આવેલ છે. આ બાબતે યુનિવર્સિટી તથા ભવનો ખાતે ઉપયોગમાં લેવાતાં વાહનોની વિગત સહિત તે માટે નિભાવવામા આવતી લોગબુક તથા હિસ્ટ્રીશીટની ધોરણસરની ચકાસણી સારુ ઓડિટ સમક્ષ રજુ કરવા જણાવવામાં આવેલ હોવા છતાં રજુ થયેલ નથી તેથી આ અંગેની સ્પષ્ટતા સહ આગામી ઓડિટમાં રજુ થવા વિનંતી.

ઓડિટ પૂર્ણ થતાં સુધી આપેલ પ્રા.વાં.નં.–૧૮ નો સંસ્થાએ જવાબ કરેલ નથી.

## –: <u>પ્રમાણપત્રો</u> :–

ફકરા નં.૭૮ : (ક) સંસ્થાના હિસાબો અધુરા હોવાથી તેમજ ઓડિટમાં સંબંધકર્તા રેકર્ડ રજુ નહી થવાથી ઓડિટ રીપોર્ટમાં લેવાયેલ નોંધને લક્ષમાં લેતાં સાચા હોવાનું પ્રમાણિત થઈ શકે તેમ નથી.

(ખ) ઓડિટ વર્ષના વાર્ષિક હિસાબોની તારીજ આ સાથે સામેલ રાખવામાં આવેલ છે. તેની હિસાબના ચોપડાઓ સાથે કસોટીરૂપ ચકાસણી કરતાં હિસાબોની નિભાવણી સંતોષકારૂક માલુમ પડેલ નથી. મહત્વના હિસાબોની જાળવણી માટે વધુ લક્ષ આપવાની ખાસ જરૂર છે.

ફકરા નં.૭૯ : ઓડિટ દરમ્યાન ૧૧૭ પ્રાથમિક વાંધાઓ પાઠવવામાં આવ્યા હતા. જેમાંથી યુનિવર્સિટીએ ૧૦૧ પ્રાથમિક વાંધાઓના જવાબ કરેલ નથી.

ફકરા નં.૮૦ : ઓડિટ અહેવાલ મળ્યા તારીખથી ચાર માસમાં તેની પૂર્તતા કરી જવાબો મોકલી આપવા વિનંતી છે.

ફકરા નં.૮૧ : નાના વાંધાઓનું પત્રક નિભાવેલ નથી.

સહી/-
નિરીક્ષક

જિલ્લા સહાયક નિરિક્ષકશ્રી[redacted],
સ્થાનિક ભંડોળ હિસાબ,
અમદાવાદ.

સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

<u>નકલ સવિનય રવાના :-</u>

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, વિમા અને લેખા ભવન, ગાંધીનગર.

સહી/-
નિરીક્ષક
સ્થાનિક ભંડોળ હિસાબ વિભાગ,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

## ગુજરાત યુનિવર્સિટી

| | | |
|---|---|---|
| વાર્ષિક હિસાબ ૨૦૦૨–૨૦૦૩<br>તા.૧–૪–૨૦૦૨ થી તા.૩૧–૩–૨૦૦૩ સુધીના આવક–ખર્ચના હિસાબ<br>–: આવક :– | | |
| ૧ | પરીક્ષા ફીની આવક | ૩૬૯૩૧૫૦૯–૮૦ |
| ૨ | અન્ય ફીની આવક | ૧૮૬૮૦૬૫૧–૫૦ |
| ૩ | પ્રકાશનોની આવક | ૫૫૬૩૧૨૧–૬૦ |
| ૪ | ગ્રાન્ટસની આવક (પરિશિષ્ટ–૧) | ૧૫૨૬૪૩૪૮૩–૭૨ |
| ૫ | પરચુરણ આવક | ૩૯૦૯૦૬૬–૦૬ |
| ૬ | અનુસ્નાતક શિક્ષણકાર્ય | ૭૨૨૫૩૦૩–૦૦ |
| ૭ | આરોગ્ય કેન્દ્રની આવક | ૧૨૪૪૬–૨૫ |
| ૮ | અતિથિગૃહની આવક | ૬૬૭૫–૦૦ |
| ૯ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ–૩) | ૯૧૨૫૦–૦૦ |
| ૧૦ | જમીનની આવક | ૭૮૬૫૦–૦૦ |
| ૧૧ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ–૪) | ૫૮૫૧૯૪–૭૦ |

| | | |
|---|---|---|
| ૧૨ | યુનિવર્સિટી ગ્રંથાલય (પરિશિષ્ટ–૫) | ૨૫૦૩૮૭–૦૦ |
| ૧૩ | ગ્રંથાલયશાસ્ત્ર ભવન (પરિશિષ્ટ–૧૩) | ૪૮૯૬૦–૦૦ |
| ૧૪ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટરની આવક (પરિશિષ્ટ–૧૪) | ૧૨૩૭૭૮૮–૦૦ |
| ૧૫ | પ્રોફેશનલ તાલીમ સેન્ટરની આવક (પરિશિષ્ટ–૧૫) | ૨૨૭૮૮૦–૦૦ |
| ૧૬ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશનની આવક (પરિશિષ્ટ–૧૬) | ૧૦૧૬૬–૦૦ |
| ૧૭ | આઈ.એ.એસ. તાલીમવર્ગની આવક | – |
| ૧૮ | માસ્ટર ઓફ ફિઝીકલ એજ્યુકેશન | ૪૫૯૭૫૫–૦૦ |
| | | ૨૨૭૯૬૨૨૮૭–૬૩ |
| | આવક કરતાં ખર્ચનો વધારો રૂા. | ૧૩૦૮૧૨૯–૮૨ |
| | કુલ રૂા. | **૨૨૯૨૭૦૪૧૭–૪૫** |

## ગુજરાત યુનિવર્સિટી

| | | |
|---|---|---|
| વાર્ષિક હિસાબ ૨૦૦૨–૨૦૦૩<br>તા.૧–૪–૨૦૦૨ થી તા.૩૧–૩–૨૦૦૩ સુધીના આવક–ખર્ચના હિસાબ<br>–: ખર્ચ :– | | |
| ૧ | કર્મચારી વર્ગ ખર્ચ | ૨૩૩૭૪૯૩૦–૬૪ |
| ૨ | કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના કાર્યાલય ખર્ચ | ૧૨૫૬૧૯–૦૦ |
| ૩ | પરીક્ષા ખર્ચ | ૫૭૪૬૯૩૨૧–૫૦ |
| ૪ | મુસાફરી ભથ્થા | ૫૬૦૩૮૫–૦૦ |
| ૫ | મુદ્રણ લેખનસામગ્રી તથા ટપાલ ખર્ચ | ૬૮૦૪૨૯–૦૦ |
| ૬ | સંશોધન માટેની ગ્રાન્ટ શિષ્યવૃત્તિ વગેરે | – |
| ૭ | રમતગમત અને વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ: | |
| | (અ) રમતગમત વ્યાયામ શિક્ષણ પ. ખર્ચ | ૧૧૧૪૭૪૦–૫૦ |
| | (બ) યુવક કલ્યાણ પ્રવૃત્તિ ખર્ચ | ૨૩૦૨૧૯–૪૮ |
| | (ક) રાષ્ટ્રીય સેવા યોજના | ૧૧૧૭૮૫૮–૭૦ |
| | (ડ) યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર ખર્ચ | ૨૫૩૩૪૪૬–૬૬ |
| | (ઈ) અભ્યાસેતર શિક્ષણ પૂરક પ્રવૃત્તિ યુનિવર્સિટી, સપ્તાહ વગેરે. | ૧૦૪૧૫૪–૦૦ |

| | | |
|---|---|---|
| ૮ | યુનિવર્સિટી પ્રકાશન તથા તે માંટેની ગ્રાન્ટ | ૫૯૭૬૯૮–૦૦ |
| ૯ | વીમા, અન્ય કર તથા કાનુની ખર્ચ | ૧૯૦૩૫૮૩–૦૮ |
| ૧૦ | બીજા કાર્યાલય ખર્ચ | ૧૧૪૪૫૧૭૯–૮૮ |
| ૧૧ | બીજી સંસ્થાઓની સભાસદ ફી | ૨૨૨૨૨૬–૦૦ |
| ૧૨ | યુનિવર્સિટી શિક્ષણ તથા સંશોધન | ૫૩૫૩૭૨૧૦–૪૦ |
| ૧૩ | યુનિવર્સિટી જમીન જાયદાદ | ૪૪૩૫૦૨૦–૭૫ |
| ૧૪ | યુનિવર્સિટી છાત્રાલયો (પરિશિષ્ટ–૩) | ૮૨૯૮૯૭–૬૫ |
| ૧૫ | ગ્રાન્ટમાંથી ખર્ચ (પરિશિષ્ટ–૨) | ૧૪૪૧૫૧૩૪–૭૨ |
| ૧૬ | યુનિવર્સિટી મુદ્રણાલય (પરિશિષ્ટ–૪) | ૪૪૬૫૮૮૧–૦૧ |
| ૧૭ | વીમો, શિષ્યવૃત્તિ, ચંદ્રકો વગેરેનું ખર્ચ | – |
| ૧૮ | યુનિ. ગ્રંથાલય ખર્ચ (પરિશિષ્ટ–૫) | ૪૦૩૦૫૨૭–૦૨ |
| ૧૯ | ગ્રંથાલય શાસ્ત્ર ભવન ખર્ચ (પરિશિષ્ટ–૧૩) | ૬૦૩૪૮૪–૧૮ |

| | | |
|---|---|---|
| ૨૦ | યુનિ. કોમ્પ્યુટર સેન્ટર ખર્ચ (પરિશિષ્ટ–૧૪) | ૪૩૬૯૫૭૨–૫૯ |
| ૨૧ | પ્રોફેશન તાલીમ સેન્ટરનું ખર્ચ (પરિશિષ્ટ–૧૫) | ૫૩૫૭૯૮–૨૫ |
| ૨૨ | ડેવલપમેન્ટ કોમ્યુનિકેશન ખર્ચ (પરિશિષ્ટ–૧૬) | ૩૩૫૩૪૭–૩૪ |
| ૨૩ | આઈ.એ.એસ. તાલીમ વર્ગનું ખર્ચ | ૩૨૯૭૬૧–૭૫ |
| ૨૪ | પેન્શન/ ગ્રેજયુઈટી/ રજાનું રોકડમાં રૂપાંતર વગેરે | ૫૫૪૨૧૧૬–૦૦ |
| ૨૫ | જનશિક્ષણ સંસ્થાનનો ખર્ચ | ૫૩૩૮૧૭–૫૦ |
| ૨૬ | પ્રૌઢ શિક્ષણ ખર્ચ | ૩૩૬૨૦૩–૦૦ |
| ૨૭ | એસ.ટી.એસ.સી. સેલ ખર્ચ | ૪૮૨૬૪૨–૩૦ |
| ૨૮ | ઈ.એમ.આર.સી. ખર્ચ | ૬૬૧૨૧૩૫–૪૩ |
| ૨૯ | ભુકંપ અંગે મકાન રીપેરીગ ખર્ચ | ૨૬૩૯૬૦૮૩–૧૨ |
| | | ૨૨૯૨૭૦૪૧૭–૪૫ |

| ગુજરાત યુનિવર્સિટી<br>વાર્ષિક હિસાબ ૨૦૦૨–૨૦૦૩<br>તા.૩૧ મી માર્ચ ૨૦૦૩ ના રોજનું સરવૈયુ (સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાન્સ)<br>**–: ફંડ તથા દેવા :–** | | | |
|---|---|---|---|
| ૧ | <u>જનરલ ફંડ :–</u> | | |
| | છેલ્લા હિસાબ મુજબ | ૧૦૮૨૭૫૯૦–૦૯ | |
| | વર્ષ દરમ્યાન ઉમેરોઃ– | | |
| | ફર્નિચર, ઓફિસ, ઈકવીપમેન્ટ વાસણો, પ્રેસ મશીનરી લેબ, ઈકવીપમેન્ટ વગેરે | ૧૫૯૩૧૩–૦૦ | |
| | | ૧૦૯૮૬૯૦૩–૦૯ | |
| | બાદઃ– ઘસારાના | ૧૩૭૪૮૧૩–૦૦ | ૯૬૧૨૦૯૦–૦૯ |
| ૨ | <u>કેપીટલ ફંડઃ–</u> | | |
| | છેલ્લા હિસાબ મુજબ | ૧૭૩૨૧૦૮૯–૬૬ | |
| | વર્ષ દરમ્યાન ઉમેરોઃ– | | |
| | રાજય સરકાર, મધ્યસ્થ સરકાર, યુનિ. ગ્રાન્ટસ કમિશન, બિલ્ડીગ વર્ક અંગેની ગ્રાન્ટમાંથી કરેલ ખર્ચ | – | |
| | બાદ :– ઘસારાના | ૩૨૯૮૧૩–૦૦ | ૧૬૯૯૧૨૭૬–૬૬ |

| | | | |
|---|---|---|---|
| ૩ | <u>પુસ્તક ફંડ:–</u> | | |
| | છેલ્લા હિસાબ મુજબ | ૮૦૬૩૨૬૫–૮૬ | |
| | વર્ષ દરમ્યાન ઉમેરો:– | ૩૩૪૬૫૪–૦૦ | |
| | | ૮૩૯૭૯૧૯–૮૬ | |
| | બાદ :– ઘસારાના | ૧૨૦૯૪૮૯–૦૦ | ૭૧૮૮૪૩૦–૮૬ |
| ૪ | <u>બીજા ફંડો:–</u> | | |
| | પરિશિષ્ટ 'એ' મુજબ | ૫૩૯૪૦૬૬૯–૫૧ | |
| | વર્ષ દરમ્યાન ઉમેરો | ૨૨૬૫૪૭૪૫–૦૦ | |
| | બાદ:– ઘસારાના/ ચૂકવ્યા ઈત્યાદી | ૮૬૪૨૯૫૭–૦૦ | ૬૭૯૫૨૪૫૭–૫૧ |
| ૫ | <u>સરકારી ગ્રાન્ટ બાકી:–</u> | | |
| | (અ) રાજય સરકારની ગ્રાન્ટ (પરિશિષ્ટ 'બી' મુજબ) | ૩૨૧૮૨૮૧૬–૨૦ | |
| | (બ) મધ્યસ્થ સરકારની ગ્રાન્ટ (પરિશિષ્ટ 'સી' મુજબ) | ૬૩૨૬૭૦૦–૧૭ | |
| | (ક) યુનિ. ગ્રાન્ટ કમિશન (પરિશિષ્ટ 'ડી' મુંજબ) | ૧૬૪૦૧૭૪૧૧–૭૨ | |
| | (ડ) અન્ય ગ્રાન્ટ (પરિશિષ્ટ 'ઈ' મુજબ) | ૧૫૫૩૬૦૦–૧૮ | ૨૦૪૦૮૦૫૨૮–૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૬ | સસ્પેન્સ એકાઉન્ટઃ- | | ૩૬૩૭૫૨-૨૯ |
| ૭ | ડિપોઝીટ એકાઉન્ટઃ- | | ૧૦૧૭૭૧૦૨૮-૮૧ |
| ૮ | કર્મચારી વીમા યોજના ફાળો | | ૨૯૯૪૯-૩૭ |
| ૯ | પેપર સ્ટોક એકાઉન્ટ | | ૩૯૮૬૨૩-૯૪ |
| | | | ૪૦૮૩૮૮૧૩૭-૮૦ |

ગુજરાત યુનિવર્સિટી'
વાર્ષિક હિસાબ ૨૦૦૨–૨૦૦૩
તા.૩૧ મી માર્ચ ૨૦૦૩ ના રોજનું સરવૈયુ (સ્ટેટમેન્ટ ઓફ ફાઈનાન્સ)

**–: મિલ્કત તથા લેણાં :–**

| | | | |
|---|---|---|---|
| ૧ | <u>કાયમી મિલ્કતો:–</u> | | |
| | પરિશિષ્ટ 'એફ' છેલ્લા હિસાબ મુજબ | ૯૬૬૬૧૫૧૪–૭૬ | |
| | વર્ષ દરમ્યાન ઉમેરો:– | ૪૯૩૯૬૦–૦૦ | |
| | બાદ:– વર્ષ દરમ્યાન ઘસારાના | ૬૨૩૮૨૭૭૬–૧૨ | ૩૪૭૩૪૮૬૪–૬૪ |
| ૨ | <u>રોકાણો:–</u> | | |
| | ગુજરાત યુનિ. સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સના શેરોમાં રોકાણ | | ૨૦૦૦૦–૦૦ |
| ૩ | <u>કર્મચારી વીમા યોજના ફાળાનું રોકાણ</u> | | ૧૭૦૦૦–૦૦ |
| ૪ | <u>બેંક અને બીજી પુરાંત:–</u> | | |
| | (૧) બેંક પુરાંતો | ૨૨૮૯૫–૭૪ | |
| | (૨) રોકડ અને બીજી પુરાંતો | (–) ૭૦૩૭૮–૪૮ | |

| | | | |
|---|---|---|---|
| | (૩) ટૂંકી મુદ્દતની ડિપોઝીટ | ૩૦૮૪૮૫૭૯૨–૧૬ | |
| | (૪) પોસ્ટ ઓફિસ A/C નવરંગપુરા | ૨૬૦૭–૯૬ | ૩૦૮૪૪૦૯૧૭–૩૮ |
| ૫ | <u>સ્ટીલ એકાઉન્ટઃ–</u> | | ૧૧૫૭–૮૫ |
| ૬ | <u>સિમેન્ટ એકાઉન્ટઃ–</u> | | ૧૩૩૪૮૩–૪૩ |
| ૭ | <u>એડવાન્સ અને બીજા ખાતાઓઃ–</u> | | ૫૩૪૨૩૩૮૭–૬૭ |
| ૮ | <u>આવક–ખર્ચ એકાઉન્ટઃ–</u> | | |
| | છેલ્લા હિસાબ મુજબ | ૨૧૦૨૮૩૮૮–૭૧ | |
| | ઉમેરોઃ– ચાલુ વર્ષે આવક કરતાં ખર્ચનો વધારો | ૧૩૦૮૧૨૯–૮૨ | |
| | બાદઃ– ચાલુ વર્ષે એડજસ્ટ કર્યા | ૧૦૭૧૯૧૯૧–૭૦ | ૧૧૬૧૭૩૨૬–૮૩ |
| | **કુલ ટોટલ** | | ૪૦૮૩૮૧૩૭–૮૦ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૨૨ | ૪૦. | ७૪८૩૫-૦૦ | - | - |
| ૨૩ | ૪૨ | ૫૫૬૯૦७-૦૦ | - | - |
| ૨૪ | ૪૩ | - | ૧૧૮૬૨-૦૦ | - |
| ૨૫ | ૪૪ | ૨૬૦૧૦૦-૦૦ | - | - |
| ૨૬ | ૪૫ | ૪૯૩८७૦-૦૦ | - | - |
| ૨७ | ૪૬ | ७૦૯૩૨૯-૦૦ | - | - |
| ૨८ | ૪७ | ૪૩૩૩૬७-૦૦ | - | - |
| ૨૯ | ૫૦ | - | ८૦૪૫૦-૦૦ | - |
| ૩૦ | ૫૧ | ૪७૬-૦૦ | ૧૫७૬-૦૦ | - |
| ૩૧ | ૫૩ | ૩૪૨७૯૦-૦૦ | - | - |
| ૩૨ | ૫૪ | ૧૩૦૦૫૦-૦૦ | - | - |
| ૩૩ | ૫૫ | - | - | - |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
|---|---|---|---|---|
| ૩૪ | ૫૭ | ૧૩૦૭૬૭-૦૦ | | — |
| ૩૫ | ૬૦ | ૨૩૯૧૨૪૮૪-૪૦ | — | — |
| ૩૬ | ૬૪ | — | ૭૭૫૯૩-૦૦ | — |
| ૩૭ | ૬૮ | — | ૪૪૬૭૮૦-૨૦ | — |
| ૩૮ | ૬૯ | ૧૧૨૭૮૧૫-૦૦ | — | — |
| ૩૯ | ૭૨ | — | ૫૯૫-૦૦ | — |
| ૪૦ | ૭૪ | — | ૪૦૦-૦૦ | — |
| | કુલ | ૪૫૪૮૭૩૭૫-૭૬ | ૧૦૧૫૫૫૧૯-૬૨ | |